# પ્રસાદ નં. ૧૦૧

પરમ પૂજ્ય ગુરુદેવનું સં. ૨૦૦૫ના વૈશાખ સુદ ૨ ના રોજ પ્રવચનસાર ગાથા ૧૯૨ ઉપર થયેલ વ્યાખ્યાનની રેકોર્ડીંગ રીલનાં વ્યાખ્યાનનો સાર.

(મહા સુદ ૧૦, શુક્રવાર)

## પ્રવચનસાર ગાથા ૧૯૨

**એ રીત દર્શન–જ્ઞાન છે, ઈન્દ્રિય–અતીત મહાર્થ છે.**
**માનું છું–આલંબનરહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ ધ્રુવ છે. ૧૯૨.**

અન્વયાર્થ :—હું આત્માને એ રીત જ્ઞાનાત્મક, દર્શન ભૂત, અતીન્દ્રિય મહા પદાર્થ ધ્રુવ, અચળ, નિરાલંબ અને શુદ્ધ માનું છું.

## આત્મા સત્ અહેતુક છે.

ટીકા :—આ આત્મા કાયમ રહેવાના સ્વભાવવાળો છે. તેની અંતર શ્રદ્ધા-જ્ઞાન કરી આચરણ કરવા જેવો છે. ત્રિકાળી શુદ્ધ આત્મા સત્ છે. હયાતીવાળો છે. અહેતુક છે—જેનું કોઈ કારણ નથી એવો છે. અમુક પદાર્થ 'છે' એમ કહેવા તે પદાર્થ પરથી હોય નહિ અને જે ન હોય તે નવો કદી થાય નહિ. આત્માને આદિ એટલે શરૂઆત નથી ને નાશ થઈને બીજામાં ભળી જાય તેવો તેનો સ્વભાવ નથી. વળી તે પોતાથી સિદ્ધ થયેલો પદાર્થ છે. અચલ છે, અવિનાશી છે, નિત્ય છે.

## પુણ્ય પાપ અધ્રુવ છે.

શરીર, મન, વાણી, કર્મ પરપદાર્થો છે. આત્મામાં તેનો અત્યંત અભાવ છે. પરના લક્ષે થતા પુણ્ય-પાપના ભાવો ક્ષણિક છે. તે ત્રિકાળી સ્વભાવમાં નથી. કોઈ કહે કે વર્તમાનમાં શુભાશુભ ભાવો છે જ નહિ. જો એમ હોય તો પ્રગટ શાંતિ હોવી જોઈએ. વર્તમાન દશા ભ્રમ જ હોય ને બિલકુલ અશુદ્ધતા ન હોય તો આનંદ પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરવાનો રહેતો નથી. પાંચ ઈન્દ્રિયોના વિષયમાં સુખ છે એવી આકુળતાની લાગણીઓ અજ્ઞાની જીવ કરે છે માટે તે ભ્રમ નથી પણ તે વર્તમાન ક્ષણિક ઉપાધિ છે. ઘડીમાં તીવ્ર કષાયના ભાવ થાય ને મંદ કષાયના ભાવ થાય છે, ઘડીમાં લોભના ભાવ થાય છે ને ઘડીમાં દાનનાં ભાવ થાય છે, માટે તે ભાવો અધ્રુવ છે.

## પરપદાર્થો આત્મા માટે અધ્રુવ છે.

લક્ષ્મી, કુટુંબ, શરીર, કર્મ તથા બીજા બાહ્ય પદાર્થો છે તે સંયોગી પદાર્થો છે. તે આત્મા સાથે કાયમ રહેનારા નથી. આત્મા રહે તેટલો વખત તે પદાર્થો રહેતા નથી તેથી આત્મા માટે તે ધ્રુવ નથી. શુદ્ધ આત્મા એક જ ધ્રુવ છે એમ અસ્તિ-નાસ્તિથી યથાર્થ સમજવું જોઈએ.

## શુદ્ધ આત્મા એક જ શરણભૂત છે.

શુદ્ધ આત્મા એક જ શરણભૂત છે, બીજા પદાર્થો શરણભૂત નથી. એક સમયની અવસ્થામાં વિકાર થાય છે, તે દુઃખદાયક છે—આકુળતા સ્વરૂપ છે. શરીર અનુકૂળ વર્તે તો ઠીક ને પ્રતિકૂળ વર્તે તો ઠીક નહિ. એવા બે પ્રકાર તે જ્ઞેયમાં નથી. શુદ્ધ સ્વભાવ બધા સંયોગોને તથા લાગણીઓને એક જ પ્રકારે જાણે છે ને તે બધા જ્ઞેય તરીકે એક જ પ્રકારે જણાવા યોગ્ય છે. અજ્ઞાની તેમ નહીં જાણતા ઠીકાઠીક કરી આકુળતા વેદે છે. 'ધ્રુવસ્વભાવ' જે શુદ્ધ છે તેને આશ્રયે શાંતિ પ્રગટે છે.

## ધાર્મિક ક્રિયા કેવી રીતે થાય ?

શરીર, મન, વાણી, સંયોગી ચીજો છે. તે આત્મા સાથે ત્રિકાળ રહેતી નથી. જો ત્રિકાળ સાથે રહે તો સંયોગ કહેવાય નહિ, પણ સ્વાભાવિક કહેવાય. જીવની ઘણી ઇચ્છા હોવા છતાં શરીર રહેતું નથી. રોગ થાય છે, પક્ષઘાત થાય છે. તેને બદલવાની કે નિરોગ રાખવાની તાકાત ઇચ્છામાં નથી. ઇચ્છાનું કાર્યક્ષેત્ર જીવમાં આકુળતા કરવા પૂરતું છે, પણ શરીરમાં ફેરફાર કરવાની તાકાત આત્મામાં નથી ને તે અચેતન પદાર્થો તેના કારણે પલટી રહ્યા છે. માટે પરપદાર્થો તથા ઇચ્છાને કારણે આત્મામાં શાંતિ મળતી નથી, કારણ કે આત્મા માટે તે અધ્રુવ છે.

જીવ પોતામાં કાંઈક ઠીક કરવા માગે છે તો તે ઉપરથી નક્કી થાય છે કે વર્તમાનમાં ઠીક નથી અથવા રાગ અને આકુળતા છે તેને ટાળવા માગે છે. દોષને ટાળવા માગે છે તો આકુળતા અને દોષ ક્ષણિક છે એમ નક્કી થાય છે કારણ કે જે ટળે તે ક્ષણિક જ હોય, વળી દોષ ટાળી નિર્દોષપણે થવું એમ ભાવના ભાવે છે, તો નિર્દોષપણું ક્યાંથી આવશે ? વર્તમાન દોષવાળી અવસ્થા છે, તેમાંથી નિર્દોષતા આવશે ? તો કે ના. તેમાંથી નિર્દોષતા આવશે નહિ. આત્માનો ધ્રુવ સ્વભાવ નિર્દોષ, શુદ્ધ પવિત્ર પડ્યો છે. તેનું અવલંબન લ્યે તો નિર્દોષ પર્યાય પ્રગટ થાય છે.

શરીર, મન, વાણીના અવલંબને આનંદ દશા આવશે ? ના. તે તો અધ્રુવ છે. આત્મા માટે તે કાયમી પદાર્થો નથી અને આત્મા તેના અભાવ

સ્વભાવ રૂપે છે. માટે તેના આશ્રયે ધર્મ નથી. શુભાશુભ ભાવો પલટતા કૃત્રિમ છે, તેના આશ્રયે પણ ધર્મ થતો નથી. પરપદાર્થો, નિમિત્ત તથા રાગ-દ્વેષ વગેરે બધાં આત્માનાં જ્ઞેયો છે. આત્મા શુદ્ધ જ્ઞાતા છે, એમ શ્રદ્ધા જ્ઞાન કરી સ્થિરતા કરે તે સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તે શાંતિ ને સુખ આપે છે ને તે જ ધર્મની ક્રિયા છે. માટે આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે, બીજું કાંઈ પણ ધ્રુવ નથી.

## આત્મા સ્વથી અસ્તિરૂપે છે, ને પરથી નાસ્તિરૂપે છે.

આત્મા પરદ્રવ્યથી ભિન્ન છે અને પોતાના સ્વભાવથી અભિન્ન છે. પોતાના સ્વભાવથી અસ્તિ છે ને પરપદાર્થોની પોતામાં નાસ્તિ છે.

અહીં આત્માનું અભિન્નપણું એટલે એકપણું કહ્યું છે. એનો અર્થ બધા થઈને એક આત્મા છે ને બાકી બધું માયા છે, એમ સમજવાનું નથી. બીજી ચીજ બિલકુલ ન હોય એટલે કે ગધેડાના શીંગડાની માફક તેનો તુચ્છ અભાવ હોય તો તેના ઉપરથી લક્ષ ફેરવી આત્માને જુદો પાડ, એમ કહેવાનું પણ રહેતું નથી પણ તે વાત સાચી નથી. માયા છે તે બીજા પદાર્થની હયાતી સૂચવે છે. બીજા પદાર્થો ન હોય તો આત્મા એક પદાર્થ છે, તે પણ નક્કી થતો નથી. તે પદાર્થો આત્મામાં નથી, તે વાત બરાબર છે. તે પદાર્થો પોતારૂપે છે ને આત્મારૂપે નથી. આત્મા આત્મારૂપે છે ને પરપદાર્થોરૂપે નથી. આત્મા પોતાની સ્વશક્તિથી ટકી રહ્યો છે. તેમાં પરવસ્તુની બિલકુલ હયાતી નથી, એમ નિર્ણય કરવો. આત્મા શુદ્ધ, ધ્રુવ, અવિચળ છે તેનું અવલંબન કરવા જેવું છે, તેવી શ્રદ્ધા કરવી.

## આત્મા શુદ્ધ છે.

વળી પરપદાર્થના લક્ષે થતી લાગણીઓ—પુણ્ય ને પાપ તે તો અશુદ્ધ અનિત્ય ભાવ છે. જેમ પંદરવલા સોનામાં પણ સોનાના સ્વભાવથી જુઓ તો સોનું તો સોળવલું જ છે. સોનું પંદરવલું થઈ ગયું નથી. તેમ આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ છે, તેની અવસ્થામાં થતા પુણ્યપાપના ભાવો વિકાર છે. શુદ્ધ ચૈતન્ય ધાતુમાં તેનો અભાવ છે.

આવી રીતે પરપદાર્થોથી તથા ક્ષણિક ભાવોથી આત્માને જુદાઈ છે ને જાણવા—દેખવારૂપ આનંદ સ્વભાવથી અવિભાગ છે. એટલે જુદો નથી. પરથી જુદો ને સ્વથી જુદો નહિ. એમ શુદ્ધ સ્વભાવ તરફ એકતા થતાં વિકારોની અનેકતા તૂટે છે. દેહનું કરું, પુણ્યપાપ કરું એવી ભ્રાંતિ તૂટી જતાં રાગ-દ્વેષ સાથેની એકત્વબુદ્ધિ રહેતી નથી ને સ્વભાવની સાથે એકત્વ થાય છે.

વળી આત્માને આધીન પરપદાર્થ હોય તો પૈસો જવા ન દ્યે. બૈરાં, છોકરાને મરવા ન દ્યે, શરીરમાં રોગ થવા ન દ્યે, પણ જડની દશા જડને આધીન છે. આમ ધ્યાન રાખીએ તો ઠીક થાય ને ધ્યાન ન રાખ્યું તો ઠીક ન થયું એવું આત્માના સ્વભાવમાં નથી. પરપદાર્થની ક્રિયામાં પલટન કરવાની આત્મામાં તાકાત નથી તથા પુણ્ય-પાપની લાગણીઓ વિકૃત છે, ઉપાધિ છે. તે વિકારનો તથા પરનો આત્મામાં વિભાગ છે, એમ ધ્રુવ સ્વભાવ તરફ એકાગ્ર થતા નિર્મળ પર્યાય પ્રગટે છે ને તે અભેદ થાય છે. આત્માને પરથી જુદાપણું ને સ્વથી એકપણું છે માટે આત્મા શુદ્ધ છે.

**<u>શુદ્ધ સ્વભાવના લક્ષ વગર અનીતિનો યથાર્થ ત્યાગ થઈ શકતો નથી.</u>** લૌકિકમાં પણ માણસો કહે છે કે અમારે નીતિથી કમાવું છે પણ અનીતિથી કમાવું નથી. હવે જો અનીતિ કરવી નથી તો અનીતિના ત્યાગ કરવાના ધ્યેય ખાતર પૈસો જતો કરવો પડશે. બીજા પ્રતિકૂળ પ્રસંગો આવે ને છેવટે શરીર પણ જતું કરવાનો પ્રસંગ આવે તો શરીર જતું કરી ને પણ અનીતિ ન કરવાના ભાવને ટકાવી રાખવામાં આવે તો અનીતિના ત્યાગનો ધ્યેય રાખ્યો કહેવાય, શરીરને જતું કર્યું પણ યથાર્થ ક્યારે કહેવાય? શરીર જતાં દ્વેષ ન કરે અને શરીર ઉપરનો રાગ ન કરે તો શરીર જતું કર્યું કહેવાય. જો શરીર જતાં જરાપણ અણગમો આવે તો શરીર જતું કર્યું ન કહેવાય. જો અણગમો આવે તો શરીર ઉપર રાગ વર્તે છે અને તેથી શરીર જતું કરવું તને ઠીક લાગતું નથી. વસ્તુના સંયોગમાં જેટલા પ્રમાણમાં પ્રીતિ છે તેટલા પ્રમાણમાં તે વસ્તુના વિયોગના પ્રસંગમાં દ્વેષ આવે છે ને જેટલા પ્રમાણમાં પ્રતિકૂળતા તરફ દ્વેષ વર્તે છે તેટલા પ્રમાણમાં અનુકૂળતામાં રાગ વર્તે છે. હવે કુટુંબ કબીલો, પૈસો ટકો, શરીર બધું જવા છતાં તને રાગ-દ્વેષ ન થાય તો તેં બધાને જતાં કર્યાં કહેવાય, ને નીતિનું પાલન કર્યું કહેવાય. રાગ-દ્વેષ ક્યારે ન થાય ? રાગ-દ્વેષ રહિત નિર્વિકારી આત્મ સ્વભાવનું જ્ઞાન હોય તો જ. રાગ-દ્વેષ તો અધ્રુવ છે ને વિકાર છે તેમાંથી નિર્વિકારી દશા આવે નહિ. નિર્વિકાર શાંત શુદ્ધ સ્વભાવ ત્રિકાળ પડ્યો છે તેની શ્રદ્ધા કરે તો તેમાંથી નિર્વિકારી દશા પ્રગટ થાય. **<u>આવી શાંતિ પ્રગટ કરે તો તેને શરીર જતાં રાગ-દ્વેષ થશે નહિ ને તો જ તેણે સાચી નીતિનું પાલન કર્યું કહેવાશે.</u>** જેને આત્માની શુદ્ધ સ્વભાવની ખબર નથી તે અનીતિનો યથાર્થ ત્યાગ કરી શકતો નથી માટે સાચી નીતિનું પાલન કરવાની ભાવનાવાળાએ ધ્રુવ શુદ્ધ સ્વભાવનું અવલંબન કરવું.

# પૂર્ણતાના લક્ષે શરૂઆત.

આત્મા પરથી જુદો પરિપૂર્ણ શુદ્ધ છે, એવું લક્ષ ક્યારે થઈ શકે ? પરમાત્મા થાય ત્યારે ? તો કે ના. પરમાત્મા થયા પછી તો કાંઈ કરવાનું રહેતું નથી. અત્યારે પણ જુદો છે તેથી જુદો થઈ શકે. જુદો ન હોય તે જુદો થઈ શકે નહિ. જેમ દાખલામાં શરૂઆતમાં મીંડા મૂકે તો તેના સરવાળામાં પણ મીંડા આવે પણ આંકડા આવે નહિ, ને જેની શરૂઆતમાં આંકડા હોય તેના સરવાળામાં પણ આંકડા આવે છે. તેમ હું આત્મા શુદ્ધ પરિપૂર્ણ છું, એમ શરૂઆતમાં આંકડા લખ્યા છે તેને પૂર્ણતા થયા વગર રહે નહિ.

મિથ્યાશ્રદ્ધામાં શરીર, મન, વાણીની ક્રિયા કરી શકું છું અને પુણ્યથી ધર્મને લાભ માનતો હતો, તે હવે ગુલાંટ મારે છે. કે અહો ! આત્મા ત્રિકાળશુદ્ધ પરિપૂર્ણ ધ્રુવ પદાર્થ છે, પરનો ને રાગનો તેમાં અભાવ છે, એમ જે શ્રદ્ધાએ પરિપૂર્ણને લક્ષે શરૂઆત કરી તેને મુક્તિના ભણકારા અંદર વાગે છે.

**<u>ભેદવિજ્ઞાનરૂપી વીજળી આત્માને પરપદાર્થોથી તથા રાગથી જુદો પાડે છે.</u>** આત્મા સ્વભાવે પરિપૂર્ણ શુદ્ધ છે, એમ કહેતાં પર્યાયમાં અશુદ્ધિ એમ નક્કી થાય છે. પર્યાયથી અશુદ્ધતા સ્વીકારતાં સંસાર સાબિત થાય છે ને સંસાર છે તો તેથી વિપરીત ભાવ અર્થાત્ નિર્વિકારભાવ નક્કી થાય છે. “હું છું” એમ કહેતાં બીજા પદાર્થો પણ છે પણ તેનો આત્મામાં અભાવ છે. આમ અશુદ્ધતાનો અને પરનો શુદ્ધ આત્મામાં અભાવ છે. એમ એકવાર ભેદ પાડે તો પોતામાં ગ્રંથિ ભેદ થાય. મિથ્યાદશામાં પુણ્ય-પાપને નિમિત્તથી લાભ માની એકત્વબુદ્ધિ જીવ કરતો હતો, તે હવે ભેદજ્ઞાન થતાં પરની સાથેની એકત્વબુદ્ધિ ટળતાં સ્વમાં દ્રઢતા થાય છે. ડુંગર ઉપર વીજળી પડતાં તેમાં ફાટ પડે તે રેણ દીધે સંધાતી નથી, એમ પરપદાર્થો તથા રાગથી ધ્રુવ સ્વભાવને ભેદજ્ઞાન દ્વારા એકવાર પણ જુદો પાડ્યો તેનું ફરી સંસારમાં જોડાણ થશે નહિ અને તે અવશ્ય શાંતિ તથા મોક્ષને પામે છે.

આ પ્રમાણે ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવા યોગ્ય છે, એમ સ્વજ્ઞેયનું જ્ઞાન કરાવી ધર્મને શાંતિનું કારણ શુદ્ધ આત્મા જ છે, એમ કહ્યું છે.

***

# પ્રસાદ નં. ૧૦૪

પૂજ્ય ગુરુદેવશ્રીએ સં. ૨૦૦૫ ના વૈશાખ સુદ ૪ના રોજ રાજકોટમાં **પ્રવચનસાર ગાથા ૧૯૨ ટીકા** ઉપર આપેલ વ્યાખ્યાનના રેકોર્ડીંગ રીલ ઉપરથી વ્યાખ્યાનનો સાર. (મહા સુદ ૧૨, શનિવાર)

(પ્રસાદ નં. ૧૦૧ નું અનુસંધાન)

જેને ધર્મ કરવો હોય, શાંતિ અને સુખ જોઈતાં હોય તેણે આત્મા શું છે, તે પ્રથમ જાણવું જોઈએ. અનાદિકાળથી પરપદાર્થમાં સુખ માની શુભાશુભ ભાવ કરી જીવ અધર્મ કરી રહ્યો છે. આત્મામાં પરનો અભાવ છે ને પુણ્યપાપ ક્ષણિક ઉપાધિ છે, તેથી તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્મા તો ત્રિકાળી શુદ્ધ છે, એમ શ્રદ્ધા-જ્ઞાન કરે તો ધર્મદશા પ્રગટ થાય છે, ને તેથી શાંતિ અને સુખની પ્રાપ્તિ થાય છે.

## (૧) હું જ્ઞાનાત્મકપણાને લીધે એક છું.

હું જ્ઞાનસ્વરૂપ છું—એમ કહેતાં શરીર, મન, વાણી તથા પુણ્ય-પાપના વિકારસ્વરૂપે હું નથી, એમ નાસ્તિ એમાં આવી જાય છે. અજ્ઞાનદશામાં શરીર મારું માનતો ને પુણ્યથી લાભ માનતો, તે શ્રદ્ધાએ પલટો ખાધો કે હું જ્ઞાનાત્મક છું—એમ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ આત્માની સાથે એકતા થતાં જે દશા પ્રગટ થાય તેને ધર્મ કહે છે.

અસ્તિપણે જ્ઞાનાત્મકપણાની શ્રદ્ધા થતાં પરના અભાવસ્વભાવની -નાસ્તિપણાની વાત તેમાં આવી જ જાય છે. અહીં તે ગૌણ છે. જ્ઞાનાત્મકપણે છું તેવી અસ્તિની વાત અહીં મુખ્યપણે કહેવી છે.

હું અનાદિઅનંત જ્ઞાનસ્વરૂપ છું. શરીર, મન, વાણી વગેરે અચેતન પદાર્થોનું ક્ષણે ક્ષણે બદલવું થાય છે, તેનો હું ખરેખર જ્ઞાતાદ્રષ્ટા છું. હું શરીરની, વાણીની, પૈસાની તથા ચોપડાની અવસ્થાને પલટાવું એ મારા અધિકાર બહારની વાત છે. હું જ્ઞાતા છું એમ કહેતાં જ્ઞાન પરજ્ઞેયોને જાણે પણ પરજ્ઞેયોને હું બદલાવું—એમ જ્ઞાન માનતું નથી. જ્ઞાન માત્ર જાણે. પરપદાર્થને ફેરવવાને જ્ઞાન તાકાતવાળું નથી—એ પણ નાસ્તિથી કથન છે. હું જ્ઞાનસ્વરૂપ છું એવી પોતાની પ્રતીતિ કરતાં સામેના પદાર્થોમાં અવસ્થા બદલાઈ તેનું, પરપદાર્થમાં એકમેક થયા વિના, વ્યવહારે જ્ઞાન કરું છું. ખરી રીતે તો મારા જ્ઞાનસ્વભાવમાં તન્મય થઈને હું મને જાણી રહ્યો છું.

અજ્ઞાનદશામાં પરપદાર્થોને મારા માની હું વિકારમાં અટકતો હતો. તેમાં પરની અપેક્ષા આવતી હતી, તે બદલીને હું જ્ઞાનાત્મક છું એવી નિરપેક્ષ શ્રદ્ધા થતાં હું જ્ઞાનરૂપ પરિણમું છું. પરપદાર્થને હું બદલાવતો નથી, દયાદાન તે હું નહિ. હું જ્ઞાનાત્મક છું એવી શ્રદ્ધા થતાં સમયે સમયે હું

જ્ઞાનાત્મકપણાની એકતાને અનુભવી રહ્યો છું. તે એકપણાના વેદનમાં ત્રિકાળી શાંતિ પ્રગટે છે. નબળાઈના રાગ-દ્વેષ હોવા છતાં તેનું વેદન ધર્મીજીવને મુખ્યપણે હોતું નથી. ત્રિકાળી સ્વભાવ સાથે એકપણું કરી જે શાંતિ પ્રગટે છે, તેના વેદનની મુખ્યતા ધર્મી જીવને વર્તે છે.

## હું જ્ઞાનાત્મક છું એમ કહેતાં શું સાબિત થાય છે ?

(૧) હું જ્ઞાનાત્મકપણે છું એમ કહેતાં જ બીજી ચીજો છે એમ નક્કી થાય છે. બીજી ચીજો ન હોય તો હું જ્ઞાનાત્મક છું એમ પણ સાબિત થતું નથી.

(૨) વળી આત્મા પલટતો ન હોય ને ફૂટસ્થ જ હોય તો હું જ્ઞાનાત્મક છું, એમ નક્કી થતું નથી. જ્ઞાનાત્મકપણે છું એમ નક્કી કરતાં પલટનપણું સાબિત થાય છે.

(૩) હું જ્ઞાનાત્મકપણે છું એમ કહેતાં મારામાં જ્ઞાનાદિ ત્રિકાળી શક્તિઓ છે, એમ પણ સાબિત થાય છે.

આથી બધા થઈને એક આત્મા છે તે માન્યતાનો નિષેધ થાય છે. વળી અજ્ઞાની જીવો માને છે કે આત્મા શરીરાદિ પદાર્થોને નિશ્ચયથી ન ચલાવે પણ વ્યવહારથી તો ચલાવે છે, એ માન્યતા પણ મિથ્યા છે. તે તે પદાર્થો તેની બદલતી શક્તિવાળા છે, તેને બદલવાનો વ્યવહારે પણ મારો અધિકાર નથી. હું તો તેનો જ્ઞાતાદ્રષ્ટા છું.

## ધર્મી જીવને એકપણું કેમ છે ?

૧) પરપદાર્થોને હું કરતો નથી. અનેક પદાર્થોને હું જાણું છું, તોપણ હું પરના અનેકપણે થતો નથી. માટે હું એક છું.

૨) વર્તમાનમાં નબળાઈના અનેક પ્રકારે રાગ-દ્વેષ હોવા છતાં શ્રદ્ધાએ તેનો આશ્રય છોડ્યો છે. શ્રદ્ધાએ તો માત્ર એક શુદ્ધ આત્માનો જ આશ્રય લીધો છે તેથી રાગ-દ્વેષના અનેકરૂપે હું થતો નથી માટે હું એક છું.

૩) શુદ્ધ સ્વભાવ તરફ ઢળતાં નિર્મળતાના અનેક અંશો વધે છે, તે બધા અભેદરૂપ થઈને એકપણાને પામે છે. માટે જ્ઞાનાત્મકપણાને લીધે હું એક છું.

ધર્મી જીવને પરિપૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી ભગવાનની ભક્તિનો વિકલ્પ આવે છે, ગુરુના બહુમાનનો વિકલ્પ આવે છે, દાનનો ભાવ કરી તૃષ્ણા ઘટાડવાનો વિકલ્પ આવે છે, ઇચ્છા નિરોધરૂપ તપનો ભાવ આવે છે. તેવા વિકલ્પો વખતે શરીરની ક્રિયા પણ જુદી જુદી શરીરના કારણે થતી દેખાય. અનેક પ્રકારના શુભ વિકલ્પો હોવા છતાં ધર્મી

જીવ અનેકપણાને અનુભવતો નથી પણ હું જ્ઞાનાત્મક છું તેથી શરીરની ક્રિયામાં ને રાગમાં તન્મય થયા વિના હું તે બધાને વ્યવહારે જાણું છું. એવા શ્રદ્ધા–જ્ઞાનને કારણે ધર્મીજીવ જ્ઞાનાત્મકપણાને લીધે એકપણાને અનુભવે છે.

વ્યવહારનયથી અનેક પ્રકારે કથન કરવામાં આવે કે 'વિચારીને બોલવું,' 'જોઈને ચાલવું' વગેરે. તે બધાં નિમિત્તનાં કથનો છે. તે વખતે વિકલ્પો અનેક પ્રકારના હોવા છતાં અનેકપણું અનુભવમાં આવતું નથી. અજ્ઞાની જીવ વ્યવહારનાં કથનો સમજતો નથી. દેહની ક્રિયાને લીધે જ્ઞાનાત્મકપણું નથી, નિમિત્તો આવ્યાં માટે જ્ઞાનાત્મકપણું નથી, દયાદાનાદિના વિકલ્પો ઊઠે છે તથા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો વિકલ્પ ઊઠે છે તેને લીધે જ્ઞાનાત્મકપણું નથી. જડનો તેમ જ પુણ્યનો સ્વીકાર નહીં કરતાં હું ત્રિકાળ ધ્રુવ જ્ઞાનાત્મક છું, એમ સ્વીકાર કરતાં રાગ હોવા છતાં તે જ વખતે ક્ષણે ક્ષણે ધર્મી જીવ શુદ્ધ આત્મા સાથે એકપણાની પ્રાપ્તિ કરે છે. રાગનું અનેકપણું ધર્મીને આવતું નથી. તે તો દરેક સમયે એકપણાને જ અનુભવે છે.

## (૨) હું દર્શનભૂતપણાને લીધે એક છું.

હું દર્શનભૂતપણાને લીધે એક છું. સામાન્ય અવલોકન–દ્રષ્ટાસ્વભાવી હું છું. સ્વ–પર વિશેષ ભેદ પાડી જાણે તે દશાને જ્ઞાન કહે છે. સ્વ–પરની જુદાઈ લક્ષમાં નહીં લેતાં સત્તા સામાન્ય અવલોકનને દર્શન કહે છે. હું આત્મા છું ને આ રાગ છે એવો ભેદ દર્શનમાં નથી. હું ત્રિકાળ દર્શનશક્તિવાળો છું એવા દ્રષ્ટા સ્વભાવમાં એકપણું વધે છે. પુણ્ય ને પાપ હોવા છતાં અનેકપણું ધર્મીને હોતું નથી.

અજ્ઞાની જીવ માને છે કે પરની સેવા મેં કરી તેથી ધર્મ થયો પણ પરપદાર્થની પલટવાની દશા આત્મા કરતો હોય તો સામેના પદાર્થની હયાતી રહેતી નથી. શરીરાદિનું વર્તમાન તે તે પરમાણુઓને લીધે છે, આત્માને લીધે નથી. આત્મા તેનો જાણનાર છે પણ આત્માને લીધે તેનું પલટવું માનવું તે અધર્મ છે. હું છું તો શરીર, મન વગેરે છે. હું છું તો પૈસા રળાય છે–એ બધી માન્યતા મિથ્યા છે. તે તે પદાર્થો જુદા છે. હું તો મારા દર્શનભૂતપણાને લીધે એક છું, એમ જ્ઞાની માને છે. જ્ઞાની પરપદાર્થની અવસ્થાને અથવા રાગની અનેકતાને અનુભવતો નથી, પણ તે પદાર્થોમાં અથવા રાગમાં એકમેક થયા વિના તેને જાણે છે. રાગમાં એકમેક થયા વિના રાગને તથા પરપદાર્થોને જાણવા તે વ્યવહાર છે ને જ્ઞાનમાં એકમેક થઈને જાણવું તે નિશ્ચય છે.

અહીં તો દર્શનસ્વભાવની વાત છે. જ્ઞાન જેવી રીતે આ રાગ છે અથવા પરપદાર્થ છે એવા ભેદ પાડે છે તેવી રીતે દર્શનસ્વભાવ ભેદ પાડતો નથી. મિથ્યાદ્રષ્ટિપણામાં પોતાના એકરૂપ દર્શનસ્વભાવને ચૂકીને અનેકપણું કરી ભ્રાંતિ કરતો હતો. હવે હું દર્શનભૂતપણાને લીધે એક છું. કોઈ ભંગભેદ મારામાં છે જ નહિ. સામાન્ય અવલોકનશક્તિવાળો છું એવી દ્રષ્ટાશક્તિના કારણે હું એકપણાને અનુભવું છું.

## (૩) હું અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે એક છું.

હું આ જડ ઈન્દ્રિયોરૂપ નથી. ઈન્દ્રિયો તો જડ છે, પુદ્‌ગલ છે, તે તરફ જ્ઞાનીને વલણ હોતું નથી. તેમ જ ઈન્દ્રિયોના વિષયોમાં જ્ઞાનીને રુચિ હોતી નથી. એક એક ઈન્દ્રિયમાં રોકાતાં જેટલી જ્ઞાનની દશા દેખાય છે તેટલો હું નથી ને ઈન્દ્રિયો વડે હું જાણતો નથી. મારો ત્રિકાળ જ્ઞાનસ્વભાવ છે, તેમાંથી વિશેષ આવે છે. તે વિશેષ ઈન્દ્રિયોને લીધે આવતું નથી. સ્પર્શ, રસ, આદિ વિષયોને જાણવામાં ઈન્દ્રિયો નિમિત્ત પડે છે પણ તેટલા જ્ઞાનના ઉઘાડ જેવડો હું નથી. બધા પદાર્થોને એકી સાથે મારા અતીન્દ્રિય સ્વભાવને લીધે જાણવાની તાકાતવાળો છું ને તેથી એક છું.

(૧) બધા પદાર્થો ભેગા થઈને એક થાય એવું એકપણું નથી.
(૨) બધા પદાર્થોને સરખા માનવા તે એકપણું નથી.
(૩) ઈન્દ્રિયો ને આત્મા એક માનવા તે એકપણું નથી.
(૪) પરલક્ષે દયાદાનાદિની વૃત્તિ ઊઠે ને તેના આશ્રયે ધર્મ માનવો તે એકપણું નથી.
(૫) હું જડ ઈન્દ્રિય વિનાનો, ઈન્દ્રિય તરફના વલણની રુચિ વિનાનો અતીન્દ્રિય મહાપદાર્થ છું, તેથી એક છું.

## ધર્મી સંસારના સંયોગમાં હોવા છતાં એકતા સાધી રહ્યો છે.

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને પૂર્વના પુણ્યને લીધે બાહ્ય સંયોગો ઘણા દેખાતા હોય છે. ચક્રવર્તીને ૯૬૦૦૦ સ્ત્રીઓ હોય છે. કોઈવાર પોતાની નબળાઈથી ઈન્દ્રિયો તરફ સ્હેજ વલણ જાય છે ને અશુભરાગ થાય છે છતાં પણ તે વિષયો ને પરપદાર્થો મને સુખનું કારણ નથી, ઈન્દ્રિયો મને સુખનું કારણ નથી, હું તો અતીન્દ્રિય મહાપદાર્થ છું, એવી શ્રદ્ધા ને જ્ઞાનનું જોર ધર્મી જીવને વર્તે છે. તે શ્રદ્ધા ને જ્ઞાનના જોરમાં ઈન્દ્રિયો તરફ સ્હેજ વલણ હોવા છતાં, અશુભરાગ અલ્પ હોવા છતાં, તે જ સમયે અતીન્દ્રિય સ્વભાવનો આશ્રય હોવાથી રાગનો અનુભવ મુખ્યપણે હોતો નથી પણ અતીન્દ્રિય આત્મા સાથે એકત્વપણાનો અનુભવ મુખ્યપણે હોય છે. કોઈવાર શુભ વૃત્તિ

ઊઠે તો તે વખતે પણ જ્ઞાનીને શુભ રાગનો અનુભવ મુખ્યપણે હોતો નથી પણ એકત્વપણાનો જ અનુભવ મુખ્યપણે વર્તે છે.

(૧) હું છું તો આ પદાર્થની ક્રિયા થાય છે, એમ હું માનતો નથી.

(૨) હું છું તો આ શરીર ઈન્દ્રિયોની ક્રિયા થાય છે, એમ હું માનતો નથી.

(૩) હું છું તો દયાદાનાદિનો વિકલ્પ ઊઠે છે, એમ હું માનતો નથી.

(૪) હું છું તો રાગ ને નિમિત્ત અનેક પ્રકારના હોય છે, એમ હું માનતો નથી.

(૫) હું અતીન્દ્રિય પદાર્થ છું તો આ નિર્મળદશા સમયે સમયે પ્રગટ થતી જાય છે ને નિર્મળ અંશો વધતા જાય છે. તે નિર્મળ અંશોની અનેકતા હોવા છતાં મારામાં એકતા તૂટતી નથી. હું સ્વભાવની એકતા સાધી રહ્યો છું, એમ ધર્મી માને છે.

બધા થઈને એક આત્મા નથી. દરેક આત્મા જુદેજુદો અતીન્દ્રિય મહાપદાર્થ છે. ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો તથા તે તરફની રુચિ છોડીને હું અતીન્દ્રિય મહાપદાર્થ છું, એવા શ્રદ્ધા ને જ્ઞાનથી ધર્મી જીવને અલ્પ પુણ્યપાપ હોવા છતાં અનેકપણું થતું નથી પણ અતીન્દ્રિય આત્મામાં તે એકપણું સાધે છે.

## (૪) હું અચળપણાને લીધે એક છું.

જગતના પદાર્થો ચલાયમાન છે. પુણ્ય-પાપના ભાવો પણ બદલાયા કરે છે, તે હું નથી. શુભ વૃત્તિઓ હોવા છતાં તેનાથી હું ચલિત થાઉં એવો નથી. જ્ઞાનદર્શનમય સ્વભાવને લીધે હું અચળ છું. આવાં શ્રદ્ધા–જ્ઞાન હોવાના કારણે ધર્મી જીવ રાગથી છૂટો પડતો જાય છે ને જ્ઞાનસ્વભાવ જે અચળ છે તેની સાથે એકતા પામે છે. આ ધર્મની ક્રિયા છે. ધર્મી આત્મા ત્રિકાળ શુદ્ધ, પરના અભાવસ્વભાવરૂપ, અચલ સ્વભાવ સાથે એકપણાની દશા પામી એકાગ્ર થાય તેને ધર્મ કહે છે ને તે મોક્ષમાર્ગ મોક્ષનું કારણ છે.

## (૫) હું નિરાલંબપણાને લીધે એક છું.

મારા આત્માને મનનું આલંબન નથી. ક્ષણે ક્ષણે કોઈના પણ અવલંબન વિના નિરાલંબી સ્વભાવનો આદર થતા નિર્મળદશા થતી જાય છે.

કોઈ પૂછે કે : આત્મા નિરાલંબન હોય તો મંદિર, વાણી, પ્રતિમા, શાસ્ત્ર વગેરેનું અવલંબન ધર્મી જીવને કેમ છે ?

સમાધાન :–ભાઈ, તે વખતે પણ નિરાલંબનપણાને લીધે ચૈતન્યગુણનો પિંડ એક છું તેવી શ્રદ્ધા ધર્મીને વર્તે છે. વીતરાગ ન થાય ત્યાંસુધી શુભરાગના અસંખ્ય પ્રકાર પડે છે. શાસ્ત્ર વાંચવાનો, પ્રશ્ન

પૂછવાનો, દયાનો, સત્ય બોલવાનો, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વગેરે અનેક પ્રકારના શુભભાવો છે. ભક્તિના વિકલ્પ વખતે પ્રતિમા ઉપર લક્ષ જાય છે, ત્યાં ધર્મી જીવ જ્ઞાન કરે છે પણ મારે લીધે આ મૂર્તિ આવી, ને નિમિત્ત છે માટે રાગ થાય છે, ને શુભરાગ છે માટે ધર્મ થાય છે, એમ ધર્મી જીવ માનતો નથી. વ્યવહારે શુભરાગ હોવા છતાં નિશ્ચયથી ધર્મીને તેનો ખેદ વર્તે છે. જે પ્રકારનો હોય તેને તથા તે રાગના જેવાં નિમિત્તો હોય તેવા નિમિત્તને યથાર્થ ન જાણે તો જ્ઞાન ખોટું ઠરે છે ને નિમિત્તોથી ને પુણ્યથી લાભ માને તો ભ્રાંતિ થાય છે. આત્મા વીતરાગદશારૂપ થાય નહિ ત્યાંસુધી તથા આત્મજ્ઞ સ્વભાવમાં પરિપૂર્ણ એકાગ્ર થઈ સર્વજ્ઞ ન થાય ત્યાંસુધી શુભરાગ આવે છે ને પર ઉપર લક્ષ જાય છે પણ તેનું અવલંબન ધર્મીને નથી. શુભરાગનું પણ તે જ્ઞાન કરે છે. અશુભરાગ વખતે પણ ઈન્દ્રિયોનું અવલંબન ધર્મી જીવ માનતો નથી. એક પદાર્થ બીજાને અવલંબનરૂપ નથી. ત્રિકાળી ચૈતન્ય નિરાલંબી તત્ત્વ છું એવા શ્રદ્ધા–જ્ઞાનમાં ધર્મીને બેકલાપણું (અનેકરૂપતા) ઊભું થતું નથી પણ એકરૂપતા થતી જાય છે.

આ પ્રમાણે જ્ઞાનાત્મકપણાને લીધે, દર્શનભૂતપણાને લીધે, અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે, અચળપણાને લીધે અને નિરાલંબપણાને લીધે પાંચ બોલથી આત્માને એકપણું છે. આવો એકપણારૂપ આત્મા સ્વજ્ઞેય છે, તેનું યથાર્થ જ્ઞાન કરવું ને શ્રદ્ધા કરવી તે ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૦૭

(મહા સુદ ૯, ગુરુવાર)

પૂજ્ય ગુરુદેવશ્રીએ સં. ૨૦૦૫ ના વૈશાખ સુદ ૬ ના રોજ રાજકોટમાં**પ્રવચનસાર ગાથા ૧૯૨ ટીકાના ચોથા બોલ** ઉપર આપેલવ્યાખ્યાનના રેકોર્ડીંગ રીલ ઉપરથી વ્યાખ્યાનનો સાર.

## ગાથા ૧૯૨

**એ રીત દર્શન—જ્ઞાન છે, ઇન્દ્રિય—અતીત મહાર્થ છે,**
**માનુ હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯૨.**

“(૪) વળી ક્ષણ વિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને (ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને) ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી જે અચળ છે એવા આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે અને તન્નિમિત્તિક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે.” (પ્રવચનસાર પાનું ૩૧૩)

## આત્મા પરને ગ્રહવા—મૂકવાના અભાવસ્વભાવવાળો છે.

આ આત્મા અતીન્દ્રિય સ્વભાવવાળો છે, ત્રિકાળ ધ્રુવ છે તેવી શ્રદ્ધામાં સુખ ને શાંતિનું પરિણમન થાય છે. આત્મા જ્ઞાનદર્શનમય અતીન્દ્રિય પદાર્થ છે. બાહ્ય પદાર્થો જે ક્ષણ-વિનાશરૂપ પ્રવર્તે છે, તેને ગ્રહવાનો ને મૂકવાનો આત્મામાં અભાવ હોવાથી આત્મા અચલ પદાર્થ છે. શરીર, વાણી વગેરે જડ પદાર્થો ક્ષણે ક્ષણે બદલાઈ પ્રવર્તી રહ્યા છે, તેને આત્મા ગ્રહી શકતો નથી કે મૂકી શકતો નથી. બાહ્ય પદાર્થની દશા પલટતી વર્તે છે, પ્રવર્તે છે, વિદ્યમાન છે. તે તેના કાળે બદલે છે, તેને આત્મા ગ્રહી કે મૂકી શકતો નથી- એમ જાણી સ્વભાવ તરફ વળે તો ધર્મ થાય.

જગતમાં હયાતી ધરાવતા પદાર્થો ત્રિકાળ હોવા છતાં તેનો ક્ષણે ક્ષણે અવસ્થા પલટવાનો સ્વભાવ છે. આત્મા તેને મેળવતો નથી, ગ્રહતો નથી, કરતો નથી, સુધારતો નથી, મૂકતો નથી, દૂર કરતો નથી. આત્મા તેનું જ્ઞાન કરી શકે છે. અજ્ઞાની માને છે કે હું છું તો આ વસ્તુ મૂકાય છે, હું છું તો શરીર ચાલે છે, હું છું તો આ અચેતન પદાર્થની વ્યવસ્થા થાય છે; પણ તે તેની ભ્રમણા છે. તે તે અચેતન પદાર્થો સ્થિરમાંથી અસ્થિર થાય છે, પૂર્વ અવસ્થા બદલી તેની નવી અવસ્થા થાય છે. તેને આત્મા કરી શકતો નથી.

## આત્મા અચળ છે.

(1) આત્મા અચેતન પદાર્થોને ચલાવતો નથી. આત્મા છે તો શરીર ચાલે છે–એમ નથી. આત્માનો શુદ્ધસ્વભાવ તો પરને લેવા, મૂકવાનો કે ચલાવવાનો તો છે જ નહિ પણ આત્માની અંદર પરને લક્ષે થતા શુભાશુભ ભાવોની પણ પરને ચલાવવાની તાકાત નથી. આત્મા ઇચ્છા કરે ને શરીરને ચલાવી દે, આત્મા દ્વેષ કરે ને દુશ્મનને મારી શકે, આત્મા રાગ કરે માટે આહાર લેવાય–તેમ બની શકતું નથી. તે તે પદાર્થો ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા તેના આધારે પરિણમી રહ્યા છે. તેને આત્માના ભાવ કે ઇચ્છા ચલાવતા નથી, ગ્રહતા નથી, મૂકતા નથી, નજીક કરતા નથી. તે બધાં તત્ત્વો જ્ઞેયો છે, જણાવાયોગ્ય પદાર્થો છે, તેને આત્મા ચલાવતો નથી માટે આત્મા અચળ છે.

(2) તે તે અચેતન પદાર્થોની અવસ્થા ક્ષણે ક્ષણે બદલાયા કરે છે, તેને લીધે પણ આત્માની જ્ઞાન અવસ્થામાં ચલાયમાનપણું થતું નથી. આત્મા જ્ઞાતાદ્રષ્ટા ધ્રુવસ્વભાવી છે. તે જ્ઞાનસ્વભાવથી કદી ચલિત થતો નથી માટે આત્મા અચળ છે.

(3) આત્માની અંદર પરપદાર્થને લક્ષે થતી રાગ-દ્વેષ, દયા, દાન, કામક્રોધની લાગણીઓ ક્ષણવિનાશી છે. આત્માનો શુદ્ધસ્વભાવ તે રાગ-દ્વેષને ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. સ્વભાવ ધ્રુવ, અનાદિઅનંત નિર્મળ છે. પરથી જુદો ને સ્વથી એકમેક છે. એવા સ્વભાવ તરફ શ્રદ્ધા વળેલી છે તેથી રાગને આત્મા કરે છે ને રાગને આત્મા ટાળે છે, એમ તે શ્રદ્ધા સ્વીકારતી નથી. શ્રદ્ધાનું લક્ષ તો ધ્રુવસ્વભાવ તરફ છે તેથી તેમાંથી આનંદ ને શાંતિની પર્યાય પ્રગટ થાય છે ને સ્વભાવમાં અભેદ થાય છે. રાગને કરવો કે છોડવો તે સ્વભાવમાં છે જ નહિ. જ્ઞાનીને સ્વભાવમાં સ્થિરતા થતાં રાગ ઉત્પન્ન જ થતો નથી. શ્રદ્ધાએ આત્માને ગ્રહણ કર્યો છે તેથી રાગ-દ્વેષનો ત્યાગ થઈ જાય છે. માટે આત્મા રાગ-દ્વેષને ગ્રહતો કે મૂકતો નથી એ અપેક્ષાએ આત્મા અચળ છે.

## જ્ઞાતાસ્વભાવ જ્ઞેય પર્યાયોથી અત્યંત જુદો છે.

આ સમ્યગ્દર્શન–ચોથા ગુણસ્થાનની વાતછે. સાચી શ્રદ્ધામાં કેટલું વીર્ય જોઈએ તેની વાત છે. શ્રદ્ધાએ ધ્રુવસ્વભાવને એકને જ સ્વીકાર્યો છે. એક આત્મા સિવાય બધા પદાર્થોની અવસ્થા જણાવાયોગ્ય છે. શરીર, મન, વાણીની અવસ્થા સમયે સમયે પલટી રહી છે. આત્મા છે તો શરીર ચાલે છે, આત્મા આમ કરે તો ઠીક રહે, નહિતર ઠીક ન રહે એવો આત્માનો સ્વભાવ નથી. પરને આત્મા રાખી શકે એમ બની શકે નહિ. આત્મા અસ્પર્શી છે, તે

બીજા પદાર્થને અડતો નથી. એક બીજામાં અત્યંત અભાવ છે તે બીજાને કેમ સ્પર્શી શકે, અનુભવી શકે કે તેનાથી સુખ મેળવી શકે ? પરમાંથી સુખ ન જ મેળવી શકે. જડ પદાર્થની વ્યંજનપર્યાય–આકૃતિ બદલાવવી ને અર્થપર્યાય બદલાવવી તે આત્માના અધિકારની વાત નથી. મોતીના દાણા જેવા અક્ષરો થાય છે તે પરમાણુના સ્વકાળે થાય છે, તે અચેતનની વિદ્યમાનતા અચેતનના ખાતે જાય છે. અજ્ઞાની માને છે કે આત્મા છે તો લખાય છે. એલ.એલ.બી. ભણ્યો તો આવી સરસ દલીલ થાય છે, પણ તે બધી ભ્રમણા છે. વાણીની અવસ્થા પહેલાં ન હતી ને પછી થઈ તે બધી જ્ઞેય પર્યાયો છે, તે જડને લીધે થાય છે. આત્મા બોલતો નથી, આત્મા વાણી ગ્રહતો નથી, આત્મા મૌન રહેતો નથી. વળી અજ્ઞાની માને છે કે અમો ઉપદેશ આપી શકીએ છીએ ને ઉપદેશથી ધનાઢ્યના પૈસા ખંખેરી નખાવીએ છીએ. પણ એ બધી ભ્રમણા છે. ભાઈ, તું કોણ છો ? તું તો આત્મા છો. ઉપદેશ દેવો તે તારા હાથની વાત છે ? ઉપદેશ તારો છે ? ને ઉપદેશથી સામા જીવને અસર થાય ને ધન આપે એમ કેમ બને ? ઉપદેશ તો જડ છે. આત્મા ઉપદેશ આપી શકતો નથી. સામો જીવ પોતાના કારણે દાનનો ભાવ કરે ને પૈસાની ક્રિયા થાય તો ઉપદેશકને નિમિત્ત કહેવાય પણ અજ્ઞાની જીવ જડની ક્રિયાનો ધણી થઈ બેસે છે, એ તેની ભ્રમણા છે.

જ્ઞાની વિચારે છે કે પરને ગ્રહવા–મૂકવાનો મારામાં અભાવ છે, હું પરપદાર્થને સ્પર્શતો નથી, ભોગવતો નથી, ખાતો નથી, મૂકતો નથી. હું તો જ્ઞાનદર્શનભૂત અતીન્દ્રિય સ્વભાવવાળો છું, પર માટે નિષ્ક્રિય છું. તે તે પદાર્થોને જાણવાનો મારો સ્વભાવ છે, મારા આત્માને પરપદાર્થથી અત્યંત જુદાઈ છે.

અજ્ઞાની કહે છે કે આવું માનવાથી દવાખાનાં વગેરે બંધ થશે ને બીજાં કામો અટકી જશે. પણ ભાઈ, પરને કોણ ચલાવે છે અને પરને કોણ બંધ કરે છે ? જીવ કષાયની મંદતાના પરિણામ કરે તેથી દવાખાનાં વગેરે ચાલે અને તે ભાવ ન કરે તો તે અટકી જાય એમ કદી બનતું નથી. જ્ઞાની જ્ઞાન કરે છે અને અજ્ઞાની પરને લેવા–મૂકવાનું અભિમાન કરે છે પણ પરની ક્રિયા તો અજ્ઞાની પણ કરી શકતો નથી.

જે અચેતન પદાર્થો વિદ્યમાન છે તે તેના કારણે ટકી ને બદલી રહ્યા છે. <u>આત્મામાં તેને બદલાવવાનો સ્વભાવ નથી તેમ જ તે જ્ઞેય પદાર્થો જ્ઞાતાને લીધે બદલે એવો જ્ઞેયોમાં પણ સ્વભાવ નથી. જ્ઞાતાનો સ્વભાવ જાણવાનો છે ને જ્ઞેયોનો સ્વભાવ જણાવાનો છે. આમ સાચું જાણે તો પરની</u>

<u>ક્રિયા કરવાનો અહંકાર ટળી જાય ને જ્ઞાતાદ્રષ્ટાનો સ્વીકાર કરતાં ધર્મ થાય ને રાગ ક્ષણે ક્ષણે વિનાશ પામે.</u>

## જ્ઞાની અનંતા ગુણોનો આદર કરે છે.

જ્ઞાની જીવ માને છે કે પરપદાર્થોને આત્માથી જુદાઈ છે અને જ્ઞેય પર્યાયો જેમનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તેનાથી આત્માને અભિન્નપણું –એકમેકપણું છે. આત્માને પરનો આશ્રય નથી ને પરપદાર્થોને આત્માનો આશ્રય નથી એવા સત્ય સ્વભાવનો સ્વીકાર કરતાં રાગ-દ્વેષ ક્ષણે ક્ષણે વિનાશ પામે છે. વીતરાગ ન થાય ત્યાંસુધી રાગ-દ્વેષ હોવા છતાં પણ રાગ-દ્વેષને ગ્રહે–મૂકે એવો મારો સ્વભાવ નથી–એમ પ્રતીતિ કરતાં જ્ઞાનીને રાગ-દ્વેષ ક્ષીણ થતા જાય છે. <u>શરીર, મન, વાણી વગેરે પદાર્થો તેના કારણે પલટી રહ્યા છે, તેના ઉપર આત્માનો અધિકાર નથી. તેમ નક્કી કરતાં અનંતા પરપદાર્થો ઉપરથી દ્રષ્ટિ ઊડી જાય છે. ને પોતા તરફ દ્રષ્ટિ કરતાં આત્મા કે જે દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય, સુખ, પ્રભુત્વ વગેરે અનંતા ગુણોનો ભંડાર છે તેનો આદર થાય છે. અનંતા જ્ઞેયો પોતાના કારણે પ્રવર્તી રહ્યાં છે. તે અનંતા જ્ઞેયોને જાણવાનો સ્વભાવ છે તેનાથી આત્મા એકમેક છે. આમ અનંતાને જાણતાં ને પોતાના અનંતા ગુણોનો આદર કરતાં વર્તમાન રાગ-દ્વેષ અનંતમાં ભાગે થઈ જાય છે. સાધકની ભૂમિકામાં રાગ-દ્વેષ અલ્પ હોવા છતાં પણ શ્રદ્ધાનું જોર રાગ-દ્વેષ તરફ નથી પણ અખંડ સ્વભાવ ઉપર છે તેથી અનંતાનુબંધીનો અભાવ થઈ રાગ-દ્વેષ મર્યાદિત થઈ જાય છે. તેથી જ્ઞાની મોક્ષદશા તરફ સમયે સમયે જઈ રહ્યો છે.</u>

## અજ્ઞાની અનંતા ગુણોનો અનાદર કરે છે.

અજ્ઞાની જીવ, આત્મા પરથી જુદો છે એમ નહીં સ્વીકારતો પોતા વડે પરમાં કાર્ય થાય છે એમ માને છે. અનંત ગુણોને પોતામાં રોકવા જોઈએ તેને બદલે પરમાં રોકી પોતાના અનંત ગુણોનો અનાદર કરે છે. વળી એક જ્ઞેયને પલટાવી શકું છું એવી માન્યતા હોવાના કારણે અનંતા જ્ઞેયોને પલટાવી શકું છું, એમ તે માની રહ્યો છે. આવી રીતે તે પોતાના અનંતા ગુણોનો અનાદર કરી રહ્યો છે, તે જ પોતાના આત્માનો અનાદર છે, તે જ મિથ્યાત્વ છે ને તેથી તે સંસારમાં રખડે છે. જીવોએ ચૈતન્યની વાત યથાર્થ રુચિપૂર્વક સાંભળી નથી. શ્રવણ વિના રૂચિ થાય નહિ, અને રૂચિ વિના સ્વભાવનું પરિણમન ક્યાંથી થાય ? ન જ થાય.

## નિશ્ચય ને વ્યવહાર શાસ્ત્રનું તાત્પર્ય—વીતરાગતા–એક જ છે.

વ્યવહારગ્રંથોમાં આદાન નિક્ષેપણા સમિતિની વ્યાખ્યા આવે છે કે મુનિએ પરપદાર્થો જોઈને લેવા–મુકવા–એમ તેનો શબ્દાર્થ છે. પરપદાર્થો આત્માથી નિશ્ચયથી લેવાય–મુકાય નહિ તો શું વ્યવહારથી લેવાતા–મુકાતા હશે ? નિશ્ચયશાસ્ત્રો એક પ્રકારે કહે ને વ્યવહાર શાસ્ત્રો બીજા પ્રકારથી કહેતાં હશે ? વ્યવહાર શાસ્ત્રો પણ વીતરાગના કહેલાં છે. બન્નેને વિરોધ હોઈ શકે નહિ. આત્મા વ્યવહારે પણ પરપદાર્થને લઈ–મૂકી શકતો નથી. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે ને સ્વભાવ તરફ મુનિનું વલણ છે પણ અસ્થિરતામાં લેવા મૂકવાની વૃત્તિ ઊઠે તેમાં પ્રમોદ થવા ન દેવો–તેવો તેનો આશય છે. તેનો પરપદાર્થમાં આરોપ આપી નિમિત્તથી કથન કર્યું છે. <u>નિશ્ચયનયનાં શાસ્ત્રોનું તથા વ્યવહારનયનાં શાસ્ત્રોનું પ્રયોજન ને તાત્પર્ય વીતરાગતા એક જ છે.</u> શાસ્ત્રના ભાવને સમજવા જોઈએ. શાસ્ત્ર તો જડ છે. શાસ્ત્રમાં આત્મા નથી. શાસ્ત્રની પર્યાયો ક્ષણવિનાશી છે, મંદિરો પણ જડ છે. તેની અવસ્થાઓ ક્ષણવિનાશી છે. જીવને રાગ થયો માટે મંદિર થાય છે ને જીવે શાસ્ત્ર હાથમાં લીધું, તેમ જ શાસ્ત્ર છે તો જ્ઞાન થાય છે–તે વાત સાચી નથી. અજ્ઞાની ઊંધી માન્યતાને લીધે કલ્પનાના ઘોડા દોડાવે છે. આત્મા અચલ, ધ્રુવ, ત્રિકાળી જ્ઞાન–દર્શન શક્તિનો ભંડાર છે. તે પરપદાર્થોને ગ્રહી–મૂકી શકતો નથી પણ અધૂરી દશામાં શુભરાગ હોય ત્યારે પર તરફ લક્ષ જાય છે.

૧. ત્રિકાળી દ્રવ્યમાં પરવસ્તુને લેવા–મૂકવાનો સ્વભાવ નથી.
૨. ત્રિકાળી જ્ઞાન, દર્શન આદિ શક્તિઓમાં પરવસ્તુને લેવા–મૂકવાનો સ્વભાવ નથી.
૩. સ્વભાવને આશ્રયે પ્રગટતી નિર્મળ પર્યાયમાં પરવસ્તુને લેવા–મૂકવાનો સ્વભાવ નથી.
૪. સાધકદશામાં શુભરાગ અલ્પ રહે છે, તેમાં પરવસ્તુને લેવા–મૂકવાનો સ્વભાવ નથી.

પણ શુભરાગ વખતે કઈ ચીજો ઉપર લક્ષ હતું તેનું જ્ઞાન કરાવવા વ્યવહારશાસ્ત્રો નિમિત્તથી કથન કરે છે. જ્ઞાની શાસ્ત્રના ભાવને યથાર્થ જાણે છે.

## અચળ સ્વભાવની શ્રદ્ધા કરનારને ભવની શંકા પડતી નથી.

હું આત્મા અચળ છું, પરને ગ્રહવા–મૂકવાના સ્વભાવવાળો નથી. પરને લીધે હું ચલાયમાન થાઉં તેવો નથી, ધ્રુવસ્વભાવી છું–એવો જે જીવે નિર્ણય કર્યો તેને ભવની શંકા પડતી નથી. પરપદાર્થના અભાવસ્વભાવરૂપ

તથા રાગ-દ્વેષના અભાવસ્વભાવરૂપ ધ્રુવ સ્વભાવને શ્રદ્ધામાં લીધો છે તેથી જ્ઞાનીને ભવની શંકા પડતી નથી.

**“જહાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ.”**

જેના જ્ઞાનમાં શંકા પડે કે હું રાગ-દ્વેષથી પકડાઈ જઈશ તો ? કર્મથી પકડાઈ જઈશ તો ? મારું શું થશે ? મારે કેટલા ભવ કરવા પડશે ? એવી શંકા કરનારને જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની શ્રદ્ધા છે જ નહિ. કારણ કે ‘‘જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ.’’ એટલે શંકાવાળાને ભવરૂપી સંતાપ રહેલો છે. પણ ભવ–સંસારનું કારણ વિકાર, તેને ગ્રહવા–મૂકવાનો મારો સ્વભાવ નથી એવું જેણે જ્ઞાનમાં યથાર્થ નક્કી કર્યું છે તેને ભવ હોય જ નહિ. ‘‘જ્યાં જ્ઞાન ત્યાં શંકા નહિ સ્થાપ.’’ જ્ઞાન હોય ત્યાં શંકાની વિદ્યમાનતા જ નથી. ભગવાન આત્માનો સ્વભાવ પરને ગ્રહવા–મુકવાનો તો નથી પણ જે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને પણ ગ્રહવા–મૂકવાનો નથી એવા નિર્દોષ જ્ઞાનના અંદરમાં જ્ઞાની રાગને ગ્રહતા નથી તેમ જ છોડતા નથી. ભવિષ્યમાં રાગ થશે અને તેથી સંસારમાં રખડવું પડશે તેવી શંકા જ્ઞાનીને થતી નથી. જ્ઞાની પોતાના રાગરહિત જ્ઞાનસ્વભાવમાં નિઃશંક છે. વીતરાગીસ્વભાવના ગ્રહણમાં રાગનો ત્યાગ થઈ જાય છે ને તે ધર્મ છે.

આ પ્રમાણે આત્મા પરપદાર્થને તથા રાગ-દ્વેષને ગ્રહવા–મૂકવાના અભાવસ્વભાવરૂપ છે એટલે કે ભિન્ન છે, ને તે જ્ઞેયો સંબંધી પોતાના જ્ઞાનથી અભિન્ન છે એવાં શ્રદ્ધા–જ્ઞાનનો સ્વીકાર તે સત્ય ધર્મનું ફળ છે. વાત સરસ છે. સ + રસ એટલે રસવાળી છે. સમજે તેને રસવાળી છે ને તેમાં શાંતિ ને સુખ છે.

***

# પ્રસાદ નં. ૧૦૯

## પ્રવચનસાર ગાથા ૧૬૭ ના પ્રવચનમાંથી.

(પ્રસાદનં. ૯૮ ના અનુસંધાનમાં)

(મહા વદ ૧, ગુરુવાર)

## સ્કંધોનું કારણ લૂખાશ–ચીકાશ.

શરીર, મન, વાણી, કર્મ–બધા જડ પદાર્થો છે. જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. તેની અવસ્થાનું ભેગું થવું કે વીખરાવું તે લૂખાશ–ચીકાશના કારણે થાય છે. બે અંશ અધિક હોય ત્યારે ભેગા મળે છે. આત્મા તે અવસ્થાને કરી શકતો નથી. અજ્ઞાની જીવ રાગ કરે છે અથવા હું છું તો આ જડની અવસ્થા થાય છે. ઇચ્છા છે તો બોલાય છે, કલમથી લખાય છે તેવી ઊંધી માન્યતા કરે છે પણ પુદ્‌ગલની અવસ્થા જીવ કરી શકતો નથી. તેની લૂખાશ–ચીકાશને લીધે સ્કંધરૂપ અવસ્થા થાય છે.

## સ્કંધોની વિશિષ્ટ અવગાહન શક્તિ.

સ્કંધો પોતાની વિશિષ્ટ અવગાહન શક્તિના કારણે સૂક્ષ્મ અને સ્થૂલરૂપ થાય છે. શરીર, લાકડું વગેરે સ્થૂલ સ્કંધો છે ને ભાષાવર્ગણા, કાર્મણવર્ગણા વગેરે સૂક્ષ્મ સ્કંધો છે.

૧. સ્થૂલ પરમાણુની ને સૂક્ષ્મ પરમાણુની જાત જુદી જુદી નથી, પરમાણુ બધા એક જ જાતના છે. તેમાંથી કોઈ સૂક્ષ્મરૂપે ને કોઈ સ્થૂલરૂપે પરિણમે છે.

૨. સ્થૂલ સ્કંધમાં પરમાણુ ઘણા ને સૂક્ષ્મમાં થોડા–એમ સ્થૂલ–સૂક્ષ્મનો ભેદ નથી કારણ કે કેટલીય વાર સૂક્ષ્મ સ્કંધોમાં ઘણા પરમાણુ હોય છે ને સ્થૂલમાં ઓછા હોય છે. સૂક્ષ્મરૂપે કે સ્થૂલરૂપે વ્યાપીને રહેવું તે તે પરમાણુની અવગાહન શક્તિના કારણે છે. ઓછા–વત્તા પરમાણુની સાથે સંબંધ નથી.

૩. સૂક્ષ્મ સ્કંધોમાં જે લૂખાશ–ચીકાશ હોય તેના કરતાં લૂખાશ–ચીકાશ જ્યારે વધી જાય ત્યારે સ્થૂલ સ્કંધો થાય–એમ પણ નથી. સ્કંધ સૂક્ષ્મ હો કે સ્થૂલ હો પણ લૂખાશ–ચીકાશ બે અંશ અધિક હોય તો બંધ થાય છે એ નિયમ બધે સરખો છે. વિશિષ્ટ અવગાહન શક્તિના કારણે સ્થૂલ–સૂક્ષ્મના ભેદો પડે છે.

૪. વળી સ્થૂલ સ્કંધોમાં આત્મા નિમિત્ત હોય છે, એમ કોઈ કહે તો તે વાત પણ બરાબર નથી. ઘણા સ્થૂલ કે સૂક્ષ્મ સ્કંધોનું પરિણમન સ્વતંત્રપણે

થયા જ કરે છે. જ્યાં આત્મા નિમિત્તરૂપે હોતો પણ નથી, તેને કોણ પરિણમાવે છે ? – કોઈ નહિ. પોતે જ સ્થૂલ અથવા સૂક્ષ્મરૂપ પરિણમે છે.

૫. સ્કંધોમાં પોતામાં ખાસ **અવગાહન વિશિષ્ટ શક્તિ** છે તે કારણે જ સૂક્ષ્મ અને સ્થૂલરૂપ ધારણ કરે છે. આત્મા તેનો કર્તા–હર્તા છે જ નહિ. આત્મા છે તો શરીરાદિની, લાકડાની કે મકાન આદિની સ્થૂલ અવસ્થા થાય છે તે વાત તદ્દન મિથ્યા છે. સ્થૂલ અથવા સૂક્ષ્મ કોઈ સ્કંધનો આત્મા કર્તા, હર્તા કે પ્રેરક છે જ નહિ.

## સ્કંધોની વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિ.

વળી તે સ્કંધો પોતાની વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિના કારણે વિચિત્ર આકારો ધારણ કરે છે. તે આકાર થવામાં આત્મા કારણ નથી. માટીના પિંડમાંથી ઘડાનો આકાર થાય છે તે માટીના કારણે થાય છે. કુંભારના કારણે થતો નથી. લોટમાંથી રોટલીનો આકાર થાય છે તે વેલણ તથા બાઈના કારણે થતો નથી. શાકના ટુકડા થવા તે છરીના કારણે થતા નથી તેમ જ ઇચ્છાના કારણે નથી. પત્થરમાં કમળનો આકાર પડે તે કારીગરને લીધે નથી, વગેરે દ્રષ્ટાંતો સમજી લેવા. પરમાણુઓમાં વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિ છે, તેના કારણે તેઓ આકાર ધારણ કરી રહ્યા છે. આત્મા તેનો કર્તા–હર્તા છે જ નહિ.

## અજ્ઞાનીની ભ્રમણા.

અજ્ઞાની જીવને જ્ઞેય સ્વભાવની ખબર નહિ હોવાના કારણે હું છું તો પુદ્‌ગલના જુદા જુદા આકારો થયા છે તેમ તે માને છે. કોઈ ઈશ્વરે જુદાજુદા આકાર બનાવ્યા છે, એમ માનવું તે તો સ્થૂળ ભૂલ છે પણ નિમિત્ત આવે તો આકાર બદલે ને નિમિત્ત ન આવે તો આકાર ન બદલે–એમ માનવું તે પણ ભ્રમણા છે.

## સમય સમયની પર્યાયશક્તિ.

અહીં જે શક્તિ કહી છે તે ત્રિકાળી શક્તિની વાત નથી. સમય સમયની પર્યાયની શક્તિની વાત કરી છે. તે તે સમયની યોગ્યતા અનુસાર પરમાણુઓ આકાર ધારણ કરે છે. દસ પરમાણુ હોય ને દસ પ્રદેશમાં રહે અને અનંત પરમાણુનો સ્કંધ હોય ને એક પ્રદેશમાં રહે તેવો આકાર ધારણ કરીને રહે છે. આવો જ્ઞેયનો સમય સમયનો, આકારનો પર્યાયસ્વભાવ જાણે તો પરનો કર્તૃત્વભાવ ટળીને શાંતિ થાય.

## પૃથ્વી, જલ વગેરે જુદી જુદી જાતના પરમાણુ નથી.

તે સ્કંધો પોતાની યોગ્યતા અનુસાર સ્પર્શ, રસ, ગંધ અને વર્ણની પ્રગટતા ને અપ્રગટતાની શક્તિના કારણે પૃથ્વી, પાણી, તેજ ને વાયુરૂપ પોતાના પરિણામોથી જ થાય છે. અહીં પાઠમાં યોગ્યતા શબ્દ છે તે

પરમાણુઓની લાયકાત બતાવે છે. કોઈ જીવ અથવા બીજો પદાર્થ જલાદિ સ્કંધોનું કારણ નથી.

વળી કેટલાક જીવો માને છે કે પૃથ્વીના પરમાણુ પૃથ્વીરૂપે જ રહે, પાણીના પરમાણુ પાણીરૂપે જ રહે, તેજના પરમાણુ તેજરૂપે જ રહે, વાયુના પરમાણુ વાયુરૂપે જ રહે. પણ તે માન્યતા ભૂલભરેલી છે, તેમ અહીં બતાવે છે. તેમાં સ્પર્શાદિકનું પ્રગટ થવું કે ન થવું તે તે સ્કંધોની યોગ્યતાના કારણે થાય છે. જેમ કે પાણીમાં ગંધ વ્યક્ત દેખાતી નથી ને પૃથ્વીમાં ગંધ વ્યક્ત દેખાય છે. આવી રીતે સ્કંધોમાં સ્પર્શાદિની વ્યક્તતા કે અવ્યક્તતા તે પુદ્‌ગલની શક્તિ છે, ને તેને કારણે પૃથ્વી, પાણી આદિરૂપ સ્કંધો થાય છે પણ પરમાણુના જુદાજુદા પ્રકારો નથી.

## વસ્તુને સ્વભાવથી જોવી તે ધર્મનું કારણ છે.

આ પ્રમાણે નક્કી થાય છે કે બે પરમાણુના સ્કંધથી લઈ અનંતાનંત પરમાણુના સ્કંધો પોતાના કારણે પરિણમી રહ્યા છે. આત્મા તેનો કર્તા નથી. અજ્ઞાની જીવ માને છે હું તો પુદ્‌ગલોની અવસ્થા થાય છે પણ તે ભ્રમણા છે. સંયોગી દ્રષ્ટિવાળો જીવ હંમેશા સ્વ તથા પર બન્નેને સંયોગથી જુએ છે પણ આ આત્મા પરના સંયોગ વિનાનો, નિમિત્ત વિનાનો છે અને વિકારથી રહિત છે, એમ જે જીવ પોતાના આત્માને જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવથી જુએ છે તે જીવ પરપદાર્થોને પણ તેના સ્વભાવથી જુએ છે. આવી રીતે સ્કંધોની જુદી જુદી અવસ્થાનો આત્મા કર્તા–હર્તા નથી, વ્યવસ્થાપક નથી પણ જડ સ્કંધો પોતે જ પોતાના વ્યવસ્થાપક ને કર્તા–હર્તા છે એમ સ્કંધોના જ્ઞેયોનું જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે. ।।૧૬૭।।

હવે જેમ આત્મા પુદ્‌ગલપિંડનો કરનાર નથી તેમ આત્મા પુદ્‌ગલપિંડનો લાવનાર પણ નથી–એમ નક્કી કરે છે :–

### ગાથા ૧૬૮

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્‌ગલકાયથી,**
**આ લોક બાદર—સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય—અયોગ્યથી. ૧૬૮.**

**અન્વયાર્થ :**—લોક સર્વત્ર સૂક્ષ્મ તેમ જ બાદર તથા કર્મતવને અયોગ્ય તેમ જ કર્મત્વને યોગ્ય પુદ્‌ગલકાયો (પુદ્‌ગલસ્કંધો) વડે (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.

## લોક પુદ્‌ગલસ્કંધોથી ભરેલો છે.

ટીકા :–આખો લોક સૂક્ષ્મ ને બાદર સ્કંધોથી ભરેલો છે. તેમાં કેટલાક કર્મ થવાને લાયક છે ને કેટલાક કર્મ થવાને લાયક નથી. જીવ રાગ-દ્વેષ કરે છે માટે કર્મને લાવે છે, એમ નથી. આખો લોક તેવા પુદ્‌ગલોથી ઠાંસી ઠાંસીને ભરેલો છે.

## કર્મની લાયકાતવાળા પરમાણુ.

કર્મ થવાને લાયક પરમાણુઓ અતિ સૂક્ષ્મ ન હોય કારણ કે કર્મો અનંતા પરમાણુનો જથ્થો છે. એક પરમાણુથી લઈને અસંખ્ય પરમાણુઓ કર્મરૂપે થવાને લાયક નથી. અનંત પરમાણુ ભેગા થઈને કર્મરૂપે પરિણમે છે. તેમ જ અતિ સ્થૂલરૂપે જે પરમાણુઓ છે તે પણ કર્મરૂપે પરિણમતા નથી. કર્મના પરમાણુઓ અતિસૂક્ષ્મ નથી તેમ જ અતિ સ્થૂલ નથી.

## કર્મને અલાયક પરમાણુ.

જે પરમાણુઓ અતિ સૂક્ષ્મ છે અથવા અતિ સ્થૂલ છે તે કર્મરૂપે પરિણમતા નથી.

જીવો સિદ્ધદશા પામે છે ત્યારે પરમાણુમાં કર્મરૂપે નહિ પરિણમવાની લાયકાત હોય છે ને સંસારીદશા હોય ત્યાંસુધી પરમાણુમાં કર્મપણારૂપે પરિણમવાની લાયકાત હોય છે–એમ નથી. કર્મરૂપે પરિણમવું અથવા ન પરિણમવું તે તે પરમાણુઓની લાયકાત છે. પરમાણુની સમય સમયની લાયકાતની વાત છે. સૂક્ષ્મ કાર્મણરૂપે થાય તો પણ તેની લાયકાત ને સ્થૂલ હોય તોપણ તેની લાયકાતથી થાય છે. તેમાં જીવનો અધિકાર જરાય નથી.

## પરમાણુની ખાસ અવગાહન શક્તિ

વળી તે સૂક્ષ્મ સ્કંધો ને સ્થૂલ સ્કંધો એકબીજાને બાધા પહોંચાડ્યા વિના અવગાહન શક્તિના કારણે રહે છે. અતિસ્થૂલ સ્કંધો હોય તે જ ક્ષેત્રે અતિ સૂક્ષ્મ સ્કંધો પણ રહે છે, ને અતિ સૂક્ષ્મ હોય છે ત્યાં અતિ સ્થૂલ પણ રહે છે. તે એકબીજાને નડતા નથી. આકાશ તો બધાં દ્રવ્યોને અવગાહન આપે છે. પણ પરમાણુમાં વિશિષ્ટ અવગાહન શક્તિ છે કે જેના કારણે તેઓ એક જગ્યાએ રહે છે. જેમ દરિયો પાણીથી છલોછલ ભરેલો છે તેમ આખો લોક તૈજસ, કાર્મણ વગેરે પુદ્‌ગલવર્ગણાઓથી બધાય પ્રદેશે ગાઢ ભરેલો છે. ત્યાં કોઈ કોઈને બાધા પહોંચાડતું નથી.

## આત્મા પુદ્‌ગલપિંડોનો લાવનાર નથી.

મકાન બનાવવા માટે જીવે બહારગામથી લાકડાં લાવવાં પડે છે તેમ આત્મા રાગ-દ્વેષ કરે ત્યારે કર્મનાં લાકડાં બહારથી લાવવાં પડે છે–એમ નથી. જેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ કરે તેટલા પ્રમાણમાં કર્મને લાયક હોય તેટલા પરમાણુ પોતાના કારણે પરિણમે છે. (અલાયક પરમાણુ તો ત્યાં પડ્યા છે) પણ આત્મા તે પરમાણુને બહારથી લાવતો નથી.

અહીં કોઈ કહે કે આત્મસિદ્ધિમાં કહેલ છે કે ‘‘જીવવીર્યની સ્ફૂરણા ગ્રહણ કરે જડ ધૂપ.’’ જીવ (ઊંધું) વીર્ય ફોરવે ત્યારે જડ પરમાણુને ગ્રહણ

કરે છે એવો તેનો અર્થ છે, તેનો શું ખુલાસો છે ? તેમ જ કષાયના કારણે સ્થિતિ તથા અનુભાગબંધ થાય છે ને યોગના લીધે પ્રકૃતિ તથા પ્રદેશબંધ થાય છે, તેનો શું ખુલાસો છે ?

સમાધાન :–ભાઈ, તે બધાં નિમિત્તનાં કથન છે. આત્માનો કોઈ ભાવ અથવા કંપન જડ પરમાણુને ખેંચતા નથી. સૂક્ષ્મ કર્મને કે સ્થૂલ પરમાણુને આત્મા ગ્રહે ને લાવે તે વાત જ બરાબર નથી. જડ પરમાણુઓ પોતાના કારણે બંધાય છે ત્યારે જીવના ભાવ કેવા પ્રકારના હોય છે તેવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. પણ આત્મા પુદ્‌ગલપિંડોનો લાવનાર નથી.

ભાવાર્થ :—આ લોકમાં સર્વ સ્થળે જીવો છે. જ્યાં સિદ્ધના જીવો છે ત્યાં નિગોદના જીવો છે ને સાતમી નરકે પણ નિગોદના જીવો છે, બાદર બાદરના સ્થાનમાં છે અને કર્મ થવાની યોગ્યતાવાળા પુદ્‌ગલો પણ બધી જગ્યાએ છે. જીવ જે પ્રકારના પરિણામ કરે તે તે પ્રકારનો જીવને એકક્ષેત્રે જડકર્મનો બંધ થાય છે. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ તેથી આત્મા જડકર્મને બહારથી ખેંચી લાવે છે ને બંધ કરે છે એવો તેનો અર્થ નથી.

આ પ્રમાણે પુદ્‌ગલસ્કંધોને આત્મા લાવી શકતો નથી તેમ જ્ઞેયોનું યથાર્થ જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે. ||૧૬૮||

***

# પ્રસાદ નં. ૧૧૦

## પ્રવચનસાર ગાથા ૧૬૯ ના પ્રવચનમાંથી.

(મહા વદ ૨, શુક્રવાર)

હવે આત્મા પુદ્‌ગલપિંડોને કર્મપણે કરનારો નથી એમ નક્કી કરે છે :—

**સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને**
**કર્મત્વને પામે; નહિ જીવ પરિણમાવે તેમને. ૧૬૯.**

**અન્વયાર્થ :**—કર્મપણાને યોગ્ય સ્કંધો જીવની પરિણતિને પામીને કર્મભાવને પામે છે; તેમને જીવ પરિણમાવતો નથી.

## આત્મા પુદ્‌ગલસ્કંધોને કર્મપણે કરનારો નથી.

**ટીકા :**—આ આત્માથી શરીર, કર્મ આદિ ભિન્ન ચીજો છે તેનું સમય સમયનું પરિણમન જડના કારણે થાય છે. જડની પર્યાયમાં જે વિવિધતા થાય છે તે આત્મપરિણામની વિવિધતાને લીધે નથી. જડના સ્વકાળે એવી વિવિધતા થાય છે. કર્મ થવાની લાયકાતવાળા સ્કંધો જીવના એક ક્ષેત્રે રહેલા છે પણ જીવના રાગ-દ્વેષ, કંપન વગેરે છે માટે કર્મને પરિણમવું પડે છે એમ કર્મ પરાધીન નથી. જીવ અને પુદ્‌ગલ તો ત્રિકાળ જુદાં છે પણ પુદ્‌ગલ પરમાણુનું સમયસમયનું પરિણમન સત્ છે તે બતાવવું છે. **જીવના રાગના કારણે પરમાણુનું વર્તમાન સત્ હોય તો વર્તમાન સત્ જ રહેતું નથી અને એક સમય સત્ ન હોય તો ત્રિકાળ સત્ એટલે દ્રવ્ય રહેતું નથી. વસ્તુના નાશનો પ્રસંગ આવે છે. પણ એમ બનતું નથી.**

## જીવના વિકારી પરિણામને તથા કર્મરૂપ પરિણામને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

પરમાણુઓમાંથી લૂખાશ–ચીકાશના કારણે પિંડો થાય છે. કર્મરૂપે પરિણમવાની લાયકાતવાળા પુદ્‌ગલસ્કંધો જીવના એકક્ષેત્રે છે. તેઓ જીવના પરિણામનું નિમિત્ત પામીને કર્મરૂપે પરિણમે છે. તે સ્કંધોનું જ્ઞાનાવરણાદિપ્રકૃતિરૂપે પરિણમવું તે અંતરંગ સાધન છે ને જીવના પરિણામમાત્ર તે બાહ્ય સાધન છે. “પરિણામમાત્રનો આશ્રય કરીને કર્મરૂપે પરિણમે છે” એવો પાઠ છે ત્યાં જીવના વિકારી પરિણામને તેમ જ દ્રવ્યકર્મને એક સમયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવો છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેતાં જ પૃથક્તા નક્કી થાય છે. તેથી રાગ થયો માટે કર્મ થયાં ને રાગ ન હોત તો કર્મ ન થાત, એ પ્રશ્ન જ રહેતો નથી. રાગ પહેલો

થયો ને પછી બીજે સમયે કર્મ બંધાયાં એવો પહેલાં—પછીનો પણ પ્રશ્ન જ નથી. બન્નેનું સ્વતંત્ર પરિણમન એક જ સમયે છે, કાળભેદ નથી. તેથી નક્કી થાય છે કે આત્મા પુદ્‌ગલપિંડોને કર્મરૂપે પરિણમાવતો નથી.

ભાવાર્થ :—એક ક્ષેત્રે રહેલા જીવના વિકારી પરિણામને નિમિત્તમાત્ર કરીને કર્મને યોગ્ય પુદ્‌ગલો પોતાની અંતરંગ શક્તિથી જ્ઞાનાવરણાદિ કર્મોરૂપે પરિણમી જાય છે. જીવ તેમને પરિણમાવતો નથી. ।।૧૬૯।।

હવે કર્મપણે પરિણમેલું જે પુદ્‌ગલદ્રવ્ય તે—સ્વરૂપ શરીરનો કર્તા આત્મા નથી, એમ નક્કી કરે છે :—

## ગાથા ૧૭૦

**કર્મત્વપરિણત પુદ્‌ગલોના સ્કંધ તે તે ફરી ફરી**
**શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.**

**અન્વયાર્થ :**—કર્મપણે પરિણમેલા તે તે પુદ્‌ગલકાયો દેહાંતરરૂપ ફેરફાર પામીને ફરીફરીને જીવને શરીરો થાય છે.

## શરીર, મન, વાણીનું કારણ કર્મ છે.

**ટીકા :**—જીવના પરિણામનું નિમિત્ત પામીને પુદ્‌ગલસ્કંધો પોતે જ પોતાની મેળે આઠ કર્મરૂપે પરિણમે છે. કર્મમાં એક પરમાણુ હોતો નથી પણ ઘણા પરમાણુઓ હોય છે માટે પુદ્‌ગલકાયો કહ્યા છે. સંસારી જીવ જુદા જુદા ભવમાં જુદાં જુદાં શરીરો ધારણ કરે છે. ઉદય પછીના સમયે કર્મ પરમાણુઓ ઔદારિકરૂપે પરિણમીને શરીરનો આશ્રય કરે છે અથવા તો બીજા પરમાણુઓમાંથી શરીર થાય છે તો તેમાં કર્મ નિમિત્ત થાય છે. અહીં શરીરની મુખ્યપણે વાત કરી છે તેમાં મન, વાણીના પરમાણુઓ પણ સાથે લઈ લેવા. તેથી જે પરમાણુઓ મનરૂપે અથવા વાણીરૂપે પરિણમે છે તેમાં કર્મ નિમિત્તરૂપે થાય છે.

## આત્મા શરીર, મન, વાણીનો કર્તા અથવા કારણ નથી.

પરમાણુઓ, શરીરરૂપે વાણીરૂપે કે મનરૂપે પરિણમે છે તેમાં કોઈ પરમાણુઓ કર્મરૂપે હતા તે શરીર, મન, વાણીરૂપે થાય છે અથવા નવા પરમાણુઓ તે રૂપે થાય છે. તેમાં કર્મ નિમિત્ત હોય છે પણ આત્મા તેનો કર્તા નથી. આત્મા હતો તો શરીર ચાલ્યું, આત્મા હતો તો વાણી બોલાઈ વગેરે વાતો મિથ્યા છે. જીવના વિકાર તથા કંપન છે તો શરીર, મન, વાણી થાય છે, એ વાત પણ બરાબર નથી. જીવના અસ્તિત્વથી શરીરનું અસ્તિત્વ જુદું છે. અહીં તો શરીર, મન, વાણી વગેરે નોકર્મના કારણરૂપે કર્મપુદ્‌ગલો

જ લીધાં છે પણ આત્માને નિમિત્ત તરીકે પણ કહ્યો નથી. માટે આત્મા તેનો કર્તા નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રમાં વ્યવહાર ભાષાસમિતિની વ્યાખ્યા આવે છે કે જીવોએ હિતમિત વચનો બોલવાં. બીજો જીવ દુભાય તેવાં કટુ વચન બોલવાં નહિ પણ પ્રિય ને ઇષ્ટ વચન બોલવાં. ભગવાનને તો ઇચ્છા વગર વાણી નીકળે પણ છદ્મસ્થ જીવને તો ઈચ્છા છે માટે તે તો પોતાને ગમે તેવી વાણી કાઢી શકે ને પ્રિય વચનો બોલી શકે. જો છદ્મસ્થ જીવ ઇચ્છા પ્રમાણે વાણી બોલી શકતો ન હોય તો આવાં હિતમિત વચન બોલવાં વગેરે શાસ્ત્રમાં કેમ લખ્યું છે ?

**સમાધાન :**—ભાઈ, વાણી તો જડ છે. વાણી ઇચ્છા વગરના જીવની હોય કે ઇચ્છાવાળા જીવની હોય પણ નિયમ તો એક જ છે. કેવળીની વાણી માટે એક નિયમ ને સંસારીની વાણી માટે બીજો નિયમ હોઈ શકે નહિ. જેમ દિવ્યધ્વનિ પોતાના કારણે પરિણમે છે તેમ સંસારી જીવની ભાષાના પુદ્‌ગલો પણ તેના પોતાના પરિણમનના સ્વકાળે વાણીરૂપ થઈને નીકળે છે. પણ બીજાનો આદર કરવો, મૃદુતાથી બોલવું ને તિરસ્કારથી બોલવું નહિ, એમાં જીવનો ભાવ બતાવવાનો હેતુ છે પણ તે ભાવથી ભાષા થાય છે એમ કહેવાનો હેતુ નથી. **અનંત વીર્યવાળા તીર્થંકર ભગવાન પણ ભાષાની પર્યાયને કરી શકતા નથી તો પછી તેનાથી અનંતમાં ભાગે જેનું વીર્ય છે એવો સંસારી જીવ ભાષાની પર્યાયને બનાવી શકે તે અશક્ય છે.**

## સાચી પંડિતાઈ કેમ પ્રગટે ?

મૂર્ખ જીવો વિચાર વિના બોલે પણ પંડિતોએ વિચક્ષણતાથી બોલવું તેમ જ ડાહ્યા માણસોએ ઘરની વાત બહાર પાડવી નહિ, એમ શાસ્ત્રમાં આવે છે, એ બધાં નિમિત્તનાં કથનો છે. વાણી વાણીના કારણે નીકળે છે ત્યારે જીવના ભાવ કેવા હતા તેટલું જ્ઞાન કરાવવા નિમિત્તનું કથન છે. **વાણીનો કર્તા કે મૌન રહેવાનો કર્તા જ્ઞાની છે જ નહિ. વળી તેને વિચારીને બોલવાના કે કોમળતાના શુભભાવની પણ મુખ્યતા નથી. તે વખતે પણ હું જ્ઞાનસ્વરૂપ છું એવી સ્વભાવદ્રષ્ટિની જ મુખ્યતા વર્તે છે. તે દ્રવ્યદ્રષ્ટિના આધારે સાચી પંડિતાઈ પ્રગટે છે.**

## જીવ ક્રમબદ્ધ રાગને ફેરવી શકતો નથી તો શરીરને કેમ ફેરવી શકે?

શાસ્ત્રમાં લખાણ આવે કે જોઈને ચાલવું, તેનો અર્થ એમ છે કે ચાલતી વખતે જીવે પોતામાં પ્રમાદભાવ થવા ન દેવો. પગ ઊંચો–નીચો કરવાની તાકાત જીવમાં નથી. તે તે વખતની પર્યાયનું કારણ તે તે પુદ્‌ગલો છે. ને ભાવ કેવો કરવો તે જીવના હાથની વાત છે—એમ સમજવું જોઈએ.

શરીરની પર્યાયને કોણ કરી શકે? **તારા પોતામાં રાગ-દ્વેષ થઈ રહ્યા છે તે પણ ક્રમબદ્ધ થઈ રહ્યા છે. તે ફેરવવાનું દ્રવ્ય સ્વભાવમાં નથી. વસ્તુસ્વભાવની દ્રષ્ટિ કરી એભેદ થવાથી રાગ ફરી જાય છે ખરો, પણ રાગ ફેરવવાની દ્રષ્ટિએ રાગ ફરતો નથી તો પછી શરીર ને વાણીને હું ફેરવી દઉં તે તો અજ્ઞાનભાવ જ છે.** વળી જ્ઞાની વિકલ્પ વખતે ભેદ પાડે તો આત્મા કર્તા ને નિર્મળ પર્યાય તેનું કાર્ય છે. પણ અભેદ નિર્વિકલ્પદશામાં તો આત્મા કર્તા ને નિર્મળ પર્યાય તેનું કર્મ—એવા ભેદ પણ હોતા નથી. તો પછી આત્મા કર્તા ને શરીર, મન, વાણી તેનું કર્મ—એમ કહેવું એ તો સ્થૂલ અજ્ઞાન છે.

## જ્ઞેયોના યથાર્થ જ્ઞાનનું ફળ.

જ્ઞેયોનો ફેરફાર તેના કારણે થાય છે. આત્માના રાગ-દ્વેષથી તેમાં ફેરફાર થાય એમ માને તો જ્ઞાન ખોટું થાય છે. શરીર, મન, વાણીનું સમય સમયનું વર્તમાન તેનાથી થઈ રહ્યું છે. શરીરની સત્તાનો આત્મામાં અભાવ છે. શરીર વગેરેના પિંડોની અવસ્થા તેની લૂખાશ—ચીકાશના કારણે થાય છે. આત્મા તેનો કર્તા નથી. તેમ જ તેની પર્યાયમાં નિમિત્ત પણ નથી. આમ યથાર્થ જ્ઞાન કરે તો શરીર વગેરે પરપદાર્થ ઉપરથી દ્રષ્ટિ ઊઠી જાય ને પોતાના દ્રવ્ય ઉપરની દ્રષ્ટિ થાય. પોતે પરનો કર્તાસ્વરૂપ નથી પણ જ્ઞાનસ્વરૂપ છે એવી દ્રષ્ટિ તે ધર્મનું કારણ છે.

**ભાવાર્થ** :—જીવના વિકારનું નિમિત્ત પામીને પુદ્‌ગલો પોતે કર્મરૂપે પરિણમે છે ને તે જ પુદ્‌ગલ પરમાણુઓ બીજા ભવોમાં શરીર બનવામાં નિમિત્તભૂત થાય છે. નોકર્મ પુદ્‌ગલો તેની લૂખાશ—ચીકાશના કારણે શરીર, મન, વાણીરૂપે પરિણમે છે. આત્મા તેનો કર્તા નથી. ॥૧૭૦॥

હવે આત્માને શરીરપણાનો અભાવ નક્કી કરે છે :—

## ગાથા ૧૭૧

**જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે.**
**કાર્મણ–અહારક દેહ જે, તે સર્વ પુદ્‌ગલરૂપ છે. ૧૭૧**

## આત્મા શરીર નથી.

**અન્વયાર્થ** :—ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, તૈજસ શરીર, આહારક શરીર અને કાર્મણ શરીર—બધાં પુદ્‌ગલ દ્રવ્યાત્મક છે.

**ટીકા** :—જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં લખાણ આવે કે મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક શરીર હોય છે ને નારકી તથા દેવને વૈક્રિયિક શરીર હોય છે ને કોઈ મુનિને આહારક શરીર હોય છે. વળી બધા સંસારી જીવોને

કાર્મણ—તૈજસ શરીર હોય છે. અહીં કહે છે કે જીવને શરીર હોય જ નહિ. શરીરો તો પુદ્‌ગલ પરમાણુના બનેલાં છે. સિદ્ધાંત પ્રવેશિકામાં સંસારીદશામાં શરીરના સંયોગનું જ્ઞાન કરાવ્યું છે. પણ શરીર આત્માનું છે તેમ કહેવાનો આશય નથી. પાંચ શરીરો પુદ્‌ગલ પરમાણુઓમાંથી બનેલાં છે. લૂખાશ—ચીકાશના કારણે પુદ્‌ગલના સ્કંધો બને છે. અવગાહનના કારણે સ્થૂલ—સૂક્ષ્મ બને છે. આકારના કારણે જુદા જુદા સંસ્થાન થાય છે. કર્મની યોગ્યતાના કારણે સ્કંધો કર્મરૂપ થાય છે ને કર્મનું નિમિત્ત પામીને જુદાં જુદાં શરીરો થાય છે. આત્મા તેનો કર્તા નથી માટે આત્મા શરીર નથી એમ નક્કી થાય છે.

***

# પ્રસાદ નં. ૧૧૧

## પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત જીવનું અસાધારણ સ્વલક્ષણ.
## (શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨)

(મહા વદ ૨, શુક્રવાર)

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨**

**અન્વયાર્થ** :—જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.

જીવમાં રસ નથી, ગંધ નથી, સ્પર્શગુણની વ્યક્તતા નથી. તે ચેતનાગુણવાળો છે. આત્મા શબ્દ બોલતો નથી તેમ જ શબ્દનું કારણ નથી. લિંગથી ગ્રાહ્ય થઈ શકે તેવો નથી અને પરના આકાર વિનાનો છે, તેમ તું જાણ. અહીં આચાર્ય ભગવાન આદેશ કરે છે કે તું તારા આત્માને આવો જાણ.

ટીકા :—(૧) આત્મામાં અરસપણું છે.

આત્મામાં રસ નથી કારણ કે તેનો રસગુણના અભાવરૂપ સ્વભાવ છે.

(૨) આત્મામાં અરૂપપણું છે.

આત્મામાં રૂપ નથી કારણ કે તેનો રૂપગુણના અભાવરૂપ સ્વભાવ છે.

### આત્માને રૂપીનો ઉપચાર આવવાનું કારણ.

આત્મામાં રૂપીપણું નહિ હોવા છતાં તે રૂપી છે અથવા મૂર્ત છે એમ વ્યવહારશાસ્ત્રમાં કથન આવે છે તેનો શું ખુલાસો છે ?

સમાધાન :—આત્મા નિશ્ચયથી તો અરૂપી છે પણ કર્મના સંયોગે વ્યવહારે રૂપી થઈ જાય છે એવો એનો અર્થ નથી. શાસ્ત્રમાં અનેક અપેક્ષાઓ આવે. જીવ પોતે વિકાર કરે છે ત્યારે જડકર્મ નિમિત્તરૂપે હોય છે તે રૂપીકર્મના સંયોગની અપેક્ષાએ આત્મામાં રૂપીનો ઉપચાર કરવામાં આવે છે. વિકારી પરિણામની જીવની યોગ્યતા ને તે યોગ્યતાના નિમિત્તે રૂપી કર્મનું એકક્ષેત્રે રહેવું તેવો સંબંધ બિલકુલ ન જ હોત તો રૂપીપણાનો ઉપચાર પણ આવી શકત નહિ. જેમ કે સિદ્ધદશામાં વિકારની યોગ્યતા પણ નથી ને નિમિત્તરૂપે કર્મો પણ નથી. તેથી સિદ્ધદશામાં રૂપીપણાનો ઉપચાર આવતો નથી. પણ સંસારદશામાં વિકારની યોગ્યતા છે તે રૂપી કર્મોના નિમિત્ત વિના હોઈ શકે નહિ. કર્મના નિમિત્ત વિનાનો જીવ હોય તો સિદ્ધ થઈ

જાય. વિકાર અશુદ્ધ પારિણામિક ભાવ છે. જીવ પોતે સ્વભાવનો આશ્રય ચૂકી કર્મનો આશ્રય કરે છે ને વિકાર કરે છે પણ કર્મ વિકાર કરાવતું નથી. કેમ કે આત્મા તથા કર્મને અત્યંત અભાવ છે. જડ કર્મને તો ખબર પણ નથી કે મારો આશ્રય કરીને જીવ વિકાર કરે છે. જીવ વિકાર કરે છે તે જીવની ભૂલ છે પણ તે તેનું ત્રિકાળી સ્વરૂપ નથી. રૂપીના લક્ષ વગર વિકાર હોતો નથી. જીવની એવી યોગ્યતા છે ને રૂપી કર્મનું જોડે નિમિત્ત છે, માટે રૂપીનો ઉપચાર કરેલ છે.

**(૩) આત્મામાં અગંધપણું છે.**

આત્મામાં ગંધનો અભાવ છે. સુગંધ—દુર્ગંધ આત્મામાં નથી.

**(૪) આત્મામાં અવ્યક્તપણું છે.**

આત્મામાં સ્પર્શની વ્યક્તતાનો અભાવ છે. ટાઢામાંથી ઊનું થવું, લૂખામાંથી ચીકણું થવું, સ્થૂલમાંથી સૂક્ષ્મ થવું, હળવામાંથી ભારે થવું, કર્કશમાંથી સુંવાળું થવું—તે બધી જડની અવસ્થા છે. આત્મામાં તે સ્પર્શની વ્યક્તતાનો અભાવ છે. આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જેને લીધે સ્પર્શની વ્યક્તતા થાય માટે આત્મા અવ્યક્ત છે.

**(૫) આત્મામાં અશબ્દપણું છે.**

આત્મામાં શબ્દરૂપ પર્યાયનો અભાવ છે. અજ્ઞાની માને છે કે જે ભાષા બોલવાથી જીવનું હિત થાય તે ભાષા બોલવી ને કઠોર ભાષા બોલવાથી જીવને કલુષિતતા થાય માટે એવી વાણી ન કાઢવી. પણ ભાઈ, વાણી કાઢવી કે ન કાઢવી તે જીવના હાથની વાત નથી. વાણી સ્વતંત્ર છે ને જીવ સ્વતંત્ર છે. વાણીથી લાભ કે નુકશાન નથી. પણ અજ્ઞાનીને ભય લાગે છે કે આમ વાણીને સ્વતંત્ર માનવાથી તો કોઈ જીવ ગુરુનું બહુમાન કરશે નહિ, કોઈ કોઈનો ઉપકાર સ્વીકારશે નહિ ને બધા લૂખા થઈ જશે. પણ ભાઈ, કોઈ જીવ પરનું બહુમાન કરતો નથી. ધર્મી જીવ પોતાના સ્વભાવનું બહુમાન કરે છે ને સ્વભાવમાં ઠરી શકતો નથી ત્યારે શુભભાવમાં ગુરુનું બહુમાન આવી જાય છે. વળી કેવળી ભગવાનને ઇચ્છા વગર વાણી નીકળે છે ને છદ્મસ્થ જીવ ઇચ્છાપૂર્વક વાણી કાઢી શકે છે, તે વાત પણ મિથ્યા છે. કારણ કે વાણીની પર્યાયનો બધા જીવમાં ત્રણે કાળે અભાવ છે.

**(૬) આત્મામાં અલિંગગ્રાહ્યપણું છે.**

આત્મામાં રૂપ-રસ-ગંધ વગેરેનો અભાવ હોવાથી આત્મા કોઈ પણ લિંગ એટલે ચિહ્નથી ઓળખી શકાય એવો નથી. શરીરમાં આવો રંગ હોય તો આ ભગવાન ઓળખાય ? આવી વાણી હોય તો મુનિ ઓળખાય ? પરમ ઔદારિક શરીર હોય તો કેવળી ભગવાન ઓળખાય ? દિવ્યધ્વનિ હોય તો

તીર્થંકર ભગવાન ઓળખાય ? આ ચિહ્નોથી જીવ ઓળખાતો હશે ?—કે ના. તે બધાં ચિહ્નો તો જડનાં છે. તેનાથી આત્મા ઓળખાતો નથી. પોતાના ચેતનાગુણથી દરેક આત્મા ઓળખાય છે. પોતાને ન ઓળખે તે પરને પણ ઓળખે નહિ. પોતાને ઓળખે તે જ પરને યથાર્થ ઓળખે છે. કોઈ બાહ્ય લિંગથી આત્મા ઓળખી શકાતો નથી.

**(૭) આત્મામાં અસંસ્થાનપણું છે.**

શરીરના જુદાં જુદાં સંસ્થાનોથી એટલે આકારોથી આત્મા ઓળખી શકાતો નથી. આત્મા જડના બધા આકારોથી રહિતસ્વભાવવાળો છે.

આ પ્રમાણે આત્માને પુદ્‌ગલથી જુદા પાડવાનું સાધન (૧) અરસપણું, (૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું, (૫) અશબ્દપણું, (૬) અલિંગગ્રાહ્યપણું અને (૭) અસંસ્થાનપણું છે—તે કહ્યું.

*

(મહા વદ ૩, શનિવાર, તા. ૨૪-૨-૫૧)

## અજીવને અજીવથી જુદો પાડવાનું સાધન–“ચેતનામયપણું”.

પુદ્‌ગલથી આત્માને જુદો પાડવાનું સાધન ગઈ કાલે કહ્યું. હવે પુદ્‌ગલ તથા અપુદ્‌ગગલ એટલે ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ ચાર અજીવદ્રવ્યોથી આત્માને જુદો પાડવાનું સાધન—ચેતનાગુણમયપણું કહે છે. પુદ્‌ગલ તથા બીજા અજીવથી જુદો પાડવાનું સાધન વિકાર, કામ, ક્રોધ વગેરે કહેલ નથી. ચેતના ગુણ છે ને ચેતન ગુણી છે. આત્મા જાણવા—દેખવાના સ્વભાવથી અભેદ છે ને તે સાધન વડે બધા અજીવથી તેને જુદો પાડવો તે ધર્મ છે.

## જીવને બીજા જીવોથી જુદો પાડવાનું સાધન–“સ્વજીવદ્રવ્યાશ્રિત ચેતનાયમપણું”.

આત્માને પ્રથમ પુદ્‌ગલોથી જુદો પાડ્યો. પછી બીજા અજીવથી જુદો પાડ્યો. હવે બીજા જીવોથી જુદો પાડે છે. પોતાનો ચેતનાગુણ પોતાના આત્માના આશ્રયે છે. બીજા આત્માના આશ્રયે નથી. તે પોતાનો ચેતનાગુણ પોતાને અનંતા કેવળીઓ, સિદ્ધો, અનંતા નિગોદ વગેરે અનંતા જીવોથી જુદો પાડે છે. કારણ કે પોતાનો ચેતનાગુણ પોતાનું સ્વલક્ષણ છે. તેને હંમેશા પોતે ધારી રાખે છે. સાધકદશામાં ધર્મની સાધના માટે ચેતનાગુણ કામ આવે છે.

કોઈ પ્રશ્ન કરે કે આમાં દયા પાળવાનું શું આવ્યું ?

ઉત્તર :—સ્વ જીવનો પોતાના ચેતનાગુણથી નિર્ણય કરવો તે જ સ્વ દયા છે. પરની દયા જીવ પાળી શકતો નથી. પરથી જુદો કહ્યો એટલે પરનું કાંઈપણ કરી શકે એવો રહ્યો નહિ. વળી પોતાને દયા, દાનના લક્ષણવાળો કહ્યો નથી પણ ચૈતન્યમય કહ્યો છે. એમ કહેતાં જ દયા, દાનાદિના વિકાર ક્ષણિક છે, તે ત્રિકાળી સ્વભાવમાં નથી તેમ નક્કી થાય છે. પરને તથા સ્વને એક માનવા તે સંસારમાર્ગ છે ને પોતાને પરથી જુદો સાધવો તે મોક્ષમાર્ગ છે.

## અલિંગગ્રહણનો અર્થ.

અલિંગગ્રહણ એટલે કે પર ચિહ્ન વડે કે લિંગ વડે જીવનો અનુભવ કરી શકાય નહિ. કોઈ ચિહ્નથી કે નિમિત્તથી આત્માનો પત્તો મળી શકે નહિ.

''અલિંગગ્રાહ્ય'' એમ કહેવાનું છે ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રાપ્તિ કરવા માટે છે. ઘણા અર્થોનું પ્રતિપાદન કરવા માટે "અલિંગગ્રહણ" શબ્દ વાપરેલ છે. અલિંગગ્રહણ શબ્દ વાચક છે ને તે શબ્દ દ્વારા કહેવાયોગ્ય ભાવ તે વાચ્ય છે. તે ભાવ જાણીને આત્માને લિંગથી જુદો પાડવો ને નિર્ણય કરવો તે ધર્મ છે.

## (૧) આત્મા ઈન્દ્રિય વડે જાણતો નથી.

ગ્રાહક એટલે જ્ઞાયક આત્મા લિંગો વડે એટલે ઇન્દ્રિયો વડે જાણતો નથી, તે અલિંગગ્રહણ છે. આત્મા સ્વ તથા પરને ઇન્દ્રિયોથી જાણતો નથી. સ્વ-પર બન્ને જ્ઞેય છે. સ્વ-પર જ્ઞેયોને જાણનાર એવા આત્માને ઇન્દ્રિયોથી જાણવું થતું નથી. અહીં અતીન્દ્રિય જ્ઞાનની જાહેરાત છે.

''ચાવી દેવાથી ઘડિયાળ ચાલે છે, આત્મા છે તો શરીર ચાલે છે, અગ્નિ હતી તો પાણી ગરમ થયું, પેટ્રોલ હતું તો મોટર ચાલી, બાઈ હતી તો રોટલા થયા, હાથ હતો તો લાકડી ઊંચી થઈ, એમ પ્રત્યક્ષ ઇન્દ્રિયોથી દેખાય છે'' એમ અજ્ઞાની દલીલ કરે છે.

પણ તે માન્યતા ભૂલભરેલી છે. અજ્ઞાની જીવ ઇન્દ્રિયોની લપ નાખી સંયોગોને જુએ છે. જ્ઞાન સંયોગનું નથી, જ્ઞાન ઈન્દ્રિયનું નથી, પણ જ્ઞાન આત્માનું છે તેમ નહીં માનતા ઈન્દ્રિયોથી જ્ઞાન થાય છે એમ જે માને છે તે સંયોગને જુએ છે. આત્માનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. પરને પણ ઇન્દ્રિયોથી જાણે તેવો તેનો સ્વભાવ નથી. સ્વને તો ઇન્દ્રિયથી જાણતો નથી અને પરપદાર્થોનું પણ આંખ, કાન, નાક વગેરે પાંચ ઇન્દ્રિયથી જાણવું થતું નથી.

## સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ પોતાને લીધે છે—ઇન્દ્રિયોથી નથી.

પ્રશ્ન :—આંખે મોતિયો ઉતરાવવો કે નહિ ? મોતિયો ઉતરાવે તો દેખાય છે ને ન ઉતરાવે તો દેખાતું નથી.

ઉત્તર :—ભાઈ, મોતિયો ઉતરાવતા પહેલાં કે પછી આંખથી દેખવાનું થતું નથી. આત્મામાં જ્ઞાન છે, ઇન્દ્રિયોમાં જ્ઞાન નથી. મોતિયો ઉતરાવતા પહેલાં પોતાના જ્ઞાનના ઉઘાડની યોગ્યતા મુજબ જાણતો ને પછી પણ પોતાની યોગ્યતા મુજબ જાણે છે. પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ ઇન્દ્રિયોને લીધે છે ? પર પ્રકાશક સ્વભાવ ઇન્દ્રિયોને લીધે છે ?—કે ના. જ્ઞાન સ્વભાવ ઇન્દ્રિયોનો નથી, ઇન્દ્રિયને લીધે નથી. સ્વ ને પર બન્નેને જાણવાનો પોતાનો સ્વભાવ છે તે ચૂકીને અજ્ઞાની જીવ ઇન્દ્રિયો વડે જ્ઞાન થાય છે એમ માને છે, તે ભ્રમ છે.

## જ્ઞાયકસ્વભાવની પ્રતીતિરૂપ 'નોક' વગર જ્ઞાન સમ્યક્ થતું નથી.

બજારમાં કોઈપણ ગ્રાહક માલ લેવા જાય તો તેની પાસે માલ લેવા માટે નગદ નાણાં અથવા નોક હોવાં જોઈએ. નગદ નાણાથી માલ મળે ને નાણાં ન હોય તો નોકથી માલ મળે પણ એકેય ન હોય તો ભિખારીને માલ મળતો નથી. તેમ આ આત્મા ગ્રાહક છે તેને માલ લેવો છે એટલે કે ગ્રહવાનું—જાણવાનું કામ કરવું છે. જો તેની પાસે કેવળજ્ઞાનરૂપ નગદ નાણું હોય તો બધું પ્રત્યક્ષ જાણી લ્યે. તે ન હોય તો અલ્પજ્ઞ અવસ્થામાં અતીન્દ્રિય જ્ઞાન સ્વભાવની પ્રતીતિરૂપ નોક હોય તો તે જાણવાનું કામ યથાર્થ કરી શકે. પરંતુ જેની પાસે કેવળજ્ઞાનરૂપી નગદ નાણું નથી ને અખંડ જ્ઞાયકની પ્રતીતિરૂપ નોક નથી તે જીવને ભિખારીની જેમ જ્ઞેયનો માલ યથાર્થ રીતે જોવા મળતો નથી એટલે કે તેનું જાણપણું યથાર્થ થતું નથી.

(1) વળી અજ્ઞાની જીવ ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે એમ માને છે તે મિથ્યા છે. કારણ કે જડ ઇન્દ્રિયોનો આત્મામાં અત્યંત અભાવ છે તેથી ઇન્દ્રિયો આત્માને કિંચિત્ પણ મદદ કરી શકે નહિ.

(2) ઇન્દ્રિયોમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. જેનામાં જ્ઞાનસ્વભાવ જ નથી તે જ્ઞાન કેવી રીતે કરે? ન જ કરે.

માટે ગ્રાહક એટલે ગ્રહનારો—જાણનારો. જે રીતે છે તેમ તેને યથાર્થ જાણવો જોઈએ. આ જ્ઞેય અધિકાર છે. પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી એક પણ વસ્તુને આત્મા ઇન્દ્રિયોથી જાણતો નથી પણ પોતાના જ્ઞાનથી જાણે છે—એમ નક્કી કરે, તેનું જ્ઞાન સમ્યક્ થાય છે.

## અજ્ઞાની વર્તમાન પર્યાયનું જ્ઞાન સંયોગોથી કરે છે.

જ્ઞાયક સ્વભાવનું ભાન નહિ હોવાના કારણે અજ્ઞાની ભ્રાંતિ સેવે છે ને માને છે કે આ હાથથી લાકડું ઊપડ્યું, આંખથી પ્રત્યક્ષ દેખાયું, શબ્દથી જ્ઞાન થયું, દુકાને હું હતો તો રૂપિયા આવ્યા—એમ સંયોગથી જુએ છે. પોતાના જ્ઞાનની પર્યાય ઇન્દ્રિયોથી થાય છે, તેમ માનનાર જીવ પરપદાર્થોની પર્યાયને પણ સંયોગથી જુએ છે. તે આત્મા કહેવાતો નથી. અજ્ઞાની જીવ ભલે માને કે પોતાને જ્ઞાન ઇન્દ્રિયોથી થાય છે પરંતુ ખરેખર તો તેને પણ જ્ઞાન તો આત્માથી જ થાય છે પણ તેમ તે માનતો નથી. તેથી તેને ચૈતન્યનું અવલંબન નથી. આ પ્રમાણે જે જીવ સ્વની પર્યાયને સ્વતંત્ર માનતો નથી તેને પરપદાર્થોની પર્યાયો સ્વતંત્ર જોવાની તાકાત ખીલતી નથી.

અજ્ઞાની ઊંધી માન્યતા કરે તો પણ વસ્તુનો સ્વભાવ ફરી જતો નથી પણ તેની માન્યતામાં તે દોષ ઉત્પન્ન કરીને દુઃખી થાય છે.

## વર્તમાન પર્યાયનું યથાર્થ જ્ઞાન કર્યું ક્યારે કહેવાય ?

સ્વ તથા પરપદાર્થોની વર્તમાન અવસ્થાનું સાચું જ્ઞાન કર્યું ક્યારે કહેવાય ?—કે તે તે પદાર્થનો સ્વભાવ જાણે તો. જે જીવ પોતાનું જ્ઞાન પોતાના જ્ઞાતા સ્વભાવના આશ્રયે થાય છે પણ ઇન્દ્રિયો તથા પરપદાર્થોના અવલંબને થતું નથી એમ માને તે જીવ પરપદાર્થોની પર્યાયોને પણ તેના દ્રવ્યના આશ્રયે થયેલી માને છે. પણ બીજાના આશ્રયે થયેલી માનતો નથી. આ પ્રમાણે માનતાં નક્કી કરે કે મોટર ચાલવાના કાળે પોતાને કારણે ચાલે છે ને અટકવાના કાળે પોતાને કારણે અટકે છે. પેટ્રોલ સાથે મોટરને સંબંધ નથી. લાકડી તેના કારણે ઊંચી–નીચી થાય છે, જીવથી થતી નથી. છોકરાની ભણવાની પર્યાય છોકરાને લીધે છે. શિક્ષકને લીધે નથી. તે તે પર્યાયો તે તે દ્રવ્યોના આશ્રયે થાય છે. પર્યાય પર્યાયવાનની છે, બીજાને લીધે નથી. નિગોદથી માંડીને સર્વે જીવો પોતાના આત્માથી જાણે છે પણ ઇન્દ્રિયથી જાણતા નથી. એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય જીવોને આંખો નથી માટે જોઈ શકતા નથી ને ચતુરિન્દ્રિય ને પંચેન્દ્રિય જીવોને આંખો છે માટે જોઈ શકે છે, તે વાત મિથ્યા છે. જ્ઞાનનો ઉઘાડ પરના આશ્રયે નથી તેમ જ પરમાંથી આવતો નથી. તે જ્ઞાનની પર્યાય પર્યાયવાન દ્રવ્યમાંથી આવે છે. શું આત્મા કોઈ પણ વખતે પોતાના જાણવા–દેખવાના સ્વભાવ વિનાનો છે કે તે ઇન્દ્રિયો વડે જાણે ? કદી નહિ. નિગોદમાં પણ પોતાનો સ્વભાવ મોજૂદ છે, ત્યાં પણ પોતાથી જાણે છે. આમ પર્યાય પર્યાયવાનની છે એમ નક્કી કરે તો વર્તમાન પર્યાયનું જ્ઞાન સાચું કર્યું કહેવાય.

પ્રશ્ન :—અહીં આપ કહો છો કે ઇન્દ્રિય વગર જ્ઞાન થાય છે પણ શાસ્ત્રમાં લખાણ આવે છે કે ઇન્દ્રિય ને મનના અવલંબને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન થાય છે તે અપ્રમાણ થઈ જશે.

## વ્યવહારનય સંયોગોનું જ્ઞાન કરાવે છે.

સમાધાન :—ઇન્દ્રિયો ને મન વડે મતિજ્ઞાન થાય છે, તે વ્યવહારનું કથન છે. વ્યવહારથી મતિજ્ઞાનના અનેક ભેદ પડે છે પણ નિમિત્તની અપેક્ષા ન લ્યો તો એક જ ભેદ રહે છે. જીવ પોતાના આત્માથી જ્ઞાન કરે છે ત્યારે બીજી કઈ ચીજોની ઉપસ્થિતિ હોય છે તેનું વ્યવહારનય જ્ઞાન કરાવે છે. તે બધા ભેદો પોતાની પર્યાયની તે તે સમયની યોગ્યતાના કારણે પડે છે. ઇન્દ્રિયો વગેરે બાહ્ય સંયોગોને લીધે ભેદ નથી, પણ પોતાના કારણે ભેદ પડે છે ત્યારે નિમિત્ત ઉપર આરોપ આપવામાં આવે છે.

અહીં તો ભેદનો પણ નકાર કરે છે. નિમિત્તોના આશ્રયે જ્ઞાન થતું જ નથી. જ્ઞાયકના આશ્રયે જ્ઞાન ખીલે છે. ઇન્દ્રિયો તથા પરવસ્તુ આત્માને ત્રણ કાળમાં અડી જ નથી. માટે તેના વડે આત્મા જાણી ન શકે. પણ પોતાનો જ્ઞાનસ્વભાવ જે અસ્તિરૂપ છે તેના વડે જાણે છે. અજ્ઞાની પોતાની ભ્રમણાના કારણે સંયોગથી હું જાણું છું, એમ માને છે. તે માન્યતા સ્વભાવદ્રષ્ટિનું ખૂન કરે છે. તે બધી ચીજોને સંયોગથી જુએ છે. પોતાને પ્રત્યક્ષ જ્ઞાનથી જાણે છે એમ નક્કી કરે તો પરપદાર્થને તેના સ્વભાવથી જાણવાનું નક્કી કરી શકે.

અલ્પજ્ઞતા વખતે ઇન્દ્રિયો, મન વગેરે નિમિત્ત છે ને સર્વજ્ઞદશા વખતે ઇન્દ્રિયો, મન વગેરે નિમિત્ત નથી. પણ અલ્પજ્ઞદશામાં ઇન્દ્રિયો, મન નિમિત્ત છે માટે તેના વડે જાણે છે તે વાત ખોટી છે. કોઈપણ જીવ સ્પર્શેન્દ્રિયથી અડતો નથી, કાનથી સાંભળતો નથી અને મનથી વિચાર કરતો નથી પણ જાણવાનું કાર્ય આત્મા પોતાથી કરે છે. ઇન્દ્રિયો ને મન વડે જ્ઞાન થયું તે સંયોગ બતાવવા વ્યવહારનયથી કથન કરેલ છે. વ્યવહારનયનો આવો અર્થ સમજવો. ને સંયોગ વિના જ આત્મા જ્ઞાન કરે છે એમ નિશ્ચયનયનો અર્થ સમજવો. નયના અર્થો શાસ્ત્ર બોલતું નથી પણ આત્મા પોતાના જ્ઞાન દ્વારા જુદી જુદી અપેક્ષા સમજી લ્યે છે. માટે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અપ્રમાણ નથી પણ પ્રમાણજ્ઞાન છે. આમ યથાર્થ સમજવું જોઈએ.

## આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે.

આ પ્રમાણે આત્મા અલિંગગ્રહણ છે. અ= નહિ, લિંગ = ઇન્દ્રિયો, ને ગ્રહણ = જાણવું. એટલે કે આત્માને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી માટે અલિંગગ્રહણ છે. તેથી આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે એવા ભાવની પ્રાપ્તિ થાય છે. અતીન્દ્રિય જ્ઞાનમય એટલે ઇન્દ્રિય ને મન વગરનો છે એમ નક્કી થાય છે. ક્યારે ? કેવળજ્ઞાન થયા પછી ?–કે ના. કેવળજ્ઞાની તો અતીન્દ્રિય

જ્ઞાનમય જ છે. પણ છદ્મસ્થ જીવ છદ્મસ્થ દશામાં પણ ઇન્દ્રિયો વડે જાણતો નથી. આમ છતાં હું ઇન્દ્રિયોથી જાણું છું એમ અજ્ઞાની અજ્ઞાનને કારણે માને છે, તે સંસાર છે. માટે ઇન્દ્રિય ઉપરનું લક્ષ છોડી, જ્ઞાયક સ્વભાવનું લક્ષ કરે તેને ખરેખર અતીન્દ્રિય ભાવની પ્રાપ્તિ પોતામાં થાય છે.

## જે સ્વને જાણે છે તે જ દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ જાણે છે.

અહિં કોઈ પ્રશ્ન કરે કે આવું સ્વતંત્ર માનવાથી એકબીજાની કોઈ મદદ લેશે નહિ, શુષ્ક થઈ જશે ને દેવ-ગુરુ-શાસ્ત્રને માનશે નહિ તો ?

સમાધાન :—ભાઈ, એ બધી તારી ભ્રમણા છે. જે સાચું સમજે છે તે જ દેવ, ગુરુ, શાસ્ત્રને યથાર્થ સમજે છે. કારણ કે દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે તું તારા જ્ઞાયક સ્વભાવથી જાણે છે, ઇન્દ્રિયોથી કે દેવ-ગુરુ-શાસ્ત્રથી જાણતો નથી. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા જીવોની તાકાત સ્વ-પરને જાણવાની પોતાથી છે, એમ જે પોતાના જ્ઞાનસ્વભાવને યથાર્થ જાણે છે તે જ જીવ પરને યથાર્થ જાણે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરપદાર્થોની હયાતી છે માટે પર જણાય છે, એ વાત સાચી નથી. પણ <u>સ્વ આત્માને જાણતાં પરપદાર્થો સ્વમાં રહીને જણાઈ જાય છે એવી સાચી પ્રતીતિ ને જ્ઞાનમાં જ કેવળજ્ઞાનનો વિકાસ છે.</u> પર એવા દેવ, ગુરુ, શાસ્ત્રને સાચા માન્યા ક્યારે કહેવાય ? કે પર એવા દેવ–ગુરુ–શાસ્ત્રથી તથા ઇન્દ્રિયોથી હું જાણતો નથી, પણ પોતાને જાણતાં પર જણાઈ જાય છે એમ નક્કી કરે તો. ને તે જ જીવે દેવ-ગુરુ-શાસ્ત્રને યથાર્થ માન્યા ને જાણ્યા કહેવાય.

આ પ્રમાણે અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ થવાથી પરાવલંબીપણું છોડી સ્વાવલંબીપણું ઉત્પન્ન થાય છે ને તેમાંથી જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય પ્રગટે છે.

## (૨) આત્મા ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય નથી.

હવે, બીજા બોલમાં આત્મા ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય નથી, એમ કહે છે. આત્મા ઇન્દ્રિયોથી સ્વ તથા પરને જાણતો નથી પણ પોતાથી સ્વ-પર બન્નેને જાણે છે, એમ પહેલા બોલમાં કહેવાયું. હવે આ બોલમાં કહે છે કે પ્રમેય એવો આત્મા ઇન્દ્રિયોથી જણાય એવો નથી.

1. આત્મા જ્ઞાનમાં જણાય જ નહિ એવી કેટલાકની માન્યતા છે તે આથી ખોટી ઠરે છે. કારણ કે આત્મામાં પણ પ્રમેયત્વગુણ છે ને પ્રમેયત્વગુણ ન માને તો ગુણી એવા આત્માના નાશનો પ્રસંગ આવે માટે તે માન્યતા ખોટી છે. પ્રમેયત્વ ગુણના કારણે આત્મા જ્ઞાનમાં જણાય એવો તે **<u>પ્રમેય પદાર્થ છે.</u>**

2. આત્મા ઇન્દ્રિયોથી જણાય એવી કેટલાકની માન્યતા છે તે પણ આથી ખોટી ઠરે છે. કારણ કે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી જણાય એવો

છે પણ ઇન્દ્રિયોથી જણાય એવો નથી. જ્ઞાન સ્વભાવ આત્માનો છે, ઇન્દ્રિયોનો નથી.

## શાસ્ત્ર તથા વાણીથી ધર્મ થતો નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ભગવાનની વાણી અથવા શાસ્ત્ર ન સાંભળે તે આત્માને કેવી રીતે જાણી શકે ? કારણ કે દેશના લબ્ધિ મળ્યા વગર તો આત્માનું જ્ઞાન થતું નથી ને ધર્મ પમાતો નથી ને ?

સમાધાન :–ભાઈ, વાણી ને શાસ્ત્ર તો પર છે; જડ છે, તેનાથી જ્ઞાન થતું નથી તેમ જ કાન પણ જડ છે. ઇન્દ્રિયોથી જ્ઞાન થાય ને આત્મા જણાય એવો આત્માનો સ્વભાવ જ નથી. વાણી તથા ઇન્દ્રિય રહિત પોતાના અતીન્દ્રિય સ્વભાવથી આત્મા જણાય એવો છે. ને સ્વનું જ્ઞાન કરતાં પર એવાં શાસ્ત્ર ને વાણીનું જ્ઞાન પણ યથાર્થ ખ્યાલમાં આવે છે કે પૂર્વે શાસ્ત્ર તથા વાણી તરફ લક્ષ હતું. સ્વ–પર પ્રકાશક સ્વભાવ ખીલતાં પરનું યથાર્થ જ્ઞાન થાય છે. શાસ્ત્ર, શબ્દ, કાન, આંખમાં આત્મા નથી તો પછી શાસ્ત્ર તથા વાણી વડે આત્મા કેમ જણાય ? ન જ જણાય. પણ આત્મા પોતાના જ્ઞાયક સ્વભાવ વડે જ જણાય એવો છે. આ વાત લોકોએ સાંભળી જ નથી તેમ જ કાને પડી નથી તેથી મોંઘી લાગે છે.

## વાણીથી ધર્મ નથી તો વાણી સાંભળવાની શું જરૂર છે ?

પ્રશ્ન :–હમણાં આપ જ કહો છો કે કાન તથા વાણીથી જ્ઞાન થતું નથી. વળી કહો છો કે આ વાત કાને પડી નથી તો પછી આ વાત કાને પાડવાની ને સાંભળવાની શી જરૂર છે ? કારણ કે કાન તથા વાણીથી તો આત્માનું જ્ઞાન થતું નથી એમ તો આપ કહો છો.

સમાધાન :– ‘‘કાને પડી નથી’’ એમ જે કહ્યું તે તો નિમિત્તથી ને સંયોગથી વાત કરી છે. આવી વાત સાંભળવાને મળી નથી એટલે કે તે જીવની પોતાની એવી લાયકાત પણ થઈ નથી–એમ સમજવું. સમય સમયની સમજવાની પર્યાય તો સત્ છે. તે પર્યાય કાન તથા શબ્દને લીધે નથી. તેટલું સમજવાની લાયકાત તેનામાં થઈ નથી એટલે ‘વાત કાને પડી નથી’ એમ કહેવામાં આવેલ છે.

વળી આ વાત જેને કાને પડે ને પોતાના કારણે સમજે તો પણ <u>તે જ્ઞાન ખંડખંડવાળું છે. તેનાથી પણ અખંડ આત્માને લાભ નથી. કારણ કે અંશથી અંશીને લાભ થઈ શકે નહિ. ખંડખંડવાળી અપૂર્ણ જ્ઞાનની યોગ્યતા ઉપરનું લક્ષ ઉઠાવી અખંડ પરિપૂર્ણ ઉપર લક્ષ કરે તો આત્માને ધર્મ થાય છે. તો પછી જેને ખંડખંડ જ્ઞાનવાળી યોગ્યતા પણ પ્રાપ્ત કરી નથી, જેને નિમિત્તરૂપે અવિરોધ વાણી કાને પડી નથી એટલે કે વ્યવહારે દેશનાલબ્ધિનું નિમિત્ત પ્રાપ્ત થયું નથી તેને તો ધર્મ ક્યાંથી થાય ? એટલે કે તેવા જીવને</u>

<u>કોઈ કાળે ધર્મ થાય જ નહિ એમ કહેવાનો ભાવ છે. ત્યાં પણ તે જીવની યોગ્યતા બતાવવી છે.</u>

## આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી.

આ પ્રમાણે આત્મા અલિંગગ્રહણ છે. આત્મા ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી એટલે ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય નથી તેથી આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

અજ્ઞાની જીવ માને છે કે પર વિના, શબ્દ વિના, કાન વિના આત્મા જણાય નહિ પણ તેની તે માન્યતા મિથ્યા છે. તે માન્યતા જ આત્મસ્વભાવથી વિપરીત છે. પર વિના જ જણાય તેવો સ્વભાવ છે. આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી પણ જ્ઞાનપ્રત્યક્ષનો વિષય છે એવો તેમાંથી ભાવ નીકળે છે.

ઇન્દ્રિયોના આશ્રયે આત્મા જણાતો નથી પણ આત્માના આશ્રયે આત્મા જણાય છે એમ ખ્યાલ આવતાં ઇન્દ્રિયો ઉપરનું લક્ષ છૂટી જાય છે ને પોતાના જ્ઞાનસ્વભાવપ્રત્યક્ષનાં શ્રદ્ધા–જ્ઞાન થતાં ધર્મ થાય છે.

***

# પ્રસાદ નં. ૧૧૨

## જ્ઞાનસ્વભાવમાં જણાતો આત્મજ્ઞેયપદાર્થ કેવો છે ?

## (પ્રવચનસાર ગાથા : ૧૭૨)

(મહા વદ ૪, રવિવાર)

આત્મા જ્ઞેય છે ને તે જ્ઞાન વડે જણાવાયોગ્ય પદાર્થ છે. લિંગ વડે તે જણાય તેવો નથી.

### (૧) આત્મા ઇન્દ્રિયોથી જાણે તેવો તે જ્ઞેયપદાર્થ નથી.

**તેમાં પ્રથમ બોલ :** આત્માને ઇન્દ્રિયોથી જાણવું થતું નથી તેવો તે જ્ઞેયપદાર્થનો સ્વભાવ છે. આ જ્ઞેયતત્ત્વ અધિકારમાં અલિંગગ્રહણ કહેવાનું કારણ એ છે કે આત્મા જ્ઞાન દર્શન આદિ અનંતા ગુણો તથા પર્યાયોનો પિંડ છે. તે જ્ઞેય પદાર્થ ઇન્દ્રિયોથી કામ કરે તેવો તેનો સ્વભાવ નથી. ઇન્દ્રિયના અવલંબન વિના પોતાથી જ્ઞાન કરે તેવો તે જ્ઞેયનો સ્વભાવ છે. જેવાં જ્ઞેયો છે તેવો જ્ઞેયનો સ્વભાવ જાણે ને શ્રદ્ધા કરે તો ધર્મ થાય. વિરુદ્ધ જાણે તો ધર્મ ક્યાંથી થાય ? ન થાય. માટે આત્મા ઇન્દ્રિયો વડે જ્ઞાન કરે તેવો તે જ્ઞેયપદાર્થ નથી.

### (૨) આત્મા ઇન્દ્રિયોથી જણાય તેવો તે જ્ઞેયપદાર્થ નથી.

**બીજો બોલ :** આત્મા ઇન્દ્રિયો વડે જણાય એવો તે જ્ઞેયપદાર્થ નથી. અંતર્મુખ જોવાથી જણાય એવો છે. આ જ્ઞેય અધિકાર છે. બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શન અધિકાર છે. ઇન્દ્રિયોથી જણાય તે આત્મા નથી. સમ્યગ્દર્શનનો વિષય આત્મા છે માટે ઇન્દ્રિયો વડે સમ્યગ્દર્શન થતું નથી, એટલે કે ધર્મ થતો નથી.

આત્મા વસ્તુ જ્ઞેય છે, જ્ઞેય કહો કે પ્રમેય કહો–બન્ને એક જ છે. જે જગતની અંદર પ્રમેય છે તે કોઈને કોઈ જ્ઞાનનો વિષય જરૂર થાય કારણ કે તેમાં પ્રમેયત્વ નામનો ગુણ છે. આત્મા ઇન્દ્રિયો વડે જ્ઞાન કરે તેવો તેનો સ્વભાવ નથી. ઇન્દ્રિય દ્વારા જ્ઞાન કરે તો તે પ્રમાણ રહેતું નથી. ને પ્રમેયને જ્ઞાનમાં જણાવાયોગ્ય કહેલ છે પણ ઇન્દ્રિયોથી જણાવા યોગ્ય કહેલ નથી. છ દ્રવ્યો પોતાના પ્રમેયત્વ ગુણના કારણે કોઈને કોઈ જ્ઞાનનો વિષય થાય છે તેમ કહ્યું છે પણ ઇન્દ્રિયો વડે જણાય તેવું તેનું સ્વરૂપ નથી. આત્મવસ્તુ જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત શક્તિનો પિંડ છે. તે પ્રમેય ઇન્દ્રિયોનો વિષય થાય તેમ નથી. આત્મા પ્રમાતા ને પ્રમેય બન્ને છે. જગતના પદાર્થો પ્રમેય છે. ઇન્દ્રિયો પ્રમેય છે. તે પ્રમેયમાં પણ એવી તાકાત નથી કે તે

આત્માને જાણે ને આત્મા જે પ્રમેય છે તેનો સ્વભાવ એવો નથી કે તે ઇન્દ્રિયોથી જણાય.

પ્રશ્ન :–તો પછી ઇન્દ્રિયો જીવને કેમ મળી છે ? તથા તેને ઇન્દ્રિયવાળો કેમ કહ્યો છે ?

ઉત્તર :–કોઈ પદાર્થને કોઈ બીજો પદાર્થ મળતો નથી. કોઈ બીજા પદાર્થમાં જતું કે આવતું નથી. જગતના જ્ઞેય પદાર્થો પોતાના કારણે આવે ને જાય છે. પરમાણુની પર્યાય આત્માના એકક્ષેત્રે આવી તેને ઓળખાવવામાં આવી છે.

નિશ્ચયથી ઇન્દ્રિયો પરમાણુની પર્યાય છે. પણ તેની વર્તમાન પર્યાયમાં પુદ્‌ગલની બીજી પર્યાય કરતાં ફેર છે તેથી તેને ઇન્દ્રિય તરીકે ઓળખાવી છે. નિશ્ચયથી પુદ્‌ગલ પરમાણુમાં ફેર નથી. ઇન્દ્રિયજ્ઞાન જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારથી ઇન્દ્રિયોનો સંયોગ બતાવવા કહેવામાં આવ્યું છે. પણ તેનાથી જ્ઞાન થાય છે તેવો તેનો અર્થ નથી. પણ જીવના ઉઘાડની લાયકાત વખતે ઇન્દ્રિયો નિમિત્તરૂપે હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

## જ્ઞાનથી આત્મા જણાય એમ શ્રદ્ધા કબૂલે છે.

આત્મા પોતે પ્રમેય છે. પોતે ઇન્દ્રિયો વડે જણાય એવો પ્રમેય પદાર્થ નથી માટે તે ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી, પણ જ્ઞાનપ્રત્યક્ષનો વિષય છે. આ સમ્યગ્દર્શન અધિકાર છે. આત્મા શ્રદ્ધાનો એટલે સમ્યગ્દર્શનનો વિષય છે. તેથી શ્રદ્ધા કબૂલે છે કે ઇન્દ્રિયોથી જણાય એવો આત્મપદાર્થ નથી પણ જ્ઞાનપ્રત્યક્ષથી જણાય એવો આત્મપદાર્થ છે. આવી શ્રદ્ધાની કબૂલાત કરવી તે ધર્મ છે. આવી શ્રદ્ધા ને જ્ઞાન વિના વ્રત, તપ સાચાં હોઈ શકે નહિ.

## (3) આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનથી જણાય તેવો નથી.

**ત્રીજો બોલ :** ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે. જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ છે. તેમ બાહ્ય કોઈ ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા આત્માનું જાણવું થતું નથી, તેવો તે જ્ઞેય છે.

શરીરના હાલવા–ચાલવાથી, વાણીના બોલાવાથી તથા ગર્ભના વધવાથી–તે બધાં ચિહ્નથી આત્મા ઓળખી શકાય ખરો ? – કે ના. તે એંધાણથી આત્મા ઓળખી શકાતો નથી. જેમ તાવનું માપ થરમોમીટર દ્વારા જણાય છે તેમ બાહ્ય કોઈ ચિહ્નથી આત્મા ઓળખાતો નથી. અહીં ઇન્દ્રિયોના અનુમાનની આત્માના જાણપણા માટે જરૂર નથી, એમ કહેવામાં આવ્યું છે.

કોઈ કહે કે આત્મા આત્માના જ્ઞાન દ્વારા ઓળખાય ને પરપદાર્થો ઇન્દ્રિયો દ્વારા ઓળખાય તો તે સ્થૂલ અજ્ઞાન છે. કોઈ પણ પદાર્થ ઇન્દ્રિયથી

જણાતો નથી, જ્ઞાનથી જણાય છે. વળી, આત્મા નિશ્ચયથી આત્મા દ્વારા ઓળખાય ને વ્યવહારથી ઇન્દ્રિયો દ્વારા ઓળખાય એમ જે કહે છે તે પણ ભૂલ છે, તે મિથ્યા અનેકાન્ત છે. આત્મા આત્મા દ્વારા જ ઓળખાય ને બીજા કોઈ ચિહ્ન–ઇન્દ્રિયો કે ઇન્દ્રિયોના અનુમાન દ્વારા ન ઓળખાય તે જ સમ્યક્ અનેકાન્ત છે ને તે ધર્મ છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ એવો છે કે અ = નહિ, લિંગ = ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન, ગ્રહણ = જાણવું. એટલે આત્મા કોઈ ઇન્દ્રિયગમ્ય ચિહ્નથી જણાતો નથી. જેમ કે શરીર નાનામાંથી મોટું થાય તેવા બાહ્ય ચિહ્નથી આત્મા નક્કી થતો નથી માટે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી–એવો તેમાંથી અર્થ નીકળે છે. માટે આત્મા એવો જ્ઞેય પદાર્થ છે કે તે સીધો જ્ઞાનથી જણાય–તેમાં ઇન્દ્રિયના અનુમાનની જરૂર નથી.

## (૪) આત્મા કેવળ અનુમાનથી જ જણાય એવો તે જ્ઞેય પદાર્થ નથી.

બીજા આત્મા વડે માત્ર અનુમાન દ્વારા જણાય એવો જીવનો સ્વભાવ નથી. અહીં અલિંગગ્રહણનો અર્થ; અ = નહિ, લિંગ = અનુમાનજ્ઞાન અને ગ્રહણ = જાણવું. અર્થાત્ આત્મા માત્ર અનુમાનજ્ઞાનનો વિષય થાય તેવો તે જ્ઞેય નથી. અહીં 'માત્ર અનુમાન' કહ્યું છે. 'માત્ર' કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મા અંશે સ્વસંવેદનસહિત અનુમાનનો વિષય છે ખરો, પણ કેવળ અનુમાનનો વિષય નથી. જો આત્મા કેવળ અનુમાનનો જ વિષય હોય તો આત્મા કદી પણ પ્રત્યક્ષજ્ઞાનનો વિષય થઈ શકે નહિ. કેવળજ્ઞાનમાં તો તે સર્વથા પ્રત્યક્ષ જણાય છે અને નીચલી દશામાં–શ્રુતજ્ઞાનમાં પ્રતીતિમાં આવે છે. સાધકદશામાં પણ એકલા અનુમાનથી જણાવાયોગ્ય નથી. **સાધકદશામાં એકલા અનુમાન જ્ઞાનથી જણાતો હોય તો સ્વસંવેદન અંશે પ્રત્યક્ષ થઈ શકે નહિ ને સ્વસંવેદન જ્ઞાન સાધકદશામાં અંશે પ્રત્યક્ષ ન હોય તો તે વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ થઈ શકે નહિ.** માટે સાધકદશામાં પણ સ્વસંવેદન પ્રત્યક્ષપૂર્વક અનુમાનજ્ઞાનનો વિષય થાય છે. બીજાઓ કે જેને આ આત્મા જાણવો છે તેમને સ્વસંવેદન જ્ઞાન હોવું જ જોઈએ તો જ તે જીવો આ આત્માને જાણી શકે. બીજા જીવો **સ્વસંવેદન સહિત અનુમાનજ્ઞાન કરીને જ્ઞાન લંબાવે ને આ આત્માની ઓળખાણ કરે તો બરાબર છે પણ બીજા જીવો સ્વસંવેદન વિનાના માત્ર અનુમાનથી આ આત્માને ઓળખવા જાય તો તે વડે આ આત્મા જણાય એવો આ જ્ઞેયપદાર્થ નથી.**

## (5) આત્મા કેવળ અનુમાનથી જ જાણે એવો તે જ્ઞેયપદાર્થ નથી.

આ આત્મા એકલું અનુમાન કરી પોતાને તથા પરને જાણતો નથી. અલિંગગ્રહણનો અર્થ; અ = નહિ, લિંગ = અનુમાન જ્ઞાન, ગ્રહણ = જાણવું. આત્મા માત્ર અનુમાન જ્ઞાનથી પોતાને અથવા પરને જાણવા જાય એવો નથી. માટે સ્વ અને પર–બન્નેને જાણવા માટે પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન હોવું જોઈએ.

આત્મા પોતે કેવળ અનુમાન કરનારો હોય તો કદીપણ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરી શકે નહિ. અનુમાન જ્ઞાન છે ખરું પણ કેવળ અનુમાન માને તો તે યથાર્થ નથી. અનુમાન સાથે અંશે સ્વસંવેદન જ્ઞાન છે તે પ્રત્યક્ષ છે ને તે વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ એવું કેવળજ્ઞાન થાય છે. ત્યારે અનુમાનનો અભાવ થાય છે. તેથી અહીં કેવળ અનુમાનથી જાણતો નથી એમ કહ્યું છે.

## સ્વસંવેદનજ્ઞાન વિના પરપદાર્થોનું જ્ઞાન યથાર્થ નથી.

આત્મા પોતાને તો અનુમાનથી જાણતો નથી પણ અન્ય જીવોને, શરીરને તથા પરપદાર્થોને કેવળ અનુમાનથી જાણે તેવો પણ તેનો સ્વભાવ નથી. કેવળ અનુમાનજ્ઞાનથી પરપદાર્થોનું જ્ઞાન કરવું તે યથાર્થ જ્ઞાન નથી. આ રીતે આત્મા કેવળ અનુમાન કરનારો જ નથી એવા ભાવની પ્રાપ્તિ થાય છે. દેવ, ગુરુ, સ્ત્રી, કુટુંબકબીલો, તેમજ નિગોદથી લઈ સિદ્ધ સુધીના બધા જીવોને કેવળ અનુમાન કરી જાણી લેવાય તેવો તે જ્ઞેયોનો સ્વભાવ નથી. અંશે સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન હોવું જોઈએ. સ્વસંવેદન સહિત અનુમાન જ્ઞાન દ્વારા જાણે તે જ યથાર્થ જ્ઞાન કહેવાય. સ્વસંવેદન વગર એકલું અનુમાન તે સાચું અનુમાન પણ કહેવાતું નથી.

## ક્રિયાનું સ્વરૂપ.

કોઈ પ્રશ્ન કરે કે આ બધું જાણ્યા પછી તો અમારી માનેલી ક્રિયા કરવી ખરી ને ? સમજણપૂર્વક ક્રિયા કરીએ તો શું વાંધો ?

સમાધાન :-સમજણપૂર્વક ક્રિયામાં રાગ ને શરીરની ક્રિયા આવતી નથી. આત્માના ભાન વિના વિધિ કહેવી કોને ? જો તને સાચી સમજણ થઈ હશે તો આ પ્રશ્ન જ થશે નહિ કારણ કે સમજણ કહેતાં જ તેમાં જ્ઞાનની ક્રિયા આવે છે ને શરીર તથા રાગની ક્રિયાનો નિષેધ થાય છે.

પ્રશ્ન :–જ્ઞાનપૂર્વક ક્રિયામાં અમારી માનેલી ક્રિયાનું મિશ્રપણું કરીએ તો?

ઉત્તર :–ભાઈ, દૂધપાકમાં જરાક ઝેર પડતાં બધો દૂધપાક ઝેરરૂપ થઈ જાય છે ને ખાવામાં કામ આવતો નથી તેમ માત્ર પરલક્ષી જ્ઞાન કરી તેની સાથે શરીરની તથા રાગની ક્રિયા ભેળવવી તે એકાંત મિથ્યા છે.

જીવ શરીરની ક્રિયા કરી શકતો જ નથી ને અધૂરી દશામાં રાગ થાય છે, તે રાગ કરવાનો અભિપ્રાય પણ જ્ઞાનીને નથી. શરીર ને રાગનો જ્ઞાતા છે તેવું આત્માનું સ્વરૂપ છે, એમ સમજણ કરવી. તે સમજણપૂર્વકની ક્રિયા છે. સમજણપૂર્વકની ક્રિયા કહેતાં જ શરીરની તથા રાગની ક્રિયાનો નિષેધ થઈ જાય છે. આત્મા બહારના કોઈ લિંગથી જણાય એવો નથી, એવો તે એક જ્ઞેય પદાર્થ છે તેમ તેનું જ્ઞાન કરવું તે જ સાચી ક્રિયા છે.

અહીં તો એમ કહેવું છે કે અનુમાન જ્ઞાનમાત્રથી આત્મા જણાય એવો નથી. એ ઉપરથી નીચેના ન્યાયો નીકળે છે. :—

## પ્રત્યક્ષ—પરોક્ષજ્ઞાનના ન્યાયો.

૧. અનુમાન જ્ઞાનમાત્રથી આત્મા જણાય એવો હોય તો પ્રત્યક્ષ જ્ઞાન અને તેનો વિષય રહેશે નહિ પણ તેમ બની શકે નહિ.

૨. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ છે ને તેમાં આત્મા તથા સર્વ પદાર્થ સાક્ષાત્ જણાય છે. પણ તે વર્તમાન છદ્મસ્થને પૂર્ણ પ્રગટ નથી. જો તે વર્તમાનમાં પૂર્ણ પ્રગટ હોય તો સંપૂર્ણ આનંદ પ્રગટ હોવો જોઈએ.

૩. સાધકને સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાન હોય છે ને તેનું અનુમાન જ્ઞાન પ્રમાણ છે કારણ કે સ્વસંવેદન વગરનું એકલું અનુમાન જ્ઞાન પ્રમાણ હોઈ શકે નહિ માટે સાધકદશામાં અંશે પ્રત્યક્ષ ને પરોક્ષ બન્ને સાથે રહેલાં છે.

૪. સાધકદશામાં જો એકલું પરોક્ષ જ માનવામાં આવે તો પ્રત્યક્ષ કદી થાય નહિ પણ તેમ બને નહિ. માટે સ્વસંવેદન અંશ પ્રત્યક્ષ ત્યાં રહેલું છે જે વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન થાય છે.

૫. સાધકદશામાં અંશે પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન છે તે ક્રમે ક્રમે વધતાં પરોક્ષનો અભાવ થતો જાય છે ને પૂર્ણ પ્રત્યક્ષ થતાં પરોક્ષનો સર્વથા અભાવ થાય છે.

૬. અનુમાનજ્ઞાન એકલું હોઈ શકે જ નહિ કારણ કે અનુમાનજ્ઞાન એકલું હોય તો તે કાયમ રહે ને પ્રત્યક્ષ થવાનો પ્રસંગ જ બને નહિ.

૭. સંપૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન એકલું હોઈ શકે કારણ કે ત્યાં પરોક્ષનો સર્વથા અભાવ થયો છે.

સ્વસંવેદન વગરનું એકલું અનુમાન તે જ્ઞાન જ નથી. તેથી કેવળ અનુમાન જ્ઞાનમાત્રથી આત્મા જણાય એવો નથી તેમ જ કેવળ અનુમાનમાત્રથી આત્મા સ્વ કે પરને જાણતો નથી. આ પ્રમાણે આત્મા અનુમાતા માત્ર નથી.

એકલા અનુમાનથી જાણે તેવો જ્ઞાનનો સ્વભાવ નથી તેમ જ એકલા અનુમાનથી જણાય તેવો જ્ઞેયનો પણ સ્વભાવ નથી. આવી રીતે આત્મા કેવળ અનુમાનથી જ જાણે એવો તે જ્ઞેયપદાર્થ નથી. એમ સ્વજ્ઞેયનું યથાર્થ સ્વરૂપ જાણવું તે ધર્મનું કારણ છે.

મહામુનિઓ જંગલમાં વસતા હતા. એક ‘અલિંગગ્રહણ’માંથી વીસ બોલ કાઢ્યા છે. તેમાંથી શુદ્ધ આત્મા ઊભો થાય તેમ છે. ઘણી જ અદ્‌ભુત વાત કરી છે. લૌકિકમાં કોઈ તૈયાર કરીને લાડવા આપે તે પણ જેને ખાતાં ન આવડે તે મૂર્ખ છે તેમ અહીં અદ્‌ભુત રીતે આત્મા ઊભો થાય તેવો માલ હાજર કર્યો છે છતાં જે જીવ તેનો વિચાર કરી, શ્રદ્ધા કરી, સ્વરૂપાનંદનો ભોગવટો ન કરે તે મૂર્ખ છે.

***

# પ્રસાદ નં. ૧૧૪

## પ્રવચનસાર ગાથા ૧૭૨

(મહા વદ ૫, સોમવાર)

### (૧) આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એમ તું જાણ.

આ આત્મા શરીર આદિથી પર છે. તે શું છે ? શરીર વગેરે પરજ્ઞેય છે ને આત્મા સ્વજ્ઞેય છે. પોતાને પોતા વડે જાણતો આત્મા સ્વપણે જણાય છે ને પરપદાર્થો પરપણે જણાય છે. આત્મા બાહ્યલિંગથી જણાય એવો નથી એમ 'તું જાણ.' અહીં આચાર્ય ભગવાન આદેશ કરે છે. એ જ્ઞેય આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે અનંત અનંત શક્તિનો પિંડ છે ને અલિંગગ્રહણ છે એમ "તું જાણ." આત્માને ઇન્દ્રિયોથી જાણવું થતું નથી તેમ તું જાણ. બીજા આત્મા વડે આત્માને જ્ઞાન થતું નથી એમ તું જાણ. આત્મા અતીન્દ્રિય છે એટલે કે ઇન્દ્રિય તથા મનના અવલંબન વગરનો છે માટે ઇન્દ્રિયો વડે જાણતો નથી એમ તું જાણ.

શ્રીગુરુ શિષ્યને કહે છે કે "તું જાણ." તો તે ઉપરથી આત્મા જાણી શકાય છે એમ નક્કી થાય છે. જો શિષ્ય આત્માને જાણી શકે એમ ન હોત તો શ્રી ગુરુ "તું જાણ" એમ કહેત નહિ. "તું જાણ" કહેતાં જ શિષ્ય જાણી શકે એવો આત્મા છે એમ નક્કી થાય છે.

### આત્મા અભાવરૂપ ઇન્દ્રિયો વડે કેવી રીતે જાણે ?

આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તે ઇન્દ્રિયોથી જાણતો નથી એમ તું જાણ. આત્મામાં ઇન્દ્રિયોનો અભાવ છે. જે પદાર્થમાં જેનો અભાવ હોય તેનાથી તે કામ કરે એમ બની શકે નહિ. ભગવાન આત્મામાં ઇન્દ્રિયોનો અભાવ છે ને અભાવ વડે આત્માને જાણે તો સસલાનાં શિંગડા વડે કોઈને દુઃખ થાય તેના જેવું બને. સસલાનાં શિંગડા જગતમાં છે જ નહિ તો પછી તે સુખદુઃખનું કારણ કેમ હોઈ શકે ? ન જ હોય. તેમ આત્મામાં ઇન્દ્રિયોનો અભાવ છે તો પછી તે અભારૂપ ઇન્દ્રિયો વડે આત્મા જાણે એમ કેમ બને ? ન જ જાણે. માટે આત્મા અતીન્દ્રિય સ્વભાવવાળો છે એમ તું જાણ. આનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ છે.

### (૨) આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એમ તું જાણ.

આત્મા એવો છે કે તે ઇન્દ્રિયો વડે જણાતો નથી એમ તું જાણ. ઇન્દ્રિયો તેનામાં છે જ નહિ. જે વસ્તુ જેનામાં ન હોય તેનાથી તે જણાય એવું

કદી બને નહિ. આત્મામાં ઇન્દ્રિયો જ નથી, માટે તે ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી, તે તો પોતાથી જણાય તેવો છે એમ તું જાણ.

**(૩) આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એમ તું જાણ.**

શરીર હાલેચાલે છે, વાણી બોલાય છે માટે આત્મા છે એમ ઇન્દ્રિયના પ્રત્યક્ષપૂર્વક અનુમાન કરી શકાય એવો આત્મા નથી. આત્મામાં ઇન્દ્રિયો જ નથી, તેથી ઇન્દ્રિય અનુમાનથી આત્મા જાણી શકાતો નથી એવો આત્માને તું જાણ.

જેમ ધુમાડાથી અગ્નિનું અનુમાન થાય છે તેમ ઇન્દ્રિયગમ્ય કોઈપણ ચિહ્નથી આત્મા જણાતો નથી પણ સ્વસંવેદન જ્ઞાનથી જણાય એવો છે તેમ તું જાણ. **"તું જાણ"માંથી "શિષ્ય આત્માને જાણી શકે એવો છે" એવો અર્થ નક્કી થાય છે.** હીરાના વેપારીને હીરાની દુકાન શરૂ કરતી વખતે ખ્યાલમાં છે કે હીરાના ગ્રાહક દુનિયામાં છે. તે ગ્રાહકો મારે ત્યાં હીરા લેવા આવશે એમ તેને ખાતરી છે. પણ હું હીરાની દુકાન તો નાખું છું પણ કોઈ ગ્રાહક હીરા લેવા નહીં આવે તો? એવી શંકા તેને થતી નથી. તેમ અહીં આચાર્ય ભગવાને "તું જાણ" એમ કહ્યું છે, તો તેમને ખાતરી છે કે હું કહું છું તેવો આત્મા જાણનારા જીવો છે જ. પાછળના જીવો આવો આત્મા–હું કહું છું તેવો નહિ જાણે તો ? એવી તેમને શંકા જ નથી. આ વાત ઘણી ઝીણી છે ને આકરી છે માટે ન જણાય એવું કાંઈ છે જ નહિ પણ તું જાણી શકીશ જ એમ તું ભરોસો લાવ.

આત્મા સ્વતત્ત્વ છે. તે પરતત્ત્વ વડે જાણતો નથી, પરતત્ત્વ વડે જણાતો નથી તેમ જ પરતત્ત્વના અનુમાન દ્વારા પણ જણાતો નથી પણ સ્વતત્ત્વથી જ જાણે છે ને જણાય છે એવો તું જાણ.

## (૪) કેવળ અનુમાનથી જ જણાય તેવો આત્મા નથી એમ તું જાણ.

બીજા જીવો કેવળ અનુમાન કરે ને આત્મા જણાય–એવો આત્મા નથી. બીજાઓ કેવળ અનુમાનજ્ઞાનથી નક્કી કરે કે આ તો આત્મા આવો છે તો તે આત્માનું જ્ઞાન સાચું નથી. રાગ રહિત જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું તેના ભાન દ્વારા–સ્વસંવેદન જ્ઞાન દ્વારા આત્મા જણાય એવો છે.

## પંચપરમેષ્ઠી ભગવાન એકલા અનુમાનથી જણાય તેવા નથી.

બીજા જીવો એકલું અનુમાન કરે ને કહે કે આ વીતરાગદેવ છે ને આ નિર્ગ્રંથ ગુરુ છે તો તેવી રીતે પારખવું બની શકે નહિ એમ તું જાણ. સર્વજ્ઞ, દેવાધિદેવ, અર્હંત તથા સિદ્ધ અને આચાર્ય, ઉપાધ્યાય, મુનિ વગેરેના

આત્માને જાણવા હોય તો એકલા અનુમાન વડે જાણી શકાય એવા તે આત્મા જ નથી.

હીરાની દુકાને બે પૈસા લઈને જાય તો હીરામાણેક મળે નહિ. વળી કોઈ ભિખારી ભીખ માંગે તો તેને લાડવાનો ભૂકો મળે પણ મિઠાઈનું આખું ચોસલું મળે નહિ. આખું ચોસલું માગવાની તેનામાં હિંમત પણ હોતી નથી તેમ જ ઘરની રિદ્ધિ સિદ્ધિ, હીરા વગેરે અમોને બતાવજો એવું કહેવાની હિંમત પણ તેનામાં હોતી નથી. તેવી રીતે કેવળ અનુમાનજ્ઞાન ભિખારી જેવું છે તે વડે હીરા સમાન પંચ પરમેષ્ઠીના આત્માઓ પારખી શકાય એમ નથી. જેમ ભિખારીમાં હીરા બતાવજો એમ કહેવાની હિંમત જ નથી તેમ અનુમાનજ્ઞાનમાં પંચપરમેષ્ઠીના આત્મા પારખે તેવી તાકાત જ નથી. પોતાનો આત્મા શુદ્ધ સ્વભાવી છે, તેનાં શ્રદ્ધા–જ્ઞાન તથા રાગરહિત અંશે સ્વસંવેદન જે જીવમાં નથી તે જીવ એકલા અનુમાનજ્ઞાનથી તે પંચપરમેષ્ઠીના આત્માઓ જાણી શકે નહિ. **સ્વસંવેદન જ્ઞાન વિનાના મિથ્યાદ્રષ્ટિઓ ભલે શાસ્ત્રના ઘણા ઘણા જાણકાર હોય ને તે જ્ઞાનથી એકલું અનુમાન કરે કે અર્હંત આવા હોવા જોઈએ ને મુનિ આવા હોવા જોઈએ તો તેમનું તે બધું અનુમાનજ્ઞાન જ્ઞાન જ નથી. તેનાથી પંચ પરમેષ્ઠી ઓળખાય તેવા તે આત્મા નથી એમ તું જાણ.**

## પંચ પરમેષ્ઠી ભગવાન સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવા છે.

એકલા અનુમાનથી પંચ પરમેષ્ઠી જણાય એવા નથી તો ક્યા જ્ઞાનથી જણાય એવા તે આત્મા છે ? તો કહે છે કે ભાઈ, તારે પંચપરમેષ્ઠીના આત્માને જાણવા હોય તો પ્રથમ તો તારામાં સ્વસંવેદનજ્ઞાન પ્રગટ કર તો તે જ્ઞાનથી તેઓ જણાય એવા છે. આત્મા શરીર તથા ઇન્દ્રિય વિનાનો છે, રાગરહિત છે, પરપદાર્થો તથા મનના અવલંબન વિનાનો છે, તેવા પોતાના આત્માની શ્રદ્ધા ને જ્ઞાન કર.

1. તેવા સ્વસંવેદન સહિતના જ્ઞાનને લંબાવીને અનુમાન કર કે મારું જ્ઞાન અંશે પ્રત્યક્ષ ઊઘડ્યું છે તો અંશ પ્રત્યક્ષ વધીને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણી શકે એવું સંપર્ણ પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકશે. એવી ખાતરી તને થઈ તો તે ઉપરથી અનુમાન કર કે એવા સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાનને પામેલા અર્હંત ને સિદ્ધ હોવા જોઈએ. ને તેમની સર્વજ્ઞદશા સંપૂર્ણ રાગરહિત અને મનના અવલંબન રહિત હોવી જોઈએ. વળી તે સર્વજ્ઞદશા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવારૂપ હોવી જોઈએ.

2. વળી જેમ અંશે સ્વસંવેદન જ્ઞાન મને થયું છે તેમ આત્મા રાગરહિત શુદ્ધ, નિરાલંબી તત્ત્વ છે તેનો આશ્રય કરીને પોતામાં પણ

સ્વસંવેદનજ્ઞાન અંશે પ્રગટ કરનારા બીજા સાધક જીવો પણ મારી માફક હોવા જોઈએ. જે અંશે સાધી રહ્યા છે ને પછી પૂરિપૂર્ણ દશા પ્રગટ કરવાના તે, સાધક જીવો આચાર્ય, ઉપાધ્યાય ને મુનિ છે.

આવી રીતે **આત્માના સ્વસંવેદન જ્ઞાનને લંબાવીને નિર્ણય કરે કે પંચપરમેષ્ઠીમાં પૂરા સર્વજ્ઞ કેવા હોય ને અધૂરા જ્ઞાની કેવા હોય તો તેનો સાચો છે ને તે જ્ઞાનમાં પંચપરમેષ્ઠી જણાય એમ છે.** મિથ્યાદ્રષ્ટિના સ્વસંવેદન વિનાના એકલા અનુમાનજ્ઞાનમાં તે પંચપરમેષ્ઠીના આત્મા જણાય એમ નથી. તેથી એકલા અનુમાનજ્ઞાનને લિંગમાં નાખી તે લિંગથી બીજા આત્માઓ ગ્રહણ થઈ શકે એવા નથી (જણાય એવા નથી) એવો અલિંગગ્રહણનો અર્થ, હે શિષ્ય ! તું જાણ.

## સ્વસંવેદન વગરનું માત્ર અનુમાન તે પ્રમાણજ્ઞાન નથી પણ મિથ્યાજ્ઞાન છે.

1. એક પદાર્થની અંદર વર્તમાન પર્યાયમાં પોતાની યોગ્યતાના કારણે કાર્ય થાય છે ત્યારે બીજી સંયોગી ચીજને નિમિત્ત કહેવાય છે. ઉપાદાનમાં કાર્ય ન થાય તો બીજી ચીજને નિમિત્ત કહેવાતું નથી. એટલે કે **ઉપાદાનમાં કાર્ય થયા વગર બીજી સંયોગી ચીજમાં નિમિત્તપણાનો આરોપ જ આવતો નથી.**

2. જીવ પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિશ્ચયપર્યાય પ્રગટ કરે તો દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યેના શુભરાગના વ્યવહારનો આરોપ આપવામાં આવે છે. પોતામાં નિશ્ચય નિર્મળ પર્યાય પ્રગટ ન કરે તો પૂર્વના રાગને વ્યવહાર નામ પણ આપી શકાતું નથી. એટલે કે **નિશ્ચય વગર એકલો વ્યવહાર હોતો જ નથી.**

તે ન્યાયે

**3. જીવ પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરે તો તે સ્વસંવેદન સહિતના અનુમાનજ્ઞાનને અનુમાનજ્ઞાન પ્રમાણ કહેવામાં આવે છે. પોતામાં સ્વસંવેદન જ્ઞાન પ્રગટ ન કરે તો એકલું અનુમાન તે પ્રમાણજ્ઞાન કહેવાતું નથી પણ તે મિથ્યાજ્ઞાન છે.**

## ભાવ નમસ્કારનું સ્વરૂપ ને તેનું ફળ.

પંચ પરમેષ્ઠીના આત્મા તારા એકલા અનુમાન જ્ઞાનથી જણાય એવા નથી એમ તું જાણ. તારે પંચ પરમેષ્ઠીને જાણવા હોય ને તેમને ભાવ નમસ્કાર કરવા હોય તો જેવી રીતે મુનિઓ સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક સ્થિરતામાં આગળ વધી રહ્યા છે ને અર્હંત, સિદ્ધ પૂર્ણ પરમાત્મા થઈ ગયા

છે તેવી રીતે તારામાં શ્રદ્ધા–જ્ઞાન કરી સ્વસંવેદન પ્રગટ કર. તો તે જ્ઞાનપૂર્વક અનુમાન કરી શકીશ કે સર્વજ્ઞ ભગવાન સંપૂર્ણદશાને પામ્યા છે. **પુણ્ય, વ્યવહાર ને વિકલ્પની એકતા વિનાનું ને જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવ સાથેની એકતાવાળું જ્ઞાન તે જ્ઞાન જ યથાર્થ છે એમ તું જાણ.** આવું સ્વસંવેદનજ્ઞાન થયા પછી યથાર્થ અનુમાન થાય છે કે સર્વજ્ઞ પૂર્ણપદને પામી ગયા. સાધકો અંશે સાધી રહ્યા છે ને આગળ વધીને પૂર્ણ પદ લેશે. આમ પંચ પરમેષ્ઠી કે જે પર આત્માઓ છે તેનો આવો પ્રમેય ધર્મ છે એમ તું જાણ.

પંચ પરમેષ્ઠીનો પ્રમેય ધર્મ આવો છે એમ જે જીવ જાણે છે તેણે પંચ પરમેષ્ઠીને યથાર્થ ઓળખ્યા છે ને તેણે જ સાચા ભાવ નમસ્કાર કર્યા કહેવાય છે.

કોઈ કહે કે આટલો બધો વિસ્તાર જાણવા જતાં અમારી માનેલી બધી ક્રિયા ઊડી જાય છે.

સમાધાન :–ભાઈ, તારે શાંતિ ને સુખ જોઈએ છે ને ? ધર્મ કરવો છે ને ? ધર્મ કહો, શાંતિ કહો, સુખ કહો એ બધું એક જ છે. તે શાંતિ સત્ય વસ્તુના શરણે મળે છે પણ અસત્યવસ્તુના શરણે મળતી નથી. માટે વસ્તુ જેમ છે તેમ સત્ય જાણ ને સ્વસંવેદનજ્ઞાન દ્વારા તારા શુદ્ધ આત્માનો અનુભવ કર, તે જ શાંતિનું કારણ છે ને તે જ વધીને પરિપૂર્ણ કેવળજ્ઞાન થતાં સંપૂર્ણ સુખ ને શાંતિ પ્રગટ થશે. આ જ ધાર્મિક ક્રિયા છે.

## (૫) આત્મા કેવળ અનુમાન કરનારો જ નથી એમ તું જાણ.

ચોથા બોલમાં એમ કહ્યું હતું કે બીજાઓ તારા આત્માને અથવા પંચ પરમેષ્ઠીના આત્માને કેવળ અનુમાન વડે જાણવા જાય તો તે જણાય એવા નથી. હવે અહીં પાંચમાં બોલમાં કહે છે કે તું પોતે કેવો છે ? તું કેવળ અનુમાન કરનારો જ નથી. આત્મા એકલો અનુમાન કરનારો હોય તો અનુમાન રહિત પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ કરવાનો અવસર રહેતો નથી. જેવી રીતે પુણ્ય-પાપના ભાવને જ માત્ર કરનારો ને તેને જ સર્વસ્વ માનવાવાળો આત્મા કહેવાતો નથી તેમ એકલું અનુમાનજ્ઞાન કરનારને આત્મા જ કહેતા નથી. તે ઉપરથી ન્યાયો :–

૧. આત્મા સદાય એકલું અનુમાન કરનારો હોય તો અનુમાનનો અભાવ કરી સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટાવવાનો અવસર કદી રહેતો નથી ને સર્વજ્ઞદશા રહેતી નથી. પણ તેમ બની શકે નહિ માટે આત્મા કેવળ અનુમાન કરનારો નથી.

૨. વળી આત્માની વર્તમાન પર્યાયમાં પ્રગટ એકલું પ્રત્યક્ષ જ્ઞાન હોય તો વર્તમાનમાં જે જ્ઞાનની હીનતા છદ્મસ્થને દેખાય છે તે હોવી ન જોઈએ પણ જ્ઞાનની હીનતા વર્તમાનમાં દેખાય છે માટે એકલું પ્રત્યક્ષ જ્ઞાન છદ્મસ્થને વર્તમાન પર્યાયમાં નથી એમ નક્કી થાય છે. માટે એવી કોઈ દશા હોવી જોઈએ કે જેમાં અંશે પ્રત્યક્ષ ને અંશે પરોક્ષ જ્ઞાન હોઈ શકે ને તે સાધકદશા છે.

૩. વળી સાધકદશામાં અંશે પ્રત્યક્ષ ને અંશે પરોક્ષ જ્ઞાન ન હોય તો અંશપ્રત્યક્ષજ્ઞાન વધીને સંપૂર્ણ પ્રત્યક્ષ કદી થઈ શકે નહિ ને પરોક્ષનો અભાવ થઈ શકે નહિ માટે સાધકદશામાં અંશે પ્રત્યક્ષ જ્ઞાન છે, એમ નક્કી થાય છે.

૪. જેવી રીતે સાધકદશામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાય અંશે ઊઘડેલી છે તે વખતે દેવ-ગુરુ-શાસ્ત્રાદિ તરફનો રાગરૂપી વ્યવહાર જોડે હોય છે.

## <u>તે ન્યાયે</u>

સાધકદશામાં પોતાના સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન સહિત સ્વસંવેદન અંશે પ્રત્યક્ષ જ્ઞાન-પર્યાયમાં પ્રગટ હોય છે ત્યારે અનુમાનજ્ઞાન પણ અંશે પરોક્ષ તે જ પર્યાયમાં સાથે રહેલું છે.

૫. વળી જેવી રીતે વિશેષ પુરુષાર્થ થતાં દર્શન–જ્ઞાન–ચારિત્રની સંપૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ છે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના શુભરાગરૂપી વ્યવહારનો સર્વથા અભાવ થાય છે ને નિશ્ચય એકલો રહે છે.

<u>તે ન્યાયે</u>

સાધકદશામાં જ્ઞાનસ્વભાવી આત્મામાં સંપૂર્ણ એકાગ્રતા થતાં સંપૂર્ણ પ્રત્યક્ષકેવળજ્ઞાન પ્રગટે છે તે વખતે પરોક્ષજ્ઞાનનો સર્વથા અભાવ થાય છે, ને સકલ પ્રત્યક્ષકેવળજ્ઞાન એકલું રહે છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ, અ = નહિ, લિંગ = કેવળ અનુમાન માત્ર, ગ્રહણ = જાણવું. તું કેવળ અનુમાતામાત્ર નથી. ઉપર કહ્યું તેમ અનુમાનમાત્ર હોય તો કદી કેવળજ્ઞાન થાય નહિ માટે સાધકદશામાં સ્વસંવેદન સહિતનું અનુમાન છે. તારું જ્ઞાન સ્વ કે પરને જાણવામાં સ્વસંવેદન સહિત કામ ન કરે તો તારું જાણવું યથાર્થ થતું નથી. વળી તારો આત્મા જ્ઞાતા ઉપરાંત જ્ઞેય પણ છે. તે એકલો અનુમાન કરનારો નથી પણ સ્વ તથા પર એવા સમસ્ત જગતના જડ તથા ચેતન બધાંને સ્વસંવેદન જ્ઞાનપૂર્વક જાણે એવો તે જ્ઞેય આત્માનો સ્વભાવ છે એમ તું જાણ.

## “તું જાણ”નું રહસ્ય.

શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને તેમની ગાથામાં “जाण” એમ કહ્યું. પાછળથી શ્રી અમૃતચંદ્રાચાર્યે આટલો બધો વિસ્તાર કરી ‘અલિંગગ્રહણ’ના વીસ બોલથી જુદા જુદા ભાવ સમજાવી આત્માને આવો જાણ એમ કહ્યું. તે મુનિઓ પાંચમાં આરાના છે. પાંચમો આરો કઠણ છે માટે આ શબ્દો ચોથા આરાના જીવો માટે હશે ?–કે ના. આ પાઠ તથા ટીકા પાંચમાં આરાના જીવો નહિ સમજી શકે એમ જો હોત તો “તું જાણ” એમ આદેશ કેમ કરત ? ભાઈ, પાંચમાં આરાના જીવો માટે જ આ ટીકા કરી છે ને જીવો સમજી શકશે જ એવી તેમને ખાતરી છે. સહજ યોગ બની ગયો છે. જ્ઞાની પુરુષો “તું જાણ” કહે ને આદેશ આપે ત્યારે તેમના રહસ્યને જાણનાર ન હોય એમ બની શકે જ નહિ. સમજાવનાર ને સમજનાર બન્નેને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. આચાર્યે “તું જાણ” એમ કહ્યું છે માટે હું મારા આત્માને જાણી શકીશ, એમાં કોઈ કાળ નડશે નહિ–એમ વિચારી આત્માનું સ્વરૂપ યથાર્થ સમજવા પુરુષાર્થ કરવો જોઈએ.

જેમ પુણ્ય-પાપથી લાભ થાય છે તેમ માનનાર જીવ આત્માને જાણતો નથી તેમ ઇન્દ્રિયોથી જ્ઞાન થાય ને અનુમાતામાત્ર આત્મા છે તેમ માનનાર જીવ પણ આત્માને જાણતો નથી. જીવનું સ્વરૂપ યથાર્થ જાણે તો ધર્મ થાય.

આ પાંચ બોલ થયાં. તેમાં નાસ્તિથી વાત કરી છે. હવે છઠ્ઠા બોલમાં અસ્તિથી વાત કરે છે.

## (૬) આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એમ તું જાણ.

આ આત્મા કોઈ બાહ્ય ચિહ્ન તથા અનુમાન વગેરે જે પાંચ લિંગ ઉપર કહ્યા તે લિંગ દ્વારા જણાય તેવો નથી પણ સ્વભાવ વડે જણાય એવો છે. આત્મા સ્વભાવ વડે હણાય એવો છે એમ કહેતાં જ તે પરોક્ષ અનુમાનમાત્રથી જણાય એવો નથી. તેમ જ ઇન્દ્રિયોને મનના અવલંબનથી જણાય એવો નથી—એમ નાસ્તિથી આવી જાય છે. અહીં તો અસ્તિથી આ બોલ કહ્યો છે.

## પરોક્ષતા હોવા છતાં આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એમ કેમ કહ્યું ?

અહીં તો સાધકદશાની વાત છે. કેવળીને સમજવાનું બાકી હોતું નથી કારણ કે તેઓ તો સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાતા થઈ ગયા છે ત્યારે અહીં આ બોલમાં પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા ભાવની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે. તેનો શું અર્થ છે? પ્રત્યક્ષ જ્ઞાતા તો કેવળી હોય છે છતાં અહીં પ્રત્યક્ષ જ્ઞાતા કહેલ છે

કારણ કે સાધક જીવ પોતાના આત્માને પ્રત્યક્ષ જ્ઞાતા માને છે. સાધકને પરોક્ષતા અંશે છે તેની અહીં ગૌણતા છે, મુખ્યતા પ્રત્યક્ષની છે. રાગરહિત તથા મનના અવલંબન રહિત પ્રત્યક્ષ જ્ઞાતા પોતાના આત્માને જે માને નહિ તેને ધર્મ કદી થાય નહિ.

અહીં કહ્યું કે આત્મા ઇન્દ્રિયોથી સ્વ-પરને જાણતો નથી, આત્મા ઇન્દ્રિયો વડે જણાતો નથી. આત્મા ઇન્દ્રિયગમ્ય ચિહ્નથી જણાતો નથી. આત્મા કેવળ અનુમાન જ્ઞાનથી જાણતો નથી ને આત્મા અનુમાન જ્ઞાનથી સ્વ-પરને જાણતો નથી. આ પાંચ લિંગ દ્વારા આત્મા જણાતો નથી તેથી આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા ભાવની પ્રાપ્તિ થાય છે.

## આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે તેવા શ્રદ્ધા-જ્ઞાનનું ફળ કેવળજ્ઞાન.

જેમ કોઈ જીવ રાગને પોતાનું સ્વરૂપ માને તો તે કદી રાગરહિત થઈ શકે નહિ. પણ રાગ હોવા છતાં તે જ વખતે પોતાનું ત્રિકાળી સ્વરૂપ રાગરહિત છે એમ જો શ્રદ્ધા-જ્ઞાન કરે તો અંશે વીતરાગતા પ્રગટ થાય ને પછી સ્થિરતા વધતાં પરિપૂર્ણ વીતરાગદશા પ્રગટ થાય..

## તે ન્યાયે

પરોક્ષજ્ઞાન આત્માનો કાયમનો સ્વભાવ હોય તો કદી પરોક્ષ રહિત થઈ શકે નહિ. કારણ કે જે ચીજ પોતાની કાયમની હોય તે તેનાથી કદી જુદી પડી શકે નહિ, પણ પરોક્ષ જ્ઞાનનો અભાવ કરી સંપૂર્ણ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરીને સર્વજ્ઞ જીવો થઈ ગયા છે માટે પરોક્ષ જ્ઞાન તે આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી, એમ નક્કી થાય છે. માટે ઉપર કહ્યા તે પાંચ લિંગથી આત્મા જણાય એવો નથી. તો આત્મા કેવો છે ? **આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. વર્તમાનમાં પરોક્ષ જ્ઞાન હોવા છતાં પ્રત્યક્ષ જ્ઞાતા મારો સ્વભાવ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરે તો પોતામાં અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થાય ને વિશેષ વધીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે.**

## ક્રિયાનું સ્વરૂપ

પ્રશ્ન :-આટલું સમજ્યા પછી પૌષધ, પ્રતિક્રમણ વગેરેની ક્રિયા કરવી તો ખરીને ?

ઉત્તર :-ભાઈ, શરીરની ક્રિયા તો આત્મા કદી કરી શકતો નથી. ભક્તિ વગેરેનો શુભભાવ તે પુણ્ય આસ્રવ છે. તે વિકારી ક્રિયા છે, વિભાવભાવ છે. જે સ્વભાવથી વિરુદ્ધભાવ છે તે સ્વભાવને કેવી રીતે મદદ કરે ? ન જ કરે. અશુભથી બચવા માટે શુભભાવ આવે તે જુદી વાત છે પણ તેનાથી ધર્મ માનવો અથવા ધર્મમાં મદદગાર થશે તેમ માનવું મિથ્યા છે. આત્મા

પ્રત્યક્ષ જ્ઞાતાદ્રષ્ટા છે એવાં પ્રથમ શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે પ્રથમ ધાર્મિક ક્રિયા છે ને પછી તેમાં એકાગ્રતા કરી પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ કરવું તે મોક્ષની ક્રિયા છે.

## સાચી શ્રદ્ધાના ફળરૂપી કેવળજ્ઞાન એકલું રહે છે.

અહીં તો પ્રત્યક્ષ જ્ઞાતા સ્વભાવની શ્રદ્ધા કરવાની વાત છે. વળી જેમ સાધકદશા પૂરી થતાં એકલો નિશ્ચય રહે છે ને વ્યવહારનો એટલે રાગનો અભાવ થાય છે પણ એકલો વ્યવહાર રહે તેમ કદી બનતું નથી. તેવી રીતે એકલું અનુમાનજ્ઞાન રહે એમ બને નહિ પણ આત્મા પ્રત્યક્ષજ્ઞાતા છે તેમાં સંપૂર્ણ એકાગ્ર થતાં સર્વ પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થાય છે ને તે એકલું સર્વદા રહે તેમ બની શકે ને પરોક્ષ જ્ઞાન તો સર્વથા અભાવ થઈ જાય છે. આ પ્રમાણે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. તે અર્થનો ભાવ પોતામાં જે જીવ ઉતારે તે જીવ પર્યાયમાં પ્રત્યક્ષ જ્ઞાતા થઈ શકે છે.

પ્રશ્ન :–આવા ભાવની પ્રાપ્તિ કોને થાય ? ભગવાનને ?

ઉત્તર :-ભગવાનને તો પ્રાપ્તિ થઈ ચૂકી છે, તેમને કાંઈ કરવાનું રહેતું નથી અને જેને પ્રત્યક્ષ જ્ઞાન અંશે પણ નથી તે તો મિથ્યાદ્રષ્ટિ છે. તેને અહીં આત્મા ગણ્યો નથી. તેને તો ખબર પણ નથી કે મારામાં આવી ઋદ્ધિઓ ભરેલી છે. પણ સાધક જીવો વિચાર કરે છે કે મારો આત્મા રાગરહિત સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાતા છે. દેહ, મન, વાણી, દેવ–ગુરુ–શાસ્ત્ર તથા શુભરાગ વગેરે કોઈની પણ અપેક્ષા રાખતો નથી. એકલા મારા આત્માની જ અપેક્ષા રાખે છે. તેના જ્ઞાન માટે કોઈ બહારના લિંગોની જરૂર નથી. એકલો પ્રત્યક્ષ જ્ઞાતાસ્વરૂપ છે. એમ શ્રદ્ધા–જ્ઞાન કરી ધર્મદશાને પામે છે. આવી રીતે ધર્મી જીવ ''અલિંગગ્રહણ'' શબ્દ તે વાચક તેમાંથી વાચ્ય તે ભાવ આવા પ્રકારનો કાઢે છે.

આચાર્ય ભગવાન પણ શિષ્યને એ જ ભાવ કહે છે કે હે શિષ્ય ! તારો આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવું તારું સ્વજ્ઞેય છે એમ તું જાણ.

## (૭) ઉપયોગને જ્ઞેય પદાર્થોનું અવલંબન નથી એમ તું જાણ.

પહેલાં પાંચ બોલમાં દ્રવ્યની (આત્માની) નાસ્તિથી વાત કરી હતી. આત્મા કોઈ બાહ્ય ચિહ્નથી જણાય એવો નથી, એમ નાસ્તિથી દ્રવ્યની વાત કરેલ. છઠ્ઠા બોલમાં દ્રવ્યની અસ્તિથી વાત કરેલ હતી. હવે સાતમાં બોલમાં આત્માના જ્ઞાનગુણની પર્યાય જે ઉપયોગ છે તેની વાત કરે છે.

અહીં લિંગ એટલે ઉપયોગ કહેલ છે. જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું અવલંબન નથી તે

અલિંગગ્રહણ છે. આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

કોઈ પ્રશ્ન કરે કે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે જ્ઞેયોનું અવલંબન નથી તો મંદિરો તથા પંચકલ્યાણક વગેરે શું કામ કરાવ્યા ?

## ધર્મી જીવ સ્વભાવનું અવલંબન લ્યે છે ને સ્વભાવનું બહુમાન કરે છે.

સમાધાન :–સાધક જીવને અશુભથી બચવા માટે શુભરાગ આવે છે ત્યારે કેવાં નિમિત્તો હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે પણ તેથી તેનું જ્ઞાન દેવ, ગુરુ કે મંદિરોને અવલંબે છે એવો એનો અર્થ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રથી જ્ઞાન થતું નથી કારણ કે તે તો પરજ્ઞેયો છે, એટલે ધર્મી જીવ તેને અવલંબતો જ નથી.

વળી તે દેવ, ગુરુ, શાસ્ત્રને નિશ્ચયથી વંદન કરતો જ નથી પણ પોતાના સ્વભાવને વંદન કરે છે. વિકલ્પ ઊઠે ત્યારે દેવ, ગુરુ તરફ લક્ષ જાય છે છતાં તે વખતે પણ પોતાના સ્વભાવનું બહુમાન ખસતું નથી.

અત્યારે સત્‌ની વાત દુર્લભ થઈ પડી છે. વાત સાચી બહાર આવે છે ત્યારે સમજવાવાળા ને વિરોધ કરનારા એમ બન્ને પ્રકારો હોય છે. અત્યારની શું વાત કરવી, પણ ઋષભદેવ ભગવાનની વાણી નીકળી તે પહેલાં જુગલીઆંની એક દેવગતિ જ થતી હતી, એવા જ પરિણામવાળા જીવો હતા, પણ જ્યાં ઋષભદેવ ભગવાનની વાણી નીકળી ને કાને પડી ત્યાં ચાર ગતિ શરૂ થઈ ગઈ. ૨૪ દંડકમાં તથા સિદ્ધગતિમાં જનારા થઈ ગયા. કોઈ સિદ્ધગતિમાં જનારા થયા. કોઈ સાધક થયા ને કોઈ નરક–નિગોદમાં જનારા પણ થયા. વાણીને લીધે તેમ થયું નથી. સૌ સૌની યોગ્યતા મુજબ થયા છે. ભગવાન વખતે આવું થાય તો અત્યારે આવું થાય, તેમાં નવાઈ નથી.

## ઉપયોગ પરનું આલંબન લેતો નથી.

અહીં ઉપયોગની વાત ચાલે છે. ઉપયોગ ચૈતન્યનું એંધાણ અથવા ચિહ્ન છે. ઉપયોગ આત્માને અવલંબે છે. આત્મદ્રવ્ય પણ જ્ઞેય છે, ગુણ પણ જ્ઞેય છે ને પર્યાય પણ જ્ઞેય છે. ઉપયોગ પણ જ્ઞેય છે. ઉપયોગનો સ્વભાવ જાણવા–દેખવાનો છે, તે પર જ્ઞેયોને અવલંબતો નથી. કારણ કે પર જ્ઞેયોમાં ઉપયોગ નથી. જે જેનામાં ન હોય તેનું અવલંબન તે કેવી રીતે લ્યે ? પર જ્ઞેયોમાં કોઈમાં જાણવા–દેખવાનો સ્વભાવ એટલે કે ઉપયોગ નથી માટે ઉપયોગ પરનું અવલંબન લ્યે તેવો ઉપયોગનો સ્વભાવ નથી. હવે અહીં કોઈ કહે કે અમો તો વ્રતધારી છીએ, પડિમાધારી છીએ,

ઉપદેશક છીએ એથી અમોને આ સાંભળવાની જરૂર લાગતી નથી કારણ કે અમોએ જે માન્યું છે તેમાં અમોને ભૂલ દેખાતી નથી.

## મારામાં ભૂલ નથી એમ માનનાર કદી પણ ભૂલ રહિત થતો નથી.

સમાધાન :–મારામાં હીણાપણું છે એમ જે જાણે તેને હીણાપણું ટાળી અધિક થવાનો પ્રસંગ રહે. પણ હીણપ જ નથી એમ કહે તો હીણપ ટાળવી રહેતી નથી. સંસારી જીવોને વીતરાગ ન થાય ત્યાંસુધી, ભૂલ હોય ખરી, ને ભૂલ પોતામાં છે એમ કબૂલે તો ભૂલ ટાળી શકે પણ મારામાં ભૂલ જ નથી, હું તો ભૂલ રહિત છું એમ બાહ્ય ક્રિયાકાંડના અભિમાનમાં માને તો ભૂલથી છૂટવાનો પ્રસંગ રહેતો નથી એટલે કે તેનો સંસાર ટળતો નથી. માટે જીવે પોતાની ભૂલ ક્યાં છે તે જાણી, તેની કબૂલાત કરી, તેને ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અહીં ઉપયોગનું લક્ષણ જાણવું–દેખવું તે છે ને તે લક્ષણ લક્ષ્યને એટલે કે આત્માને જણાવે છે, એમ કહ્યું છે.

કોઈ પ્રશ્ન કરે કે ઉપયોગ તો આત્મામાં પર તરફનો અનાદિનો છે પણ તે ક્યારે સુધરે ? શુભરાગના અવલંબને અથવા દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને સુધરે ખરો કે નહિ ?

## ઉપયોગની પર્યાય અકારણીય છે.

સમાધાન : શુભરાગના અવલંબને અથવા દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને ઉપયોગ સુધરે એમ માનવું તે ભ્રમ છે. ઉપયોગ તો એકલા આત્માનું અવલંબન લ્યે છે. જેમ આત્મદ્રવ્ય અકારણીય છે, તેના ગુણ અકારણીય છે, તેને કોઈ કારણ નથી તેમ પર્યાય પણ અકારણીય છે. ઉપયોગ તે જ્ઞાનગુણની પર્યાય છે, તેને માટે કોઈ કારણ નથી. તે ઉપયોગની પર્યાયને દેવ–ગુરુ–શાસ્ત્ર અથવા શુભરાગનું કારણ આપીએ તો તે સુધરી જાય એમ કદી બનતું નથી. ઉપયોગ અકારણીય છે માટે પોતાના શુદ્ધ આત્માનું અવલંબન લ્યે તો ઉપયોગ સુધરે છે.

## જ્ઞાન જ્ઞેયોથી સ્વતંત્ર છે.

આત્માને પરજ્ઞેયોનું અવલંબન તો નથી જ પણ તેની જ્ઞાનપર્યાય–ઉપયોગ તેને પણ જ્ઞેયોનું અવલંબન નથી. ઉપયોગનો સ્વભાવ જાણવા–દેખવાનો છે, તે જ્ઞેયોને લીધે જાણતો નથી. ઉપયોગનું આવું સ્વરૂપ છે એમ તે જ્ઞેયને તું જાણ. ઉપયોગ અકારણીય છે એમ જાણ. ઉપયોગમાં પર જ્ઞેયનો અભાવ છે તો તેનું આલંબન કેવી રીતે હોય ? ન જ હોય. પણ

વ્યવહારની બોલણીનું કથન આવે ત્યાં જીવો અજ્ઞાનના કારણે ભૂલ ખાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે જ્ઞાન જ્ઞેયોને આલંબે છે ને ?

સમાધાન :–જ્યારે જ્ઞાનની પર્યાય પ્રગટે છે ત્યારે જ્ઞેયો ત્યાં હોય છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પણ

૧. જગતમાં અનંતા જ્ઞેયો છે તેને અવલંબીને જ્ઞાન થાય છે એવું જ્ઞાન પરાધીન નથી.

૨. જીવ વર્તમાનમાં જ્ઞાન કરે છે માટે જ્ઞેયોને આવવું પડે છે એમ પણ નથી. બન્ને સ્વતંત્ર છે. વળી

૩. તે જ્ઞેયોનો આધાર ઉપયોગે લીધો હોય ને ઉપયોગ સુધરે એમ પણ નથી કારણ જ્ઞાન જ્ઞેયોનો આધાર કદી લેતું નથી તેમજ

૪. પરજ્ઞેયો જગતમાં અનંતા છે માટે ઉપયોગ પરને જાણવાનું કામ કરે છે એમ પણ નથી. કારણ ઉપયોગનો સ્વભાવ સ્વ–પર બન્નેને જાણવાનો છે, પર છે માટે નહિ.

ઉપયોગ સ્વતંત્ર પોતાના આત્માના આધારે કામ કરે છે.

## એકાંત પરલક્ષી જ્ઞાન તે જ્ઞાન જ નથી.

પરપદાર્થને જ માત્ર લક્ષમાં લઈ–પરના અવલંબને પ્રગટ થતું જ્ઞાન તે જ્ઞાન જ નથી. નિમિત્તોના અવલંબનવાળું, મનના અવલંબનવાળું, ઇન્દ્રિયોના અવલંબનવાળું, પંચ પરમેષ્ઠીના અવલંબનવાળું, શાસ્ત્રના અવલંબનવાળું એવા એકલા પરલક્ષી જ્ઞાનને જ કહ્યું નથી. તેને મિથ્યાજ્ઞાન કહ્યું છે. તેને અહીં ઉપયોગમાં લીધેલ નથી.

## સાધકદશામાં વ્યવહાર ને નિમિત્તનું સ્વરૂપ.

શુદ્ધ આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને જે જ્ઞાન સ્વ તરફ વળે છે તેને જ અહીં જ્ઞાન કહેલ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવોને પરિપૂર્ણ વીતરાગદશા ન થાય ત્યાંસુધી શુભરાગ આવે છે ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો વિકલ્પ ઊઠે છે. રાગની ભૂમિકા પર તરફ લક્ષ જાય છે. પણ દેવ, ગુરુ, શાસ્ત્ર છે માટે પર તરફ લક્ષ જાય છે એમ ધર્મી જીવ માનતા નથી. સાધકદશામાં નિશ્ચય સાથે વ્યવહાર હોય છે ખરો ને તે વખતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ હોય પણ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવાનું લક્ષ ન જ હોય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે માટે શુભરાગ થાય છે–એમ નથી પણ નિશ્ચયના ભાનસહિતના જીવોને રાગવાળી દશામાં થતા રાગનો તથા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે.

પ્રશ્ન :–સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો શુભરાગરૂપ વ્યવહાર પણ બંધનું કારણ છે ને કુદેવ વગેરેને માનવાનો અશુભરાગરૂપ વ્યવહાર પણ બંધનું કારણ છે તો બન્ને વ્યવહાર કાંઈ કામના રહેશે નહિ.

## શુભરાગ તથા સત્ દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

સમાધાન :–હા, બન્ને પ્રકારના રાગ નિરર્થક જ છે. બન્ને બંધનું કારણ છે. આત્માને એકે રાગથી ધર્મ થતો નથી. જેમ પાણી પાણીના આધારે છે છતાં પાણી ભરવા માટે ગોળો હોય છે પણ કપડામાં કોઈ પાણી ભરતું નથી એવો ત્યાં નિમિત્તનો મેળ છે. તેમ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો શુભરાગ ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તરફનો અશુભરાગ–બન્ને રાગ ચૈતન્યની જાત માટે નિરર્થક છે. બન્ને બંધનાં કારણ છે. છતાં સાધક જીવને શુભરાગ વખતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ નિમિત્તરૂપે હોય છે. **શુભરાગ થાય છે માટે સાચા દેવ-ગુરુને આવવું જ પડે છે–એમ નથી. ને સાચા દેવ-ગુરુ છે માટે શુભરાગ થયો છે–એમ પણ નથી છતાં શુભરાગમાં સાચા દેવ-ગુરુ જ નિમિત્ત હોય, બીજા હોય નહિ એવો મેળ છે.**

## જ્ઞાન ઉપયોગને શુભરાગનું અવલંબન નથી.

અહીં તો ખાસ એ કહેવાનું છે કે **વિકલ્પવાળી દશામાં રાગ હોવા છતાં ધર્મી જીવના જ્ઞાન ઉપયોગને રાગનું અવલંબન નથી. તે વખતે પણ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે તેને જ તેનો ઉપયોગ અવલંબી રહ્યો છે. રાગ પણ જ્ઞેય છે, ને જ્ઞેયનો જ્ઞાનમાં સદાકાળ અભાવ છે માટે ઉપયોગ રાગ વિનાનો છે.**

## “જ્ઞેયો જ્ઞેયોમાં છે, જ્ઞેયો જ્ઞાન ઉપયોગમાં નથી.”

પ્રશ્ન :–બધાં જ્ઞેયોને કાઢી નાખ્યાં ?

સમાધાન :–જ્ઞેયોને કાઢી નાખવાનો પ્રશ્ન જ રહેતો નથી કારણ કે જે વસ્તુ કોઈમાં ભળી ગઈ હોય–પ્રવેશી હોય તેને કાઢવાનો પ્રશ્ન રહે પણ જે વસ્તુ જેમાં ન હોય તેને કાઢી નાખવાનો પ્રસંગ જ રહેતો નથી. પંચપરમેષ્ઠી વગેરે પરજ્ઞેયો તેનામાં છે તેનો જ્ઞાન ઉપયોગમાં અભાવ છે. શુભરાગ પણ જ્ઞેય છે, તે શુભરાગનો જ્ઞાન ઉપયોગમાં અભાવ છે. ઉપયોગ સ્વ આત્માનો છે, તેને આત્મામાં રાખ્યો છે એમ કહી શકાય.

એટલે આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ એ થયો કે અ = નહિ, લિંગ = ઉપયોગ, ગ્રહણ = જ્ઞેય પદાર્થોનું આલંબન. ઉપયોગને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી એવો ‘અલિંગગ્રહણ’નો અર્થ અહીં થાય છે.

જે ઉપયોગને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી પણ સ્વનું આલંબન છે એવા ઉપયોગ લક્ષણવાળો તારો આત્મા છે એમ તારા સ્વજ્ઞેયને તું જાણ. આ રીતે તારા આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી પણ સ્વભાવના આલંબનવાળું જ્ઞાન છે એમ તારા આત્માના સ્વજ્ઞેયને તું જાણ.

## (૮) આત્મા ઉપયોગને બહારથી લાવતો નથી એમ તું જાણ.

જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

હવે આ બોલમાં ઉપયોગ બહારથી લવાતો નથી એમ કહે છે. અનાદિનો મિથ્યાદ્રષ્ટિનો ઉપયોગ પર તરફ હતો તે હવે પોતે કાંઈ સત્સમાગમ કરે, વાણી સાંભળે વગેરે શુભભાવ કરે તો ઉપયોગ સુધરે ખરો કે નહિ ? – કે ના. ઉપયોગ ક્યાંય બહારથી લવાતો નથી. તે ક્રમસર અંતરમાંથી પ્રગટે છે. બહારના કોઈ કારણમાંથી પ્રગટતો નથી માટે અકારણીય છે.

વિશેષ વાત હવે પછી કહેવાશે.

આમ આત્માના ઉપયોગને યથાર્થ શ્રદ્ધવો–જાણવો તે ધર્મનું કારણ છે.

*

પરમ અમૃતમય આત્મજીવનશિલ્પી શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !

સર્વજ્ઞના વિરહ ભૂલાવનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !

<u>સુવર્ણપુરી સમાચાર</u>

## મહા વદ ૯, શુક્રવાર, તા. ૨-૩-૧૯૫૧

શ્રી સુવર્ણપુરી જિનમંદિરની ૧૧મી વાર્ષિક જયંતી ફાગણ સુદ ૨ ને દિવસે છે. તેનો અઠ્ઠાઈ મહોત્સવ આજથી શરૂ થયેલ છે. સવારમાં ઉલ્લાસપૂર્વક જિનમંદિરમાં શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજા થઈ હતી. ત્યારપછી સવારમાં પ્રવચનસાર ગાથા ૧૭૨ ના ૧૮-૧૯-૨૦ બોલ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સૂક્ષ્મ ન્યાયપૂર્વક માંગલિક પ્રવચન થયું હતું. ત્યારપછી બહેનોએ નીચે મુજબ કાવ્ય ગાયું હતું.

# પ્રભુજી પધારો

પ્રભુજીના ભક્તો સહુ આવો, રૂડાં મંગળ ગીતડાં ગાઓ;
સત્નો જયકાર ગજાવો, સીમંધર પ્રભુજી ભરતે પધારો..............૧
આવો આવો હે જિનવરજી, તારાં સ્વાગત કરે કહાન ગુરુજી;
તુમારા લાડકવાયા જિનજી, સીમંધર પ્રભુજી ભરતે પધારો........૨

રટતા'તા ગુરુજી હૃદયે,
સીમંધર પ્રભુજી તુમને,

ગુરુજીની વિનતડી સ્વીકારી, જિનજી કૃપા કરી છે ભારી;
વિદેહીનાથ તણી બલિહારી, સીમંધર પ્રભુજી ભરતે પધારો.........૩

પ્રભુજી ધન્ય સુયોગે પધાર્યા,
મારા વહાલા ગુરુએ પધરાવ્યા,

તે દિનથી વૃદ્ધિ થાય, ભરતે પ્રભુજી અપરંપાર;
જગમાં જિનવર દર્શન થાય, સીમંધર પ્રભુજી ભરતે પધારો........૪

વીતરાગ સુવર્ણે પધાર્યા,
ગુરુરાજ જિનેન્દ્રને ભેટ્યા,

સાષ્ટાંગ શ્રી ચરણે કહાન, ગુરુજી કરે છે પ્રભુને પ્રણામ,
અહો એ દ્રશ્ય દીસે છે મહાન, સીમંધર પ્રભુજી ભરતે પધારો........૫

સિંહનાદ ગાજે વનરાજી,
તેમ ભરતે ગાજે કહાન ગુરુજી,

હલાવ્યું આત્મબળે આખું હિંદ, સુણાવ્યું સત્યસ્વરૂપ જિણંદ;
વધાવું ફૂલડે વીર લઘુનંદ, સીમંધર પ્રભુજી ભરતે પધારો.............૬

***

# પ્રસાદ નં. ૧૧૬

## જ્ઞાનોપયોગ નિરાલંબી શુદ્ધસ્વભાવી છે એમ તું જાણ.

## (પ્રવચનસાર ગાથા ૧૭૨)

(મહા સુદ ૬, મંગળવાર)

૧. આત્મા દ્રવ્ય છે. તે પોતે ઇન્દ્રિયોથી સ્વ તથા પરને જાણે તેવું તેનું સ્વરૂપ નથી.

૨. આત્મા પોતે ઇન્દ્રિયોથી જણાય તેવું તેનું સ્વરૂપ નથી.

૩. ધુમાડાથી અગ્નિ જણાય તેમ આત્મા ઇન્દ્રિયોના અનુમાનથી જણાય તેવો તેનો સ્વભાવ નથી.

૪. બીજાઓ વડે આત્મા કેવળ અનુમાનથી જણાય તેવો તે પ્રમેયપદાર્થ નથી. બીજા જીવો રાગરહિત સ્વસંવેદન જ્ઞાન વડે આત્માને જાણે તો તે જાણી શકાય.

૫. પોતે બીજા આત્માને કેવળ અનુમાનથી જાણે તેવો પોતાનો સ્વભાવ નથી, તે સ્વસંવેદનથી જાણી શકે છે.

૬. આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. પરપદાર્થની અપેક્ષા વિનાનો, ઇન્દ્રિય તથા મનના અવલંબન વિનાનો પોતે પોતાને પ્રત્યક્ષ જાણે તેવો જ્ઞાતાસ્વભાવ છે.

૭. છ બોલમાં દ્રવ્યની વાત કરી છે. સાતમામાં જ્ઞાન ઉપયોગની વાત કરે છે. ઉપયોગ પણ જ્ઞેય છે. તે જ્ઞેયનો સ્વભાવ કેવો છે, તે કહે છે :–

પ્રથમ જ્ઞાન ઓછું હતું ને પછી વધ્યું તો તે નિમિત્તો તથા બાહ્ય પદાર્થો મળ્યા માટે વધ્યું ? અથવા તે પદાર્થોનું અવલંબન લેતો હશે ? -કે ના. તે ઉપયોગ પરપદાર્થનું અવલંબન લેતો નથી તેમ જ્ઞાનમાં જે જ્ઞેયો નિમિત્ત થાય છે તે જ્ઞેયોના અવલંબને જ્ઞાન થતું નથી; તે જ્ઞાન પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના જ અવલંબને થાય છે.

### (૮) જ્ઞાન ઉપયોગની વૃદ્ધિ બહારમાંથી આવતી નથી એમ તું જાણ.

જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે ક્યાંય બહારથી લાવતો નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

પ્રથમ જ્ઞાનની પર્યાયમાં હીણપ હતી, પછી બીજે સમયે જ્ઞાનનો વધારો થાય છે તે વધારો બહારથી આવ્યો ? સાતમાં બોલમાં કહ્યું કે જ્ઞાન ઉપયોગને દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન નથી તો તેના આશ્રય વિના આ વધ્યું કેવી રીતે ?

ભાઈ, તે બહારથી આવતું નથી, અંતરતત્ત્વમાંથી આવે છે.

હવે આઠમા બોલમાં કહે છે કે જ્ઞાન પરમાંથી લવાતું નથી. જે જ્ઞાનનો વ્યાપાર જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવનું અવલંબન છોડી નિમિત્તનું લક્ષ કરે તેને જ્ઞાન ઉપયોગ જ કહેતા નથી. જેવી રીતે ઇન્દ્રિયોથી જાણે તે આત્મા કહેવાતો નથી તેમ જે ઉપયોગ પરનું અવલંબન લ્યે તેને ઉપયોગ કહેતા નથી.

અજ્ઞાની દલીલ કરે છે કે દ્રવ્ય–ગુણ તો ત્રિકાળ શુદ્ધ એકરૂપ છે, તેને અવલંબન ન હોય એમ કહો તો તો ઠીક છે પણ એક પછી એક થતી પર્યાયોમાં એકરૂપતા રહેતી નથી ને જ્ઞાનની વિશેષ વિશેષ નિર્મળતા અનેક પ્રકારની થાય છે તે જ્ઞેયોના આધારે થતી હશે ને ? મન તથા શુભ રાગનું અવલંબન છે માટે શુદ્ધતા વધીને ?–કે ના. તે નિર્મળતાની વૃદ્ધિ પરપદાર્થોમાંથી કે શુભરાગમાંથી આવતી નથી. તે પોતાના શુદ્ધ દ્રવ્યસ્વભાવમાંથી જ આવે છે. અંતર પરિણમનની એકાગ્રતા વધતાં બહારમાં પ્રગટ દેખાય છે.

## જ્ઞાનના વૈભવનું કારણ પૂર્વ આચાર્યોની પરંપરા કેમ કહ્યું ?

પ્રશ્ન :–જો નિર્મળતા અંતરથી પ્રગટે છે એમ કહો છો તો કુંદકુંદાચાર્ય ભગવાને સમયસાર ગાથા ૫ માં કહેલ છે કે અમારા સ્વસંવેદન જ્ઞાનનો જન્મ પૂર્વાચાર્યોના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયેલો છે ને આચાર્યોની પરંપરાથી આ વૈભવ અમોને મળેલ છે–એમ કેમ કહ્યું ?

સમાધાન :–જ્યારે કોઈપણ જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવી ચેતનના આશ્રયે પોતાના જ્ઞાનની અતૂટધારા ટકાવી રાખે છે ત્યારે પોતાના જ્ઞાનમાં નિમિત્તરૂપે થતા પૂર્વ આચાર્યો કેવા છે તે નિમિત્તોનું જ્ઞાન કરાવે છે. દરેક આત્મા પોતે પોતાનો જ્ઞાનપ્રવાહ ઉત્તરોત્તર ટકાવી રાખે છે ત્યારે ક્યા ક્યા નિમિત્તો હતા, તેનું જ્ઞાન કરાવે છે. જેમ જ્ઞાનીઓની પરંપરામાં ઉત્તરોત્તર જ્ઞાન ટકાવી રાખવામાં સંધિ છે તેમ તેનાં નિમિત્તોની પરંપરામાં ઉત્તરોત્તર સંધિ બતાવી નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વાત કરી છે.

## જ્ઞાન ઉપયોગની એકાએક વૃદ્ધિનું કારણ કોણ ?

ગૌતમ ગણધર પ્રભુ પાસે ગયા, તેમને પહેલાં જ્ઞાન ઘણું ઓછું હતું ને ભગવાનના સમવસરણમાં ગયા. ભગવાનની વાણી સાંભળી ને બાર અંગ ને ચૌદ પૂર્વનું જ્ઞાન થયું. પૂર્વે મતિ–શ્રુત જ્ઞાન હતાં ને થોડા સમયમાં ચાર જ્ઞાનના ધણી થઈ ગયા તો આટલું બધું જ્ઞાન ક્યાંથી આવ્યું? ભગવાનની વાણીમાંથી આવ્યું ? નિમિત્ત ઉપર લક્ષ કર્યું માટે આવ્યું ?

બીજા જીવને સામાન્ય મતિ–શ્રુતજ્ઞાન હતું, તે પછી બે ઘડીમાં પુરુષાર્થ કરી એકાગ્ર થઈને કેવળજ્ઞાન પ્રગટ કરે છે તો આટલો બધો વધારો ક્યાંથી આવ્યો ?

અહીં પણ સાંભળતા પહેલાં જ્ઞાન ઓછું હોય છે ને શબ્દો ને વાણી કાને પડ્યા પછી જ્ઞાન વધે છે, તે વધારો વાણીમાંથી આવતો હશે ?

અજ્ઞાની કહે છે કે બધા આત્મામાં દ્રવ્ય–ગુણ તો અનાદિઅનંત શુદ્ધ પરિપૂર્ણ ભર્યા છે ને પર્યાયમાં પ્રગટતાનો વધારો દેખાય છે તે નિમિત્ત આવે ત્યારે વધે છે ને નિમિત્ત ન આવે તો વધતું નથી.

જ્ઞાની પુરુષો કહે છે કે ના. તે વધારો બાહ્ય કોઈ પદાર્થોમાંથી અથવા શુભરાગમાંથી આવતો નથી. અંતરમાં જ્ઞાનશક્તિનો ભંડાર પડ્યો છે તેમાંથી પોતાના પુરુષાર્થ વડે તે પ્રગટ થાય છે.

**જ્ઞાનની ભરતીનાં મોજાં ચૈતન્યસમુદ્રના મધ્યબિંદુમાંથી ઉછળે છે.**

**‘પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે જેમ,**
**પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ.’** (શ્રીમદ્ રાજચંદ્ર)

સમુદ્રની અંદર ભરતી આવે છે, તેનું કારણ શું છે ? ઉપરથી ખૂબ વરસાદ પડ્યો માટે ભરતી આવી ? નદીઓ ઘણી આવીને સમુદ્રમાં ભળી માટે સમુદ્ર ઊછળ્યો છે ?—કે ના. ગમે તેટલી નદીઓ ભળી હોય ને ગમે તેટલો વરસાદ પડ્યો હોય તોપણ સમુદ્રની તે ભરતીને બહારના પાણીનું અવલંબન નથી. તે ભરતી તો સમુદ્રના મધ્ય બિંદુમાંથી આવે છે.

### તે ન્યાયે

આ ચૈતન્ય સ્વભાવના મધ્યબિંદુમાંથી જ્ઞાનની ભરતી ઊછળે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે તેમાં એકાગ્રતા કરતાં જે શક્તિઓ અંતર પડી છે તેમાંથી તે પ્રગટ થાય છે. કોઈ બાહ્ય વાણી, ભગવાન કે ગુરુ પ્રત્યેના શુભ રાગમાંથી તે વધારો આવતો નથી. તેને રાગ તથા શ્રવણનો આધાર નથી. તે જ્ઞાનનાં મોજાં અંતરશક્તિસ્વભાવ ચૈતન્ય સમુદ્રમાંથી ઊછળીને પ્રગટ થાય છે.

## જ્ઞાનની વૃદ્ધિ વખતે બાહ્ય પદાર્થો ઉપર માત્ર ઉપચાર કરવામાં આવે છે.

કોઈ કહે કે શાસ્ત્રો વાંચ્યાં માટે જ્ઞાનની વૃદ્ધિ થઈ. વળી શાસ્ત્રમાં પણ લખાણ આવે કે શિષ્ય વિનયથી ભણે તો જ્ઞાનની વૃદ્ધિ થાય. ગુરુગમે ભણે તો જ્ઞાન વધે. વળી કુંદકુંદાચાર્ય ભગવાન પણ કહે છે કે ગુરુની કૃપાથી અમોને આ વૈભવ મળ્યો છે. આ બધાં કથનો વ્યવહારનાં છે. પોતાના કારણે શુદ્ધ સ્વભાવમાંથી જ્ઞાનની વૃદ્ધિ કરે છે ત્યારે ગુરુ, શાસ્ત્ર આદિને નિમિત્ત કહી ઉપચાર કરે છે. તે બાહ્ય નિમિત્તમાત્ર છે. ખરેખર તો તે બધું અંતરથી પ્રગટ થાય છે.

કોઈ પ્રશ્ન કરે કે જ્ઞાન અંતરથી પ્રગટ થાય છે તો આ મંદિર, પ્રતિમાજી, સમયસાર વગેરેનું અવલંબન કેમ છે ?

ભાઈ, એ બધી ચીજો આત્માના કારણે આવી નથી ને આત્માને તેનું અવલંબન નથી. જીવને શુભરાગ હોય ત્યારે તે પદાર્થો ઉપર લક્ષ જાય છે. પોતે જ્ઞાનની વૃદ્ધિ કરે છે ત્યારે તે પદાર્થોને નિમિત્ત કહેવાય છે.

## ઉપયોગનું સ્વરૂપ

જેવી રીતે જે આત્મા ઇન્દ્રિયોથી જાણવાનું કામ કરે છે તેને આત્મા કહેવાતો નથી. વળી જે આત્મા પોતાને પુણ્ય-પાપવાળો માને તેને આત્મા કહેવાતો નથી તેવી રીતે જે ઉપયોગ પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવનું અવલંબન છોડી, પરનું એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે બાહ્ય નિમિત્તોનું, વાણીનું અથવા શુભરાગનું અવલંબન લે છે તેને અહીં ઉપયોગ જ કહ્યો નથી.

જે આત્મા ઇન્દ્રિયોનું લક્ષ છોડી અતીન્દ્રિય કામ કરે છે તે જ આત્મા છે. વળી જે પોતાને પુણ્ય-પાપ રહિત શુદ્ધ જાણે છે તે જ આત્મા છે. તેવી રીતે દેવ, ગુરુ, શાસ્ત્ર, વાણી તથા શુભરાગ તથા અનંતા પરપદાર્થોનું અવલંબન છોડી પોતાના જ્ઞાનસ્વભાવમાં જે ઉપયોગ એકાગ્ર થાય તેને જ ઉપયોગ કહેવામાં આવે છે.

અહીં આઠમા બોલમાં એમ કહ્યું કે અ = નહિ, લિંગ = ઉપયોગ, ગ્રહણ = બહારથી લાવવું. એટલે જ્ઞાન ઉપયોગની વૃદ્ધિ ક્યાંય બહારથી થતી નથી એમ ઉપયોગરૂપ જે જ્ઞેય તેનો સ્વભાવ તું જાણ. તેથી આત્મા ક્યાંય બહારથી જ્ઞાન લાવતો નથી એમ તારા સ્વજ્ઞેયને જાણ.

## (૯) તારો જ્ઞાન ઉપયોગ કોઈ હરી શકતો નથી એમ તું જાણ.

લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી (બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

## અજ્ઞાનીની ઉપયોગ સંબંધી ભ્રમણા.

અજ્ઞાની માને છે કે ઘરમાં છોકરાઓએ ખખડાટ કર્યો માટે મારું જ્ઞાન ખસી ગયું. શરીર રોગવાળું થયું તેથી જ્ઞાન ઘટી ગયું. ધ્યાનમાં બેઠો હતો ત્યાં તરવારથી શરીરને કોઈ મારવા આવતા મારો ઉપયોગ હીણો થઈ ગયો. અમારે તો ઘણું ધ્યાન કરવું હતું પણ ભાઈ, શું કરીએ, બૈરાં—છોકરાં કોલાહલ કરે છે ને છોકરાંઓ વાજાં વગાડે છે તેથી અમારો ઉપયોગ ખસી જાય છે. પરિષહો આવે છે ત્યારે અમારો ઉપયોગ કામ કરતો નથી. સાત્ત્વિક ખોરાક લેવાય ત્યાંસુધી ઉપયોગ સારો રહે પણ હલકો ખોરાક ખવાય ત્યાં ઉપયોગ ખરાબ થઈ જાય છે. કાનમાં કીડા ખરે તેવી ગાળો સાંભળવાથી ઉપયોગ ખસી જાય, શરીરનું સંઘયણ મજબુત હોય તો ઉપયોગ સારું કામ કરે. આવી રીતે અનેક પ્રકારની ઉપયોગ સંબંધી ભ્રમણા અજ્ઞાની સેવે છે.

## ઉપયોગરૂપી ધન કોઈ હરી શકતું નથી.

આ બધી અજ્ઞાનીની ભ્રમણા છે. બહારના પદાર્થો જડ અથવા ચેતનનો આત્મામાં અભાવ છે. તે આત્માના ઉપયોગને કેવી રીતે હણી શકે? ન જ હણી શકે. અનુકૂળ સંયોગોથી જ્ઞાન ઉપયોગ વધે ને પ્રતિકૂળ સંયોગોથી ઘટે. વળી જડકર્મ મંદ પડે તો ઉપયોગ વધે ને કર્મનો ઉદય આકરો આવે તો ઉપયોગ હીણો પડી જાય એવું ઉપયોગનું સ્વરૂપ છે જ નહિ.

લોકોમાં કહેવાય છે કે ચોરો કોઈની અમુક ચીજો લૂંટી ગયા–હરી ગયા. તેમ આ ઉપયોગરૂપ ધન કોઈ લૂંટી લેતું હશે ?–કે ના. જ્ઞાન ઉપયોગરૂપી ધન કોઈથી હરાતું નથી કે કોઈથી લૂંટાતું નથી.

## અપ્રતિહત ઉપયોગ.

જ્ઞાન ઉપયોગ પરથી હણાય એવું તો સ્વરૂપ છે જ નહિ કારણ કે પરપદાર્થો જ્ઞાનને કાંઈ પણ કરી શકવા સમર્થ નથી. પણ જે જ્ઞાનનો ઉપયોગ પોતાની પર્યાયની નબળાઈથી થતા રાગને કારણે હીણો પડે છે તે વાત પણ અહીં લીધી નથી અને તેને ઉપયોગ જ કહ્યો નથી. કારણ કે ઉપયોગ ચૈતન્ય સ્વભાવના આશ્રયે કામ કરે ને તેનું જ આલંબન લ્યે છે. તે

ઉપયોગમાં રાગ જ નથી. પછી તે હીણો કેમ પડે ? સ્વના આલંબનપૂર્વકનો ઉપયોગ આત્મામાં એકાકાર થાય છે, તેને જ અહીં ઉપયોગ કહ્યો છે. જે ઉપયોગ પરપદાર્થોથી પણ હરાય નહિ તે સ્વથી કેમ હરાય ? જે ઉપયોગ પાછો પડે છે તેને અહીં ઉપયોગ ગણ્યો જ નથી પણ **ચૈતન્યના આશ્રયે એકાકાર થઈ વૃદ્ધિ પામે છે તેવા અપ્રતિહત ઉપયોગને જ ઉપયોગ કહ્યો છે.**

## નિમિત્તોમાં તથા રાગમાં અટકે તે ઉપયોગ જ નથી.

જે જીવ પોતાનું સ્વરૂપ સમજતો નથી તે અણાત્મા છે. જે ઉપયોગ સ્વદ્રવ્યનો આશ્રય ન કરે ને પરમાં ભમ્યા કરે તેને ઉપયોગ જ કહેતા નથી. જેમ આત્મા અનાદિઅનંત છે તે કોઈના કારણે છે જ નહિ તેમ ઉપયોગ પણ બહારના કારણે લવાય કે વૃદ્ધિ થાય કે ઘટાડો થાય તેવું તેનું સ્વરૂપ છે જ નહિ. ઉપયોગ પોતાના દ્રવ્યનો આશ્રય છોડે નહિ ને પરનો આશ્રય લ્યે નહિ, તે જ ઉપયોગ છે. દ્રવ્યનો આશ્રય છોડે નહિ એટલે સ્વભાવમાં એકાકાર થતાં વૃદ્ધિ જ પામે ને પરનો આશ્રય કરે નહિ એટલે કોઈ દિવસ હરાય નહિ. એવું ઉપયોગનું સ્વરૂપ છે. નિમિત્તો તથા રાગમાં અટકે તે ઉપયોગ જ નથી.

## ઉપયોગ પર્યાય છે. 'છે' તેને કોણ હરી શકે ?

આ જગતમાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણ વસ્તુ છે. જેમ દ્રવ્ય જ્ઞેય છે, ગુણ જ્ઞેય છે તેમ પર્યાય પણ જ્ઞેય છે. ઉપયોગ તો જ્ઞાનગુણની પર્યાય છે. તથા તે જ્ઞેય પણ છે. અહીં જ્ઞેયઅધિકાર છે. પર્યાય–જ્ઞેય કેવો હોય તેની વાત કરે છે. સાતમા બોલમાં કહેલ હતું કે જ્ઞાનપર્યાયને પરનું અવલંબન નથી.

જ્ઞેયપદાર્થ ઉપયોગ જે 'છે, છે, છે.' તેને પરનું અવલંબન કેમ હોય ? વળી

જ્ઞેયપદાર્થ ઉપયોગ જે 'છે, છે, છે' તેને બહારથી કેમ લવાય ? વળી

જ્ઞેયપદાર્થ ઉપયોગ જે 'છે, છે, છે' તેને કોઈ બીજો કેમ હરી શકે ?

એટલે જે ઉપયોગ છે તેને પરનું અવલંબન હોઈ શકે નહિ એમ સાતમા બોલમાં કહ્યું, તેને બહારથી લવાતો નથી એમ આઠમાં બોલમાં કહ્યું, તેને કોઈ હરણ કરી શકતો નથી એમ નવમા બોલમાં કહ્યું. જેમ દ્રવ્ય છે. ગુણ છે, તેમ પર્યાય પણ 'છે.' તો પછી જ્ઞાનઉપયોગની પર્યાય જે 'છે' તેને કોણ હરી જાય ? કોઈ હરી જાય એમ કહો તો 'છે' રહેતું નથી, 'છે'ની શ્રદ્ધા રહેતી નથી માટે પર્યાય 'છે' એમ સ્વીકારનારને કોઈ હરી જાય એવી શંકા પડે જ નહિ.

## પંચમકાળ અથવા પ્રતિકૂળતા જ્ઞાનઉપયોગને હરી શકતા નથી.

તે જ્ઞેય પર્યાયનો સ્વભાવ નિમિત્ત કે બહારથી લવાતો નથી, તે સ્વનો આશ્રય છોડતો નથી કે કોઈ હરી જાય તેવો નથી. જ્ઞાનનું કામ શું ? જ્ઞેયોનું અવલંબન લ્યે તેવું જ્ઞાનનું કામ નથી. જ્ઞાન બહારથી વૃદ્ધિ પામે એવું જ્ઞાનનું કામ નથી, કોઈથી હીણું પડી જાય એવું તે જ્ઞાન નથી. એવો તે જ્ઞેયનો સ્વભાવ છે.

જગતમાં જીવો કહે છે કે ભાઈ, આ પંચમકાળમાં અવતાર થયા ને કાળના કારણે ઉપયોગ હીણો થઈ ગયો પણ તે વાત મિથ્યા છે. ઉપયોગ હીણો થાય તેવું ઉપયોગનું સ્વરૂપ જ નથી. સંસારમાં લક્ષ્મી જતાં તથા પ્રતિકૂળતા આવતાં અજ્ઞાની જીવો માને છે કે અમારી આબરૂ હણાઈ ગઈ. પણ ભાઈ, તેમાં શું હણાયું ? અનુકૂળ સંયોગો તથા લક્ષ્મી હતી તો મારી આબરૂ હતી ને પ્રતિકૂળતા આવતાં મારી આબરૂ હણાઈ–તે તો તેં બધી કલ્પના નવી ઊભી કરી છે. જ્ઞાનપર્યાય પ્રતિકૂળ સંયોગોથી હણાઈ જાય તેવો તેનો સ્વભાવ જ નથી.

વળી કોઈ જીવ અગિયારમાં ગુણસ્થાનેથી પડી જાય ને ક્રમશઃ તે નિગોદમાં જાય તેવા જીવના જ્ઞાનઉપયોગને ઉપયોગ જ કહેવાતો નથી. આત્મામાં જે ઉપયોગ જાય તેને જ ઉપયોગ કહીએ છીએ. જે પરમાં રહે કે રાગમાં રહે તેને ઉપયોગ જ કહ્યો નથી. પરથી હણાય નહિ, જે સ્વથી પાછો પડે નહિ પણ સ્વમાં એકાકાર રહે તે જ ઉપયોગનો સ્વભાવ છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ; અ = નહિ, લિંગ = ઉપયોગ, ગ્રહણ = પરથી હરાઈ જવું તે. એટલે ઉપયોગ પરથી હરી જઈ શકાતો નથી. આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવું ઉપયોગનું સ્વરૂપ છે. ઉપયોગ પણ એક જ્ઞેય છે. તારા ઉપયોગરૂપી પર્યાયને–જ્ઞેયને હે શિષ્ય! તું આમ જાણ.

## (૧૦) તારા જ્ઞાન ઉપયોગમાં કોઈ મલિનતા નથી એમ તું જાણ.

જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા શુદ્ધોપયોગ સ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

દ્રવ્ય–ગુણ તો અનાદિઅનંત શુદ્ધ જ છે પણ ઉપયોગની અંદર પણ મલિનતા નથી એમ આ બોલમાં કહે છે. ચંદ્ર કલંકવાળો કહેવાય છે પણ સૂર્યમાં કોઈ ડાઘ નથી. સૂર્યમાં જેમ કોઈપણ પ્રકારની મલિનતા નથી તેમ ઉપયોગ પણ સૂર્યની જેમ કલંકરહિત છે.

## સ્વ-સ્વરૂપનાં ગાણાં એ જ ભગવાનનાં ગાણાં છે.

ચંદ્રની અંદર જે હરણનો આકાર દેખાય છે તે ઉપરથી પદ્મનંદિ આચાર્ય ભગવાન અલંકાર કરી ભગવાનના ગુણગ્રામ કરે છે કે હે ભગવાન! હે નાથ ! ચંદ્રલોકમાં તારા ગુણગ્રામ દેવીઓ સત્તારથી ગાઈ રહી છે, તે એટલા સુંદર ને ભક્તિવાળા છે કે તે સાંભળવાને હરણિયાં પણ ચંદ્રલોકમાં જાય છે. દેવીઓ, અપ્સરાઓ, દેવો બધા તારા ગુણગ્રામ કરે છે ને ત્રિછા લોકમાંથી હરણિયાં ત્યાં ગયાં તો અમો નિર્ગ્રંથ મુનિઓ આ સ્વરૂપનાં ગાણાં ગાઈએ છીએ તે તારાં જ ગાણાં છે કેમકે તારા સ્વરૂપમાં અને અમારા સ્વરૂપમાં નિશ્ચયથી કાંઈ ફેર નથી.

## ઉપયોગ કેવો છે ?

અહીં શુદ્ધોપયોગની વાત ચાલે છે. શુદ્ધોપયોગમાં વિકાર જ નથી. પરલક્ષે જે ઉપયોગ વધે તથા પરમાં અટકીને જે ઉપયોગ હણાય તેને અહીં ઉપયોગ જ કહ્યો નથી. દયા, દાન, કામ, ક્રોધ ભાવ તે આત્મા નથી, અનાત્મા છે, અધર્મભાવ છે. તે ધર્મભાવ નથી. તેવા અશુદ્ધોપયોગને ઉપયોગ જ કહ્યો નથી. અજ્ઞાની માને કે મલિનતા મારા ઉપયોગમાં છે તો તે ભ્રાંતિ છે.

જેમ દ્રવ્ય શુદ્ધ છે, ગુણો શુદ્ધ છે તેમ જ્ઞાનની પર્યાય પણ શુદ્ધ છે એમ કહેવું છે. પોતાનો જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવ શુદ્ધ છે તેમાં જે પર્યાય એકાકાર થાય છે તે પર્યાયને જ ઉપયોગ કહેલ છે ને શુદ્ધ ઉપયોગ સ્વભાવી આત્માને જ આત્મા કહેલ છે.

જ્ઞાનીને વર્તમાન રાગ નબળાઈના કારણે છે તે તરફના અશુદ્ધ ઉપયોગને પણ અહીં ઉપયોગમાં ગણેલ નથી. શુદ્ધ સ્વભાવ સન્મુખ રહેતાં શુદ્ધતા થાય છે તે શુદ્ધતાને જ ઉપયોગ કહ્યો છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = ઉપયોગ, ગ્રહણ = મલિનતા. એટલે જેમાં મલિનતા નથી તેવો ઉપયોગ જેનું લક્ષણ છે એવો શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા તારો છે એમ તારા સ્વજ્ઞેયને તું જાણ.

## (૧૧) ઉપયોગ દ્રવ્યકર્મને ગ્રહણ કરતો નથી એમ તું જાણ.

લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

ઉપયોગ દ્રવ્યકર્મને ગ્રહતો તો નથી પણ દ્રવ્યકર્મના આવવામાં નિમિત્ત પણ થતો નથી એમ અહીં કહેવું છે.

## શુદ્ધોપયોગને જડકર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રમાં લખાણ તો આવે છે કે કષાયથી સ્થિતિબંધ તથા અનુભાગબંધ પડે છે ને યોગથી પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ પડે છે, તેથી જડકર્મોનું આવવું થાય છે ને અહીં કહો છો કે ઉપયોગ દ્રવ્યકર્મમાં નિમિત્ત પણ નથી તો તેનો શું ખુલાસો છે ?

**સમાધાન :**—ભાઈ, યોગ ને કષાયની વિકારી પર્યાયને આત્મા જ કહેતા નથી. મલિનતા ઉપયોગમાં છે જ નહિ એમ દસમાં બોલમાં કહ્યું છે. જ્યારે મલિનતા જ ઉપયોગમાં નથી તો પછી તેના નિમિત્તે આવતાં દ્રવ્યકર્મને ઉપયોગ કેવી રીતે ગ્રહણ કરે અથવા દ્રવ્યકર્મમાં ઉપયોગ નિમિત્ત પણ કેવી રીતે થાય ? એટલે કે ગ્રહણ પણ ન કરે તેમ નિમિત્ત પણ ન થાય. જડ કર્મોનું જે આત્માના એકક્ષેત્રે, તેના પોતાના કારણે આવવું થાય છે તેમાં મલિનતા નિમિત્તરૂપે થાય છે પણ જ્યાં ઉપયોગમાં મલિનતા જ નથી તો ત્યાં મલિનતા તથા જડ કર્મનો જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ ઉપયોગમાં રહ્યો નહિ. અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉડાવી દીધો છે. શુદ્ધ ઉપયોગમાં એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ.

આત્મા સામાન્ય દ્રવ્ય તથા ગુણો જડકર્મને ગ્રહણ કરતા નથી તેમ જ શુદ્ધ ઉપયોગ પણ કર્મને ગ્રહણ કરતો નથી. અહીં ગ્રહણ કરવાની વાત તો નથી પણ દ્રવ્યકર્મ એના કારણે આવે તેમાં નિમિત્ત દ્રવ્ય–ગુણ તો નથી તેમ જ શુદ્ધ ઉપયોગ પણ નિમિત્ત નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શાસ્ત્રમાં લખાણ છે કે :–

### "જીવ વીર્યની સ્ફુરણા ગ્રહણ કરે જડધૂપ."

ત્યાં તો કહ્યું છે કે જીવના ઊંધા વીર્યની સ્ફુરણાથી આત્મા જડકર્મ ગ્રહણ કરે છે ને આપ તો ના પાડો છો તો તેનો શું ખુલાસો છે ?

સમાધાન :–ત્યાં જીવની વિકારી પર્યાય સાબિત કરવી છે. જીવ પોતે ઊંધો પુરુષાર્થ કરે છે ત્યારે જડકર્મની સાથે તેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ત્યાં પણ જીવની વિકારી પર્યાય કર્મને ગ્રહે છે અથવા અડે છે અથવા ખેંચી લાવે છે એમ કહેવું નથી પણ અશુદ્ધ ઉપાદાનને તથા જડકર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવો છે. અહીં આપણે વાત શુદ્ધ ઉપયોગની ચાલે છે ને શુદ્ધ ઉપયોગમાં મલિનતાનો અભાવ છે તેથી તે કર્મને ગ્રહતો નથી અથવા તેની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી એમ કહેવામાં આવ્યું છે.

## સાધક જીવને સમયે સમયે શુદ્ધોપયોગની જ મુખ્યતા વર્તે છે.

આવી રીતે શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણો તથા શુદ્ધ ઉપયોગ થઈને આખો આત્મા છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળી પર્યાયને અનાત્મા કહેલ છે, તે આત્મા જ નથી. ગોમ્મટસારમાં લખાણ તો ઘણાં આવે કે ચોથે ગુણસ્થાને જીવને આટલી પ્રકૃતિનો બંધ પડે છે ને છઠ્ઠે ગુણસ્થાને આટલી પ્રકૃતિનો બંધ પડે છે. તે બધાં લખાણો અશુદ્ધ ઉપાદાન સાથેનો જડ કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે તે ભૂમિકાએ કેવો છે તે બતાવે છે પણ તે ભૂમિકામાં રહેલા શુદ્ધ ઉપયોગને જડ કર્મ સાથે બિલકુલ સંબંધ નથી. સાધકદશામાં મલિનતા અલ્પ છે પણ તેને ગૌણ કરતો શુદ્ધ ઉપયોગ જે સ્વભાવ તરફ વળેલો છે, તેને મુખ્ય ગણી મલિનતાને અનાત્મા કહેલ છે. આ સાધકની વાત છે. <u>સાધક જીવને સમયે સમયે હું જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છું તે તરફના વલણની જ મુખ્યતા વર્તે છે. ને દયા, દાન વગેરે શુભાશુભ ભાવોની પર્યાય કે જેમાં દ્રવ્યકર્મ નિમિત્ત થાય છે તેને તે ગૌણમાં રાખે છે. તેની મુખ્યતા કરતો નથી.</u> મલિનતાવાળી પર્યાયને એક સમય પણ મુખ્ય કરે તો તે સાધક રહેતો નથી પણ મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. સાધકને હરહંમેશ શુદ્ધ જ્ઞાતા તરફ વળેલી પર્યાય જે સ્વભાવ સાથે અભેદ થાય છે તેની જ મુખ્યતા હોય છે. તે મુખ્યતાની અપેક્ષાએ તે ઉપયોગને દ્રવ્યકર્મનું ગ્રહવું થતું નથી એમ કહ્યું છે.

## ઉપયોગ તે લક્ષણ ને આત્મા તે લક્ષ્ય. એમ લક્ષણ–લક્ષ્ય ઉપરથી પાંચ બોલનો સાર.

આત્મા દ્રવ્ય છે ને ઉપયોગ તેની પર્યાય છે અથવા આત્મા તે લક્ષ્ય છે ને ઉપયોગ તેનું લક્ષણ છે. લક્ષણ વિના લક્ષ્ય હોઈ શકે નહિ ને લક્ષ્ય વિના લક્ષણ હોઈ શકે નહિ. આત્મા તે ઓળખવા યોગ્ય પદાર્થ લક્ષ્ય છે ને ઉપયોગ તેનું લક્ષણ છે કે જેનાથી આત્મા ઓળખી શકાય છે.

૧. સાતમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્માને જ અવલંબે છે તેથી તેને પરપદાર્થોનું અવલંબન નથી.

૨. આઠમાં બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્મામાંથી આવે છે માટે જ્ઞાન પરપદાર્થોમાંથી આવતું નથી.

૩. નવમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્માને જ આશ્રયે છે તેથી જ્ઞાન પરથી હરી જઈ શકાતું નથી.

૪. દસમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્મામાં જ એકાગ્ર થાય છે પણ પરપદાર્થોમાં એકાગ્ર થતું નથી તેથી તેમાં મલિનતા નથી.

૫. અગિયારમા બોલમાં ઉપયોગ નામનું લક્ષણ, લક્ષ્ય એવા આત્માને જ ગ્રહે છે પણ પરપદાર્થો, કર્મ વગેરેને ગ્રહતું નથી. તેથી તે અસંયુક્ત છે.

***

એ રીતે અગિયારમા બોલમાં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = ઉપયોગ, ગ્રહણ = પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું. એટલે કે ઉપયોગને પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું થતું નથી તેથી આત્મા દ્રવ્ય કર્મથી અસંયુક્ત છે.

આવી રીતે પોતાનો જ્ઞાન ઉપયોગ પણ જ્ઞેય છે, તે જ્ઞેય પુદ્‌ગલ કર્મને ગ્રહતું નથી જેથી ઉપયોગ લક્ષણવાળો આત્મા પણ પુદ્‌ગલ કર્મને ગ્રહતો નથી તેવા તારા સ્વજ્ઞેયને જેમ છે તેમ તું જાણ, એમ આચાર્ય ભગવાન આદેશ આપે છે.

આ પ્રમાણે જ્ઞેય જેમ છે તેમ યથાર્થ જાણવું તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનું કારણ છે, ને તેથી ધર્મ ને શાંતિ થાય છે.

***

# પ્રસાદ નં. ૧૨૩

## પ્રવચનસાર ગાથા ૧૭૨

(મહા વદ ૭, બુધવાર)

આ આત્મા છે તેનો જે ઉપયોગ અર્થાત્ જ્ઞાનનો વ્યાપાર છે તેમાં પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું નથી. સ્વસન્મુખ ઉપયોગને અહીં ઉપયોગ કહે છે. પર સન્મુખ દ્રષ્ટિ કરે તેને પુણ્ય-પાપના પરિણામ થાય છે. પુણ્ય-પાપના પરિણામ તે આત્મા નથી પણ આસ્રવ છે–વિકાર છે, તે આત્માનો સ્વભાવ નથી. આત્મા ઉપયોગલક્ષણ દ્વારા કર્મને ગ્રહતો નથી. જે સ્વસન્મુખતા છોડતો નથી તેને ઉપયોગ કહે છે.

### (૭) જ્ઞાન ઉપયોગને પરનું આલંબન નથી.

સાતમા બોલમાં કહ્યું હતું કે જ્ઞાન ઉપયોગને જ્ઞેયોનું આલંબન નથી. ઉપયોગને સ્વજ્ઞેય આત્મપદાર્થનું અવલંબન છે. સ્વમાં પરજ્ઞેયોનો અભાવ છે. જેમાં જેનો અભાવ તેનું આલંબન હોઈ શકે નહિ. માટે આત્માને તે જ્ઞેયોનું આલંબન નથી. સ્વનું આલંબન કરે તેને ઉપયોગ કહે છે ને જે જ્ઞાન પરપદાર્થનું આલંબન લ્યે તેને ઉપયોગ કહેતા નથી.

### (૮) જ્ઞાન ઉપયોગ બહારથી લવાતો નથી.

આઠમાં બોલમાં કહ્યું હતું કે ઉપયોગ પરપદાર્થમાંથી લાવી શકાતો નથી. પરપદાર્થ તરફ વળેલા ઉપયોગને ઉપયોગ જ કહેતા નથી, તે આત્મા જ નથી. જે આત્મતત્ત્વ તરફ વળે છે તે જ ઉપયોગ છે ને તે જ આત્મા છે. આત્મામાં પરપદાર્થો તથા પુણ્યપાપનો અભાવ છે માટે ઉપયોગ પુણ્યપાપ તથા પરપદાર્થોમાંથી લાવી શકાતો નથી.

### (૯) જ્ઞાન ઉપયોગ હરણ થઈ શકતો નથી.

નવમાં બોલમાં કહ્યું હતું કે સ્વ સન્મુખ રહીને જે કામ કરે તે ઉપયોગ છે. જ્ઞાન આત્માનું છે માટે તેને કોઈ બીજી ચીજ હરણ કરે તેમ બની શકે નહિ. બીજી ચીજનો આત્મામાં અભાવ છે, માટે જ્ઞાન હરી શકાતું નથી, એવા ઉપયોગ લક્ષણવાળો તારો આત્મા છે એમ તું જાણ.

### (૧૦) જ્ઞાનઉપયોગમાં મલિનતા નથી.

દસમા બોલમાં કહ્યું હતું કે જ્ઞાનઉપયોગમાં મલિનતા નથી. જે ઉપયોગ સ્વસન્મુખ વળે ને આત્મામાં એકાકાર થાય તેને ઉપયોગ કહે છે. જેનો ઉપયોગ છે તે તો જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત ગુણોનો પિંડ છે. જે જ્ઞાન આત્માનું હોવા છતાં પુણ્ય-પાપનું કામ કરે તેને જ્ઞાન કહેતા નથી,

એમ હે શિષ્ય ! તું જાણ. જ્ઞાન ઉપયોગ તારી તરફ વળે તે તારી ચીજ કહેવાય પણ પુણ્ય-પાપ તરફ વળે તે તારી ચીજ કહેવાય નહિ. સ્વ તરફ વળવું તે ધર્મનું કામ છે ને પર તરફ વળવું તે અધર્મનું કામ છે. સૂર્યને મલિનતા નથી તેમ અહીં શુદ્ધોપયોગમાં મલિનતા નથી.

## (૧૧) જ્ઞાન ઉપયોગ કર્મને ગ્રહતો નથી.

અગિયારમા બોલમાં કહ્યું કે ઉપયોગ પોતાનો છે, તે પરને કેમ ગ્રહણ કરે ? અથવા પરને ગ્રહણ કરવામાં નિમિત્ત પણ કેમ થાય ? – ન જ થાય. પર તરફ વલણ કરી કર્મ થવામાં જે નિમિત્ત થાય તે સ્વનો ઉપયોગ જ નથી પણ જે શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનું કામ કરે તે ઉપયોગ છે. ઉપયોગ લક્ષણ દ્વારા આત્મા ઓળખાય છે. સ્વસન્મુખ દશા છોડી મલિન પરિણામ કરી અધર્મ ઉત્પન્ન કરી કર્મને ગ્રહવામાં નિમિત્ત થાય તેને આત્માનો ઉપયોગ કહેતા નથી. જે ઉપયોગ આત્મામાં એકાકાર થઈ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ધર્મ ઉત્પન્ન કરે છે તેને આત્માનો ઉપયોગ કહ્યો છે. અહીં સુધી ગઈકાલે વાત કહેવાઈ ગઈ છે.

આજે બારમા બોલથી કહેવાનું છે.

## (૧૨) આત્મા વિષયોનો ભોક્તા નથી પણ સ્વનો ભોક્તા છે એમ સ્વજ્ઞેયને તું જાણ.

જેને લિંગો દ્વારા એટલે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આત્મા ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે. તેમાં શાંતિ ને આનંદનો સદ્‌ભાવ છે. ઇન્દ્રિયો, શરીર, લાડવા, રોટલી, દાળ, ભાત, શાક વગેરે પદાર્થો જડ છે તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહેલાં છે, તે આત્માથી પર છે. પરપદાર્થોનો આત્મામાં અભાવ છે ને પરપદાર્થોમાં આત્માનો અભાવ છે. તેથી આત્મા તે પરપદાર્થોને ભોગવતો નથી. જે વસ્તુનો જેમાં અભાવ હોય તેને તે કેવી રીતે ભોગવે ? આત્માને ઇન્દ્રિયો જ નથી કારણ કે ઇન્દ્રિયો તો જડ છે તેથી તેના વડે આત્મા વિષયોને ભોગવે છે, તે વાત ખોટી છે.

વળી ઇન્દ્રિયો તરફ વલણ કરી વિષયો ભોગવવાના ભાવો થાય છે તે આસ્રવ–બંધ તત્ત્વ છે, તે આત્મતત્ત્વ નથી. આત્મા વિષયોને ભોગવતો નથી પણ હરખ શોકને ભોગવે છે. તે હરખ–શોકનો શુદ્ધ જીવતત્ત્વમાં અભાવ છે. તેને આત્મા કહેતા નથી.

## સાધક જીવને સ્વભાવ સન્મુખ દ્રષ્ટિની મુખ્યતા છે તેથી તે સ્વનો ભોક્તા છે.

અગિયારમા બોલમાં કહ્યું હતું કે વિકારી પરિણામ તે આત્મા નથી પણ શ્રદ્ધા–જ્ઞાનરૂપ નિર્વિકારી પરિણામ સહિતના આત્માને જ આત્મા કહેવાય છે. તેને દ્રવ્યકર્મનું ગ્રહવું થતું નથી. અસ્થિરતાના રાગ-દ્વેષ થાય છે તેને ગૌણ કરી સ્વભાવદ્રષ્ટિને મુખ્ય કરી છે. સ્વભાવ તરફ જે વળે છે તેને કર્મબંધ નથી. તે જ ન્યાયે આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવી છે. તેમાં શાંતિ, સુખ, આનંદ છે. અજ્ઞાની જીવ ઇન્દ્રિયો સન્મુખ થઈ પરપદાર્થને તો ભોગવતો નથી પણ પરપદાર્થને હું ભોગવું એવો જે ભોક્તાનો વિકારી ભાવ કરે છે તે આત્મા કહેવાતો નથી. કારણ કે તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. પર સન્મુખ દ્રષ્ટિ છોડી, સ્વસન્મુખ દ્રષ્ટિ કરી પોતાના આનંદ, જ્ઞાન વગેરેને ભોગવે છે તે જ આત્મા છે. સમ્યગ્દ્રષ્ટિને અલ્પ હાસ્ય, રતિના ભાવ હોવા છતાં તે તરફ દ્રષ્ટિ નથી પણ સ્વભાવ સન્મુખ રહી પોતાના જ્ઞાન, સુખાદિના ભાવને ભોગવવાની જ દ્રષ્ટિ મુખ્યપણે હોય છે તેથી તે વિકારી ભાવનો ભોક્તા થતો નથી.

આવો આત્માને શ્રદ્ધવો તે ધર્મ છે.

## પુણ્યનો ભોગવટો તે ચૈતન્ય શાંત અમૃતરસની મીઠાઈ છોડી ભિખારીની જેમ એઠ ખાવા સમાન છે.

વળી શબ્દો તો પુદ્‌ગલની અવસ્થા છે તેમાં ઠીક–અઠીકપણું નથી; સ્પર્શ, રસ, ગંધવાળા રૂપી પદાર્થોમાં અનુકૂળતા–પ્રતિકૂળતા છે જ નહિ. અજ્ઞાની જીવ ખાવાપીવાના પદાર્થોમાં ઠીકાઠીક માની તેને ભોગવવાના ભાવ કરે છે પણ તે તેની ભ્રાંતિ છે. પરવસ્તુને ભોગવવાનો ભાવ તે આત્માનું સ્વરૂપ નથી. લૌકિકમાં પણ ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં જે સારી સારી ચીજો હોય તે ખાય છે ને જે જીવ ભૂકો કે એઠું ખાય તેને ભિખારી કહેવામાં આવે છે. તેમ આત્માની ખાણમાં જ્ઞાન, આનંદ, સુખ વગેરે ચૈતન્ય શક્તિઓ અખૂટ ભરી પડી છે. માટે સંયોગ તથા પુણ્ય-પાપની રુચિ છોડીને સ્વભાવની દ્રષ્ટિ કરી પોતાની ચૈતન્યનિધિની ખાણ જે જીવ ખોદે છે તેને તેમાંથી સ્વભાવની નિર્મળ પર્યાયરૂપી તાજી મિઠાઈઓ સમયે સમયે મળે છે ને તેને તે ભોગવે છે. તે ધર્મી જીવ ચૈતન્ય લક્ષ્મીનો ધણી–ધનવાન કહેવાય છે. પણ જે જીવ પોતાના સ્વરૂપને ભોગવવાનું છોડી શરીરને ભોગવું, ખાવાપીવાના વિકારી ભાવને ભોગવું, દયા દાનાદિના પરિણામને ભોગવું એમ પરલક્ષ કરે છે તે જીવ તીવ્ર આકુળતા ભોગવે છે. તે તાજી મીઠાઈઓ છોડીને ભિખારીની જેમ એઠ ખાવા સમાન છે. તે આત્મસ્વરૂપની

લક્ષ્મીનો ધણી નથી પણ ભિખારી છે, એટલે કે મિથ્યાદ્રષ્ટિ છે, તેને ધર્મ થતો નથી.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = ઇન્દ્રિયો દ્વારા, ગ્રહણ = વિષયોનો ઉપભોગ. એટલે કે આત્માને ઇન્દ્રિયો દ્વારા વિષયોનો ઉપભોગ નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે. આ નાસ્તિથી કથન છે. અસ્તિથી આત્મા પોતાના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય વગેરે નિર્મળ પર્યાયોનો ભોક્તા છે, એમ નક્કી થાય છે. આમ આત્મા જે સ્વજ્ઞેય છે તેને જેમ છે તેમ શ્રદ્ધવો તે સમ્યકૃત્વ ને ધર્મનું કારણ છે.

અહો ! મહા સમર્થ અમૃતચંદ્રાચાર્યદેવે એક અલિંગગ્રહણ શબ્દમાંથી વીસ બોલ કાઢ્યા છે. બાહ્ય–અભ્યંતર નિર્ગ્રંથ ભાવલિંગી મુનિ છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા. બાહ્ય નગ્ન દિગંબરદશા હતી ને અંતર રાગની ચીકાશના સ્વામીપણા સહિત લૂખી દશા વર્તતી હતી. ચૈતન્યદશામાં આરામ લેતાં લેતાં ચૈતન્ય બગીચામાં રમતાં રમતાં વીસ બોલ કાઢ્યા છે.

## (૧૩) આત્મા જડ પ્રાણોથી જીવતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

પાંચ ઇન્દ્રિયો, ત્રણ બલ, શ્વાસોચ્છ્વાસ ને આયુ એમ દસ પ્રાણ છે. પણ તેનાથી જીવ જીવતો નથી. કારણ કે તે દસે પ્રાણો જડ છે, ને આત્મા તો ચૈતન્ય પ્રાણવાળો છે. જડ પ્રાણનો આત્મામાં અભાવ છે તેથી આત્મા તે જડપ્રાણથી જીવતો નથી.

## અજ્ઞાનીની પ્રાણ સંબંધી ભ્રમણા.

અજ્ઞાની માને છે કે શ્વાસ ને આયુ ટકે ત્યાંસુધી જીવ જીવે છે. મનવચનકાયા હોય તો ટકે, પાંચ ઇન્દ્રિયો સારી હોય તો જીવ ટકે, વાણી સરખી ચાલતી હોય ત્યાંસુધી જીવ કહેવાય. મન નબળું પડી ગયા પછી જીવથી કામ ઓછું થાય છે; આ બધી ભ્રમણા છે. કારણ કે મન, વચન, કાયા એ બધા જડ પદાર્થો છે. તેનાથી આત્મા જીવતો નથી. વળી અજ્ઞાની માને છે કે :–

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર ચાર દીકરા;
ત્રીજું સુખ તે સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર.

આવી રીતે અજ્ઞાની શરીર, દીકરા, સ્ત્રી તથા અનાજમાં સુખ માને છે, તે મહા ભ્રમણા છે. અહીં તો પાંચ ઇન્દ્રિયો વગેરે જડને કાઢી નાખ્યા છે, તેનાથી જીવ જીવતો નથી તો પછી દસ પ્રાણથી પ્રત્યક્ષ જુદા એવા બાહ્ય પદાર્થો–દીકરા, નાર, અનાજ વગેરે સુખનાં કારણ ક્યાંથી હોઈ શકે ? એટલે કે તે સુખનાં કારણ છે જ નહિ. અજ્ઞાનીઓ પૈસાને પણ પ્રાણ માને છે તે બધી સ્થૂલ ભ્રમણા છે, દસ પ્રાણ તો અજીવતત્ત્વ છે. અજીવ તો જીવનું જ્ઞેય છે માટે અજીવ એવા દસ પ્રાણોથી જીવ જીવતો નથી.

## આત્મા ચેતના પ્રાણથી જીવે છે.

આ રીતે આત્મા માતા–પિતાનાં શુક્ર ને આર્તવને અનુસરીને થનારો નથી ને તે વડે ઊપજતો નથી. આત્મા દસ પ્રાણવાળો નથી વગેરે બધી વાત નાસ્તિથી કરી છે. તો પછી આત્મા કોણ છે ? કેવો છે ? આત્મા સદાકાળ પોતાના ચેતના પ્રાણથી જીવે છે ને પોતાના પરમ બોધ ને આનંદને અનુસરીને થનારો છે. અનાદિ કાળથી દસ પ્રાણ ઉપરની તારી દ્રષ્ટિ છે ને એનાથી જીવી રહ્યો છે એમ તું માને છે, તે તારી દ્રષ્ટિ છોડ ને ચૈતન્ય પ્રાણસ્વરૂપ છો એવી દ્રષ્ટિ કર.

અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = ઇન્દ્રિય, મન, ગ્રહણ = જીવત્વને ધારી રાખવું એટલે કે ઇન્દ્રિય ને મન વગેરે લક્ષણ દ્વારા આત્મા જીવત્વને ધારણ કરતો નથી એમ ભાવ સમજી સ્વજ્ઞેયનાં યથાર્થ શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે ધર્મનું કારણ છે.

## (૧૪) આત્મા જડ ઇન્દ્રિયોના આકારને ગ્રહણ કરતો નથી એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગનું એટલે મેહનાકારનું (પુરુષાદિની ઇન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા લૌકિક સાધનમાત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આ શરીરની ઇન્દ્રિયોના જે આકાર દેખાય છે તેને જીવે ગ્રહ્યા નથી. પુરુષની ઇન્દ્રિયની, સ્ત્રીની ઇન્દ્રિયની, નપુંસકની ઇન્દ્રિયની આકૃતિઓ જે દેખાય છે તે તો બધી પુદ્‌ગલની અવસ્થા છે. તે આકૃતિનો આત્મામાં અભાવ છે અને આત્માનો તે આકારમાં અભાવ છે. જે વસ્તુનો જેમાં અભાવ હોય તે અભાવવાળી વસ્તુને ગ્રહે એમ બની શકે જ નહિ માટે આત્મા ઇન્દ્રિયોના આકારને ગ્રહતો નથી.

**અજ્ઞાની જીવ આત્માને લૌકિકસાધનમાત્ર માને છે.** અજ્ઞાની માતા કહે કે અમે દીકરાને જન્મ આપ્યો. પુરુષ કહે કે અમારે લીધે દીકરો

થયો. પુત્રનાં શરીરમાં પુત્રના આત્માનો પણ અભાવ છે તો પુત્રના શરીરના આકારમાં માબાપ નિમિત્ત થાય, એ કેમ બને ? વળી આત્મામાં ઇન્દ્રિયોનો અભાવ છે, પછી નિમિત્ત થવાપણું રહેતું નથી. છતાં પુત્રનો જન્મ થતાં પિતા ફાવ્યો ને દીકરી જન્મતાં માતા ફાવી એમ ભ્રમણાથી અજ્ઞાની માને છે.

**આત્મા લૌકિકસાધનમાત્ર નથી.** ઇન્દ્રિયોની સમય સમયની પર્યાયને આત્માએ ગ્રહી જ નથી. માબાપ આદિમાં હતા તો વંશ રહ્યો, આ બધી ભ્રમણા છે. પરની પર્યાય કોણ કરી શકે ? કોઈ કરી શકે નહિ. શરીરના આકારની અવસ્થા તેના કારણે તથા ઇન્દ્રિયોની અવસ્થા તેના કારણે થાય છે, આત્મા તેને ગ્રહતો નથી. પરજ્ઞેયની આકૃતિનો આત્મામાં અભાવ છે. તેથી આત્મા કુટુંબનો વારસો રાખે તેવો અથવા લૌકિકસાધન માત્ર છે જ નહિ.

**આત્મા વીતરાગી પર્યાય પ્રગટાવવામાં લોકોત્તર સાધન છે.** તો પછી આત્મા કેવો છે ? લૌકિક સાધન નથી. અસ્તિથી કહો તો આત્મા લોકોત્તર સાધન છે. આત્મા ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છે. તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાયનો (પ્રજાનો) ઉત્પાદક છે પણ સંસારની પ્રજાનો ઉત્પાદક નથી. આવી રીતે આત્મા વીતરાગી પર્યાયને જન્મ આપે છે. આવા વીતરાગી પર્યાયનું સાધન ત્રિકાળી શુદ્ધ આત્મા થયો માટે તેને લોકોત્તર સાધન કહે છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = પુરુષાદિની ઇન્દ્રિયના આકાર, ગ્રહણ = પકડવું. આત્મા પુરુષાદિની ઇન્દ્રિયના આકારને ગ્રહતો નથી તેથી આત્મા લૌકિક સાધનમાત્ર નથી. આચાર્યભગવાન કહે છે કે તું જડ ઇન્દ્રિયોનો આશ્રય છોડ ને ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરી સ્થિરતા કર તો તેમાંથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્યરૂપ પર્યાય પ્રગટશે. તેથી આત્મા લોકોત્તર સાધન છે.

આ પ્રમાણે આત્મા લૌકિકસાધનમાત્ર નથી, પણ લોકોત્તર સાધન છે; એમ સ્વજ્ઞેયનાં જ્ઞાન–શ્રદ્ધાન કરવાં તે ધર્મનું કારણ છે.

## (૧૫) આત્મા લોકવ્યાપ્તિવાળો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો–લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

**અન્યમતવાળા આત્માને લોકવ્યાપ્તિવાળો માને છે.** અમુક લોકોનું માનવું છે કે આત્મા વિભાવથી છૂટો થાય એટલે કે મુક્ત થાય ત્યારે આખા લોક પ્રમાણે વ્યાપી જાય છે. જેમ પક્ષીની પાંખો તૂટી જાય ત્યારે પક્ષી ત્યાં પડ્યું રહે ને હાલેચાલે નહિ તેમ આ આત્માની પુણ્ય પાપરૂપી પાંખો તૂટી જાય ત્યારે આ જીવ લોકમાં વ્યાપીને પડ્યો રહે, તેના ઊર્ધ્વગમન સ્વભાવ વડે વ્યવહારથી ઊંચે જતો નથી એમ ઘણા પાખંડીઓ માને છે. અશુદ્ધ હોય ત્યાંસુધી મર્યાદિત ક્ષેત્રમાં રહે પણ શુદ્ધ થઈ ગયા પછી અમર્યાદિત ક્ષેત્રપ્રમાણ રહે એમ પાખંડી લોકો માને છે. પણ તે વાત ખોટી છે.

**આત્મા પોતાના અસંખ્ય પ્રદેશાત્મક ક્ષેત્રમાં જ રહે છે.** દરેક આત્મા જેમ સંસારમાં શરીર દીઠ ભિન્ન ભિન્ન રહે છે તેમ મુક્તિ થયા પછી પણ ભિન્ન ભિન્ન રહે છે. તે લોકમાં વ્યાપતો નથી. પોતાના અસંખ્ય પ્રદેશને છોડીને લોકમાં વ્યાપવું તે તેનો સ્વભાવ નથી. આત્મા શુદ્ધ થયા પછી પોતાના છેલ્લા શરીર પ્રમાણથી કિંચિત્ ન્યૂન પોતાના આકારે–નિશ્ચયથી પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે ને ઊર્ધ્વગમન સ્વભાવનાં કારણે વ્યવહારથી લોકના અગ્રભાગે બિરાજે છે.

અન્યમતવાળા માને છે કે બધા થઈને એક આત્મા છે ને મોક્ષ થયા પછી જુદો આત્મા રહેતો નથી, તે માન્યતા જૂઠી છે. બધા થઈને એક આત્મા થઈ જાય તો પોતાના શુદ્ધ સ્વભાવનો સ્વતંત્ર ભોગવટો રહી શકે નહિ. પ્રત્યેક આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે અનંતા ગુણોનો પિંડ છે. શરીર દીઠ ભિન્ન ભિન્ન છે એવા અનંતા આત્મા છે. બધાં થઈને એક આત્મા નથી. વળી શુદ્ધ થયા પછી નિશ્ચયથી તો પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે ને વ્યવહારે ઊર્ધ્વગમન સ્વભાવના કારણે લોકના અગ્રભાગે બિરાજે છે. તેથી અન્યમતવાળાની માન્યતા વસ્તુસ્વરૂપથી ઘણી વિપરીત છે. જીવ પોતાના અસંખ્ય પ્રદેશને કદી છોડતો નથી ને લોકમાં ફેલાઈ પરમાં વ્યાપતો નથી– એનું નામ અનેકાંત છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = અમેહનાકાર વડે, ગ્રહણ = લોકમાં વ્યાપવાપણું. એટલે કે આત્મા લોકવ્યાપ્તિવાળો નથી એમ તું તારા સ્વજ્ઞેયને જાણ. આમ પોતાના આત્માને લોકવ્યાપ્તિવાળો નહિ પણ અસંખ્ય પ્રદેશાત્મક આકારે નિશ્ચિત રહેલો છે—એમ શ્રદ્ધા ને જ્ઞાનમાં લેવો તે ધર્મનું કારણ છે.

## (૧૬) આત્મા દ્રવ્યે કે ભાવે સ્ત્રી, પુરુષ ને નપુંસક નથી એમ તું જાણ.

જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

**શરીરનો આત્મામાં અભાવ છે.** ચૌદમાં બોલમાં કહ્યું હતું કે પુરુષાદિની ઇન્દ્રિયનો આકાર આત્મામાં નથી. અહીં કહે છે કે સ્ત્રી, પુરુષ કે નપુંસક શરીરનો આત્મામાં અભાવ છે, કારણ કે તે જડ છે, અજીવ તત્ત્વ છે અને આત્મા તો જીવ તત્ત્વ છે.

**વેદનો વિકારીભાવ ત્રિકાળી સ્વભાવમાં નથી.** વળી પોતાનો સ્વભાવ આનંદસ્વરૂપ છે તેને ભોગવવાનું ચૂકીને પર–શરીરને ભોગવવાના ભાવ થાય છે તે ભાવવેદ અશુભભાવ છે. તે પાપતત્ત્વ છે. આત્મા જીવતત્ત્વ છે માટે તે તે ભાવવેદનો ત્રિકાળી આત્મસ્વભાવમાં અભાવ છે. આ પ્રમાણે આત્મા દ્રવ્ય તથા ભાવ વેદોથી રહિત છે. પણ કોઈ કહે કે પુરુષ, સ્ત્રી આદિનું શરીર જે દ્રવ્યવેદ છે ને આત્મામાં થતા વિકારી વેદના ભાવો જે ભાવવેદ છે તે બિલકુલ છે જ નહિ, તે તો માત્ર ભ્રમ છે તો તે વાત ખોટી છે. અહીં તો કહે છે કે સંસાર અવસ્થામાં પોતાનો સ્વભાવ ચૂકે છે ત્યારે કોઈપણ ભાવવેદનો ઉદય છે ખરો ને બાહ્ય કોઈ પણ દ્રવ્યવેદ છે ખરો પણ તે આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી એમ તે દ્રવ્ય તથા ભાવવેદનો સ્વભાવદ્રષ્ટિએ નિષેધ કરાવે છે.

**આત્મા અવેદી છે ને તેના લક્ષે ધર્મ થાય છે.** આત્મા અવેદી છે એમ સાચું જ્ઞાન ક્યારે કર્યું કહેવાય ? દ્રવ્યવેદ જે અજીવ છે તેની સામે જોયે સમકિત થશે ? અથવા ભાવવેદ જે પાપતત્ત્વ છે તેની સામે જોયે સમ્યક્ પ્રતીતિ થશે ?–ના. આત્મા ભાવવેદ ને દ્રવ્યવેદ વિનાનો અવેદી છે. પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ આનંદનો ભોગવનારો છે એમ સ્વદ્રષ્ટિ કરે ને પર ઉપરની દ્રષ્ટિ છોડે તો સમ્યગ્દર્શન થાય છે ને ધર્મ થાય છે. પોતાનો આત્મા અવેદી છે એમ શ્રદ્ધા–જ્ઞાન કર્યા પછી દ્રવ્યવેદ જે અજીવ શરીર છે તેનું જ્ઞાન કરે તો વ્યવહારે તેનું અજીવનું જ્ઞાન સાચું છે. પોતાનો આત્મા અવેદી છે એમ શ્રદ્ધા–જ્ઞાન કર્યા પછી ભાવવેદ જે પોતાના અશુભ પરિણામ છે ને પાપતત્ત્વ છે એમ જ્ઞાન કરે તો વ્યવહારે પાપતત્ત્વનું તેનું જ્ઞાન સાચું છે. પણ જીવતત્ત્વને યથાર્થ જાણ્યા વિના બીજા તત્ત્વોનું જ્ઞાન સાચું થતું નથી.

**અજ્ઞાની જીવ પરને પોતાનો આધાર માને છે.** અજ્ઞાની જીવોને પોતાના અવેદી આત્માનું ભાન નથી તેથી સંયોગો તથા વિકારીભાવ ઉપર તેની દ્રષ્ટિ જાય છે. બાઈઓ કહે કે અમો શું કરીએ ? અમો તો અબળા

છીએ માટે કોઈના આધાર વિના જીવી શકીએ નહિ. પુરુષો કહે કે અમો ઘણાને નભાવનારા છીએ. સ્ત્રી, કુટુંબ, બાળબચ્ચાંને અમારો આધાર છે. નપુંસક કહે કે અમો તો જન્મથી જ નપુંસક છીએ. તેથી અમો શું કરી શકીએ? આમ વેદ ઉપરની સંયોગીદ્રષ્ટિના કારણે પરાધીનતા કલ્પે છે તેને ધર્મ કદી પણ થતો નથી.

## નારકીમાં દ્રવ્ય ને ભાવવેદ બન્ને નપુંસક હોવા છતાં સમ્યગ્દર્શન પામી શકે છે.

જ્ઞાનીઓ કહે છે કે છોડ એ સંયોગીદ્રષ્ટિને. સ્ત્રીનું, પુરુષનું કે નપુંસકનું શરીર જ તારું નથી. જ્યારે શરીર જ તારું નથી તો પછી શરીરના નિભાવ માટે તારે પર સામે જોવાનું ક્યાં રહે છે ? તું તો તારા જ્ઞાન, દર્શન વગેરે સ્વ શક્તિના આધારે જીવી રહ્યો છે ને ભાવવેદના જે પરિણામ છે તે તો પાપતત્ત્વ છે, તારું જીવતત્ત્વ નથી. માટે તેની ઉપરની દ્રષ્ટિ છોડ. દ્રવ્યવેદ ને ભાવવેદ સમ્યગ્દર્શન અથવા ધર્મને રોકતા નથી. નારકીના જીવો દ્રવ્યે તેમ જ ભાવે નપુંસકવેદી છે છતાં આત્મા અવેદી છે એવું ભાન કરીને પુરુષાર્થી નારકીના જીવો ઘણા પ્રતિકૂળ સંયોગોમાં હોવા છતાં પણ સમ્યગ્દર્શનરૂપ ધર્મ પામી શકે છે. તો તું અહીં મનુષ્યપણામાં ધર્મ ન પામી શકે એમ બને નહિ માટે વેદી ઉપરની દ્રષ્ટિ છોડ ને અવેદી આત્મા ઉપર સ્વ–સન્મુખ દ્રષ્ટિ કર એમ કહેવાનો આશય છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદ, ગ્રહણ = ગ્રહવું. જેને સ્ત્રી, પુરુષ અને નપુંસકવેદ દ્રવ્યે તેમ જ ભાવે નથી એટલે આત્મા અવેદી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. આત્મા તો પોતાના જ્ઞાન, દર્શન, સુખ વગેરેને વેદવાવાળો છે. પર શરીર તથા વિકારીભાવનો વેદવાવાળો નથી એવો તારો આત્મા જ તારું સ્વજ્ઞેય છે તેને તું જાણ.

આ પ્રમાણે આત્મા સ્વજ્ઞેયને શ્રદ્ધવો ને જ્ઞાનમાં લેવો તે સમ્યગ્દર્શનનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૨૪

## પ્રવચનસાર ગાથા ૧૭૨

(મહા વદ ૮, ગુરુવાર)

આ આત્મા જેવી રીતે છે તેવી રીતે તેનું અસલી સ્વરૂપ જાણે અને માને તો ધર્મ થાય છે. તેનો અર્થ એમ થાય છે કે તેનું અસલી સ્વરૂપ અનંતકાળથી એક સેકન્ડમાત્ર પણ જાણ્યું નથી. આત્મા જેવો છે તેવો નહીં માનતાં તેની ઊલટી માન્યતા કરી છે. માટે હે જીવ ! આત્માને અલિંગગ્રહણ જાણ. કોઈ પણ ઇન્દ્રિયો વડે પરને જાણે તેવો આત્મા નથી. ઇન્દ્રિયો વડે મને જ્ઞાન થાય છે એવી અનાદિથી માન્યતા કરી છે. એવી માન્યતાવાળો ભ્રમ અવસ્થામાં છે, ઇન્દ્રિયો પણ છે એમ કબૂલ કરીને એ દશા તે આત્મા નથી. વળી તે ઇન્દ્રિયોથી જણાય એવો નથી, અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવી છે એમ કહ્યું છે. અનાદિની અજ્ઞાનરૂપી માન્યતા બિલકુલ ભ્રમ જ છે એમ નથી. ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે એવો ભ્રમ છે પણ ઇન્દ્રિયોથી સ્વ–પરને જાણતો નથી, એવી રીતે બધા બોલમાં વ્યવહાર બતાવી તેનો નિષેધ કરાવી જ્ઞાન કરાવે છે.

**આત્મા દ્રવ્ય તથા ભાવવેદથી રહિત છે.** સોળમો બોલ ફરીથી કહેવામાં આવે છે. આત્માને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ વેદોનું ગ્રહણ નથી. સ્ત્રી, પુરુષોના આકાર આત્મામાં નથી. વ્યવહારે શરીર, સ્ત્રી, પુરુષના આકારરૂપે સંયોગે હોય છે પણ તે આત્મામાં નથી. વળી સ્ત્રી કે પુરુષ વેદનો ભાવ ઔપાધિક ભાવ છે પણ તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. તે સમયપૂરતી અવસ્થા છે ખરી; પણ જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવને છોડી એના જેટલો આત્માને માનવો તે પર્યાયબુદ્ધિ છે, ભ્રમણા છે, અજ્ઞાન છે. પુરુષાદિના આકારને આત્મા માનવો તે જડને જીવ માનવા બરાબર છે ને ભાવવેદને આત્મા માનવો તે પાપને જીવતત્ત્વ માનવા બરાબર છે. અજીવને જીવ માનવો તથા પાપને જીવ માનતો તે અધર્મ છે પણ શરીરો તથા ભાવવેદથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે એવાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે ધર્મ છે. લ્યો, આ જીવનકલા છે. સુખી જીવન કેમ જીવવું તેની આ ચાવી છે.

### (૧૭) આત્મા બાહ્ય ધર્મ ચિહ્નોને ગ્રહતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ

લિંગોનું એટલે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

શરીરની નગ્ન દિગંબરદશા તે ધર્મનું ચિહ્ન નથી.

(1) આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવું ભાન થયા પછી સ્વભાવમાં વિશેષ સ્થિરતા થવી તે અંતર મુનિદશા છે ને અંતર નિર્ગ્રંથદશા પ્રગટે છે ત્યારે બાહ્યમાં વસ્ત્ર આદિ હોતાં નથી અર્થાત્ શરીરની નગ્ન દિગંબરદશા હોય છે તથા મોરપીંછ ને કમંડળ હોય છે. બાહ્યમાં નગ્નદશા હોતી જ નથી એમ કોઈ માને તો તે સ્થૂળ ભૂલ છે.

(2) પણ તે બાહ્ય નિમિત્ત–મોરપીંછ, શરીરની નગ્નદશા વગેરેનો આત્મામાં અભાવ છે. તેને આત્મા ગ્રહણ કરતો નથી કારણ કે તે જડપદાર્થો છે. તે તેના કારણે હોય છે. તેને લેવા મૂકવાની ક્રિયા આત્મા કરી શકતો નથી.

(3) વળી તે નગ્નદશા, મોરપીંછ, કમંડળ વગેરે છે માટે મુનિનું મુનિપણું ટકેલ છે એમ પણ નથી. કારણ કે અંતર ભાવલિંગીદશા તે મુનિપણું છે.

આ પ્રમાણે વ્યવહારે બાહ્ય સંયોગનું જ્ઞાન કરાવીને તે વ્યવહારનો નિશ્ચયમાં અભાવ વર્તે છે, એમ કહે છે. હું શરીરની અવસ્થા કરી શકું છું, દિગંબર છું, મુનિપણાની અવસ્થા જેટલો જ છું એમ મુનિ કદી માનતા નથી છતાં અંતર મુનિદશા વર્તે છે ત્યારે શરીરની અવસ્થા શરીરના કારણે નગ્ન હોય છે.

<u>શરીરની નગ્નદશા આત્માથી થાય છે એમ માનનાર જીવ મુનિ નથી, મિથ્યાદ્રષ્ટિ છે.</u> જે જીવ એમ માને કે શરીરની નગ્નદશા મેં કરી, ઇચ્છાથી મેં વસ્ત્ર કાઢી નાખ્યું–એમ શરીર ને વસ્ત્રની ક્રિયાનો જે ધણી થાય છે તે સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે. અંતર રમણતા થાય ત્યારે જડની નગ્નદશા તેના કારણે થાય છે એવું ભાન નથી ને પરપદાર્થોની ક્રિયા થાય છે તેનો કર્તા–હર્તા થાય છે તે મૂઢ છે, અજ્ઞાની છે, તેને આત્માના ધર્મની ખબર નથી. પર વસ્તુનાં ગ્રહણ ત્યાગનો ભાવ એ જ અધર્મભાવ છે. ત્યારે કોઈ પ્રશ્ન કરે કે બાહ્ય લિંગની ધર્મ માટે જરૂર નથી તો ગમે તે બાહ્યલિંગ હોય તો પણ ધર્મ થાય–એમ કોઈ કહે તો તે માન્યતા પણ ઘણી જ ભૂલભરેલી છે. ગમે તે લિંગ હોય ને કેવળજ્ઞાન થાય તથા મુનિ હોય ને વસ્ત્રપાત્ર રાખે ને તે દશામાં પણ કેવળજ્ઞાન પામે એમ માનનાર તો ઘણી સ્થૂળ ભૂલમાં છે. તે તો બાહ્યથી પણ મુનિ નથી. પહેલાં વ્યવહાર સાબિત કર્યો છે. તેટલો વ્યવહાર કબૂલ રાખવો પડશે કે મુનિદશા હોય ત્યારે નગ્નદશા જ હોય ને મોરપીંછ, કમંડળ સિવાય બીજું કાંઈ હોય નહિ. એટલું કબૂલ રાખ્યા પછી અહં તો એમ કહે છે કે એનાથી આત્મા ઓળખાતો નથી.

અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = બાહ્ય ધર્મ ચિહ્નો, ગ્રહણ = ગ્રહણ. એટલે કે આત્મા બાહ્ય ધર્મ ચિહ્નોને ગ્રહતો નથી. પણ શુદ્ધ ચિદાનંદ સ્વભાવને ગ્રહે તેવો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. એવા તારા સ્વજ્ઞેયને તું જાણ ને શ્રદ્ધા કર એમ આચાર્યભગવાન કહે છે. ને તે સમ્યગ્દર્શનનું કારણ છે.

## (૧૮) તારો અભેદ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આત્મા વસ્તુ છે. તે અનંત ગુણનો પિંડ છે. તે એકલા જ્ઞાનગુણવાળો નથી. અભેદ આત્મા ગુણના ભેદને સ્પર્શે તેવો નથી.

૧. આત્મા મન, વાણી, દેહને સ્પર્શતો નથી કારણ કે તે તો જડ છે, તેનો આત્મામાં અભાવ છે. જે વસ્તુ પૃથક્ હોય તેને કેમ અડે ? પૃથક્‌ને અડે તો આત્મા ને શરીર એક થઈ જાય પણ એમ બને નહિ.

૨. આત્મા જડકર્મ–જ્ઞાનાવરણીયાદિને સ્પર્શતો નથી કારણ કે તે બધાં રૂપી છે, તેનો અરૂપી આત્મામાં અભાવ છે. અજ્ઞાનીનો આત્મા પણ કોઈ દિવસે કર્મને અડ્યો જ નથી. કારણ કે આત્માને અને કર્મને અત્યંત અભાવ વર્તે છે.

૩. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને પોતાની એક સમયની પર્યાયમાં પુણ્યપાપના વિકારી ભાવ થાય છે તેને ત્રિકાળી સ્વભાવ કદી સ્પર્શ્યો જ નથી. આખી ચીજ જો વિકારને સ્પર્શે તો ત્રિકાળી સ્વભાવ વિકારમય થઈ જાય તો વિકાર રહિત થવાનો પ્રસંગ બને નહિ.

૪. અહીં તો આથી વિશેષ વાત કહેવાની છે. આત્મામાં જ્ઞાનાદિ અનંતગુણો છે. જ્ઞાનગુણ, દર્શનગુણ એવા ગુણભેદ આત્મામાં છે ખરા, છતાં અનંતગુણનો એક પિંડરૂપ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી. હું જ્ઞાનનો ધરનાર છું ને જ્ઞાન મારો ગુણ છે એવા ગુણ–ગુણીના ભેદને અભેદ આત્મા સ્વીકારતો નથી. અભેદ આત્મા ભેદને સ્પર્શે તો તે ભેદરૂપ થઈ જાય, ભેદરૂપ થઈ જતાં અભેદ થવાનો પ્રસંગ કદી આવે નહિ ને અભેદ માન્યા વિના કદી પણ ધર્મ થતો નથી.

જુઓ, આ સમ્યગ્દર્શનનો વિષય કેવો હોય તેની વાત ચાલે છે. સમ્યગ્દર્શનનો વિષય આત્મા અભેદ એકરૂપ કેવો છે તે યથાર્થ જાણે નહિ

તો તે જ્ઞાન વિના બાળતપ ને બાળવ્રત કાર્યકારી થતાં નથી. ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવે પોતાના કેવળજ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ જેવું જોયું એવું વાણી દ્વારા આવ્યું ને તે પ્રમાણે કુંદકુંદાચાર્ય ભગવાને વસ્તુ સ્વરૂપને જાણી–અનુભવી ને આ મહાનરચના કરી છે, તે માન્યે સમ્યગ્દર્શન થાય છે. લોકો બાહ્યમાં આ કરું ને તે કરું એમ બાહ્ય પદાર્થોમાં ને ક્રિયામાં ધર્મ માને છે. તેને વસ્તુસ્વભાવની ખબર નથી. તેને ધર્મ કદી પણ થાય નહિ.

## સમ્યગ્દર્શનનો વિષય—શુદ્ધ, એકાકાર, અભેદ આત્મા છે.

સમ્યગ્દર્શનનો વિષય આત્મા કેવો છે ? તે જેવો છે તેવો જાણે તો ધર્મ થાય. કોઈ જીવ સાકરને અફીણ માને તો તેનું સાકરનું જ્ઞાન સાચું કહેવાય? અથવા સાકર અને અફીણ બેને એક જ પદાર્થ માને તો તેનું સાકરનું જ્ઞાન સાચું કહેવાય ? ને સાકર ઉપર જે મેલ છે તેને સાકરનું સ્વરૂપ માને તો સાચું જ્ઞાન કહેવાય ?–કે ના. તે સાચું જ્ઞાન કહેવાતું નથી. સાકર તે સાકર છે, અફીણ નથી; બન્ને જુદા છે. સાકર ઉપરનો મેલ તે સાકરનું સ્વરૂપ નથી. તેમ શરીરને આત્મા માને તો આત્માનું જ્ઞાન સાચું થતું નથી, આત્મા અને શરીર બન્ને થઈને એક ચીજ માને તોપણ આત્માનું જ્ઞાન સાચું થતું નથી, આત્માની પર્યાયમાં ક્ષણિક વિકાર છે તેને પોતાનું ત્રિકાળી સ્વરૂપ માને તો પણ આત્માનું જ્ઞાન સાચું થતું નથી. શરીર, મન, વાણીરહિત, વિકલ્પરહિત ને ગુણભેદરહિત એકાકાર અભેદ આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે.

અહીં વીસેય બોલમાં પહેલાં વ્યવહાર સાબિત કરતાં જાય છે ને તે પછી વ્યવહારનો નિષેધ કરી નિશ્ચયનું જ્ઞાન કરાવેલ છે. વ્યવહાર એકલો કબૂલ રાખે ને તેમાં અટકી જાય તો પણ ધર્મ થતો નથી.

## ગુણભેદ હોવા છતાં આત્મા ગુણભેદને સ્પર્શતો નથી.

અહીં ૧૮મા બોલમાં વ્યવહાર સાબિત કરીને નિષેધ કરાવેલ છે, જે વસ્તુ હોય તેનો નિષેધ કરાય પણ જે ન હોય તેનો નિષેધ શું થાય ?

જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વચ્છત્વ, વિભુત્વ વગેરે અનંત ગુણો આત્મામાં છે. આવા ગુણભેદ છે જ નહિ એમ કોઈ માને તો તેની વ્યવહાર શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી. એક ગુણ તે બીજો ગુણ નથી–એમ ગુણભેદ છે, છતાં પણ તેમાં જીવ અટકે તો ધર્મ થતો નથી. ગુણભેદમાં આત્મા એકાકાર થાય તો આત્માનું એકપણું ભિન્ન રહેતું નથી. આત્મા ત્રિકાળી ગુણનો પિંડ છે, તે સામાન્ય છે ને દર્શન, જ્ઞાન વગેરે ગુણો તે વિશેષ છે. સામાન્ય તે વિશેષને સ્પર્શતું નથી. સામાન્ય તે સામાન્યમાં છે. વિશેષ વિશેષમાં છે. સામાન્યમાં વિશેષ નથી. વિશેષમાં સામાન્ય નથી. સામાન્ય એવો આત્મા વિશેષ એવા જ્ઞાનગુણને સ્પર્શે તો સામાન્ય ને વિશેષ એક થઈ જાય છે, પૃથક્ રહેતા

નથી. અનંતાગુણોના સમૂહરૂપ એકાકાર આત્મા એકલા જ્ઞાનગુણને સ્પર્શ્યો નથી. અહીં શુદ્ધ દ્રવ્યની શ્રદ્ધા કરાવવી છે. શરીર નહિ, કર્મ નહિ, વિકાર નહિ, ગુણભેદ નહિ એવા અભેદ શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિ કરાવવી છે.

શુદ્ધ દ્રવ્ય એકરૂપ છે તે જો ભેદને સ્પર્શે તો દ્રવ્ય શુદ્ધ રહેતું નથી. ગુણભેદ છે તેનો નિષેધ કરાવે છે. ગુણભેદ બિલકુલ ન હોત તો નિષેધ કરવાપણું રહેત નહિ. સામાન્ય તે વિશેષમાં આવી જાય તો સામાન્ય પદાર્થ એકરૂપ રહેતો નથી માટે અહીં કહ્યું છે કે સામાન્ય સ્વભાવ જ્ઞાનગુણને સ્પર્શ્યો નથી. આ જ્ઞાનગુણ છે ને આત્મા જ્ઞાનગુણનો ધરનાર છે એવા ભેદના વિકલ્પથી ધર્મ થતો નથી પણ આત્મા અખંડ જ્ઞાતા એકાકાર છે, તેની શ્રદ્ધા કરવાથી ધર્મ થાય છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = ગુણ, ગ્રહણ = પદાર્થજ્ઞાન. એટલે કે જ્ઞાનગુણ જેને નથી એવો આત્મા છે એટલે કે આત્મા ગુણવિશેષથી નહીં સ્પર્શાએલું એવું શુદ્ધ દ્રવ્ય છે. આ બોલથી જ્ઞાનગુણને જ્ઞાનનો ધરનાર એવો ગુણી એટલે કે ગુણગુણીભેદનો નિષેધ કરાવી એકાકાર આત્માની શ્રદ્ધા કરાવે છે.

ગુણભેદ રહિત આત્મા તારું સ્વજ્ઞેય છે એમ તું જાણ, એમ આચાર્ય ભગવાન કહે છે. આવી રીતે સ્વજ્ઞેયનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે ધર્મ છે.

## (૧૯) તારો નિત્ય આત્મા અનિત્ય નિર્મળ પર્યાયને પણ સ્પર્શતો નથી એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ વિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહીં આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

નિર્મળ પર્યાયને નહીં અડતો આત્મા શુદ્ધ દ્રવ્ય છે. ૧૮મા બોલમાં 'અર્થાવબોધ' શબ્દ વાપરેલ હતો ને કહ્યું હતું કે ગુણભેદ હોવા છતાં અભેદ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી એમ ગુણભેદનો નિષેધ કરાવી અભેદ આત્માની શ્રદ્ધા કરાવી હતી. અહીં એમ કહે છે કે સાધકદશામાં સમ્યગ્જ્ઞાનની નિર્મળ પર્યાયને અથવા કેવળજ્ઞાન વખતે કેવળજ્ઞાનની પૂરી નિર્મળ પર્યાયને આત્મા ચૂંબતો નથી, અડતો નથી, સ્પર્શતો નથી ને દ્રવ્ય પર્યાય જેટલું જ નથી એમ કહીને પર્યાય–અંશ ઉપરનું લક્ષ છોડાવવું છે ને અંશી દ્રવ્યની શ્રદ્ધા કરાવવી છે.

આત્મા સામાન્ય એકરૂપ છે તે સમયસમયની પર્યાયમય થઈ જાય તો દ્રવ્ય ને પર્યાય બે ભિન્ન રહેતાં નથી ને પર્યાય જેમ ક્ષણિક છે તેમ દ્રવ્ય પણ ક્ષણિક થઈ જાય, એટલે કે અનાદિઅનંત રહે નહિ.

પ્રવાહરૂપે અનાદિના જે વિકારી પરિણામ તેં કર્યાં છે તેને તો આત્મા કદી અડ્યો નથી, સ્પર્શ્યો નથી, એકરૂપ થયો નથી. અજ્ઞાની ભલે માને કે હું આખો વિકારી થઈ ગયો પણ તેનો આત્મા પણ ઊંધી માન્યતા વખતે દ્રવ્યદ્રષ્ટિએ તો વિકાર રહિત જ છે કારણ કે શુદ્ધ દ્રવ્ય જો વિકારમય થઈ જાય તો વિકાર રહિત થવાનો કદી પ્રસંગ બને નહિ. અહીં તો એ વાત જ નથી.

અહીં તો એથી પણ આગળ વાત કહેવી છે કે આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છે. તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને જે નિર્મળ પર્યાય પ્રગટે છે તે પર્યાયને આત્મા સ્પર્શતો નથી, આલિંગન કરતો નથી પણ આત્મા નિત્ય શુદ્ધ દ્રવ્ય છે. આવો તારો જ્ઞેય સ્વભાવ છે. જેવો જ્ઞેયસ્વભાવ છે તેવો જાણ તો સમ્યક્‌દર્શન–જ્ઞાન પ્રગટે. આવી અપૂર્વ વાત અનંતકાળે શ્રવણ કરવા મળે છે. યથાર્થ સમજણ કરીને સમ્યક્ પ્રતીતિ કરે તો ધર્મ થાય પણ જેને આ વાત સાંભળવા પણ મળી નથી તેને તો ધર્મ ક્યાંથી થાય ?

પ્રશ્ન :–દ્રવ્ય પર્યાયને અડતું નથી એમ કહો છો તો શું દ્રવ્ય પર્યાય વિનાનું હશે ?

ઉત્તર :–દ્રવ્ય સામાન્ય પર્યાય વિનાનું છે. દ્રવ્ય સામાન્ય ને પર્યાય બે થઈને જે આખું દ્રવ્ય થાય તેવો દ્રવ્યનો અર્થ અહીં લેવો નહિ. **અહીં શુદ્ધ દ્રવ્યનો અર્થ સામાન્ય સદ્રશ એકરૂપ ત્રિકાળી સ્વભાવ લેવો.** દ્રવ્ય તે સામાન્ય છે, પર્યાય તે વિશેષ છે. સામાન્યમાં વિશેષનો અભાવ છે. અભાવ કહેતાં જ ત્રિકાળી સ્વભાવ પર્યાયને અડતો નથી એમ નક્કી થાય છે.

શુદ્ધ સ્વભાવી દ્રવ્ય તે નિત્ય છે ને નિર્મળ પર્યાય તે એક સમયની–અનિત્ય છે. નિત્ય એવું શુદ્ધ દ્રવ્ય અનિત્ય સમ્યગ્જ્ઞાનની અથવા કેવળજ્ઞાનની પર્યાયને અડે તો દ્રવ્ય નિત્ય રહેતું નથી. અર્થાત્ દ્રવ્ય ક્ષણિક થવાનો પ્રસંગ આવે છે પણ તેમ બનતું નથી.

## અનિત્ય પર્યાય ઉપરનું લક્ષ છોડ ને નિત્ય દ્રવ્યનું લક્ષ કર.

જેમ ૧૮મા બોલમાં કહ્યું હતું કે અભેદ આત્મામાં ભેદનો અભાવ છે તેથી અભેદ આત્મા ગુણભેદને સ્પર્શતો નથી. તેમ અહીં નિત્ય જ્ઞાનાનંદ શુદ્ધસ્વભાવી આત્મા જે ત્રિકાળી છે તે એક સમયની અનિત્ય નિર્મળ પર્યાયને સ્પર્શતો નથી. એમ કહી નિર્મળ પર્યાય જે અનિત્ય છે તેના ઉપરનું લક્ષ છોડાવી નિત્ય દ્રવ્ય જે શુદ્ધ એકરૂપ અભેદ પડ્યું છે તેના ઉપર દ્રષ્ટિ કરાવવાનું પ્રયોજન છે.–નિર્મળ પર્યાય જેટલો તારો આત્મા નથી, તું તો ત્રિકાળી શુદ્ધ છો. તે ઉપર લક્ષ કર તો સમ્યગ્દર્શન થશે ને નિત્યના લક્ષે જ નિર્મળતા વધીને પરિપૂર્ણ નિર્મળતા થશે એમ કહેવાનો આશય છે.

અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિં, લિંગ = પર્યાય, ગ્રહણ = જ્ઞાનની નિર્મળ પર્યાય. તે જેને નથી એટલે શુદ્ધ દ્રવ્ય જ્ઞાનની એક સમયની નિર્મળ પર્યાય જેટલું નથી પણ નિત્ય સદ્રશ સામાન્ય એકરૂપ છે એમ તું સ્વજ્ઞેયને જાણ.

આવી રીતે સ્વજ્ઞેયનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં, તે ધર્મનું કારણ છે.

## (૨૦) તારી શુદ્ધપર્યાય ત્રિકાળી સામાન્ય ગુણને સ્પર્શતો નથી એમ સ્વજ્ઞેયને તું જાણ.

લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ સામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા, દ્રવ્યથી નહિ આલિંગિત એવો, શુદ્ધપર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

સમયગ્જ્ઞાનનો પર્યાય ત્રિકાળી જ્ઞાનગુણને સ્પર્શતો નથી, એમ અહીં કહેવું છે. લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ, ગ્રહણ એટલે અર્થાવબોધ, સામાન્ય એટલે ત્રિકાળી જ્ઞાનગુણ, પ્રત્યભિજ્ઞાન એટલે કે આ તે જ છે. એવું જે જ્ઞાન તે પ્રત્યભિજ્ઞાન છે. એવા પ્રત્યભિજ્ઞાનનું કારણ સામાન્ય ત્રિકાળી ગુણ છે. આત્મા તે સામાન્ય ત્રિકાળી ગુણને નહિ સ્પર્શતો એવો શુદ્ધ પર્યાય છે–એમ કહેવું છે.

સમ્યગ્જ્ઞાનની પર્યાય જે છે તે શરીરને લીધે નથી, શુભભાવને લીધે નથી તેમ જ ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્ય જે શક્તિરૂપ છે તેને લીધે પણ નથી. જો તે પર્યાય દ્રવ્યને લીધે છે એમ કહો તો પર્યાયનું ‘છે પણું’ રહેતું નથી.

૧૮મા બોલમાં કહ્યું હતું કે આત્મદ્રવ્ય સામાન્ય અભેદ છે. તે ગુણભેદવિશેષને સ્પર્શતું નથી. ૧૯મા બોલમાં કહ્યું હતું કે આત્મદ્રવ્ય સામાન્ય તે પર્યાયના ભેદ–વિશેષને સ્પર્શતું નથી. ૨૦મા બોલમાં એનાથી ઝીણી વાત છે. સાધકદશામાં જે સમ્યગ્જ્ઞાનની પર્યાય છે અથવા મોક્ષમાં કેવળજ્ઞાનની જે પર્યાય છે તે વિશેષ છે. તે વિશેષ, શુભભાવ અથવા શરીરના આધારે તો નથી જ, પણ તે ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્ય એકરૂપ છે તેને લીધે પણ નથી. શુદ્ધ પર્યાય જે વિશેષ છે તે સામાન્યના આધારે પ્રગટે એમ માનવામાં આવે તો વિશેષ જે નિરાલંબી તત્ત્વ છે તેની સ્વાધીનતા રહેતી નથી, પરાધીન થઈ જાય છે ને શુદ્ધ પર્યાય જે ‘છે’ તે ‘છે’નો અભાવ થઈ જાય છે માટે શુદ્ધપર્યાય જે છે તે ધ્રુવ સામન્યને અડતી નથી–સ્પર્શતી નથી–ચૂંબતી નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શુદ્ધ પર્યાય ‘છે’ એમ કહીને પર્યાયનો આશ્રય તો કરાવવો નથી ને ?

ઉત્તર :–ના. પર્યાયનો આશ્રય કરાવવો નથી. નિર્વિકારી પર્યાય જે વિશેષ છે તે સામાન્યના આધારે નથી એમ કહેવું છે. નિરપેક્ષતા સાબિત કરવી છે.

નિર્વિકારી જ્ઞાનપર્યાય સામાન્ય જ્ઞાનગુણને અડતી હોય તો સામાન્ય ને વિશેષ એક થઈ જાય છે, જુદાં રહેતાં નથી. નિર્વિકારી પર્યાયમાં ધ્રુવ સામાન્યનો અભાવ છે. તેથી આત્મા એવી ત્રિકાળી જ્ઞાનશક્તિને નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે.

## શુદ્ધપર્યાય અહેતુક છે.

એક તરફ ત્રિકાળી સામાન્ય જ્ઞાનગુણ છે, બીજી તરફ જ્ઞાનની નિર્મળ પર્યાય છે. બન્ને એકી સમયે છે, સમયભેદ નથી. એક સમયની પર્યાયમાં ત્રિકાળીગુણનો અભાવ છે. આ રીતે શુદ્ધ પર્યાય અહેતુક છે, અકારણીય છે, તેને કોઈ કારણ નથી.

૧. વીતરાગી નિમિત્તો મળ્યાં માટે શુદ્ધપર્યાય પ્રગટી, એમ કોઈ કહે તો તે સ્વતંત્ર રહેતી નથી, પરાધીન થઈ જાય છે.

૨. શુભરાગ ને વ્યવહાર છે માટે શુદ્ધ પર્યાય પ્રગટી એમ કોઈ કહે તો પણ તે સ્વતંત્ર રહેતી નથી, પરાધીન થઈ જાય છે.

૩. ત્રિકાળી જ્ઞાનગુણ સામન્ય છે માટે સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટી એ પણ બરાબર નથી કારણ કે શુદ્ધપર્યાય 'છે' એમ રહેતું નથી. શુદ્ધપર્યાય ન હતી ને પ્રગટી એમ કહેવું તે 'છે'ની સાથે વિરોધ પામે છે.

આ પ્રમાણે અલિંગગ્રહણ એટલે સમ્યગ્જ્ઞાનની શુદ્ધ પર્યાય જે ત્રિકાળી સામાન્યગુણને નહિ સ્પર્શતી–એ જ આત્મા છે. આત્મા શુદ્ધ પર્યાય છે. આવો શુદ્ધ પર્યાય એ જ તારો આત્મા છે એમ સ્વજ્ઞેયને જાણ.

આમ સ્વજ્ઞેયને યથાર્થ જાણવું તે ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૨૫

## પ્રવચનસાર ગાથા ૧૭૨

(મહા વદ ૯, શુક્રવાર)

આજે આ ૧૮–૧૯–૨૦ બોલ ફરીથી લેવાય છે.

## (૧૮) આત્મા ગુણભેદથી નહિ સ્પર્શાએલ એવું શુદ્ધદ્રવ્ય છે એમ સ્વજ્ઞેયને જાણ.

આ આત્મા કેવો છે કે જે જાણ્યે ધર્મ થાય ? ધર્મ કરનારો આત્મા છે. ધર્મ કરનારમાં શાંતિ છે કે બહારથી આવે છે ? કરનાર કહો કે ધર્મરૂપે થનાર કહો–એક જ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય તે ધર્મ છે. આત્માને જાણવાથી અવિકારી પરિણામ થાય ને ધર્મ થાય. હે શિષ્ય ! તું આત્માને અલિંગગ્રહણ જાણ. કોઈ ચિહ્ન દ્વારા તે ઓળખી શકાય એવો નથી. એવા ૨૦ પ્રકાર જે કહ્યા છે તેવો આત્માને જાણ તો તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય પ્રગટ થાય તેમ છે.

પાંચ લાખ રૂપિયા કેવી રીતે પેદા થાય તેની રીત કોઈને બતાવવામાં આવે તો કેવી ગરજથી સાંભળે છે ? તે રૂપિયા તો જડ છે. તેને મીઠા માની મમતા કરે છે. તે મમતા પૈસામાં નથી તેમ જ આત્મામાં પણ નથી. અજ્ઞાની જીવ મમતા નવી ઊભી કરે છે. આત્મવસ્તુમાં કૃત્રિમતા નથી, કૃત્રિમતા નવી નવી ઊભી કરે છે. તેને ટાળી સ્વભાવસન્મુખ થવાથી સમકિતની નવી પર્યાય પ્રગટ થાય છે. કેવા ચૈતન્ય આત્મા ઉપર દ્રષ્ટિ કરવાથી તે પ્રગટ થાય તેમ છે ? આત્મા કોણ છે ? તે આ બોલમાં કહે છે.

હે ભવ્ય ! તું આત્માને અલિંગગ્રહણ જાણ એમ કુંદકુંદાચાર્યદેવ કહે છે. આ ૧૮મા બોલમાં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = ગુણ, ગ્રહણ = અર્થાવબોધ અથવા જ્ઞાન. લિંગ અને ગ્રહણના અર્થો જુદા પાડ્યા છે. જુઓ, લિંગનો અર્થ તો ગુણ કહ્યો છે પણ તે ગુણ તો સામાન્ય થયા. ગુણ તો ઘણા છે. તેમાંથી ક્યાં ગુણો ? -તો કે જ્ઞાનગુણ. ગ્રહણ શબ્દમાંથી જ્ઞાનગુણ કાઢેલ છે. એટલે આત્મા કે જેને જ્ઞાનગુણ નથી એટલે કે જેમાં જ્ઞાન ગુણ ને ગુણી એવો ભેદ નથી તે આત્મા શુદ્ધ દ્રવ્ય છે.

૧. શરીર, મન, વાણીની ક્રિયા તો આત્મામાં નથી કારણ કે તે તો અજીવ પદાર્થ છે. માટે તેના લક્ષે ધર્મ થઈ શકે નહિ.

૨. દયા, દાન, કામ, ક્રોધ આદિના ભાવો તે ઔપાધિકભાવ છે, કૃત્રિમ છે. તે વસ્તુસ્વરૂપમાં નથી માટે તેના લક્ષે ધર્મ થાય નહિ.

૩. આત્મા અનંતગુણરૂપ એક અભેદ વસ્તુ છે. તે અભેદ વસ્તુમાં આ જ્ઞાનગુણ છે એવો ભેદ પાડે તો વસ્તુ અભેદ રહેતી નથી. એવા ભેદને લક્ષે પણ ધર્મ થતો નથી તેથી અહીં કહે છે કે અભેદ આત્મા એક જ્ઞાનગુણને સ્પર્શતો નથી. એમ તું આત્માને જાણ.

આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેય આત્મપદાર્થ કેવો છે કે જેની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય? સમ્યગ્દર્શન એટલે પ્રથમ ધર્મ–અનાદિકાળથી નહિ થયેલો અપૂર્વ સમ્યગ્દર્શનરૂપી ધર્મ કેવો આત્મા શ્રદ્ધામાં લેવાથી થાય ?

## આત્મસ્વરૂપથી વિપરીત માન્યતાવાળો અજૈન છે, મિથ્યાદ્રષ્ટિ છે.

૧. આત્મામાં પર વસ્તુનો તો અભાવ છે માટે જે જીવ આત્માને શરીરવાળો કે કર્મવાળો માને તે તો મિથ્યાદ્રષ્ટિ છે.

૨. વળી આત્મામાં શુભાશુભ પરિણામ થાય છે તે તો પુણ્ય-પાપ તત્ત્વ છે તેને જીવતત્ત્વ માને તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

૩. આત્મા એક અભેદ વસ્તુ છે. તેમાં આ જ્ઞાનગુણ છે ને આ જ્ઞાનગુણનો ધરનાર ગુણી છે એવા ભેદ પાડીને તેમાં અટકે તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

તેથી આ બોલમાં કહે છે કે અભેદ આત્મા જ્ઞાનગુણને સ્પર્શતો નથી, અલિંગતો નથી, અડતો નથી, એકરૂપ શુદ્ધ અસંગી તત્ત્વ છે. શરીર, મન, વાણી, કર્મ વિનાનો શુભાશુભ પરિણામ જેટલો નહિ તેમ જ ગુણભેદમાં અટકે તેવો પણ નહિ; શુદ્ધ અભેદ એકાકાર પરિપૂર્ણ આત્મા છે. તેને દ્રષ્ટિમાં લેવો—શ્રદ્ધામાં લેવો તે સમ્યક્દર્શન છે.

## પરના અભાવસ્વભાવવાળો આત્મા.

૧. શરીર, મન, વાણી, કર્મ, જડ ચીજો તથા બીજા આત્માનો આ આત્મામાં અભાવ છે માટે તે તેનાથી અભાવ સ્વભાવવાળો છે.

૨. પુણ્ય-પાપના ભાવો ત્રિકાળી સ્વભાવમાં નથી માટે આત્મા તેનાથી અભાવસ્વભાવવાળો છે. આત્માને વિકારવાળો માનવાથી સાચી શ્રદ્ધા થતી નથી.

૩. સામાન્યમાં વિશેષનો અભાવ છે. સામાન્ય પદાર્થ વિશેષને સ્પર્શે તો સામાન્ય ને વિશેષ એક થઈ જાય. સામાન્ય–વિશેષના ભેદરહિત અભેદ એકાકાર આત્મા તે શુદ્ધ દ્રવ્ય છે.

આ ગાથામાં લિંગનો અર્થ ગુણ કર્યો છે. પણ ગુણો તો ઘણા છે તેથી ગ્રહણ શબ્દનો અર્થ જ્ઞાન કર્યો છે. અભેદ આત્મા જ્ઞાનગુણને સ્પર્શતો નથી.

અનાદિથી અજ્ઞાની જીવ માને છે કે એક શરીર બીજા શરીરને અડે છે, એક આત્મા શરીરને અડે છે, કર્મને અડે છે. અને બીજા આત્માને અડે છે.

ત્રિકાળી સ્વભાવ વિકારને અડે છે અને ગુણભેદને અડે છે પણ આ બધી માન્યતા ભૂલભરેલી છે. એકનો બીજામાં અભાવ હોવાથી એકબીજાને અડતું નથી.

આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે. વસ્તુ અભેદ છે તેમાં ગુણ–ગુણીના ભેદ પડતા નથી. સમ્યગ્દર્શનનો વિષય આખો આત્મા છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

આત્મા અભેદ–એકરૂપ વસ્તુ છે, તે જ્ઞાનવિશેષને અડતો નથી. તેને જાણ્યા વિના ધર્મ થાય નહિ. ધર્મ ધર્મીમાંથી આવે છે. અભેદ એકરૂપ આત્માની શ્રદ્ધા કરવાથી નવી ધર્મપર્યાય પ્રગટે છે.

## ત્રિકાળી અભેદ સ્વભાવમાં જ્ઞાનાદિ ગુણભેદનો અભાવ છે.

અભેદ આત્મા જ્ઞાન આદિ ગુણભેદને સ્પર્શતો નથી ને આમાં દ્રવ્યનો જ્ઞાનગુણમાં અભાવ છે. બે વસ્તુ હોય તેમાં અભાવ બતાવાય. જો વસ્તુ ન જ હોય તો અભાવ બતાવી શકાય નહિ. માટે આત્મામાં જ્ઞાન આદિનો ગુણભેદ છે. ગુણભેદ જ કોઈ ન માને તો તેનો વ્યવહાર જ સાચો નથી. ભેદ અને અભેદરૂપ વસ્તુ એકી સમયે છે. એમ વ્યહારે જ્ઞાન કરાવ્યા પછી અભેદ દ્રવ્યમાં જ્ઞાનગુણના ભેદનો અભાવ બતાવાય છે. ભેદના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી પણ અભેદના લક્ષે સમ્યક્દર્શન થાય છે.

આ પ્રમાણે ગુણભેદથી નહિ સ્પર્શાએલો અભેદ આત્મા તારું સ્વજ્ઞેય છે એમ તું જાણ. આમ શ્રદ્ધા–જ્ઞાન કરવાથી ધર્મ થાય છે.

## (૧૯) આત્મા જ્ઞાન પર્યાયવિશેષથી નહિ સ્પર્શાએલું શુદ્ધદ્રવ્ય છે એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ વિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

અહીં લિંગ એટલે કે પર્યાય પણ પર્યાયો તો અનંત છે તેથી ગ્રહણનો અર્થ જ્ઞાનની પર્યાય લીધો છે. તે જેને એટલે કે આત્માને નથી તે શુદ્ધ દ્રવ્ય છે. અહીં આત્માને જ્ઞાનનો પર્યાય નથી એટલે કે શુદ્ધદ્રવ્ય એક પર્યાય જેટલું નથી, ત્રિકાળી દ્રવ્યમાં ક્ષણિક પર્યાયનો અભાવ છે એમ કહેવું છે.

સમ્યગ્દર્શન કોના આશ્રયે પ્રગટે છે, તે કહે છે.

૧. ત્રિકાળી સ્વભાવ જો નિમિત્તનો આશ્રય કરે તો એકતાબુદ્ધિ થાય છે, સમ્યગ્દર્શન થતું નથી.

૨. ત્રિકાળી સ્વભાવ જો દયાદાનાદિનો આશ્રય કરે તો આત્મા વિકારી થઈ જાય અને તેથી ધર્મ થવાનો પ્રસંગ રહે નહિ.

૩. ત્રિકાળી સ્વભાવ જો નિર્મળ પર્યાય જેટલો માને તો પણ ધર્મ થતો નથી.

(૧) શુદ્ધ સ્વભાવ ત્રિકાળી છે ને પર્યાય એક સમયની છે.

(૨) શુદ્ધ સ્વભાવ અંશી છે ને પર્યાય તે અંશ છે.

(૩) સ્વભાવ સામાન્ય છે ને પર્યાય તે વિશેષ છે.

અંશી સ્વભાવ અંશને અડે તો અંશી ને અંશ જુદા રહેતા નથી. તે વસ્તુસ્વરૂપથી વિપરીત છે માટે આત્મા જ્ઞાનપર્યાયથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે.

## પોતાના સ્વભાવનું અખંડપણું ભૂલી અજ્ઞાની જીવ પરમાં અખંડપણું કલ્પે છે.

જેમ લૌકિકમાં કોઈને ત્યાં પાંચ કરોડ રૂપિયાની મૂડી હોય તો તેના દીકરા, દીકરી, દીકરાની વહુ–જે હોય તે બધા એમ માને કે અમે પાંચ કરોડના આસામી છીએ. ઘરના ૨૫ જણા હોય તેમાં એક જણાને તો પચીસમાં ભાગે મૂડી આવવાની છે છતાં કહે છે કે અમે પાંચ કરોડના આસામી છીએ. ત્યાં ખંડ પાડવો પાલવતો નથી, કેમ કે ત્યાં રુચિ પડી છે. તેમ અંતરસ્વભાવ આખા દ્રવ્યને લક્ષમાં લ્યે તેવો છે. તે ખંડખંડ દશાને કે અધૂરી દશાને લક્ષમાં લ્યે તેવો નથી. પણ પોતે અખંડ વસ્તુ છે. તે પરપદાર્થથી રહિત, વિકારથી રહિત, ગુણભેદથી રહિત, નિર્મળ પર્યાયના ભેદથી રહિત છે. તેનું ભાન નથી તેથી બહારના સંયોગો કે જે કોઈ કાળે અખંડપણે પોતા સાથે રહે તેવા નથી તેમાં અખંડપણાની કલ્પના કરે છે. તે સંયોગો કોઈ કાળે તેના થાય તેમ નથી ને અખંડપણે તેની સાથે રહે તેવા છે જ નહિ. છતાં અજ્ઞાની તેમાં અખંડપણું માની સુખ મેળવવા માગે છે તે તેનો મોહ છે ને સંસારનું કારણ છે.

## ધર્મની રુચિવાળા જીવે ત્રિકાળી સ્વરૂપની શ્રદ્ધા કરવી જોઈએ.

માટે જેણે સંસારનો નાશ કરવો હોય તેણે અખંડ સ્વભાવની શ્રદ્ધા કરવી જોઈએ. જે સ્વભાવમાં વિકારનો અભાવ છે, જે સ્વભાવમાં ગુણભેદ નથી તેમ જ જે સ્વભાવ નિર્મળ જ્ઞાનપર્યાય જેટલો નથી પણ ત્રિકાળી એકરૂપ છે, જે નિત્યાનંદ ધ્રુવ વસ્તુ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન ને ધર્મ થાય છે.

આ વાત સમજ્યા વગર, ત્રિકાળી સ્વભાવને લક્ષમાં લીધા વગર, બાહ્ય ક્રિયાકાંડમાં જે જીવ ધર્મ માને છે તેને ધર્મ થતો નથી.

૧. જિનમંદિર આદિ જડ પદાર્થો છે તેને આત્મા કરી શકતો નથી છતાં તેની ક્રિયા આત્મા કરી શકે એમ માને તો મિથ્યાત્વ થાય છે.
૨. વળી જિનમંદિરને લીધે રાગ થયો અથવા રાગ થયો માટે જિનમંદિર થયું એમ માને તો મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે.
૩. જિનમંદિરનો શુભરાગ થયો માટે જીવને ધર્મ થશે એમ માને તો મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે.
૪. પર્યાય ઉપર દ્રષ્ટિ રાખે પણ અખંડ દ્રવ્યને ખ્યાલમાં ન લ્યે તો પણ મિથ્યાત્વ થાય છે.

## ત્રિકાળી શુદ્ધસ્વભાવસામાન્યમાં નિર્મળ જ્ઞાનપર્યાયવિશેષનો અભાવ છે.

માટે જીવે જેમ છે તેમ આત્મા ખ્યાલમાં લેવો જોઈએ. આ બોલમાં નિર્મળ પર્યાયથી નહિ સ્પર્શાએલું એવું શુદ્ધ દ્રવ્ય કહેવું છે. એટલે ત્રિકાળી દ્રવ્યમાં વર્તમાન જ્ઞાનપર્યાયનો અભાવ છે તો ત્રિકાળીમાં જ્ઞાનપર્યાયનો અભાવ છે. તે અભાવ ક્યારે કહેવાય ? બે વસ્તુ છે એમ બતાવીને અભાવ કહેવાય. અહીં શુદ્ધપર્યાય ભવિષ્યમાં પ્રગટવાની છે એમ લેવું નથી કારણ કે જે વર્તમાનમાં ન હોય તેની સાથે અભાવ વર્તે છે એમ કહી શકાતું નથી. પણ ત્રિકાળી દ્રવ્ય જે સમયે છે તે જ સમયે શુદ્ધજ્ઞાનપર્યાય છે, આગળપાછળ નથી, એમ વ્યવહારે પર્યાય સાબિત કરી છે. 'છે' તેનું જ્ઞાન કરાવેલ છે. પછી કહ્યું છે કે શુદ્ધ જ્ઞાનપર્યાય વર્તમાન જેટલી છે ને વર્તમાનનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે.

નિર્મળ પર્યાય તે અંશ છે. તેના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી પણ અંશી એવા આત્માના લક્ષે સમ્યગ્દર્શન થાય છે તેથી જ્ઞાનની પર્યાય જે અંશ છે તેનો, અંશી એવા આત્મામાં અભાવ બતાવી અંશી શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે. આત્મા સામાન્ય છે ને પર્યાય વિશેષ છે. સામાન્યમાં વિશેષનો અભાવ છે, એમ કહી સામાન્ય દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે.

આ બોલમાં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = પર્યાય, ગ્રહણ = જ્ઞાનનો પર્યાય. જ્ઞાનનો પર્યાય જેને નથી એટલે આત્મા શુદ્ધ જ્ઞાનના પર્યાયને અડતો નથી, સ્પર્શતો નથી એવું શુદ્ધદ્રવ્ય છે એમ સ્વજ્ઞેયને જાણ.

આવું સ્વજ્ઞેય શ્રદ્ધા-જ્ઞાનમાં લેવું તે ધર્મનું કારણ છે.

## (૨૦) આત્મા સામાન્ય ત્રિકાળી જ્ઞાનગુણથી નહિ સ્પર્શાએલો એવો શુદ્ધપર્યાય છે એમ સ્વજ્ઞેયને જાણ.

લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધપર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

પહેલાં પ્રત્યભિજ્ઞાનનો અર્થ કહેવાય છે. આત્મામાં અનંતગુણો છે. તેમાં સમયે સમયે અવસ્થા થાય છે. ગુણો કાયમ રહે છે. પ્રત્યભિજ્ઞાન તે એક સમયની જ્ઞાનની પર્યાય છે. આ તે જ વસ્તુ છે જે પૂર્વે જોઈ હતી તેવા જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. તે પ્રત્યભિજ્ઞાનની પર્યાયનું કારણ ત્રિકાળી જ્ઞાન ગુણ સામાન્ય છે.

આત્મા ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્યથી નહિ સ્પર્શાએલો શુદ્ધપર્યાય છે, અવિકારી જ્ઞાનની પર્યાય ત્રિકાળી ગુણના આધારે પ્રગટતી નથી, તેને સામાન્યનો આધાર નથી એમ અહીં સાબિત કરવું છે.

જુઓ અહીં ઝીણી વાત લેવી છે. અઢારમાં બોલમાં એમ કહ્યું હતું –ત્રિકાળી દ્રવ્ય સામાન્ય તે જ્ઞાન ગુણ ભેદને અડતું નથી. આત્મામાં જ્ઞાનગુણનો ભેદ નથી. એટલે કે આત્મા સામાન્ય અભેદરૂપ છે, એમ કહ્યું હતું. ઓગણીસમાં બોલમાં એમ કહ્યું હતું.–ત્રિકાળી જ્ઞાનગુણમાં જ્ઞાનની પર્યાય નથી એટલે કે સામાન્યમાં વિશેષ નથી. સામાન્યમાં વિશેષનો અભાવ છે એમ કહ્યું હતું. અહીં વીસમા બોલમાં કહે છે કે એક સમયની પર્યાયમાં જ્ઞાનગુણ ત્રિકાળીનો અભાવ છે. જ્ઞાનગુણની પર્યાય ત્રિકાળી જ્ઞાનગુણના આધારે નથી, વિશેષ તે સામાન્યના આધારે નથી. એક સમયની સમ્યગ્જ્ઞાનની પર્યાય અથવા કેવળજ્ઞાનની પર્યાય તે નિરપેક્ષ છે. ત્રિકાળી ગુણના આધારે પ્રગટતી નથી એમ નિરપેક્ષતા બતાવવી છે. આ રીતે આત્મા ત્રિકાળી જ્ઞાનગુણથી નહિ સ્પર્શાએલો એવો શુદ્ધ પર્યાય છે, એમ અહીં બતાવવું છે.

નિર્વિકારી જ્ઞાનની પર્યાય પ્રગટવાની છે તેની વાત અહીં નથી. શુદ્ધ પર્યાય 'છે' તેની વાત છે. શુદ્ધપર્યાય તે વિશેષ છે. વિશેષ 'છે' એમ કહેતાં જ તે ત્રિકાળી જ્ઞાનગુણ સામાન્યના આધારે નથી એમ નક્કી થાય છે. પદાર્થ 'છે' એમ કહેતાં જ તે પરથી નથી એમ નક્કી થાય છે. પર્યાય 'છે' એમ કહો ને પછી પરથી 'છે' એમ કહો તો તેનું 'છે'પણું સાબિત થતું નથી. વિશેષની અપેક્ષાએ સામાન્ય પર છે કારણ કે વિશેષ તે સામાન્ય નથી.

સામાન્યના આધારે વિશેષ માનવામાં આવે તો વિશેષ નિરપેક્ષ સાબિત થતું નથી. વિશેષને પરાધીન માને તો પરાધીન દશા થાય છે તે પર્યાયબુદ્ધિ છે.

આત્મા અનાદિનો દ્રવ્યે શુદ્ધ છે ને નિર્મળપર્યાય તેના લક્ષે પાછળથી પ્રગટ થાય છે માટે પર્યાયમાં દ્રવ્યનો અભાવ વર્તે છે, એમ અહીં બતાવવું નથી. અહીં તો પ્રગટેલી શુદ્ધ પર્યાય છે તેની વાત છે. શુદ્ધ પર્યાય પૂર્વે ન હતી ને પછી દ્રવ્યના આશ્રયે પ્રગટ થઈ માટે પર્યાયમાં દ્રવ્યનો અભાવ વર્તે છે, એમ કોઈ દલીલ કરે તો તે દલીલ ખોટી છે, તે વાત જ અહીં લેવી નથી. અહીં તો નિરપેક્ષ કથન કરવું છે. શુદ્ધપર્યાય પૂર્વે ન હતી ને પછી પ્રગટ થઈ એવો પ્રશ્ન રહેતો નથી. નિરપેક્ષ કહો ને સામાન્યના આધારે કહો તો નિરપેક્ષપણું સ્વતંત્ર રહેતું નથી. વળી શુદ્ધ પર્યાયમાં ત્રિકાળી સામાન્ય જ્ઞાનગુણનો અભાવ છે, એટલે કે વિશેષમાં સામાન્યનો અભાવ છે. તો અભાવ શેમાં બતાવાય ? બે વસ્તુ વર્તમાનમાં હોય તેમાં અભાવ બતાવાય. જો વસ્તુ ન જ હોય તો અભાવ બતાવી શકાય નહિ.

જેમ ૧૮મા બોલમાં કહ્યું હતું કે દ્રવ્ય અભેદ છે. **તે જ સમયે** જ્ઞાનાદિ ગુણભેદ છે ખરો પણ અભેદ સ્વભાવમાં જ્ઞાનાદિ ગુણભેદનો અભાવ છે માટે દ્રવ્ય જ્ઞાનને સ્પર્શતું નથી.

૧૯મા બોલમાં કહ્યું હતું કે ગુણો સામાન્ય છે. **તે જ સમયે** જ્ઞાનની નિર્મળપર્યાય છે પણ સામાન્ય શક્તિસ્વરૂપ ગુણમાં જ્ઞાનની નિર્મળ પર્યાયનો અભાવ છે. એટલે સામાન્યમાં વિશેષનો અભાવ છે માટે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી.

અહીં ૨૦મા બોલમાં એમ કહે છે કે શુદ્ધ પર્યાય છે **તે જ સમયે** ત્રિકાળી ધ્રુવ જ્ઞાનગુણ છે. પણ જ્ઞાનની શુદ્ધ પર્યાયમાં જ્ઞાનના ધ્રુવ સામાન્યપણાનો અભાવ છે એટલે કે વિશેષમાં સામાન્યનો અભાવ છે માટે શુદ્ધપર્યાય સામાન્ય જ્ઞાનગુણને સ્પર્શતી નથી.

શુદ્ધ પર્યાયમાં સામાન્યનો અભાવ છે કારણ કે વિશેષમાં સામાન્યનો અભાવ ન હોય તો વિશેષ ને સામાન્ય એક થઈ જાય પણ વસ્તુસ્વરૂપ એવું નથી. વિશેષ વિશેષથી જ છે, સામાન્યથી નથી.

વિશેષ નિરપેક્ષ છે તે સાબિત કરવું છે.

૧૮–૧૯–૨૦ બોલમાં બબ્બે પ્રકારને વર્તમાન સિદ્ધ કરીને એકબીજાને અડતો નથી એમ કહી અભેદની શ્રદ્ધા કરાવવી છે.

૧૮મા બોલમાં ગુણભેદનો ગુણીમાં અભાવ બતાવી અભેદ ગુણી સમ્યગ્દર્શનનો વિષય થાય છે એમ બતાવ્યું.

૧૯મા બોલમાં પ્રગટેલી સમ્યગ્જ્ઞાનની પર્યાય છે તેને સામાન્ય ધ્રુવ જ્ઞાતાદ્રષ્ટા સદ્રશ સ્વભાવ અડતો નથી એમ બતાવી સામાન્ય ધ્રુવ સદ્રશ સ્વભાવરૂપ આત્મા સમ્યગ્દર્શનનો વિષય બતાવ્યો છે.

૨૦મા બોલમાં એમ કહે છે કે વર્તમાન નિર્મળ જ્ઞાન પર્યાય તે ધ્રુવ જ્ઞાનસ્વભાવને અડતો નથી. શુદ્ધપર્યાય વર્તમાન પ્રગટ છે. છે તેની વાત છે. શુદ્ધપર્યાય પૂર્વે ન હતી ને પછી ધ્રુવના લક્ષે પ્રગટશે તે સાપેક્ષતાની વાત જ લેવી નથી. શુદ્ધ પર્યાય છે, છે ને છે. સામાન્ય ધ્રુવ પણ છે. પણ શુદ્ધપર્યાય સામાન્યને લીધે નથી. વિશેષમાં સામાન્યનો અભાવ છે.

૧. શુદ્ધ પ્રગટેલી પર્યાય નિમિત્તો–દેવ-ગુરુ-શાસ્ત્ર આવ્યા માટે પ્રગટી છે એમ નથી.
૨. શુદ્ધ પ્રગટેલી પર્યાય, પુણ્યના શુભભાવ છે માટે પ્રગટી છે એમ નથી.
૩. શુદ્ધ પ્રગટેલી પર્યાય, સામાન્યજ્ઞાનગુણ શક્તિરૂપે છે માટે પ્રગટી છે એમ પણ નથી. શુદ્ધ પર્યાય છે તે નિરપેક્ષ અહેતુક છે.

આમ નક્કી કરતાં નિમિત્તો ઉપરથી ને શુભરાગ ઉપરથી લક્ષ તો છૂટે જ છે, તેમ જ વિશેષ ને સામાન્યના ભેદ ઉપરથી પણ લક્ષ છૂટી એકાકાર વસ્તુ ઉપર લક્ષ થાય છે.

બધા ગુણો અસહાય કહ્યા છે. એક ગુણમાં બીજા ગુણનો અભાવ કહ્યો છે. દર્શનગુણ જ્ઞાનની અપેક્ષા રાખતો નથી ને જ્ઞાનગુણ દર્શનની અપેક્ષા રાખતો નથી. ગુણો અસહાય છે, સ્વતંત્ર નિરપેક્ષ છે. તેવી જ રીતે જ્ઞાનની શુદ્ધ પર્યાય જે પ્રગટ છે તે જ્ઞાનગુણસામાન્યની અપેક્ષા રાખતી નથી. શુદ્ધ પર્યાયમાં ત્રિકાળી જ્ઞાનગુણનો અભાવ છે. એક એક શુદ્ધપર્યાય–સમ્યગ્જ્ઞાનની અથવા કેવળજ્ઞાનની-અસહાય છે, નિરપેક્ષ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે નિરપેક્ષ પર્યાય કહીને શું પર્યાયદ્રષ્ટિ કરાવવી છે ?

ઉત્તર :–ના. પર્યાયદ્રષ્ટિ કરાવવી નથી. સમય સમયની પર્યાય અહેતુક છે. તે નિમિત્તની કે રાગની અપેક્ષા તો રાખતી નથી પણ જ્ઞાનગુણ સામાન્ય છે તેની પણ અપેક્ષા રાખતી નથી, એમ નિરપેક્ષતા બતાવવી છે. શુદ્ધપર્યાયરૂપે પરિણમેલો તે જ આત્મા છે, આત્મા પોતે જ શુદ્ધપર્યાય છે, એમ બતાવી દ્રવ્યદ્રષ્ટિ કરાવવી છે. સામાન્ય તથા વિશેષના ભેદવાળો આત્મા તે સમ્યગ્દર્શનનો ધ્યેય નથી. શુદ્ધપર્યાય તે જ આત્મા છે એમ કહી અભેદ દ્રષ્ટિ કરાવવી છે.

આ પ્રમાણે અહીં અલિંગગ્રહણનો અર્થ : અ = નહિ, લિંગ = પ્રત્યભિજ્ઞાનનું કારણ, ગ્રહણ = જ્ઞાનગુણ ત્રિકાળી સામાન્ય. એટલે જેને જ્ઞાનગુણ સામાન્ય નથી એવો આત્મા તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા ત્રિકાળી જ્ઞાનગુણથી નહિ સ્પર્શાએલો એવો શુદ્ધ પર્યાય છે. આત્મા પોતે જ શુદ્ધપર્યાય છે. આત્મા ને શુદ્ધપર્યાયમાં ભેદ નથી. એમ તારા સ્વજ્ઞેયને પણ આવો સ્વજ્ઞેય આત્માને જાણવો–શ્રદ્ધવો તે ધર્મ છે. ***

# પ્રસાદ નં. ૧૨૭

## પ્રવચનસાર ગાથા ૧૭૫

(મહા વદ ૧૩, સોમવાર)

### ધર્મના ઇચ્છક જીવે પોતાના આત્મામાં સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રનો 'રંગ' લગાડવો જોઈએ.

જેણે ધર્મ કરવો હોય તેણે ધર્મી એવો આત્મા કેવો છે, તે જાણવું જોઈએ. જેમ એક વસ્ત્ર હોય તેને રંગ કરવો હોય તો પ્રથમ તેની મલિનતા કાઢીને રંગમાં આઠ વખત બોળવું જોઈએ, ત્યારે ઘાટો રંગ થાય છે. તેમ આત્મામાં ધર્મરૂપી રંગ ચઢાવવો હોય તેણે આત્માનું સ્વરૂપ શું છે, તે પ્રથમ જાણવું જોઈએ. સાચા દેવ, ગુરૂ, શાસ્ત્ર આત્માને કેવો કહે છે, તે જાણવું જોઈએ. આત્મા વિકારરહિત, ગુણભેદરહિત, સામાન્ય—વિશેષના ભેદરહિત, અખંડ, પરિપૂર્ણ છે તેવી શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શનરૂપી પ્રથમ રંગ છે. સ્વ સ્વભાવમાં વિશેષ એકાગ્રતા કરવી તે ચારિત્રરૂપી બીજો રંગ છે ને વિશેષ લીનતા થતાં શુક્લધ્યાન પ્રગટ કરી કેવળજ્ઞાન પ્રગટાવવું તે ત્રીજો રંગ છે. આવી રીતે આત્માને જાણવાથી ધર્મ થાય છે ને પરિપૂર્ણદશા થાય છે.

આવો અરૂપી, અબંધ આત્મા હોવા છતાં તેને મૂર્તિક કર્મો સાથે સંબંધ કેમ છે, તે વાત આગલી ગાથામાં કહેવાઈ ગઈ છે. આજની ગાથામાં જીવ પોતાના સ્વરૂપને ભૂલીને, પરપદાર્થોમાં અટકીને, રાગ-દ્વેષરૂપ ભાવબંધ કરે છે, તેનું સ્વરૂપ કહે છે :—

### ગાથા ૧૭૫

**વિધવિધ વિષયો પામીને ઉપયોગ–આત્મક જીવ જે,**
**પ્રદ્વેષ–રાગ–વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫.**

**અન્વયાર્થ :**—જે ઉપયોગમય જીવ વિવિધ વિષયો પામીને મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે, તે જીવ તેમના વડે (—મોહ-રાગ-દ્વેષ વડે) બંધરૂપ છે.

### પરપદાર્થો ભાવબંધનું કારણ નથી પણ મમતાભાવ તે જ ભાવબંધ છે.

જીવ પોતાનો સ્વભાવ ચૂકીને જગતના પદાર્થોમાં ઠીક-અઠીક કરી વિકારમાં અટકી જાય છે, તે ભાવબંધ છે—તે સંસાર છે. સંસાર કોઈ બાહ્ય પદાર્થમાં નથી પણ સંસાર પોતાના અજ્ઞાનભાવ ને રાગ-દ્વેષની પર્યાયમાં છે. શરીર નિરોગી હોય તો લાભ થાય ને રોગી હોય તો નુકશાન થાય એમ

અજ્ઞાની મમતાભાવ કરે છે. અનુકૂળ પદાર્થો મળે તો ઠીક ને પ્રતિકૂળ પદાર્થો મળે તો ઠીક નહિ એમ પરમાં ઠીક-અઠીક બુદ્ધિ કરી અજ્ઞાનભાવ સેવે છે ને રાગ-દ્વેષ કરે છે. પોતે જ્ઞાયક સ્વભાવી છે, પરપદાર્થો જ્ઞેય છે, તેમ નહિ માનતાં ઠીક-અઠીકપણું કરી અનુકૂળ વિષયોમાં રાગ કરે છે ને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ કરે છે.

૧. જગતના પદાર્થો છે માટે ભાવબંધ થાય છે—એમ નથી કારણ કે તે પદાર્થો તો ભગવાનના જ્ઞાનમાં જણાય છે છતાં તેમને ભાવબંધ નથી. પણ એ ચીજોથી લાભ–નુકશાન માનીને જે ભ્રાંતિ સેવે છે તેને ભાવબંધ થાય છે.

૨. વળી તે ચીજો પોતાની પાસે એકક્ષેત્રાવગાહ સંબંધે ન હોય તો ભાવબંધ છૂટી જાય—એમ પણ નથી. કારણ કે દ્રવ્યલિંગી મુનિને કાંઈપણ બાહ્યચીજોનો પરિગ્રહ નથી છતાં ભાવબંધ છૂટ્યો નથી. કારણ કે પરપદાર્થ મારા છે ને તેને હું છોડી શકું છું એવી માન્યતા તે ભાવબંધ છે. તે માન્યતા તો તેણે છોડી નથી માટે પદાર્થોના છૂટવાથી ભાવબંધ છૂટતો નથી પણ પર ઉપરનો મમત્વભાવ છૂટવાથી ભાવબંધ છૂટે છે.

ટીકા :—પ્રથમ તો એટલે કે મુદ્દાની વાત—ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે આ આત્મા આખોય ઉપયોગમય છે—દેહદેવળમાં બિરાજતો ચૈતન્ય પ્રભુ છે. એક ડાબલીમાં બહુ મૂલ્યવાન હીરો રાખ્યો હોય તો તે ડાબલી કાંઈ હીરો થઈ જતી નથી. ડાબલી અને હીરો જુદે જુદા છે તેમ શરીરના ડબ્બામાં આ ચૈતન્ય હીરો જુદે જુદો છે. આખો આત્મા ઉપયોગમય છે, જાણવા–દેખવાના સ્વભાવ સ્વરૂપ છે.

## ઉપયોગમય આત્મા કેવડો છે ?

જાણવા દેખવાના સ્વભાવવાળો જીવ તે જીવતત્ત્વ છે. શરીર, કર્મ તે અજીવતત્ત્વ છે. દયા-દાનાદિના શુભભાવ તે પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી તે પાપતત્ત્વ છે. પુણ્ય-પાપ બન્ને આસ્રવ છે. ને તેમાં અટકે છે તે બંધતત્ત્વ છે. પોતના આત્માની શ્રદ્ધા કરી શુદ્ધિ પ્રગટે છે તે સંવરતત્ત્વ છે, વિશેષ લીનતા થતાં શુદ્ધિની વૃદ્ધિ થાય તે નિર્જરાતત્ત્વ છે ને પરિપૂર્ણ શુદ્ધિ થાય તે મોક્ષતત્ત્વ છે. આત્મા કેવડો છે ? પુણ્ય-પાપ, ભાવબંધ જેવડો છે? — ના. પુણ્ય-પાપ, ભાવબંધ તો વિકારી પર્યાય છે, માટે આત્મા તેવડો નથી. સંવર-નિર્જરા જેટલો છે? – ના. સંવર-નિર્જરા તો અધૂરી નિર્મળ પર્યાય છે, માટે આત્મા તેટલો નથી. ત્યારે આત્મા મોક્ષ જેટલો છે ? – ના. મોક્ષ તો એક સમયની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય છે, માટે આત્મા તેટલો નથી.

આત્મા તો અનાદિ-અનંત, એકરૂપ, વિકારરહિત, અપૂર્ણતારહિત, ભેદરહિત, પરિપૂર્ણ, અખંડ ઉપયોગમય છે. વળી ઉપયોગ**મય** કહ્યો છે, ઉપયોગવાળો કહ્યો નથી. ઉપયોગ કહેતાં ચેતનાગુણ ને તે વાળો એટલે તે ગુણનો ધરનારો—એમ ખ્યાલમાં લેતાં ચેતના ને ચેતનાને ધરનારો એવા ગુણગુણીભેદ લક્ષમાં આવે છે ને તે વ્યવહાર છે. જ્યારે ઉપયોગ**મય** છે એમ કહેતાં ચેતનારૂપ-જ્ઞાનદર્શનરૂપ—તેમય અભેદ આત્મા ખ્યાલમાં આવે છે. આવો ઉપયોગમય અખંડ આત્મા શ્રદ્ધામાં લેવો તે સમ્યગ્દર્શન છે.

## ઉપયોગના બે ભેદ.

હવે ઉપયોગના બે ભેદ છે :—

**(૧) સવિકલ્પ :** એટલે ભેદસહિત જાણવું. જેમ કે આ શરીર છે, આ કર્મ છે, આ જીવ છે.—એમ બધાં દ્રવ્યોને તથા ગુણ-પર્યાયોને એકએકને ભેદ પાડી પાડીને જાણવાવાળો જે આત્માનો ઉપયોગ તેને સવિકલ્પ ઉપયોગ કહે છે. તેને જ્ઞાન ઉપયોગ, જ્ઞાનચેતના, સાકાર ઉપયોગ એમ પણ કહેવામાં આવે છે.

**(૨) નિર્વિકલ્પ :**—આત્મામાં રાગરહિત નિર્વિકલ્પદશા થાય છે તેવો અહીં અર્થ નથી. અહીં તો નિર્વિકલ્પ એટલે ભેદ પાડ્યા વગર અવલોકવું—સામાન્ય દેખવું તેને નિર્વિકલ્પ કહે છે. આ શરીર છે ને આ જીવ છે વગેરે કાંઈપણ ભેદ પાડ્યા વગર માત્ર તેનાં હોવાપણાની સામાન્ય સત્તાને ગ્રહણ કરવાનો આત્માનો ઉપયોગ તેને નિર્વિકલ્પ ઉપયોગ કહે છે. જે માત્ર અવલોકન કરે છે તેને દર્શન ઉપયોગ, દર્શનચેતના, નિરાકારઉપયોગ એમ પણ કહેવામાં આવે છે.

આત્મા આવો જ્ઞાન ને દર્શનમય છે.

## ભાવબંધ ઉપયોગમય આત્મામાં નથી.

આચાર્ય ભગવાન કહે છે કે ભાવબંધ આવા ઉપયોગમય આત્મામાં નથી. શરીર, કર્મ વગેરે અજીવ પદાર્થો છે તે ઉપયોગમય આત્મામાં નથી, શુભાશુભભાવો તે પણ ઉપયોગમય આત્મામાં નથી. ભાવબંધ જો આત્મામાં હોય તો આત્મા ભાવબંધમય થઈ જાય ને તો કદી પણ વિકારરહિત થઈ શકે નહિ.

દયા દાનાદિના પરિણામ તે પુણ્યતત્ત્વ છે છતાં તેનાથી હળવે હળવે ધર્મ થશે તેમ માનનાર જીવ પુણ્યને ધર્મ માને છે, તે મિથ્યાત્વ છે. તે ભાવબંધ ઉપયોગમય આત્મામાં છે જ નહિ.

## અજ્ઞાની પરમાં ઠીક-અઠીકની કલ્પના કરી સંસાર ચાલુ રાખે છે.

આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે. તેમાં પોતાની જ્ઞાનશક્તિના કારણે જુદાજુદા પદાર્થો દેખાય છે. તે પદાર્થોનો જણાવાનો સ્વભાવ છે ને પોતાનો જાણવાનો સ્વભાવ છે પણ અજ્ઞાની જીવ જાણવાના સ્વભાવને ચૂકીને કુટુંબના માણસો અનુકૂળ હોય તો ઠીક પડે ને શરીરમાં રોગ હોય તો ઠીક ન પડે, પૈસા હોય તો ઠીક પડે ને ગરીબાઈ ઠીક ન પડે—એમ ભ્રાંતિ-મોહ ઉત્પન્ન કરે છે ને અનુકૂળ પદાર્થોમાં રાગ કરે છે ને પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ કરે છે. તે બધા પદાર્થો તો જ્ઞાનમાં જણાવાયોગ્ય છે પણ અજ્ઞાની જીવ તેને મારા માની સુખદુઃખની કલ્પના કરે છે, તેને મિથ્યાત્વશલ્ય કહે છે. આનું નામ સંસાર છે. સંસાર એક જ સમયનો છે ને તે અજ્ઞાનના કારણે પ્રવાહરૂપે ચાલુ રાખે છે.

## ભાવબંધ જ્ઞેય છે. તેને જાણવાનું ફળ.

આ જ્ઞેય અધિકાર છે. ભાવબંધ અથવા સંસાર પણ જ્ઞેય છે. તે પણ પ્રતિભાસ્ય છે–જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ છે. ભાવબંધ પર્યાયમાં અજ્ઞાનના કારણે છે. પરપદાર્થોમાં ભાવબંધ નથી, કર્મે ભાવબંધ કરાવ્યો નથી. તેમ જ તે ભાવબંધ ઉપયોગમય આત્મામાં નથી. ભાવબંધ તે એક સમયની અજ્ઞાનથી થયેલી રાગ-દ્વેષની પર્યાય છે, તે અધર્મ ને અનર્થનું કારણ છે, એમ યથાર્થ જ્ઞાન કરી તે ભાવબંધ ઉપયોગમય અબંધ આત્મામાં નથી તેમ પણ સાથે સાથે જ્ઞાન કરી તે ઉપયોગમય આત્માનો આશ્રય લેવામાં આવે તો પર્યાયમાં થતો ભાવબંધ અટકે ને ધર્મની પર્યાય પ્રગટે.

***

# પ્રસાદ ૧૨૮

## પ્રવચનસાર ગાથા ૧૭૫

(મહા વદ ૧૪, મંગળવાર)

### વસ્તુસ્વરૂપ સમજવાથી ધર્મ થાય છે.

ભક્તિનો ભાવ પુણ્ય છે, વિકાર છે, અધર્મ ભાવ છે, ઉપાદેય નથી. અશુભ ભાવથી બચવા શુભ આવે છે પણ શુભ આદરણીય નથી કારણ કે તે ભાવ શાંતિને લૂંટનારો છે. રાગને ઉપાદેય માને ને ધર્મનું કારણ માને તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. જીવતત્ત્વને યથાર્થ માને તો ધર્મ થાય. જીવ તો ઉપયોગમય છે, જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે, એવા શ્રદ્ધા-જ્ઞાન કરે તો ધર્મ થાય.

### સાચી સમજણ વિના સંસારમાં રખડ્યો છે.

આવી સાચી સમજણ વિના તત્ત્વનો વિરોધ કરી જીવે નિગોદના અનંત ભવ કર્યા, ક્રૂર પરિણામ કરી નરકમાં પણ જીવ ઘણીવાર ગયો, વળી સાક્ષાત્ ભગવાન પાસે ભક્તિ કરી, મણિરત્નના દીવાથી આરતી ઉતારી, ને દ્રવ્યલિંગી મુનિ થઈ પાંચ મહાવ્રતાદિના ઉત્કૃષ્ટ શુભ પરિણામ કરી નવમી ગ્રૈવેયક સુધી ગયો. આવી રીતે શુભાશુભ ભાવ ઘણીવાર કર્યા પણ આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, ઉપયોગમય છે—તેવી શ્રદ્ધા કરી નથી ને તેથી ધર્મ થયો નહિ પણ સંસારનું પરિભ્રમણ ચાલુ રહ્યું છે.

### જ્ઞેયોમાં અનુકૂળતા-પ્રતિકૂળતા કલ્પીને અજ્ઞાની જીવ પર્યાયમાં ભાવબંધ કરે છે.

આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે. તેમાં જુદા જુદા પદાર્થો પ્રતિભાસ પામે છે. બધા પદાર્થો તેમાં જણાવાયોગ્ય છે પણ અજ્ઞાની જીવ અજ્ઞાનના કારણે મોહભાવ કરે છે. "શરીર મારું છે, મારાથી શરીર ચાલે છે, મારાથી વાણી નીકળે છે. સ્ત્રીને જોઈને અશુભરાગ થાય છે, ભગવાનની પ્રતિમા મને કલ્યાણનું કારણ છે એવા ઘણા મિથ્યાભાવ કરે છે. તે પદાર્થોની ક્રિયા તેના કારણે થાય છે, એમ જ્ઞાનમાં જાણવું જોઈએ. તેને બદલે આત્મા પરનું કરે ને પર ચીજો આત્માને લાભ-નુકશાન કરે એવી ભ્રાંતિ કરી રાગ-દ્વેષ કરે છે.

અનુકૂળ વિષયો પ્રતિ રાગ ને પ્રતિકૂળ વિષયો પ્રતિ દ્વેષ કરી ભાવબંધ કરે છે, તે સંસાર છે. ગાયની ડોકમાં દોરડું છે, ત્યાં ગાય ને દોરડું જુદા છે. ગાય છૂટી છે દોરડું, દોરડામાં છે ને ગાય ગાયમાં છે. તેમ જડ કર્મો આત્માની સાથે એકક્ષેત્રાવગાહ સંબંધે છે. કર્મ જુદાં છે ને આત્મા જુદો છે

પણ અનાદિકાળથી જીવ અજ્ઞાનથી માને છે કે કર્મને લીધે આત્મા રખડે છે, તે તેની ભ્રાંતિ છે ને તે ભાવબંધ છે.

## પર્યાયદ્રષ્ટિવાળો જીવ પોતે જ ભાવબંધરૂપ પરિણમે છે.

આત્મા સ્ફટિક જેવો નિર્મળ છે પણ સ્ફટિકને કાળા, પીળા અને રાતા વાસણમાં મૂકવામાં આવે તો તે પોતાની યોગ્યતાના કારણે કાળા, પીળા અને રાતાપણે પરિણમે છે. વાસણ વગેરે નિમિત્ત કહેવાય છે પણ તે મલિન અવસ્થા સ્ફટિકનો મૂળ સ્વભાવ નથી. તેનો મૂળ સ્વભાવ તો સ્વચ્છતાનો છે, તેમ આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમય છે. પણ તે પોતાનો સ્વભાવ ચૂકીને પર ઉપર લક્ષ કરે છે ત્યારે પોતામાં મલિનતા—શુભાશુભ ભાવો ઉત્પન્ન કરે છે. અનુકૂળ પદાર્થોમાં રાગ કરવો, પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ કરવો, કમાવા વગેરેના અશુભ ભાવથી સુખ માનવું, દયા–દાનાદિના પુણ્યભાવથી ધર્મ માનવો, એ બધા મોહના—મિથ્યાત્વના ભાવો છે. ને તે બધા ઔપાધિક ભાવો છે. આવા મલિન પરિણામરૂપે પરિણમેલો આત્મા પોતે જ બંધરૂપ છે. બંધ તો બે વચ્ચે હોઈ શકે. એકલો આત્મા બંધ સ્વરૂપ કેમ હોઈ શકે ? એનો ઉત્તર એ છે કે, એક તો આત્મા ને બીજો મોહરાગદ્વેષાદિ ભાવ—એમ હોવાથી, મોહરાગદ્વેષાદિ ભાવ વડે મલિન સ્વભાવવાળો આત્મા પોતે જ ભાવબંધ છે.

## નિમિત્તને લીધે ઉપાદાનમાં કાર્ય થાય એમ માનનાર જ્ઞેયોનું યથાર્થ સ્વરૂપ જાણતો નથી.

નિમિત્તો કાંઈ શુભાશુભ ભાવો કરાવતા નથી. પોતે શુભભાવ કરે તો તેમાં ભગવાન અથવા પ્રતિમાને નિમિત્ત કહેવાય, પોતે અશુભભાવ કરે તો સ્ત્રી, પુત્રાદિને તેમાં નિમિત્ત કહેવાય. ભગવાન વગેરે પરપદાર્થો પરમાં છે ને આત્મા આત્મામાં છે. આ લાકડી ઊંચી થાય છે તે લાકડીના કારણે ઊંચી થાય છે, આંગળીથી તે ઊંચી થઈ નથી. વળી લાકડી આકાશના આધારે રહી નથી તેમ જ્ઞાનમાં પ્રતિભાસે છે. છતાં આંગળીને લીધે અથવા જીવની ઇચ્છાને લીધે લાકડી ઊંચી થઈ એમ જે માને તેણે જ્ઞાનમાં પ્રતિભાસ સ્વરૂપ જ્ઞેયનું સ્વરૂપ યથાર્થ જાણ્યું નથી.

પ્રશ્ન :—તો પછી પ્રેરક નિમિત્તનો શો અર્થ છે ?

## પ્રેરક નિમિત્ત પરપદાર્થમાં પ્રેરણા કરતું નથી.

ઉત્તર :—એ તો નિમિત્તોના ભેદ છે. ઇચ્છા કરતા જીવને અથવા ગતિ કરતાં પુદ્‌ગલોને પ્રેરક નિમિત્ત કહે છે, ને સ્થિર પડ્યા હોય તેને ઉદાસીન નિમિત્ત કહે છે પણ પ્રેરક નિમિત્ત પર વસ્તુમાં કંઈ કરી દે એવો એનો અર્થ

જ નથી. ઘડો બનતી વખતે કુંભાર ને ચક્ર પ્રેરક નિમિત્ત કહેવાય છે. ત્યાં કુભારે ઇચ્છા કરી માટે ચક્ર ચાલે છે એમ નથી ને ચક્ર ચાલે છે માટે ઘડો થાય છે એમ નથી. કોઈ કોઈને પ્રેરણા આપતું નથી. દરેક સ્વતંત્ર ગતિ કરે છે. ઘોડા ઉપર માણસ બેઠો હોય ને ઊંચો-નીચો થાય તે પોતાના કારણે થાય છે, ઘોડો દોડે છે માટે નહિ. અહો ! દરેક જ્ઞેયપદાર્થ પ્રતિભાસ્ય છે—જ્ઞાનમાં જણાવાયોગ્ય છે ને જ્ઞાન તેને જેમ છે તેમ જાણવાનું કામ કરે છે. જ્ઞેયો છે તેમાં કોઈ અનુકૂળ—પ્રતિકૂળ છે જ નહિ તેમ જ કોઈ કોઈનું કરી આપે એવું જ્ઞેયોનું સ્વરૂપ જ નથી.

## અજ્ઞાનીને ભાવબંધ થવાનાં કારણો.

અજ્ઞાની જીવ જ્ઞેયો જેમ છે તેમ સ્વતંત્ર નહિ માનતાં મોહ-રાગ-દ્વેષ કરે છે ને પોતાની પર્યાયમાં વિકૃત સ્વરૂપ માની ભાવબંધ ઉત્પન્ન કરે છે, તે સંસાર છે.

૧. આત્મા પોતાના સ્વભાવને ચૂકીને પરમાં અટકે છે તે ભાવબંધ છે. તે પોતાના અપરાધના કારણે થાય છે. છતાં પરપદાર્થથી અથવા કર્મથી થાય તેમ માને તો મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે.

૨. જ્યારે આવો ભાવબંધ થાય છે ત્યારે દ્રવ્યબંધ પુદ્‌ગલમાં પુદ્‌ગલના કારણે થાય છે પણ જીવે રાગ કર્યો માટે દ્રવ્યબંધ થયો એમ માને તો મિથ્યાત્વ થાય છે.

૩. દ્રવ્યબંધ થતો જ નથી એમ માને તો તે પણ ભ્રાંતિ છે ને ભાવબંધ ને દ્રવ્યબંધ બંનેને પૃથક્ નહિ માનતાં એક માને તો પણ ભ્રાંતિ છે.

૪. શુભાશુભ ભાવ જે ભાવબંધ છે તેની રુચિ રાખે ને તેને સુખનું કારણ માને તો પણ ભ્રાંતિ થાય છે.

૫. ભાવબંધ તો એક સમયની વિકારી અવસ્થા છે. તે ત્રિકાળી સ્વરૂપ નથી છતાં તેટલો જ આત્મા માને તે પણ ભ્રાંતિ છે.

## ઉપયોગમય આત્માના આશ્રયે ભાવબંધનો નાશ થાય છે.

આ ભાવબંધનું સ્વરૂપ બતાવી ભ્રાંતિ કેમ ટળે ને સંસારનો કેમ નાશ થાય, તે કહે છે. આ આત્મા ઉપયોગમય છે, તે પુણ્ય-પાપ જેટલો નથી, સંવર-નિર્જરા જેટલો નથી, ને મોક્ષની પર્યાય જેટલો પણ નથી. **આત્મામાં વર્તમાનમાં કેવળજ્ઞાન નથી ને પછી કેવળજ્ઞાન થશે એવું ઉપયોગમય આત્માનું સ્વરૂપ નથી. કારણ કે તે તો પર્યાયની વાત છે. આત્મા તો અનાદિ-અનંત એકરૂપ જ્ઞાતાદ્રષ્ટા ઉપયોગમય છે. ઉપયોગ નવો પ્રગટશે**

**<u>તેની વાત છે જ નહિ. અનાદિઅનંત એકરૂપ ઉપયોગમય જાણવા-દેખવાના સ્વભાવવાળો છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી સ્થિરતા કરવાથી ભાવબંધ ઉત્પન્ન જ થતો નથી.</u>** ભાવબંધનો નાશ કરવો પડતો નથી.

આ પ્રમાણે ભાવબંધ આત્માની વિકારી પર્યાય છે, તેનું તે જ્ઞેય છે. તેનું યથાર્થ જ્ઞાન કરાવી તેને ટાળવાનો ઉપાય પણ બતાવ્યો છે.

***

# પ્રસાદ નં. ૧૨૯

## પ્રવચનસાર ગાથા ૧૭૫ના પ્રવચનમાંથી.

(મહા વદ ૦)), બુધવાર)

## પરપદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ભાવબંધનું કારણ છે.

આત્મા અનાદિકાળથી ચોરાશી લાખ યોનિમાં રખડી રહ્યો છે, તેનું મૂળ કારણ અજ્ઞાન ને ભાવબંધ છે. જેમ સ્ફટિક સ્વભાવે તો સ્વચ્છ છે પણ કાળા-પીળા વાસણના નિમિત્તે તે કાળી-પીળી ઝાંઈરૂપે પરિણમે છે, પણ તે તેનો મૂળ સ્વભાવ નથી. તેમ દેહદેવળમાં બિરાજમાન ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા અનંત શક્તિનો પિંડ છે. તે પોતાનો સ્વભાવ ચૂકીને પરપદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરીને પોતાની યોગ્યતાથી પર્યાયમાં ભાવબંધ કરે છે. લક્ષ્મી, કુટુંબ, શરીર, કર્મ તેને બંધ કરાવતાં નથી પણ પોતે રાગ-દ્વેષ કરે છે તો કર્મ તેમાં નિમિત્ત કહેવાય છે. વળી અનાદિકાળથી જીવ દયા દાનાદિના ભાવથી ધર્મ માને છે તે જ મિથ્યાત્વશલ્ય છે. નીચલી દશામાં અશુભ ટાળીને શુભભાવ આવે તે જુદી વાત છે પણ શુભથી ધર્મ માનવો તે મિથ્યાત્વશલ્ય છે. શુભાશુભ ભાવો બન્ને મલિન છે, ભાવબંધન છે, મુક્તિનું કારણ નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ભગવાન પાસે શિવપદની માગણી ભક્તો કરે છે તો ખરા.

## શિવપદ પોતાની પાસે છે, ભગવાન પાસે નથી.

સમાધાન :—ભાઈ, એ તો નિમિત્તનાં કથનો છે. ભગવાન તો વીતરાગ છે, ચૈતન્યસ્વરૂપમાં એકાકાર છે, સર્વજ્ઞદશા છે, તેને જગત ઉપર કરુણા હોતી નથી, કેમકે તે તો રાગ છે. ભગવાન રાગરહિત છે. ભગવાન કહે છે કે તારું શિવપદ તારી પાસે છે, અમોએ તારું શિવપદ ઝૂંટવી લીધું નથી. તું તારા સ્વભાવમાં શ્રદ્ધા-જ્ઞાન કરી સ્થિરતા કર તો તને શિવપદ મળે તેમ છે. પુરુષાર્થથી જ્યારે જીવ પોતામાં શિવપદની પ્રાપ્તિ કરે ત્યારે ભગવાનને નિમિત્ત કહેવાય છે, ને પરિપૂર્ણ દશા ન પામે ત્યાં સુધી શુભરાગ ઊઠે છે તે વખતે ભગવાન ઉપર આરોપ કરી શિવપદ આપજો, એમ કથન કરે છે.

## આત્મા નિમિત્તોને મેળવી શકતો નથી.

પણ ભગવાન મને તારી દેશે ને કૃપા કરશે, એમ માનવું તે મિથ્યાત્વ શલ્ય છે. વળી કેટલાય જીવો માને છે કે ભગવાન વગેરે સારાં નિમિત્તોને

મેળવો તો આત્મામાં ધર્મ થશે. ભાઈ, નિમિત્તો તો પરદ્રવ્ય છે. તેને આત્મા મેળવી શકતો નથી—ગ્રહણ કરી શકતો નથી છતાં પરપદાર્થોને મેળવી શકું છું એ માન્યતા ખોટી છે. ને કદાચિત્ પરપદાર્થો એના કારણે મળે તોપણ તેનાથી આત્માને લાભ અથવા નુકશાન થાય એવી માન્યતા જ ભાવબંધ છે ને તે સંસાર છે.

## પુણ્યપાપરૂપી, કાદવની કોઠીમાંથી સ્વચ્છ જલસમાન નિર્મળ સુખ કદી પ્રાપ્ત થતું નથી.

અનાદિકાળથી જીવ અજ્ઞાનના કારણે પર વસ્તુમાં મજા માને છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે. આત્મા પોતે સુખસ્વરૂપ છે, તેને છોડીને અનુકૂળ પદાર્થોમાં લાભ માને છે ને પ્રતિકૂળ પદાર્થોમાં નુકશાન માને છે. આચાર્ય ભગવાન કહે છે કે શું તું મજા વિનાનો નમાલો છો ? તારામાં કાંઈ સુખ-આનંદ છે કે નહિ ? કે તું બીજામાં મજા લેવા જાય છે ? પણ અજ્ઞાની જીવ પરમાં સુખ માને છે. કાદવની કોઠીને ધોવાથી કાદવ નીકળે છે પણ સોનું નીકળતું નથી તેમ પરવસ્તુ ઉપર દ્રષ્ટિ કરી પર વસ્તુ હેરવવા ફેરવવામાંથી સુખ કાઢવા માગે, પુણ્ય ને પાપના પરિણામને સુખકર માને તો મિથ્યાત્વ ને મલિનતા નીકળે પણ સુખરૂપી સ્વચ્છતા કદી નીકળે નહિ. શુભાશુભ ભાવ હોય તે જુદી વાત છે પણ તેથી સુખ માનવું તે મિથ્યાત્વ છે ને તે ભાવબંધ છે.

## આત્માની પર્યાય—મોહરાગ—તે 'દ્વિતીય' કેમ ?

અહીં ટીકામાં કહ્યું છે કે આત્મા એકલો જ બંધરૂપ છે કારણ કે મોહરાગ દ્વેષાદિ ભાવ તેનું દ્વિતીય છે. અહીં રાગ-દ્વેષને દ્વિતીય કેમ કહ્યું ? રાગદ્વેષાદિ ભાવબંધન આત્માની અરૂપી વિકારી પર્યાય છે. તે કાંઈ જડમાં થતી નથી કે જડને લીધે થતી નથી. મલિનતા આત્માની અવસ્થામાં હોવા છતાં તે આત્માની સ્વચ્છતાને રોકે છે. સુખ ઉત્પન્ન થવા દેતી નથી માટે તેને બીજી ચીજ કહી છે. જો મલિનતા ને ત્રિકાળ સ્વભાવ એક હોય તો મલિનતા સુખને રોકત નહિ અથવા ત્રિકાળી સ્વભાવ મલિન થઈ જાત માટે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ મલિનતા બીજી ચીજ છે. બંધ બે વચ્ચે હોઈ શકે, એટલે આત્મા ને મલિનતાના પરિણામ–બે વચ્ચે બંધ થયો છે પણ કોઈ પરપદાર્થ સાથે બંધ થયો નથી.

## જડ પદાર્થોની અવસ્થા જડ પરાવર્તનના નિયમ મુજબ થાય છે.

પરપદાર્થની અવસ્થા આત્માથી થતી નથી. આ જિનમંદિર, સ્વાધ્યાય મંદિર વગેરે આત્માથી થયાં નથી, તે તે પદાર્થની પર્યાય પુદ્‌ગલ

પરાવર્તનના નિયમ અનુસારે તેને કારણે થઈ છે. આત્માના શુભભાવને લીધે જડની પર્યાય થતી નથી. જડનાં દ્રવ્ય-ગુણ-પર્યાય જડમાં છે ને આત્માનાં દ્રવ્ય–ગુણ–પર્યાય આત્મામાં છે.

## હે ભાઈ ! ભાવબંધને ટાળવા તું પોતે જ હરિ છો.

પણ અજ્ઞાની જીવ માને છે કે હું હતો તો આ બધું થાય છે, હું છું તો ભાષા બોલાય છે, મારાથી શરીર ચાલે છે. રાજ્યની–કુટુંબની વ્યવસ્થા મારાથી થાય છે, હું છું તો કમાણી કરીને રૂપિયા લાવું છું. પણ હે ભાઈ ! તું પ્રભુ છો, તું હરિ છો. તારા સામે એક ક્ષણ તો જો ! તું પરનું કરવાવાળો નથી, તેમ જ વિકારવાળો પણ નથી.

## “તારા નયનની આળસે હરિને તેં નીરખ્યા નહિ”.

ધર્મ થતા સુખને માટે બહારમાં બધેય ડોકિયાં માર્યાં પણ અંદર બિરાજમાન ભગવાનને તેં જોયા નહિ. પરપદાર્થનું કરવારૂપ તથા પુણ્યથી ધર્મ માનવારૂપ મિથ્યાત્વ ભાવરૂપી મહાન પાપને જે હરે છે–નાશ કરે છે તેને હરિ કહે છે. पापम् हरति इति हरिः બીજો કોઈ હરિ તારું પાપ ટાળવા સમર્થ નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરી મિથ્યાત્વ રાગ-દ્વેષને નાશ કરે તે જ પોતે હરિ છે. આત્મા પોતે હરિસ્વરૂપ શક્તિએ છે. તે જ પોતે વ્યક્ત પર્યાયમાં હરિ થાય છે. સમ્યક્જ્ઞાન ચક્ષુ તેં ખોલ્યાં નથી એટલે તને તારા હરિની ઓળખાણ થઈ નથી માટે એક વાર તો તારા સ્વરૂપ સામું જો ! આ આત્મા પોતે જ હરિ છે, જ્ઞાતાદ્રષ્ટા ઉપયોગમય છે. તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરે તો ભાવબંધ ટાળી ધર્મદશાને પામીને હરિરૂપ પરિપૂર્ણ દશાને પામે છે. ॥૧૭૫॥

હવે ભાવબંધની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ કહે છે :–

## ગાથા ૧૭૬

**જે ભાવથી  દેખે અને જાણે વિષયગત  અર્થને,**
**તેનાથી છે ઉપરક્તતા, વળી કર્મબંધન તે વડે. ૧૭૬.**

અન્વયાર્થ :–જીવ જે ભાવથી વિષયમાં આવેલ પદાર્થને દેખે છે અને જાણે છે, તેનાથી જ ઉપરક્ત થાય છે; વળી તેનાથી જ કર્મ બંધાય છે–એમ ઉપદેશ છે.

## આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે.

ટીકા :–આ આત્મા સાકાર ને નિરાકાર પ્રતિભાસ્વરૂપ છે. સાકાર એટલે સ્વ–પરને ભેદ પાડીને જાણવું. જેમ કે–આ શરીર છે, આ આત્મા છે–મનુષ્ય

છે એમ ભેદ પાડીને જાણવું તે સાકાર ઉપયોગ અથવા જ્ઞાન ઉપયોગ છે અને બધી ચીજોનું ભેદ પાડ્યા વગર સામાન્ય અવલોકનમાત્ર તેને નિરાકાર ઉપયોગ અથવા દર્શનઉપયોગ કહે છે.

અહીં બહારના આકારની વાત નથી. જોકે આત્માને પોતાનો આકાર તો હોય જ છે. દરેક વસ્તુમાં પ્રદેશત્વ ગુણ છે અને તે ગુણને લીધે તેનો કોઈને કોઈ આકાર તો હોય જ છે. અરૂપી આત્મા જ્ઞાનદર્શનની પૂતળી પોતાના અરૂપી આકારે છે ને શરીરના આકારથી જુદો છે. શરીરનો આકાર શરીરમાં ને આત્માનો આકાર આત્મામાં છે. શરીરનો આકાર આત્મામાં નથી પણ તે આકારની અહીં વાત નથી. અહીં તો આત્મા જ્ઞાનદર્શનસ્વરૂપ છે, તેની વાત છે.

## પદાર્થો તથા પદાર્થોનું જ્ઞાન મલિનતાનું કારણ નથી.

આ જ્ઞાનસ્વભાવમાં બધા પદાર્થો જણાવાયોગ્ય છે. તે પદાર્થોને જાણવાનો આત્માનો સ્વભાવ છે. તે પદાર્થો અથવા તે પદાર્થોનું જ્ઞાન મલિનતાનું કારણ નથી. કારણ કે તે જો મલિનતાનું કારણ હોય તો કેવળજ્ઞાનીના જ્ઞાનમાં ત્રણે લોકના પદાર્થો જણાય છે છતાં તેમને રાગ થતો નથી. અજ્ઞાની જીવ તે પદાર્થોમાં મોહ કરે છે, તે સંસારનું કારણ છે.

## ‘‘રંગીન ચશ્માની માફક’’ જોવાની ઊંધી દ્રષ્ટિ જ મલિનતાનું કારણ છે.

એક માણસ સામાન્ય રીતે ચોખ્ખી આંખથી જુએ તો પદાર્થો બરાબર દેખાય છે પણ કાળા ચશ્માથી જુએ તો પદાર્થો કાળા દેખાય છે, લાલથી જુએ તો લાલ દેખાય છે પણ તે વડે ખરું સ્વરૂપ દેખાતું નથી. તેવી રીતે પરનું હું કરી શકું છું, પુણ્યથી ધર્મ થાય છે વગેરે મિથ્યાત્વભાવ છે. અનુકૂળ પદાર્થોમાં પ્રીતિ અને પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ–આ પ્રમાણે મોહ, રાગ ને દ્વેષથી જીવ મલિનતાને પામે છે. ‘‘અમોએ આટલા જીવની દયા પાળી, મંદિરો કર્યા, અમોએ ઘણી વૈયાવચ્ચ કરી’’ એમ અનેક પ્રકારની મૂઢતા અજ્ઞાની કરે છે. જાણવા–દેખવાના સ્વભાવને ચૂકીને પુણ્યને ઠીક માની અધર્મ સેવે છે. ચાર શેર ઘીનો મેસુબ ખાધા પછી વિષ્ટા થાય છે તો મેસુબની વિષ્ટા છે તોપણ તે સંઘરીને રાખવા જેવી નથી તેમ ગમે તેટલા ઊંચા શુભભાવ હોય તો પણ વિષ્ટાની જેમ તે સંઘરવા જેવા નથી એટલે કે તે આદરણીય નથી.

# દ્રવ્યબંધ ચીકાશ-લૂખાશના કારણે થાય છે, ભાવબંધ નિમિત્તમાત્ર છે.

જેમ પુદ્‌ગલમાં ચીકાશ ને લૂખાશ બંધનું કારણ છે તેમ જીવમાં રાગ-દ્વેષ તે બંધનું કારણ છે. જીવ જ્યારે રાગ-દ્વેષ કરે છે ત્યારે તેનું નિમિત્ત પામીને પુદ્‌ગલ પરમાણુઓ પોતાના કારણે કર્મના સ્કંધરૂપે–દ્રવ્યબંધરૂપે પરિણમે છે. પરમાણુમાં ચીકાશ અથવા લૂખાશના અંશો બે અધિક હોય તો તે બંધનું કારણ થાય છે. બે અંશ ચાર અંશવાળા સાથે અને ત્રણ અંશવાળો પાંચ અંશવાળા સાથે બંધ પામે છે. લાડવા, રોટલી, દાળ, ભાત વગેરે પરમાણુના સ્કંધો તેનામાં બે અધિક અંશો મળતાં સ્કંધરૂપે થયેલા છે. તેને આત્માએ સ્કંધરૂપે બનાવ્યા નથી. તેમ પુદ્‌ગલપરમાણુ બે અધિક અંશો મળતાં પોતાના કારણે કર્મના સ્કંધરૂપે પરિણમી જાય છે ને તેથી દ્રવ્યબંધ થાય છે. તે દ્રવ્યબંધમાં જીવનો ભાવબંધ નિમિત્તમાત્ર છે. ભાવબંધ થયો માટે દ્રવ્યબંધને થવું પડ્યું એવું પુદ્‌ગલદ્રવ્ય પરાધીન નથી. પણ જ્યારે જીવ રાગ કરે છે ત્યારે કર્મો તેના કારણે જરૂર બંધાય છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. આ પ્રમાણે ભાવબંધ ને દ્રવ્યબંધ બન્ને જ્ઞેયો છે. તેનું યથાર્થ જ્ઞાન કરી આત્મા બન્ને બંધથી રહિત અબંધ સ્વરૂપ છે, એમ શ્રદ્ધા–જ્ઞાન કરે તો ભાવબંધ ને દ્રવ્યબંધથી રહિત થાય ને સુખદશાને પામે.

***

# પ્રસાદ નં. ૧૩૦

## પ્રવચનસાર ગાથા ૧૭૬

(ફાગણ સુદ ૧, ગુરુવાર)

ભગવાન કુંદકુંદાચાર્ય ભાવબંધનું સ્વરૂપ આ ગાથામાં કહે છે :—

## ભગવાન દિવ્યધ્વનિના કર્તા નથી.

નવતત્ત્વનું સ્વરૂપ ભગવાને જોયું તેવું વાણીમાં આવ્યું ને તેવું આચાર્ય ભગવાન કહે છે. બીજા જીવોને ઉપદેશ આપું એવો વિકલ્પ ભગવાનને હોતો નથી. બારમા ગુણસ્થાને બધા વિકલ્પોનો અભાવ થઈ વીતરાગદશા પ્રાપ્ત થાય છે. ત્યારપછી તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન –સર્વજ્ઞદશા પ્રાપ્ત કરે છે. જ્યાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને દ્રવ્ય–ગુણ–પર્યાયથી જાણી લ્યે છે ને કેવળજ્ઞાન થયા પછી ઓમ ધ્વનિ સહજ ઇચ્છા વિના નીકળે છે ને સમજનારા જીવો પોતાની લાયકાતથી સમજે છે.

૧. જીવોને ઉપદેશ આપું ને બીજા જીવો સમજી જાય એવો ભગવાનને વિકલ્પ નથી, કારણ કે ભગવાન વીતરાગદશાને પ્રાપ્ત થયેલ છે.

૨. ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયું માટે ઓમકાર વાણી છૂટી એમ પણ નથી, કારણ કે કેવળજ્ઞાન તો જ્ઞાનગુણની પર્યાય છે ને વાણી ભાષાવર્ગણાની–જડની પર્યાય છે. બન્નેને અત્યંત અભાવ છે.

૩. છદ્મસ્થદશામાં ભગવાને તીર્થંકર નામકર્મ બાંધેલ માટે વાણી નીકળે છે, એમ પણ નથી. નામકર્મના ને દિવ્યધ્વનિના પરમાણુ જુદે જુદા છે. બન્નેને અન્યોન્ય અભાવ છે.

૪. સાંભળનાર શ્રોતાજનોના પુણ્યને લીધે વાણી નીકળી, એમ કોઈ કહે તો તે પણ બરાબર નથી કારણ કે શ્રોતાના પુણ્ય–જડકર્મ ને ધ્વનિના પરમાણુ જુદા છે. બન્નેને અન્યોન્ય અભાવ છે.

૫. ભગવાનની દિવ્યધ્વનિ છૂટી માટે જીવો ધર્મ સમજે છે, એમ પણ નથી, કારણ કે દિવ્યધ્વનિ જડ છે ને જીવોની ધર્મ પર્યાય અરૂપી છે. બન્નેને અત્યંત અભાવ છે.

આમ પ્રથમ સ્વતંત્ર જ્ઞાન કરે, પછી નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવવા માટે કહેવાય કે શ્રોતાના પુણ્યથી અથવા તીર્થંકર પ્રકૃતિના ઉદયથી કેવળજ્ઞાન પામ્યા પછી ભગવાનને દિવ્યધ્વનિ છૂટે ને તે સાંભળીને પાત્ર જીવો સમજે તો વાણીથી સમજ્યા એમ આરોપ અપાય છે. માટે

ભગવાન વાણીના કર્તા-હર્તા નથી. કેવળજ્ઞાન સ્વતંત્ર, કર્મ સ્વતંત્ર, વાણી સ્વતંત્ર, શ્રોતાનું જ્ઞાન સ્વતંત્ર-એમ દરેક સ્વતંત્ર છે, કોઈ કોઈનો કર્તા-હર્તા નથી.

## દિવ્યધ્વનિમાં આવેલું ભાવબંધનું સ્વરૂપ.

દિવ્યધ્વનિમાં ભાવબંધનું સ્વરૂપ શું આવ્યું, તે કહે છે :-

આ આત્મા જ્ઞાતાદ્રષ્ટા જાગૃત સ્વભાવવાન્ છે, તેને ભૂલીને પરપદાર્થમાં મોહ, રાગ-દ્વેષ કરીને જીવ અટકે છે, તેને ભાવબંધ કહે છે. મકાનની ક્રિયા, શરીરની ક્રિયા, ઝંડાની ક્રિયા, મંદિરની ક્રિયા-એ બધી પરમાણુની પર્યાય પરમાણુથી થાય છે. આત્માથી થતી નથી. છતાં તે આત્માથી થઈ તેમ માનવું તે મોહ છે ને ભાવબંધ છે.

પ્રશ્ન :-આપ અહીં ન હતા ત્યારે અહીં કાંઈ ન હતું. આપ આવ્યા પછી બન્યું છે ?

ઉત્તર :-દરેક પરમાણુની પર્યાય સ્વતંત્ર છે. પરમાણુ કાયમ રહીને પલટે છે. તેમાં વિવિધતા પરમાણુના કારણે આવે છે, પરના કારણે આવતી નથી. મકાન થાય છે, શરીર ચાલે છે, લાકડી ફરે છે ને બધી ક્રિયા સ્વતંત્ર જડના કારણે થઈ રહી છે. પરિણામી પરિણામથી જુદો હોઈ શકે નહિ. આત્મા પરિણામી થઈને જડના પરિણામને કરે તો આત્મા ને જડ એક થઈ જાય ને તેથી આત્માના નાશનો પ્રસંગ આવે, પણ એમ બને નહિ.

તે તે ચીજો તેના કારણે બની છે. પણ આત્માથી બની નથી, એમ માનવું તે સ્યાદ્‌વાદ છે. પરંતુ તે ચીજો નિશ્ચયથી તેના કારણે બની છે ને વ્યવહારથી આત્માથી બની છે તે સ્યાદ્‌વાદ નથી પણ ફૂદડીવાદ છે-મિથ્યાવાદ છે.

૧. આત્માના શુભભાવથી આ મંદિરો બન્યા નથી. શુભભાવથી મંદિરો થતાં હોય તો શુભભાવ થતાવેંત જ મંદિરો થવાં જોઈએ, પણ એમ થતું નથી. શુભભાવ થયા પછી મંદિરો થાય અથવા ન પણ થાય. ને થાય છે તે પણ તુરત જ થઈ જતાં નથી. તે તેના પુદ્‌ગલ પરાવર્તનનાં કાળે થાય છે, છતાં આત્માથી થાય તેમ માનવું તે ભ્રાંતિ છે.

૨. વળી તે મંદિરો થયાં છે માટે શુભભાવ થાય છે-એમ પણ નથી. જો મંદિરોને લીધે શુભભાવ થાય તો બધાને થવો જોઈએ, પણ બધાને થતો નથી. વળી શુભભાવ પરાધીન થઈ ગયો ને તે પરાધીન માનવો તે પણ ભ્રાંતિ છે.

૩. વળી શુભભાવ થયો માટે ધર્મ થાય છે, એમ પણ નથી કારણ કે શુભભાવ તો આસ્રવ છે ને ધર્મ તો સંવર–નિર્જરા છે. વિકારથી અવિકારીદશા પ્રગટે નહિ, છતાં શુભથી ધર્મ માનવો તે પણ ભ્રાંતિ છે.

અહો ! જીવોએ નવતત્ત્વ પણ સ્વતંત્ર માન્યાં નથી. પુણ્યથી મકાનની પર્યાય થાય તો અજીવની પર્યાય પરાધીન થઈ જાય છે, પુણ્યથી ધર્મ થાય તો આસ્રવતત્ત્વ પોતે જ સંવર–નિર્જરા થઈ જાય છે, ને અજીવ પદાર્થને લીધે જીવને શુભભાવ થાય એમ માને તો જીવની પર્યાય પરાધીન થઈ જાય. એકે તત્ત્વની સાચી શ્રદ્ધા રહેતી નથી.

અજ્ઞાની માને છે કે હું છું તો જડની પર્યાય થાય છે. હું છું તો આ બધાનાં કામ થાય છે પણ હું આત્મા છું તો મારામાં વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટે એમ તે માનતો નથી, જીવોએ આ તાત્ત્વિક વાત સાંભળી નથી.

## નિમિત્તનાં વાક્યો હાથીના દાંતની જેમ પરમાર્થરૂપ ભાવ પામવામાં કામ આવતાં નથી.

વળી તે તે ક્રિયાઓ સ્વતંત્ર થાય છે ત્યારે નિમિત્તનો ઉપચાર કરવામાં આવે કે મંદિર થાય ત્યારે જે જીવનો શુભભાવ હોય તેણે મંદિર બનાવ્યું એવો ઉપચાર કરવામાં આવે છે. ઘેર મેમાન આવે તેની મેમાનગતિ કરતાં વિનયથી કહેવામાં આવે કે “આ બધું તમારું મકાન છે, તમારે જે જોઈએ તે સુખેથી વાપરશો વગેરે” પણ તેથી મેમાન તે મકાનનો કે મૂડીનો ભાગીદાર થઈ જાય છે ? મેમાન બોલવા પ્રમાણે અર્થ સમજીને મકાનમાં ને મૂડીમાં ભાગ માગે તો કોઈ આપી દેશે ? - ના. ઉલટો તેને મૂર્ખ સમજી કાઢી મૂકશે. તેમ વ્યવહારનાં કથનો છે. તે પ્રમાણે અર્થ કરી લ્યે તો તે અજ્ઞાની છે. શાસ્ત્રનાં ભાવને સમજવા જોઈએ.

ભક્તિમાં આવે કે “હે ભગવાન ! તેં લાખોને તારી દીધા, મને પણ હવે તારી દેજે.” તો શું ભગવાન બીજાને તારી દેતા હશે ? - ના. ભગવાન તો કહે છે કે તું નપુંસક નથી કે તને બીજાની જરૂર પડે. અમારા આશ્રયે તારું જ્ઞાન પ્રગટે એમ નથી. મંદિરને લીધે પુણ્ય નથી. પુણ્યથી ધર્મ નથી. પુણ્ય તો વિકાર છે, તે તારા સ્વભાવમાં નથી, પર વસ્તુને તું કરી શકતો નથી, એમ સાચી ઓળખાણ કર. તારા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરવાથી ધર્મ થાય છે ને વિશેષ સ્થિરતા થતાં કેવળજ્ઞાન પ્રગટ થશે, અમારી પાસે તારું કાંઈ નથી.” ભક્તિમાં જે બોલવામાં આવે તે પ્રમાણે તેનો અર્થ જ નથી પણ તેનો ભાવ સમજી જે જીવ પોતે ધર્મ પ્રગટાવે છે તેને

ભગવાન નિમિત્ત કહેવાય છે. જેમ હાથીના દાંત બે પ્રકારના છે :—બહારના દેખાવના જુદા ને અંદર ચાવવાના જુદા હોય છે. બહારના દાંત સોનેથી મઢેલા હોવા છતાં તે દાંત હાથીને ખાવામાં ઉપયોગી થતા નથી, **તેમ <u>વ્યવહાર ને નિમિત્તનાં વાક્યો બહારનાં દાંત જેવા છે. તે અંતર પરમાર્થ માટે—મોક્ષમાર્ગ પ્રગટાવવા માટે કામ આવતા નથી.</u>**

## "અબ ક્યોં ન બિચારત હે મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?"

જીવો સાચું તત્ત્વ સમજતા નથી ને તત્ત્વ સમજ્યા વિના વ્રત, પૂજા વગેરે ઘણી વાર કર્યા છે ને શુભભાવ કરીને નવમી ગ્રૈવેયક સુધી પણ ગયો છે.

**યમ નિયમ સંજમ આપ કિયો, પુની ત્યાગ વિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લ્યો મુખ—મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દીયો. ૧.**
**મનપૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો,**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉસ્સેંહિ ઉદાસિ લહી સબપેં. ૨.**
**સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે,**
**વહ સાધન બાર અનંત કિયો, તદપી કછુ હાથ હજુ ન પર્યો. ૩.**

અહો, અજ્ઞાનપૂર્વક જીવે પાંચમહાવ્રતાદિનાં પાલન કર્યા છે, અમુક ચીજો અમુક રીતે મળે તો જ ખપે એવો અભિગ્રહ અથવા નિયમ પણ લીધો છે. ઘણીવાર વૈરાગ્ય લાવી બાહ્ય પદાર્થોનો ત્યાગ કર્યો છે, વનવાસ ગયો, મૌન રહ્યો. પદ્માસન લગાવી ધ્યાનમાં બેઠો, મનને રોક્યું, શ્વાસને રોક્યો, ક્યો સ્વર ચાલે છે વગેરે, પ્રાણાયમ વગેરેની ક્રિયા હઠજોગથી ઘણીવાર કરી છે. **नमो अरिहंताणं**ના જાપ જપ્યા છે ને બાર બાર માસના ઉપવાસ કરી તડકામાં રહી તપ કર્યા છે ને મનથી બધાથી ઉદાસ રહ્યો છે. શાસ્ત્રની વાત સાંભળી છે ને અગિયાર અંગ મોઢે કર્યા છે ને અન્ય મતનું ખંડન પણ કર્યું છે. – આવા પ્રકારના સાધન તો ઘણીવાર કર્યા છે પણ હજી ધર્મ અથવા શાંતિ થઈ નથી.

**અબ ક્યોં ન બિચારત હે મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?**
**બિન સદ્‌ગુરુ કોઉ ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ?**

હે જીવ ! તું કેમ વિચાર કરતો નથી કે એ સાધન સિવાય બીજું કાંઈક કરવાનું રહી જાય છે. અનેક પ્રકારની બાહ્ય ક્રિયા કરી, પણ ગુરુગમ રહી જાય છે. તે વિના તે સાધનો આત્મકલ્યાણ માટે કાર્યકારી થયાં નહિ. જ્ઞાનીને બાહ્ય ક્રિયાકાંડનું સ્વામીપણું હોતું નથી. વાસ્તવિક તત્ત્વ સમજ્યા વિના ત્યાગ, વ્રત, તપ બધાં નકામાં છે. સાચા ગુરુગમે જીવની પાત્રતાથી

વસ્તુસ્વરૂપ સમજી શકાય એમ છે. માટે જીવોએ સત્સમાગમે પાત્રતાથી તત્ત્વ સમજવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

## ભાવબંધ ને દ્રવ્યબંધ જળ ને કાંકરાની જેમ જુદા છે.

જીવોને વાસ્તવિક તત્ત્વની ખબર નથી એટલે પુણ્યમાં ધર્મ માને છે. કોઈ કહે કે પંચકલ્યાણક મહોત્સવ જે જીવ કરાવે તેને આઠમે ભવે મુક્તિ થાય છે. તે વાત જ ખોટી છે. એવા પંચકલ્યાણક મહોત્સવ અનંતી વાર કર્યા, પણ મુક્તિ થઈ નહિ. કારણ કે તે શુભરાગ છે ને શુભરાગથી ધર્મ થશે એ માન્યતા મિથ્યાત્વ છે. તેવી મલિનતાના કારણે આત્મામાં ભાવબંધ થાય છે. ને ભાવબંધ થાય છે ત્યારે દ્રવ્યબંધ—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે કર્મોનો બંધ આત્માના એકક્ષેત્રે થાય છે પણ વિકાર થયો માટે કર્મ બંધાયું—એમ નથી; બન્ને સ્વતંત્ર છે. જેમ જળમાં કાંકરા એકક્ષેત્રે ઘણાં વરસો થયા ભેગા હોવા છતાં જળ કાંકરારૂપ થતું નથી, ને કાંકરા જળરૂપ થતા નથી. તેમ જ જળને લીધે કાંકરા આવ્યા નથી ને કાંકરાને લીધે જળ આવ્યું નથી. તેમ સંસારદશામાં અનાદિકાળથી ભાવબંધ છે તેમ જ કર્મના પરમાણુનો દ્રવ્યબંધ પણ છે. કોઈ કોઈને લીધે નથી. એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. અનાદિકાળથી ભેગાં છે માટે ચેતન જડને પરિણમાવે ને જડ ચેતનને પરિણમાવે ? ના. એમ કદી બની શકે નહિ. પણ દ્રવ્યબંધ થાય છે ત્યારે ભાવબંધ નિમિત્તરૂપે હોય છે. એમ યથાર્થ જ્ઞાન કરી આત્મા ભાવબંધ ને દ્રવ્યબંધ બન્નેથી રહિત છે એમ સાચાં શ્રદ્ધા—જ્ઞાન કરવાં તે ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૩૧

## પ્રવચનસાર ગાથા ૧૭૬

(ફાગણ સુદ ૨, શુક્રવાર)

### વાણીથી જ્ઞાન થાય છે એમ માનનાર જૈન નથી.

વસ્તુની યથાર્થ સમજણ વિના અનંતવાર જીવ મુનિપણું લઈને નવમી ગ્રૈવેયકે ગયો પણ સંસારનો નાશ થયો નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રથી કંઈક લાભ થશે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એવી ઊંડે ઊંડે માન્યતા રહી, તેના કારણે સંસારનું પરિભ્રમણ મટ્યું નથી. નિશ્ચય એટલે યથાર્થ વસ્તુસ્વરૂપના જાણપણા વિના અધર્મને ધર્મ માની બેસે છે. દેવ-ગુરુની વાણી કાને પડતાં જ્ઞાન થાય છે, એમ અજ્ઞાની માને છે.

### જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ.

અહીં આત્માને જ જિન કહ્યો છે. ત્રિકાળી જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ સ્વરૂપ એ જ આત્મા છે ને તે જ જિનસ્વરૂપ છે. બાકી પર લક્ષે થતો વિકારીભાવ બધો કર્મ છે, તે આત્મા નથી. શબ્દથી જ્ઞાન થાય છે તેમ માનનાર જીવ જ્ઞાનગુણની સ્વતંત્રતા માનતો નથી, તે જૈન નથી. જ્ઞાન સ્વતંત્રપણે, વાણીના આધાર વિના જ થાય છે.

પ્રશ્ન :—શાસ્ત્રમાં અધિગમ જ સમ્યગ્દર્શન કહ્યું છે ને ?

### અધિગમજ સમ્યગ્દર્શન પણ પોતાથી થાય છે, ગુરુથી થતું નથી.

સમાધાન :—જે જીવ પરથી જ્ઞાન થાય, નિમિત્તથી લાભ થાય એમ માને તેને તો સમકિત થતું જ નથી પણ જ્ઞાન પોતાથી થાય છે. નિમિત્તથી લાભ નથી, શુભભાવ પણ પોતાની નબળાઈથી થાય છે. પોતે જ્ઞાનસ્વભાવી અખંડ આત્મા એકરૂપ છે તેમાં શુભભાવ નથી તેમ સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ કરી પોતાના સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરે છે ત્યારે સમકિતની પર્યાય પ્રગટ થાય છે. તે પર્યાય પ્રગટ થતી વખતે જ્ઞાનીની હાજરી હોય છે તો તે સમકિતને અધિગમજ સમકિત કહે છે ને પૂર્વ પર્યાયમાં જ્ઞાનીની વાણી સાંભળીને પછીની પર્યાયમાં જ્ઞાનીની ગેરહાજરીમાં સમકિત પ્રગટ કરે છે તો તે નિસર્ગ જ કહેવાય છે. બન્ને સમકિત તો પોતાથી થાય છે ને જ્ઞાન પણ પોતાથી થાય છે. પણ અધિગમજમાં જ્ઞાનીની ઉપસ્થિતિ હોય છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવેલ છે. નિસર્ગજમાં પોતાથી સમકિત થાય ને અધિગમજમાં જ્ઞાનીથી સમકિત થાય એવો એનો અર્થ નથી જ. ત્યાં પણ પોતાથી જ જ્ઞાન અથવા સમકિત થયું છે. દરેક પદાર્થનું પરિણમન સ્વતંત્ર

છે. उत्पादव्यय ध्रौव्ययुक्तं सत् દરેક પદાર્થ કાયમ ટકીને બદલે છે. સંસારદશામાં પણ એમ જ છે ને સિદ્ધમાં પણ એમ જ છે. સિદ્ધમાં પણ સમયે સમયે નવો ઉત્પાદ કેવળજ્ઞાન આદિનો થયા જ કરે છે. અહીં પણ સમ્યગ્દર્શન સ્વતંત્ર પોતાના કારણે થાય છે. જો જ્ઞાનીથી થતું હોય તો જીવ ને જ્ઞાની અનંતીવાર મળ્યા છતાં સમકિત કેમ થયું નહિ ? તે બતાવે છે કે જીવને પોતાની યોગ્યતાથી જ સમકિતની પ્રાપ્તિ થાય છે ને ત્યારે જ્ઞાની નિમિત્ત કહેવાય છે.

## વ્યવહારનયનાં કથનો નિમિત્તોનું જ્ઞાન કરાવે છે.

ભક્તિમાં બોલાય કે હે ભગવાન ! ભર દો મેરી ઝોલી—તો શું પોતાના ગુણો ભગવાન પાસે છે કે ભગવાન શિષ્યની ઝોળી ભરી દ્યે ? તેનો અર્થ એમ છે કે હે નાથ, હે ચૈતન્ય આત્મા, વીતરાગી આનંદકંદ સિદ્ધ સમાન નિધાન અંતર શક્તિમાં છે તે ઉપર દ્રષ્ટિ કરી, પુણ્ય-પાપ ને અંશની દ્રષ્ટિ છોડીને અંતરમાં જો તો તારી ઝોળીમાં-પર્યાયમાં શુદ્ધિ ભરાઈ જશે. ભગવાન કોઈનું બગાડવા—સુધારવા શક્તિમાન નથી. જીવ પોતે સમજે તો ભગવાનને નિમિત્ત કહેવાય છે. ઘડો માટીનો હોવા છતાં ઘીનો સંયોગ બતાવવા ઘીનો ઘડો વ્યવહારમાં કહેવાય છે. તેમ વ્યવહારનાં કથનો સંયોગ બતાવે છે.

પ્રશ્ન :—શ્રી માનતુંગાચાર્યે સ્તુતિ કરી તો દરવાજાનાં તાળાં તૂટી ગયાં એમ કથામાં તો આવે છે.

## આત્મા જડની ક્રિયા કરી શકતો નથી.

ઉત્તર :—ભાઈ, જડની ક્રિયા આત્મા કરી શકતો નથી તેમ જ જે સ્તુતિ તેઓ બોલ્યા તે વાણીની ક્રિયા પણ તેમણે કરી નથી. વાણીના કર્તા, જડના કર્તા કે શુભ વિકલ્પના કર્તા તેઓ નથી. આત્મા શુદ્ધ સ્વરૂપ છે એવા ભાનપૂર્વક—સહજ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન સહિત—સ્તુતિનો વિકલ્પ ઉઠ્યો છે તે વિકલ્પના પણ તેઓ જ્ઞાતા છે. તે વિકલ્પને લીધે તાળાં તૂટ્યાં નથી. તાળા તૂટવાનો કાળ હતો માટે તૂટ્યાં છે, આચાર્યના આત્માથી નહિ, વાણીથી નહિ, વિકલ્પથી નહિ.

મંત્રોથી ઝેર ઊતરે છે એમ કહેવાય છે તેમાં પણ ઝેર ઊતરવાના કાળે ઊતરે છે તો મંત્રને નિમિત્ત કહેવાય છે. બન્નેના પરમાણુ જુદે જુદા સ્વતંત્ર કામ કરે છે.

શ્રી વાદિરાજ મુનિએ એકીભાવ સ્ત્રોત બનાવી કોઢનો નાશ કર્યો એમ કહેવાય છે તો ત્યાં પણ કોઢની અવસ્થાનો ફેરફાર આત્માથી અથવા

સ્તોત્રથી થયો નથી. શરીરની સુંદરરૂપ થવાની અવસ્થાનો કાળ હતો માટે તે પર્યાય થઈ છે. મુનિના આત્માથી, વાણીથી, વિકલ્પથી કે પુણ્યકર્મના ઉદયથી તે પર્યાય થઈ નથી. એ અવસ્થા થઈ છે ત્યારે નિમિત્તથી થઈ એમ કથન કરવામાં આવે છે.

## ભાવબંધને લીધે દ્રવ્યબંધ થતો નથી, ભાવબંધ નિમિત્તમાત્ર છે.

અહો ! વસ્તુસ્વરૂપ સ્વતંત્ર છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. અજીવની ક્રિયા જીવ કરી શકે એમ જે માને તેને નવતત્ત્વની વ્યવહારૂ શ્રદ્ધાની પણ ખબર નથી. જે જીવ બહારના સંયોગોમાં અટક્યો છે તે જીવ વિકાર તથા પોતાના ત્રિકાળી સ્વભાવ વચ્ચેનો ભેદ પાડી શકે જ નહિ. પરાધીન દ્રષ્ટિ કરવી તે મોહ-રાગ ને દ્વેષ છે. તે ભાવબંધ છે. તેનું નિમિત્ત પામીને જડ કર્મનો સંયોગ થાય છે. રાગ-દ્વેષ કર્યા માટે દ્રવ્યબંધ થયો એમ નથી પણ જડ કર્મ થવાના કાળે થાય છે ત્યારે ભાવબંધ નિમિત્તમાત્ર છે. અજ્ઞાની માને છે કે રાગ થયો માટે જડ કર્મને આવવું પડ્યું તે ભ્રાંતિ છે. જેમ બેમાં બે ઉમેરીએ તો ચાર થાય. બધી જગ્યાએ એમ જ થાય. નિયમ ફરે નહિ તેમ ગમે તે કાળે ને ક્ષેત્રે આત્માની ક્રિયા આત્માથી જ થાય ને જડની ક્રિયા જડથી જ થાય, એવો નિયમ છે.

પ્રશ્ન :—તો પછી મૃત્યુ પછી જીવ કેમ બોલી શકતો નથી ?

## જીવ વાણીનો કર્તા નથી.

ઉત્તર :—જીવતાં પણ જીવ બોલતો નથી તો પછી મૃત્યુ પછી જીવને બોલવાનો પ્રશ્ન નથી. જીવ ને વાણી જુદાં સ્વતંત્ર છે. જીવ તો ચેતનસ્વરૂપ છે અને વાણી જડ છે. જીવ બોલવાના ભાવ કરે છે પણ જડ વાણીની ક્રિયા જીવ કરી શકતો જ નથી. ભાષાવર્ગણાના પરમાણુ તેના પર્યાયના કાળે શબ્દરૂપે પરિણમે છે ત્યારે જીવને બોલવાનો ભાવ હોય તો નિમિત્ત કહેવાય છે, પણ જીવના ભાવથી વાણી બોલાતી નથી.

૧. ઘણીવાર ઉંઘમાં ખરાબ સ્વપ્ન આવે ને તે વખતે બોલવાની ઇચ્છા પણ હોય છે છતાં જીવ બોલી શકતો નથી.

૨. વળી ઉંઘમાં કોઈ જીવ બોલ્યે જ જાય છે ને બબડે પણ છે. બબડવાની ઇચ્છા નથી છતાં ભાષા નીકળે છે.

૩. લકવા થઈ જતાં ભાવ હોવા છતાં બોલાતું નથી. ત્યાં આત્મા તો છે છતાં બોલી શકતો નથી.

૪. સંસારના લોહવટીયા કોઈક જીવો હોય છે તે ઉંઘમાં કામ કરી આવે છે. કોઈ કાપડનો વેપારી ઉંઘમાં ઓછાડના ટુકડા કરી નાખે છે,

ઉંઘમાં ને ઉંઘમાં ઢોર ચારી આવે ને પાછા બાંધીને સૂઈ જાય.—
આવી ક્રિયા થતી દેખાય છે.

આ દ્રષ્ટાંતો બતાવે છે કે જડ ને ચેતનની દરેક ક્રિયા સ્વતંત્ર થઈ રહી છે. જીવતાં પણ જીવ બોલતો નથી, તે વખતે પણ જડ એના કારણે બોલે છે ને મરી જતાં જડ એના કારણે બંધ થાય છે. આત્મા વાણીની -જડની ક્રિયાનો ધણી નથી.

## જીવ દ્રવ્યકર્મનો કર્તા નથી તો પછી બહારના પદાર્થોનો કર્તા કેવી રીતે હોઈ શકે ? ન જ હોઈ શકે.

આ ગાથામાં આચાર્ય ભગવાન કહે છે કે જીવ સંયોગી દ્રષ્ટિ કરીને મોહ રાગ-દ્વેષ કરે છે તે ભાવબંધ છે ને તેનું નિમિત્ત પામીને દ્રવ્યબંધ થાય છે. જેટલા પ્રમાણમાં રાગદ્વેષાદિ કરે તે પ્રમાણે દ્રવ્યબંધ જ્ઞાનાવરણીય આદિનો થાય જ. તીવ્ર ભાવ કરે તો તીવ્ર બંધ પડે ને મંદ ભાવ કરે તો મંદ બંધ પડે—એવો નિયમ છે. એમાં ફેર પડે નહિ છતાં ત્યાં પણ રાગ-દ્વેષને લીધે કર્મની ક્રિયા થઈ નથી. જડકર્મ જડકર્મના કારણે ને ભાવબંધ ભાવબંધના કારણે છે. ભાવબંધ હોય ત્યાં જડકર્મનો બંધ થયા વિના રહે નહિ એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. છતાં ત્યાં રાગ-દ્વેષ જડકર્મના કર્તા નથી. બાહ્ય ચીજોના સંયોગોમાં તો ઘણીવાર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બનતો દેખાતો નથી. જેમકે જીવ ઇચ્છા કરે ત્યારે વાણી બોલાય અથવા ન પણ બોલાય, કોઈ ચીજની ઇચ્છા કરે તો તે સંયોગ મળે અથવા ન પણ મળે. એટલે બહારના સંયોગો ને જીવના ભાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સર્વથા બનતો નથી. <u>જ્યાં રાગને તથા જડકર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ ત્યાં પણ રાગ જડકર્મનો કર્તા નથી તો પછી જ્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સર્વદા બનતો નથી તેવા પરપદાર્થનો કર્તા-ભોક્તા કે લાવનાર આત્મા કેવી રીતે હોઈ શકે ? ન જ હોઈ શકે.</u> માટે જીવોએ નવતત્ત્વનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

જ્ઞેયોનું યથાર્થ જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૩૨

## પ્રવચનસાર ગાથા ૧૭૭

(ફાગણ સુદ ૩, શનિવાર)

હવે પુદ્ગલબંધનું સ્વરૂપ, જીવબંધનું સ્વરૂપ અને તે બન્નેના બંધનું સ્વરૂપ જણાવે છે :—

**રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્ગલ તણો,**
**અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.**

**અન્વયાર્થ :**—સ્પર્શો સાથે પુદ્ગલોનો બંધ, રાગાદિક સાથે જીવનો બંધ અને અન્યોન્ય અવગાહ તે પુદ્ગલ જીવાત્મક બંધ કહેવામાં આવ્યો છે.

### પોતાના સ્વરૂપમાં તેમ જ સંયોગોમાં દુઃખ નથી તો પછી દુઃખનું કારણ શું ?

આ જ્ઞેયતત્ત્વ અધિકાર છે. જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થોનું સ્વરૂપ કેવું છે, તે બતાવે છે. જીવને બંધન થાય છે, તે શું છે ? જડકર્મમાં બંધન થાય છે, તે શું છે ? જીવ અને જડનો ભેગો બંધ થાય છે, તે શું છે ? તે બધી વાત કહે છે. આત્મા પોતાના સ્વભાવને ચૂકીને પરપદાર્થો મારા ને હું એનો–એમ માની અનુકૂળ પદાર્થોમાં રાગ ને પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ કરે છે તે ભાવબંધ અરૂપી વિકારી પર્યાય છે. પોતામાં શાંતિ ચૂકીને મોટર તથા મકાનમાં સુખ માની ઓશિયાળો થઈને રખડે છે. આ આત્મા ધ્રુવ વસ્તુ અનાદિઅનંત છે તે સંયોગથી ઉત્પન્ન થાય તેવો નથી ને નાશ થઈને કોઈમાં ભળે તેવો નથી. સુખ આત્માના સ્વરૂપમાં છે ને વસ્તુ સુખરૂપ છે તેમાં દુઃખ હોઈ શકે નહિ. દુઃખ કહેતાં વિકાર, આકુળતા, ઉપાધિ છે, તે મૂળ સ્વભાવ હોઈ શકે નહિ. દુઃખ મૂળ સ્વભાવ નથી તો દુઃખ થયું ક્યાંથી ? આત્માના સ્વભાવ વિષે દુઃખ નથી પણ સ્વભાવબુદ્ધિનો અભાવ ને પર્યાયબુદ્ધિ, સંયોગબુદ્ધિનો સદ્ભાવ તે જ વિભાવની ઉત્પત્તિનું કારણ છે, તે જ દુઃખ છે. પરપદાર્થો કર્મ વગેરે દુઃખનું કારણ નથી કારણ કે દુઃખ તો આત્માની અરૂપી વિકારી પર્યાય છે. શરીરમાં રોગ થાય, પૈસા જાય તેનાથી દુઃખ થયું એમ અજ્ઞાની માને છે પણ પરચીજના ફેરફારથી આત્મામાં દુઃખ છે જ નહિ. પણ ભગવાન આત્મા સત્ ચૈતન્યમય છે તેને ભૂલી પરમાં સુખ–દુઃખ કલ્પીને ભાવબંધન અવસ્થામાં ઊભું કરે છે. તે દુઃખ અથવા ભૂલ કોઈ બહારના પદાર્થે, કર્મે અથવા બૈરાં છોકરાંએ કરાવેલ નથી. ભાઈ, તારા અંતરસ્વરૂપને ભૂલ્યો છો, તે ભાવબંધન છે.

## પુદ્‌ગલબંધ અચેતન જ્ઞેયનો પર્યાય છે તે ચેતન જ્ઞેયને લાભ—નુકશાન કરતો નથી.

ત્રણ પ્રકારના બંધન આ ગાથામાં કહે છે. તેમાં પહેલાં પુદ્‌ગબંધની વાત કરે છે. અજ્ઞાની જીવ માને છે કે કર્મ બંધનને લીધે રખડવું પડે છે પણ ભાઈ, તે તારી ભૂલ છે. કર્મબંધન તો જડની પર્યાય છે. જડની પર્યાય તેને રખડાવે તેમ બને નહિ. જડની પર્યાય જડમાં છે, તારામાં નથી. પુદ્‌ગલ પરમાણુમાં સ્પર્શની ચીકાશ—લૂખાશ બે ગુણ અધિક થતાં સ્કંધરૂપ થાય છે. તેમાંથી કર્મસ્કંધ પર્યાય પર્યાય થાય છે. કર્મને લીધે રખડ્યો છું, એ વાત ભૂલી જા કારણ કે કર્મ પુદ્‌ગલ છે—જડ છે. ચીકાશ-લૂખાશના એકત્વપરિણામ થાય તે કર્મની પર્યાય છે. તે અજીવજ્ઞેયનો પર્યાય છે. જ્ઞેયો બે પ્રકારનાં છે—ચેતનજ્ઞેય ને અચેતન જ્ઞેય. કર્મની પર્યાય અચેતન જ્ઞેયની પર્યાય છે, તે ચેતનપર્યાયને શું નુકશાન કરે ? કાંઈ જ નુકશાન ન કરે. અજીવનાં દ્રવ્ય-ગુણ-પર્યાય અજીવમાં છે ને જીવનાં દ્રવ્ય-ગુણ-પર્યાય જીવમાં છે તેથી અજીવ કર્મની પર્યાય જીવને નુકશાન કરતી નથી, એમ પુદ્‌ગલબંધનું સ્વરૂપ જાણવું.

## પરપદાર્થો સાથે એકત્વના પરિણામ તે જીવબંધ છે.

હવે જીવબંધનું સ્વરૂપ કહે છે :–

જીવ અજ્ઞાનભાવથી મોહ-રાગ-દ્વેષ કરે છે, તે ભાવબંધ છે. અનુકૂળ નિમિત્તો હોય તો ઠીક પડે, પ્રતિકૂળ નિમિત્તોને દૂર કરું તો ઠીક, એ બધા ભ્રાંતિના ભાવ છે. શાસ્ત્રથી જ્ઞાન થાય, મંદિરથી શુભભાવ થાય એવી ભ્રાંતિ અજ્ઞાની કરે છે. જગતના બધા પદાર્થો જ્ઞેય છે. તે જ્ઞેયમાં ઇષ્ટ–અનિષ્ટપણું નથી છતાં પણ કલ્પના ઊભી કરી અજ્ઞાની જીવ જ્ઞેયોમાં બે ભાગ પાડે છે. આ પદાર્થો ઇષ્ટ છે ને આ પદાર્થો અનિષ્ટ છે–ને મોહ રાગ-દ્વેષ કરી પોતાના શુદ્ધસ્વભાવને ચૂકીને પર સાથે એકત્વ પરિણામ કરે છે, તે જીવબંધ છે. જીવને રાગ સાથેની એકત્વબુદ્ધિ, કામ, ક્રોધ, વ્રત, પૂજા આદિ વિકારના અંશ જેટલો જ હું છું તે માન્યતા ભાવબંધ છે. બંધન એકને હોઈ શકે નહિ. એક તરફ ચિદાનંદ જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપ તે જીવ કહ્યો ને બીજી તરફ અનુકૂળ–પ્રતિકૂળ પદાર્થોમાં મોહ-રાગ-દ્વેષવાળી પર્યાયબુદ્ધિ–તેમાં જીવનું એકત્વપરિણામ તે કેવળ જીવબંધ છે. જીવને કર્મનું બંધન નુકશાન કરતું નથી પણ ભાવબંધની પર્યાય નુકશાન કરે છે અને તે જ સંસારનું કારણ છે.

## ઔપાધિકભાવ તે જીવતત્ત્વ નથી.

અહીં ખાસ ખ્યાલમાં રાખવાની વાત એ છે કે જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપને જ અહીં જીવ કહ્યો છે. પુણ્ય-પાપરૂપ ઉપાધિભાવને જીવ કહ્યો નથી. તેને જીવથી અન્ય વસ્તુ કહી છે. જીવથી તે અન્ય વસ્તુ ન હોય તો નવતત્ત્વ પૃથક્ રહેતાં નથી. મિથ્યાત્વ, અશુભ રાગ-દ્વેષ તે પાપ છે. શુભરાગ તે પુણ્ય છે. બન્ને આસ્રવ ને બંધ છે. બંધતત્ત્વ તે જીવતત્ત્વ હોઈ શકે નહિ. બંધ તત્ત્વને જીવતત્ત્વ માનવામાં આવે તો નવતત્ત્વ પૃથક્ રહેતાં નથી ને જીવનું સ્વરૂપ બંધવાળું થઈ જાય તો કદી બંધરહિત થઈ શકે નહિ.

## ભાવબંધનું સ્વરૂપ જાણ્યા વિના ધર્મ કદી પણ થાય નહિ.

અહો ! જીવોને આ વાત કાને પડી નથી. જેને કાને પડી નથી તેને તો સાચી સમજણ ક્યાંથી થાય ? ભાઈ, શાસ્ત્રમાં નિમિત્તનાં કથનો ઘણા પ્રકારનાં આવે છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે, ચાર ઘાતિકર્મો ગુણોનો ઘાત કરે છે, તે બધાં કથન વ્યવહારનાં છે. જડને અને આત્માને અત્યંત અભાવ છે. તો પછી જડ કર્મો આત્માની પર્યાયનો ઘાત કરે નહિ, પણ કર્મ આત્માને નડે છે એવો મિથ્યાભાવ–એવી સંયોગીદ્રષ્ટિ તે નુકશાન કરે છે. આવા એકત્વના પરિણામ જડના પરિણામથી જુદા છે. જે જીવ કર્મને લીધે વિકાર થાય છે, એમ માને છે તેને જડ–ચેતનનાં દ્રવ્ય–ગુણ–પર્યાય પણ જુદા કરતાં આવડતા નથી. પર્યાય સ્વતંત્ર માનવાની જેને ત્રેવડ નથી તેને પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કરતાં આવડશે નહિ. કર્મના ઉદય પ્રમાણે વિકાર કરવો પડે એમ માનનાર તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે. કારણ કે જીવ કર્મ સાથે બંધાયેલ નથી પણ વિકાર મારું સ્વરૂપ છે એવી પર્યાયબુદ્ધિ કરી અટકે છે તે પણ અધર્મ ને અજ્ઞાનભાવ છે. સ્વભાવબુદ્ધિ છોડી મારા કારણે હું પર્યાયબુદ્ધિમાં અટકું છું, તે ભાવબંધ છે. તેનું યથાર્થજ્ઞાન કરતાં ન આવડે તેને સમ્યગ્દર્શન કદી પણ થાય નહિ.

## નિરુપાધિ સ્વભાવને ઔપાધિક ભાવ સાથે બંધન છે, કર્મ સાથે બંધન નથી.

જીવની પર્યાયમાં ભાવબંધ થાય છે માટે જડકર્મને આવવું પડે એવું નથી ને જડકર્મનો ઉદય થયો માટે રાગ-દ્વેષના પરિણામ થયા–એમ પણ નથી. કોઈ કોઈના કારણે છે નહિ. જીવ તો નિરુપાધિ તત્ત્વ છે, જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વરૂપ છે. શક્તિવાન આત્માને તેની શક્તિઓમાં ઉપાધિ નથી. નિરુપાધિતત્ત્વને ઉપાધિવાળી પર્યાય સાથે બંધન છે, શુદ્ધ સ્વરૂપને અશુદ્ધ પર્યાય સાથે બંધન છે, નિરાકુળ સ્વભાવને આકુળતારૂપ રાગ-દ્વેષ સાથે

બંધન છે પણ જડકર્મ સાથે અથવા પરપદાર્થો સાથે બંધન નથી. આમ પહેલાં નક્કી કરવું જોઈએ. જીવ તો શુદ્ધ અનાકુળ શાંતરસ છે. તેને અશાંતરસ–રાગ-દ્વેષ–આકુળતા સાથે બંધ છે. સુખકંદ પ્રભુને મિથ્યાત્વ–રાગ-દ્વેષના પરિણામમાં સુખ માનીને બંધ થઈ રહ્યો છે.

ભેદ વિજ્ઞાન **(૧) ઉપરથી આત્માને જુદો જાણવો તે વ્યવહાર ભેદવિજ્ઞાન છે.**

**(૨) વિકારી પર્યાયથી ત્રિકાળી શુદ્ધ આત્માને જુદો જાણવો તે યથાર્થ ભેદવિજ્ઞાન છે.**

ભેદવિજ્ઞાન બે પ્રકારે છે. પરથી આત્મા જુદો છે એવું વ્યવહાર ભેદવિજ્ઞાન પણ જેને થયું નથી તેને રાગ-દ્વેષથી મારો સ્વભાવ જુદો છે એવું ભેદ વિજ્ઞાન થશે નહિ.

૧. જે જીવ કર્મને લીધે વિકાર થાય, પરપદાર્થોને લીધે રાગ-દ્વેષ થાય એમ માને છે તથા બહારના પદાર્થોમાં રોકાયો છે ને બહારના પદાર્થો છોડવાથી ધર્મ માને છે તે તો સ્થૂલ ભૂલમાં છે, તેને તો સાચાં વ્રત કે ત્યાગ છે જ નહિ. કર્મ ઉદયમાં આવે તો વિકાર કરવો પડે ને વિકાર કરે માટે કર્મને બંધાવું પડે તે તો સ્થૂલ ભૂલમાં છે. પર છે તો રાગ છે, તેને પરથી જુદા પડવાની પણ તાકાત નથી, પણ કર્મ મને રાગ કરાવતું નથી, જીવ પોતાની યોગ્યતાથી વિકાર કરે છે એમ સમજે તો તે પરથી જુદો પડ્યો કહેવાય, તે વ્યવહાર ભેદવિજ્ઞાન છે. તે વ્યવહાર ભેદવિજ્ઞાન પણ સાચું ક્યારે કહેવાય ? જો વિકારથી છૂટો પડી સ્વભાવ તરફ ઢળે તો.

૨. વિકાર સ્વતંત્ર થાય છે તેમ સમજીને પછી પરલક્ષે થતો વિકાર તે ઔપાધિકભાવ છે, મલિન છે, તે મારું ખરેખરું સ્વરૂપ નથી, દયા-દાનથી મને ધર્મ થતો નથી. એ પણ અધર્મભાવ છે, બંધનું કારણ છે. મારા સ્વભાવને તે મદદ કરતા નથી એમ વિકારને હેય સમજીને સ્વભાવને ઉપાદેય સમજે ને પોતાના શુદ્ધ સ્વભાવ તરફ વળે તો યથાર્થ ભેદવિજ્ઞાન થાય છે. ને તો પરપદાર્થથી વિકાર થતો નથી, એવું વ્યવહાર ભેદવિજ્ઞાન સાચું કર્યું કહેવાય છે. ઓઘે ઓઘે પરથી જુદો માને પણ વિકાર ને દયા-દાન જેટલો જ પોતાને માને તો પરથી તે ખરેખર જુદો પડ્યો નથી. માટે ત્રિકાળ શુદ્ધ આત્મસ્વરૂપની શ્રદ્ધા એ જ ખરેખર ભેદવિજ્ઞાન છે.

જ્ઞેયો બે પ્રકારના : (૧) સ્વજ્ઞેય, (૨) પરજ્ઞેય.

આ જ્ઞેય અધિકાર છે. સ્વજ્ઞેય ને પરજ્ઞેય એવાં બે પ્રકારનાં જ્ઞેયો છે. તેમાં પણ **સ્વજ્ઞેયના બે પ્રકારો** છે.

૧. આત્માનું શુદ્ધ દ્રવ્ય, જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે શુદ્ધ અનંતા ગુણનો ભંડાર શુદ્ધ નિરુપાધિ તત્ત્વ–જીવતત્ત્વ તે સ્વજ્ઞેય દ્રવ્ય છે.

૨. પોતાના શુદ્ધ સ્વભાવનું લક્ષ ચૂકીને પર લક્ષે મોહ-રાગ-દ્વેષરૂપ વિકારીભાવ થાય છે. તે ભાવો જડમાં અથવા જડને લીધે થતા નથી, પોતાના અપરાધથી થાય છે, તે ભાવબંધ સ્વજ્ઞેય પર્યાય છે.

હવે **<u>પરજ્ઞેયના બે પ્રકારો :</u>**–

(૧) પરમાણુ શુદ્ધ દ્રવ્ય છે, તે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ગુણોનો ભંડાર છે, તે પરજ્ઞેય દ્રવ્ય છે.

(૨) પરમાણુમાં સ્પર્શ ગુણના કારણે સ્કંધરૂપ પર્યાય થાય છે. તેનામાં ચીકાશ–લૂખાશ છે. તેના કારણે તે પર્યાય થાય છે. જીવના રાગ-દ્વેષને લીધે થતી નથી. દ્રવ્યબંધ પરજ્ઞેય પર્યાય છે.

કર્મ પુદ્‌ગલદ્રવ્ય નથી પણ પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. તે ચીકાશ–લૂખાશના કારણે થાય છે. તે પરજ્ઞેય પર્યાય છે.

તારી સત્તામાં તારું હોવાપણું છે. ત્રિકાળી આત્મદ્રવ્ય શુદ્ધ, ત્રિકાળી જ્ઞાન-દર્શન શુદ્ધ ને રાગ-દ્વેષ વગેરે ભાવબંધ અશુદ્ધ એમ ત્રણે થઈને સ્વજ્ઞેય કહ્યું છે ને કર્મની સત્તામાં કર્મનું હોવાપણું છે. ત્રિકાળી પરમાણુ શુદ્ધ, ત્રિકાળી સ્પર્શાદિ ગુણો શુદ્ધ ને ચીકાશ–લૂખાશના કારણે સ્કંધરૂપ અવસ્થા એમ ત્રણે થઈને પરજ્ઞેય છે. આમ સ્વજ્ઞેય અને પરજ્ઞેય સ્વતંત્ર સમજવાં જોઈએ.

## જ્ઞેયોને યથાર્થ જાણવાનું ફળ–ધર્મની શરૂઆત.

જે જીવ પોતાની ઔપાધિક પર્યાય કે જે સ્વજ્ઞેય છે તે પરજ્ઞેય–કર્મને લીધે અથવા બીજા પદાર્થોને લીધે થાય એમ માને તેને તો સ્વ અને પર એકે તત્ત્વની સમજણનાં ઠેકાણાં નથી. જેને પરથી જુદો પડતાં આવડતું નથી તે જીવને વિકાર મારો નથી, હું તો શુદ્ધ દ્રવ્ય છું એમ વિકારથી ત્રિકાળી દ્રવ્યને જુદું પાડતાં કદી આવડશે નહિ. માટે પ્રથમ તો જીવે બાહ્ય પદાર્થો અથવા કર્મથી વિકાર થતો નથી પણ મારા અપરાધથી થાય છે એમ નક્કી કરવું જોઈએ. પછી તે વિકાર મારી અવસ્થામાં થાય છે પણ મારા ત્રિકાળી દ્રવ્યમાં થતો નથી. મારો આત્મા તો શુદ્ધ છે એમ સમજણ કરે તો ધર્મ થાય છે ને તેને ભાવબંધ અટકે છે.

## ઉભયબંધ એટલે શું ?

હવે ઉભયબંધની વાત કરે છે. સંસારદશામાં જીવના વિકારી પરિણામને તથા દ્રવ્યબંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જીવદ્રવ્યને તથા

પુદ્‌ગલદ્રવ્યને નિમિત્ત-નૈમિત્તિકપણું હોઈ શકે નહિ. નિમિત્ત-નૈમિત્તિકપણું પર્યાયમાં હોય છે. જીવદ્રવ્યની વિકારી પર્યાયને તથા પુદ્‌ગલપરમાણુની કર્મરૂપ અવસ્થાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્તમાત્ર કહ્યું છે. જીવે રાગ કર્યો માટે કર્મ બંધાયું ને કર્મનો ઉદય આવ્યો માટે રાગ-દ્વેષ થયા એવા પ્રકારનો કર્તાકર્મ સંબંધ નથી ને તે ઉભયબંધ નથી પણ જીવ રાગ-દ્વેષ કરે છે ત્યારે કર્મ નિમિત્તમાત્ર છે. જૂનાં કર્મ એના કારણે ઉદયમાં જ હોય છે ને નવાં કર્મો પણ એના કારણે બંધાય છે, એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

## જીવ તથા કર્મને "વિશિષ્ટતર પરસ્પર અવગાહ" કેમ કહ્યો ?

વળી જીવને તથા કર્મપુદ્‌ગલને વિશિષ્ટતર પરસ્પર અવગાહ કહ્યો છે. જીવ છે ત્યાં બીજાં દ્રવ્યો–ધર્મ, અધર્મ આદિ રહેલાં છે પણ અહીં વિશિષ્ટતર પરસ્પર અવગાહ કહ્યો છે. તેનું કારણ એ છે કે જીવ રાગ કરે ત્યારે તેનું નિમિત્ત પામીને ધર્મ, અધર્મ કે આકાશ વગેરે દ્રવ્યોની કોઈ અવસ્થા ફેરફારરૂપ થતી નથી, પણ જીવ રાગ કરે છે ત્યારે પુદ્‌ગલ પરમાણુઓ કર્મરૂપે જરૂર પરિણમે છે. તીવ્ર રાગ કરે તો તીવ્ર સ્થિતિ અનુભાગ સહિત કર્મ બંધાય છે ને મંદ રાગ કરે તો મંદ મંદ અનુભાગ સ્થિતિ સહિત કર્મ બંધાય છે. તે કર્મ રાગના કારણે બંધાતાં નથી પણ કર્મપરમાણુ પોતાના કારણે બંધાય છે. રાગ-દ્વેષના પ્રમાણમાં જીવના એકક્ષેત્રે અવગાહીને કર્મો રહે છે. બીજાં ધર્માદિ દ્રવ્યમાં એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી તેથી વિશિષ્ટતર પરસ્પર અવગાહ કહ્યો છે. આ પ્રકારે જીવની સાથે કર્મ સ્કંધોને પરસ્પર અવગાહરૂપે રહેવું તેને ઉભયબંધ કહે છે.

## શરીર વગેરે પરપદાર્થોને ચીરીને કદી જોયા ?<br>એમાં ક્યાંય સુખ છે ?

અજ્ઞાની જીવ સ્ત્રી, પૈસા, છોકરાં વગેરેમાં સુખ માની રહ્યો છે. તે સુખ તેં કદી જોયું છે? આબરૂમાં સુખ છે ? શેઠાઈમાં સુખ છે ? આ સુંદર શરીરમાં સુખ છે, તો શરીરને ચીરીને કદી જોયું કે તેમાં સુખ છે ? લાડવામાં સુખ છે ? તેં કદી જોયું ? લાડવા ચીરીને કદી જોયું કે તેમાં સુખ છે ? દાળ, ભાત, બંગલા, મોટર, રૂપિયા કદી ચીરીને જોયા ? તેમાં ક્યાંય સુખ છે ? ઠીક. તું કહીશ કે એમાં સુખ દેખાતું નથી; કારણ કે શરીર તો હાડ માંસ આદિથી ભરેલું છે. તેમ લાડવા, દાળ, ભાત, મકાન બધાને ચીરવાથી માલૂમ પડે છે કે તે તો જડ સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા છે. તું તે પદાર્થોને ચીરીને વિચાર કરીશ તો માલૂમ પડશે કે તેમાં ક્યાંય સુખ નથી. કારણ કે તે સુખ ગુણ વગરના પદાર્થો છે.

## પરમાં સુખની માન્યતાનું ક્ષેત્ર, કાળ કેટલો ?

હવે તું કહીશ કે શરીર, લાડવા વગેરેમાં સુખ તો દેખાતું નથી પણ તે માન્યું છે. કલ્પના કરી છે કે શરીર અનુકૂળ હોય તો ઠીક, સુંદર સ્ત્રી હોય તો ઠીક, સારાં મકાન, બગીચા હોય તો ઠીક, સારાં ભોજન મળે તો ઠીક, રૂપિયા મળે તો ઠીક, એવી તેં કલ્પના કરી સુખ માન્યું છે. હવે તેને પૂછીએ છીએ; તે કલ્પના શું છે તેનો પણ કદી વિચાર કર્યો છે ? તે કલ્પના શરીર વગેરે પરને લીધે થાય છે કે પોતાને લીધે થાય છે ? તે માન્યતા સ્વમાં રહેતી હશે કે પરપદાર્થોમાં રહેતી હશે ? તે માન્યતાનું ક્ષેત્ર કેટલું હશે ? વળી તે માન્યતા પોતાના દ્રવ્યગુણમાં રહેતી હશે કે પોતાની પર્યાયમાં રહેતી હશે ? વળી તે માન્યતા અનાદિ અનંત કાયમ રહેતી હશે કે એક સમયમાત્ર રહેતી હશે ? તેનો પણ તેં કદી વિચાર કર્યો છે ?

## ઊંધી માન્યતાનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી આત્મા પ્રમાણે છે ને કાળ એક સમયનો છે.

અહો ! જીવો પોતે જે માની રહ્યા છે તે સાચું સુખ છે કે ખોટું છે તે વિચાર કરવા પણ ઊભા રહેતા નથી. જેમ સાકરની મીઠાશ તેના ગાંગડાના પ્રમાણમાં પ્રસરેલી છે, તેમ અજ્ઞાનભાવે કલ્પેલી માન્યતા આત્માના અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં વ્યાપેલી છે. તે માન્યતા બહારના પદાર્થોમાં કે બહારના કારણે નથી, પણ પોતાના કારણે છે. વળી તે ઊંધી માન્યતાનો કાળ એક સમયનો છે. સમયે સમયે નવો ઉત્પન્ન કરે છે. તે ઊંધી માન્યતા કર્મે કરાવી નથી. તે ભાવબંધ છે ને તેનો નાશ થઈ શકે છે.

## સ્વભાવને લક્ષે ઊંધી માન્યતાનો નાશ થાય છે ને સુખની ઉત્પત્તિ થાય છે.

અહો ! જીવોએ ઊંધી કલ્પના કરી રાખી છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં મમતા કરી સુખ માને છે પણ તે સુખ આંખે દેખાતું નથી છતાં માન્યતા કરી છે. જ્ઞાની પુરુષો કહે છે કે હે જીવ ! ત્યાં સુખ નહિ દેખાવા છતાં તેં ત્યાં સુખ માની લીધું છે તો આ અમો કહીએ છીએ એવી માન્યતા એકવાર તો કર ! પરમાં સુખ નથી; તેં ઊંધી માન્યતા કરી છે. તે માન્યતા તારામાં, તારા કારણે, તારા અસંખ્ય પ્રદેશમાં એક સમય પૂરતી છે. કર્મે કરાવી નથી પણ કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેમાં સુખ નથી. તે માન્યતા તારો મૂળ શુદ્ધ સ્વભાવ નથી. સુખ તો તારા શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનમાં છે. જેમ ઉષ્ણતા ટળીને પાણી તેના મૂળ ઠંડા સ્વભાવને પામે છે એમ તારા સ્વભાવના લક્ષે શ્રદ્ધા-જ્ઞાન કરવાથી ભાવબંધ ટળીને તારા

શીતળ શુદ્ધ અમૃતમય શાંત સ્વભાવને પામીશ ને તેમાંથી સુખની પ્રાપ્તિ થશે.

## કર્મકૃત અપરાધ હોય તો બીજા પાસે તે અપરાધની ક્ષમા માગવાની શી જરૂર છે ?

પણ જીવ અનાદિકાળથી દોષનો ટોપલો પરને માથે નાખતો આવ્યો છે. કોઈ અજ્ઞાની જીવ કહે કે "ભૈયા, રાગ-દ્વેષ થયા તે કર્મકૃત છે તેમ માની મને ક્ષમા કરજો." તો તું કોની ક્ષમા માગે છે ? દોષ તો તેં કર્યો નથી, દોષ તો કર્મે કરાવ્યો છે પછી તારે ક્ષમા માગવાની શી જરૂર છે ? કર્મે કરાવેલ દોષની પર પાસે ક્ષમા માગવી તે તો મૂઢતા છે.

## નિશ્ચય ને વ્યવહાર ક્ષમાનું સ્વરૂપ.

ક્ષમા માગવાની વ્યવહાર રીત તો એ છે કે મારા પરિણામના નિમિત્તે તમારા જીવને કાંઈપણ ખોટું લાગ્યું હોય અથવા બીજા કોઈ પરિણામ થયા હોય તો તેનો મારા પરિણામમાં મને ખેદ વર્તે છે. તેની મને ક્ષમા આપશો. પણ તે પ્રાયશ્ચિત અથવા ક્ષમા પર પાસે માગવાં તે પણ વિકલ્પ છે–વ્યવહાર છે. તે ક્ષમાનું યથાર્થ સ્વરૂપ નથી. વ્યવહાર ક્ષમા પણ ક્યારે કહેવાય ? જો પોતે નિશ્ચય ક્ષમા પોતામાં કરે તો. હું તો જ્ઞાનસ્વભાવી શુદ્ધ પદાર્થ છું, મારા દોષને લીધે ખરેખર પરમાં કાંઈ થયું નથી. ને મારા દોષનો તો હું અપરાધી છું એમ સમજી પર ઉપરથી લક્ષ ઉઠાવવું. હવે જે દોષ થયો છે તે તો વિકાર એક સમયનો છે. તે મારું ત્રિકાળી સ્વરૂપ નથી. હું પોતે જ ક્ષમાસાગર છું. મારા ક્ષમાસાગરમાંથી વૃત્તિ ઊઠવી તે જ અપરાધ છે એમ સમજી જે જીવ પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે ને દોષ ઉત્પન્ન થવા દેતો નથી તેને જ ખરી ક્ષમા છે. પોતે પોતાને પોતામાં ક્ષમા આપે તે સાચી ક્ષમા છે. સામો જીવ માફી આપે કે ન આપે તે પ્રશ્ન જ નથી. વળી ગુરુ પાસે ક્ષમા માગવાનો વિકલ્પ ઊઠે અથવા ન પણ ઊઠે, પરંતુ સ્વભાવમાં ઠરી જાય તે સાચી ક્ષમા છે. તે સાચી ક્ષમા ઉત્પન્ન થાય ત્યારે ગુરુ પાસે ક્ષમા માગવાનો પૂર્વે વિકલ્પ હોય તો તે વિકલ્પને વ્યવહારથી ક્ષમા કહેવાય છે. પણ સામેના બીજા જીવના પરિણામને પોતાના પરિણામ નિમિત્ત હતા એટલો વિવેક કરી ફરી એવા પરિણામ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાનના આશ્રયે થવા ન દેવા, તે સાચી ક્ષમા છે.

ભાવબંધ, દ્રવ્યબંધ ને ઉભયબંધ ત્રણે પર્યાયો છે–જ્ઞેય છે, તેનું સ્વરૂપ જાણી આત્મા ત્રણે બંધોથી રહિત છે એવાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે ધર્મ છે.

***

# પ્રસાદ નં. ૧૩૩

## પ્રવચનસાર ગાથા ૧૭૮

(ફાગણ સુદ ૪, રવિવાર)

હવે દ્રવ્યબંધનું નિમિત્ત ભાવબંધ છે, એમ પ્રગટ કરે છે :-

**સપ્રદેશ છે તે જીવ, જીવ પ્રદેશમાં આવે અને**
**પુદ્‌ગલસમૂહ રહે યથોચિત, જાય છે, બંધાય છે. ૧૭૮.**

**અન્વયાર્થ :**–તે આત્મા સપ્રદેશ છે. એ પ્રદેશોમાં પુદ્‌ગલસમૂહો પ્રવેશે છે, યથાયોગ્ય રહે છે, જાય છે અને બંધાય છે.

### આત્માને અસંખ્ય પ્રદેશો નિશ્ચયથી છે.

**ટીકા :—**આ આત્મા લોકાકાશના જેટલા અસંખ્ય પ્રદેશવાળો છે. કોઈ કહે કે 'નિશ્ચયના ગ્રંથોમાં આત્માને અસંખ્યપ્રદેશી ઉપચારથી કહ્યો છે માટે અસંખ્ય પ્રદેશ છે જ નહિ', તો તે વાત બરાબર નથી. વસ્તુ આત્મા અખંડ છે, તેમાં અસંખ્ય પ્રદેશ છે એવો ભેદ પાડતાં વિકલ્પ ઊઠે છે અને અભેદ આત્માની શ્રદ્ધા થતી નથી. માટે તેમ કથન કર્યું છે. અભેદની શ્રદ્ધા કરાવવા ''આત્મા એક ને પ્રદેશ અસંખ્ય'' એવા ભેદનો નિષેધ કરાવ્યો છે પણ આત્માને અસંખ્ય પ્રદેશો જ નથી એમ કોઈ કહે તો તે વાત બરાબર નથી. આત્માને અસંખ્ય પ્રદેશો નિશ્ચયથી છે. આત્માને અસંખ્ય પ્રદેશ હોવાથી તે સપ્રદેશી કહેવાય છે.

### યોગનું કંપન સ્વતંત્ર છે, મન-વચન-કાયા નિમિત્તમાત્ર છે.

કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાના નિમિત્તે આત્માના પ્રદેશોનું કંપન થાય છે. મન, વચન, કાયા તો જડ અચેતન પુદ્‌ગલ દ્રવ્યની અવસ્થા છે. કંપન તો આત્માના યોગગુણની વિકારી અવસ્થા છે. નિગોદથી માંડીને કેવળજ્ઞાની સુધીના તેરમા ગુણસ્થાન સુધીના જીવોને કંપન હોય છે. મન, વચન, કાયા છે માટે તે કંપન થાય છે, એમ નથી પણ આત્માના પોતાના યોગગુણની અવસ્થા મુજબ કંપન થાય છે ત્યારે મન, વચન, કાયા નિમિત્તમાત્ર છે.

### દ્રવ્યબંધ સ્વતંત્ર છે, ભાવબંધ નિમિત્તમાત્ર છે.

તે આત્માના પ્રદેશોનું કંપન થાય છે ત્યારે કર્મપુદ્‌ગલના સમૂહો પોતાની યોગ્યતાને કારણે આત્માના એકપ્રદેશે આવે છે, રહે છે ને જાય પણ છે. આત્માના પ્રદેશોનું કંપન થાય છે માટે કર્મોને આવવું પડે છે, એમ કર્મો પરાધીન નથી તેમ જ કર્મો આવે છે માટે આત્માના પ્રદેશોને કંપરૂપે થવું

પડે છે એમ કંપન પરાધીન નથી. બન્ને સ્વતંત્ર છે. કર્મો પોતાના કારણે આવે–જાય છે. તેમાં કંપન નિમિત્તમાત્ર છે ને કંપન તે યોગગુણની વિકારી પર્યાય છે. તે યોગના નિમિત્તથી જડ કર્મમાં પ્રકૃતિબંધ ને પ્રદેશબંધ પડે છે.

હવે કષાયના નિમિત્તપણાથી કર્મો સ્વતંત્રપણે બંધાય છે, તેની વાત કરે છે. કષાયના નિમિત્તે કર્મમાં સ્થિતિબંધ તથા અનુભાગબંધ પડે છે. જીવ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને પરપદાર્થમાં મોહ કરે છે. અનુકૂળ નિમિત્તો મેળવું તો મને લાભ થાય, પ્રતિકૂળ નિમિત્તોને દૂર કરું તો ઠીક એમ મોહ-રાગ-દ્વેષ કરે છે. ત્યારે કર્મો આવીને બંધાય છે. સ્થિતિ ને રસનો બંધ કર્મમાં પોતાની યોગ્યતાના કારણે પડે છે.

કોઈ પૂછે કે કષાય કર્યો માટે કર્મમાં સ્થિતિ ને રસનો બંધ પડ્યો ને ? ને તેથી આત્માના એકક્ષેત્રે બંધાઈને રહ્યાં છે ને ?

સમાધાન :–ના. આત્માના પ્રદેશો સાથે એકક્ષેત્રે કર્મો પોતાના કારણે બંધરૂપ રહે છે. કષાય થયો છે માટે કર્મોને બંધાવારૂપ રહેવું પડે છે, એમ નથી તથા કષાયનો નાશ થાય છે માટે કર્મો છૂટાં પડી જાય છે, એમ પણ નથી. રાગ-દ્વેષ થાય ત્યારે કર્મના પરમાણુ આવે અને બંધાય ખરા. કર્મના પરમાણુને આવવાની તથા બંધાવાની યોગ્યતા નહોતી પણ રાગ કર્યો માટે બંધાયાં એમ નથી. વળી જીવ રાગ-દ્વેષ ન કરે ત્યારે કર્મ છૂટાં પડી જાય ખરા પણ છૂટા પડવાની કર્મમાં યોગ્યતા નહોતી ને છૂટા પડી ગયાં એમ નથી. બંધાવાની અથવા છૂટા પડવાની પરમાણુની પોતાની યોગ્યતા છે, ભાવબંધ નિમિત્તમાત્ર છે. ભાવબંધના પ્રમાણમાં જ દ્રવ્યબંધ થાય છતાં બન્ને સ્વતંત્ર છે.

## દ્રવ્યકર્મનો આત્મા કર્તા નથી તો પરપદાર્થનો કર્તા કેવી રીતે હોય? ન જ હોય.

જ્ઞાની પુરુષો કહે છે કે પરપદાર્થમાં ઠીક–અઠીકના ભાવ કરવા તે તારી વિકારી પર્યાય છે. ને હાથ, વાણી, શરીર, પૈસા, દુકાન વગેરેની અવસ્થા થવી તે જડની પર્યાય છે. તારે ને જડને અત્યંત અભાવ છે. તું તેનું કાંઈ કરી શકે નહિ. ઘણીવાર તારી ઇચ્છા હોય છતાં શરીર ચાલતું નથી, ભાષા બોલાતી નથી, વેપાર કરી પૈસા પ્રાપ્ત કરવાના ભાવ ઘણા હોય તો પણ પૈસાની પ્રાપ્તિ થતી નથી, તો પછી તેની અવસ્થાનો અહંકાર કરી ભાવબંધ શા માટે કરે છે ? તારી યોગ્યતાના કારણે યોગગુણની અશુદ્ધતા તથા મિથ્યાત્વ રાગ-દ્વેષનો ભાવબંધ થાય છે તે ભાવબંધને લીધે પણ જડ કર્મની અવસ્થા થતી નથી. **જેટલા પ્રમાણમાં ને જેવા પ્રકારના ભાવ કરે તેવા પ્રકારના ને તેટલા પ્રમાણમાં સ્થિતિ ને અનુભાગબંધ કર્મમાં**

**નિયમથી જડના કારણે થાય છતાં પણ આત્માના રાગ-દ્વેષ તે કર્મની અવસ્થાના કર્તા–હર્તા નથી તો પછી આત્માના રાગ-દ્વેષ શરીર, વાણી, પૈસા વગેરેની અવસ્થા કરી શકે એમ માનવું તે તો સ્થૂલ અજ્ઞાન છે.** માટે પરપદાર્થના કર્તૃત્વનો અહંકાર ટાળવા સૂક્ષ્મ વાત કરી છે.

આ પ્રમાણે દ્રવ્યકર્મમાં સ્થિતિ, રસ વગેરે બંધ તેના પોતાના કારણે થાય છે. તેમાં ભાવબંધ નિમિત્તમાત્ર છે. એમ યથાર્થ જ્ઞાન કરી પરવસ્તુનો તથા કર્મનો આત્મા કર્તા–હર્તા નથી ને પરવસ્તુ તથા કર્મ આત્માને લાભ અથવા નુકશાનનું કારણ નથી એમ યથાર્થ જ્ઞાન કરવું તે ધર્મ છે. ાા૧૭૮ાા

હવે, રાગપરિણામમાત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્યબંધનો હેતુ હોવાથી તે જ નિશ્ચય બંધ છે, એમ સિદ્ધ કરે છે :–

**ગાથા ૧૭૯**

**જીવ રક્ત બાંધે કર્મ, રાગરહિત જીવ મુકાય છે;**
**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯.**

**અન્વયાર્થ** :–રાગી આત્મા કર્મ બાંધે છે, રાગરહિત આત્મા કર્મથી મુકાય છે. આ જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી જાણ.

## પર્યાયબુદ્ધિ જીવ જ નવાં દ્રવ્યકર્મથી બંધાય છે.

આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપી છે, તેવું ભાન ભૂલીને પરપદાર્થની ક્રિયા આત્મા કરી શકે છે, એવો ભાવ તે મિથ્યાભાવ છે. ‘‘પહેલું સુખ તે જાતે નર્યા’’ એમ અજ્ઞાની માને છે. નીરોગી શરીરથી સુખ ને રોગી શરીરથી દુઃખ એવા મિથ્યાત્વભાવ સહિત રાગ-દ્વેષવાળા જીવને અહીં રાગી કહ્યો છે. તેવો રાગપરિણત જીવ જ નવાં દ્રવ્યકર્મથી બંધાય છે. જ્ઞાનસ્વરૂપી આત્માના આશ્રયે જ ધર્મ થાય છે તેમ નહિ માનતાં દયાદાનાદિના શુભભાવ કરતાં કરતાં ધર્મ થશે, કર્મ મને લાભ–નુકશાનનું કારણ છે, રાગ જેટલો જ આત્મા છે એવી પર્યાયદ્રષ્ટિવાળા જીવને જ ભાવબંધ થાય છે ને તે નવાં કર્મોથી બંધાય છે. જેટલા પ્રમાણમાં જીવ રાગ-દ્વેષ કરે તેટલા પ્રમાણમાં દ્રવ્યકર્મો જડના કારણે સ્વતંત્ર બંધાય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્મનો ઉદય જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણમાં જીવને રાગ-દ્વેષ કરવો જ પડે. એ વાત સાચી નથી. અજ્ઞાની માને છે કે આત્મા કર્મનું રમકડું છે. જેમ જાદુગર દોરી ખેંચે તેમ પૂતળીને નાચવું પડે, તેમ કર્મનો ઉદય આવે એમ જીવને ખેંચાવું પડે. નરકગતિ નામકર્મનો ઉદય આવે તો જીવની ઇચ્છા ન હોય તોપણ નરકમાં જવું પડે છે, એમ પર્યાયદ્રષ્ટિવાળો જીવ માને છે. તેની તે માન્યતા જ બંધનું કારણ છે.

શ્રેણિક મહારાજાને નરકમાં જવાનો ભાવ હતો ? કર્મ પૂર્વે બંધાઈ ગયેલું માટે કર્મને લીધે નરકમાં જવું પડ્યું, એમ અજ્ઞાની માને છે, પણ તે માન્યતા ભૂલભરેલી છે. આત્માનું ભાન હોવા છતાં નરકમાં જવાની તેમના આત્માની યોગ્યતા હતી માટે નરકમાં ગયા છે. કોઈ કર્મ નરક વગેરે ગતિમાં લઈ જતું નથી. પણ દરેક પોતાની યોગ્યતાથી જાય છે. સંયોગદ્રષ્ટિવાળો સંયોગને જુએ છે. વળી દેવ-ગુરુ-શાસ્ત્ર મને તારી દેશે, એમ તે માને છે. ભગવાન તો કહે છે કે તું તારાથી તરીશ, બીજો કોઈ તને તારી દે એમ નથી. કોઈની કૃપાથી તું તરીશ નહિ ને કોઈના શાપથી તારું અકલ્યાણ થશે નહિ, એમ ભગવાનનો આદેશ છતાં પરને લીધે ધર્મ–અધર્મ માની પર્યાયદ્રષ્ટિ રાગપરિણત જીવ જ ભાવબંધ કરે છે ને તેથી દ્રવ્યકર્મથી બંધાય છે.

## શુદ્ધ સ્વભાવના ભાનવાળો વૈરાગ્ય પરિણત જીવ નવાં કર્મોથી બંધાતો નથી.

વૈરાગ્યપરિણત જીવ દ્રવ્યકર્મથી બંધાતો નથી. અહીં વૈરાગ્યપરિણત શબ્દનો ખાસ અર્થ છે. વૈરાગ્યપરિણત કોને કહેવો ? બૈરાં–છોકરાં, દુકાન–ધંધો છોડી જંગલમાં જાય તે વૈરાગ્યપરિણત છે ? છ છ માસના ઉપવાસ કરે તે વૈરાગ્યપરિણત છે ? ના. તેવો જીવ વૈરાગ્યપરિણત નથી. શરીરની ક્રિયાથી તથા દયાદાનના ભાવથી મને લાભ થશે. એવો ભાવ તે તો રાગપરિણત ભાવ છે. નિમિત્તની દ્રષ્ટિ છોડી, સંયોગની દ્રષ્ટિ છોડી, પુણ્ય-પાપ તે મારો સ્વભાવ નથી, હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું, એવા ભાનપૂર્વક જ્ઞાયકસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન જે કરે છે તે વૈરાગ્યપરિણત જીવ છે. આત્મા ભાષા કરી શકતો નથી, શરીરની ક્રિયા કરી શકતો નથી, ભગવાન ઓમ વાણીના કર્તા નથી, વાણી વાણીના કારણે નીકળે છે. સમજનાર પોતાના કારણે સમજે છે. એમ પરપદાર્થ તથા પરલક્ષે થતા સંયોગીભાવોથી છૂટો પડી પોતાના સ્વભાવનો આશ્રય લેતાં રાગ સહજ છૂટી જાય છે. તે જીવ વૈરાગ્યપરિણત છે. દ્રવ્યલિંગી મુનિ, ૨૮ મૂલગુણનું પાલન કરવા છતાં, બાહ્યપરિષહો ઘણા સહન કરવા છતાં, બાહ્યથી ક્રોધ નહિ કરવા છતાં, સૂક્ષ્મ શુભભાવનો ધણી થાય છે તેથી તે રાગપરિણત છે, વૈરાગ્યપરિણત નથી. ભરત મહારાજા બાહ્ય સંયોગોમાં હોવા છતાં બાહ્યક્રિયા ને રાગના ધણી નથી. માત્ર સ્વભાવનો જ આદર છે. તે જીવ વૈરાગ્યપરિણત છે. તે વૈરાગ્યપરિણત જીવો ચોથા ગુણસ્થાનથી હોય છે ને તેમને મુખ્યપણે કર્મબંધ થતો નથી.

## ક્યા ઈશ્વરનું ભજન કરવાથી ધર્મ થાય ?

જીવો કહે છે કે વૈરાગ્ય લાવો ને ઈશ્વરનું ભજન કરો. તો કયા ઈશ્વરનું ભજન કરવાથી ધર્મ થાય ? તે વાત કહેવાય છે.

૧. દેવ-ગુરુ તો પર છે, તેમનું ભજન કરવાથી કષાયમંદતા હોય તો પુણ્ય થાય પણ ધર્મ થતો નથી. માટે પર એવા સાચા દેવ-ગુરુનું ભજન તે પણ ઈશ્વરનું ખરું ભજન નથી. કારણ કે તેનાથી તો પુણ્ય થાય છે. માટે દેવ-ગુરુ આત્માના ઈશ્વર નથી.

૨. આત્મામાં પ્રગટ થતી પુણ્ય-પાપની લાગણીઓ વિકાર છે તેનું ભજન કરવાથી આસ્રવબંધ થાય છે પણ ધર્મ થતો નથી. ગમે તેવા શુભભાવ હોય તોપણ તે આત્મા માટે ઈશ્વર નથી. માટે પુણ્યનું ભજન કરવા જેવું નથી.

૩. વર્તમાન ક્ષયોપશમભાવ છે તે અંશ છે તેને ભજવાથી ધર્મ થતો નથી. તે એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાયમાં નવી પર્યાય પ્રગટવાની તાકાત નથી માટે ઊઘડેલી પર્યાય ઈશ્વર નથી માટે અંશ ઊઘડેલી પર્યાયનું ભજન કરવા જેવું નથી.

૪. કોઈ કહે કે જ્ઞાનગુણનું ભજન કરો. તો એકલા જ્ઞાનગુણને આત્માથી જુદો પાડતા વિકલ્પ ઊઠે છે પણ એકાગ્રતા થતી નથી. અનંતા ગુણોની એકાગ્રતા એકગુણની એકાગ્રતામાંથી આવતી નથી માટે એકલો જ્ઞાનગુણ ઈશ્વર નથી માટે ગુણભેદનું ભજન કરવા જેવું નથી.

૫. અનંતાગુણોની એકાગ્રતા કરી સામાન્ય શુદ્ધ સ્વભાવ તરફ પર્યાય વળે તો ધર્મ પ્રગટ થઈને શાંતિ થાય તેમ છે માટે નિમિત્તની અપેક્ષા વિનાના, વિકારરહિત, ગુણભેદ રહિત આખા અભેદ શુદ્ધ સ્વભાવનું ભજન કરવા જેવું છે. તે અભેદ શુદ્ધ સ્વભાવ તે જ ઈશ્વર છે.

નિમિત્તના લક્ષે, વિકારના લક્ષે, પર્યાયના લક્ષે, ગુણભેદના લક્ષે, ધર્મ થતો નથી. અર્હંત ભગવાન તો તેમના ઈશ્વર છે, આ આત્માના ઈશ્વર તેઓ નથી. જો આના ઈશ્વર હોય તો એની સાથે આ જીવ પણ ઈશ્વર થવો જોઈએ, પણ એમ બનતું નથી. અર્હંતની સ્તુતિ તે શુભભાવનું ભજન છે.

અજ્ઞાની કહે છે કે આવી વાત કોઈ સાંભળશે તો ગજબ થઈ જશે. તો કહે છે કે ભાઈ, તે તારી અજ્ઞાનતા છે. આચાર્ય ભગવાનને સત્ય વાત કહેતાં ડર લાગતો નથી ને તને એમ લાગે છે કે સત્ય પ્રગટ થવાથી અહિત થઈ જશે ? પણ ભાઈ, સત્ય થવાથી અહિત ટળીને હિત થશે.

નિમિત્ત, પુણ્ય પર્યાય તેમ જ ગુણભેદની રુચિ છોડી અભેદ શુદ્ધસ્વભાવ કે જે પોતે ઐશ્વર્યવાન છે તેને જે ભજે છે તે જીવ

વૈરાગ્યપરિણત છે ને તેને કર્મબંધ થતો નથી. આ પ્રમાણે સાચી દ્રષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૩૪
## પ્રવચનસાર ગાથા ૧૭૯

(ફાગણ સુદ ૫, સોમવાર)

ક્યા જીવને બંધ થાય છે ને ક્યા જીવને બંધ થતો નથી, તે આ ગાથામાં કહે છે :–

### રાગપરિણત જીવ નવા દ્રવ્યકર્મથી મુકાતો નથી.

નિગોદના જીવને બાહ્યમાં કાંઈપણ પરિગ્રહ નથી પણ સ્વભાવનો તીવ્ર અનાદર વર્તે છે. પરવસ્તુનો એનો બાહ્ય સંયોગ નથી પણ શરીર તે હું, વિકાર તે હું, એવી તીવ્ર મમતાના કારણે તેને તીવ્ર અનુભાગવાળા કર્મ બંધાય છે. વળી દ્રવ્યલિંગી મુનિએ હજારો રાણીઓ છોડી મુનિદશા અંગીકાર કરી છે. અઠ્ઠાવીસ મૂલગુણનું પાલન કરે છે, બાહ્ય પરિગ્રહ નથી, પરિષહો સહન કરે છે છતાં પણ શુભથી ધર્મ થશે એવા સૂક્ષ્મ મિથ્યાત્વના કારણે તે રાગપરિણત જીવ છે, તેને અનંત સંસારનું બંધન થાય છે. તેથી નવા દ્રવ્યકર્મથી તે મુકાતો નથી.

### વૈરાગ્યપરિણત જીવ નવા દ્રવ્યકર્મથી મુકાય છે.

જ્યારે સમકિતી જીવોને રાજ્યવૈભવ વગેરે સંયોગોના ઢગલા હોવા છતાં તે સંયોગો આત્માથી પર છે ને શુભાશુભ લાગણીઓ ઝેર છે એવું ભાન હોવાના કારણે તે વૈરાગ્યપરિણત જીવો છે, તેને નવા કર્મનો બંધ થતો નથી એટલે નવા કર્મથી મુકાય છે. નવા કર્મ તેને ચોંટતા નથી. અહીં અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. અજ્ઞાની બંધાય છે ને જ્ઞાની બંધાતો નથી. એવી રીતે અનેકાંત કર્યું છે.

### વૈરાગ્યના પ્રકાર.

**૧) દ્રષ્ટિનો વૈરાગ્ય :**—બૈરાં છોકરાંને છોડી જંગલમાં ભાગી જવું તે વૈરાગ્ય નથી. પરપદાર્થોનો આત્મામાં અભાવ છે ને તે આત્માને લાભ કે નુકશાનનું કારણ નથી. પુણ્ય-પાપ ઉપાધિભાવ છે, તે રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવાં શ્રદ્ધા–જ્ઞાન કરી સ્વભાવનો દ્રષ્ટિમાં આદર કરવો, તે દ્રષ્ટિનો વૈરાગ્ય છે.

**૨) ચારિત્રનો વૈરાગ્ય :**—અશુભ ભાવ છોડી શુભભાવ કરવો, વ્રત, તપ કરવા તે ચારિત્રનો વૈરાગ્ય નથી પણ શુભાશુભ ભાવ તે મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું એવું પ્રથમ દ્રષ્ટિનો વૈરાગ્ય તો થયો છે પણ ચિદાનંદ સ્વભાવમાં વિશેષ સ્થિરતારૂપ ચારિત્ર તે ઉપશાંત નિર્વિકલ્પ રમણતા પ્રગટ કરવી તે ચારિત્રનો વૈરાગ્ય છે.

દ્રષ્ટિવંત વૈરાગ્યવાળા જીવને મુખ્યપણે બંધ થતો નથી. અસ્થિરતાને કારણે બંધ થાય છે, તે અલ્પ છે, તે ખરી જવા માટે છે. તેને બંધ થતો

નથી એમ દ્રષ્ટિ અપેક્ષાએ કહેવામાં આવે છે ને ચારિત્ર વૈરાગ્યવાળો જીવ તો પોતાના સ્વભાવમાં લીન છે એટલે તેને બંધ થતો નથી.

## અજ્ઞાની જીવ જૂના ને નવા દ્રવ્યકર્મથી બંધાય છે.

આવા વૈરાગ્યની જેને ખબર નથી તેવો પર્યાયદ્રષ્ટિવાળો જીવ પુણ્ય-પાપનો આદર કરે છે ને શરીરની ક્રિયામાં ધર્મ માને છે તે જીવને નવા દ્રવ્યકર્મોનો તો બંધ થાય છે પણ લાંબા કાળથી સંચય પામેલા એવા જૂના દ્રવ્યકર્મથી બંધાય જ છે–એમ કહ્યું છે.

જૂનાં કર્મો તો સમયે સમયે તેના કાળ અનુસાર ખરી જાય છે છતાં જૂના દ્રવ્યકર્મથી બંધાય છે એમ કેમ કહ્યું ? - કે પોતાની પર્યાયબુદ્ધિ ચાલુ રાખી છે. બંધનની યોગ્યતા છે, બંધન ભાવ ચાલુ છે તેથી જૂનાં કર્મો ખરતા હોવા છતાં નવાં બંધાય છે એટલે જૂના કર્મથી બંધાય છે–એમ કહ્યું છે. કોઈ પૂછે કે ઉપવાસાદિ તપ કરે ને જૂનાં કર્મો ખરે તેટલી કાંઈ થોડી ઘણી નિર્જરા ખરી કે નહિ ? ના. બિલકુલ નિર્જરા નથી. ક્રિયાકાંડની દ્રષ્ટિવાળાને સમયે સમયે નવા કર્મનો બંધ થયા જ કરે છે માટે જૂનાં કર્મો છૂટ્યાં કહેવાતા નથી. નવાં ન બંધાય તો જૂનાં છૂટ્યાં કહેવાય. માટે અજ્ઞાની જીવ જૂનાં અથવા નવાં કર્મો એકેમાંથી છૂટતો નથી, બંધાય જ છે.

## જ્ઞાની જીવ જૂનાં કર્મોથી છૂટી જાય છે.

જ્યારે જ્ઞાની જીવ માને છે કે હું પરપદાર્થનું કાંઈ પણ કરી શકતો નથી ને શુભાશુભ ભાવ થાય છે તે મારું સ્વરૂપ નથી. ત્રણ લોકના પદાર્થોની તેમ શુભ ભાવની રુચિનો અભાવ ને જ્ઞાતા સ્વભાવની રુચિનો સદ્‌ભાવ વર્તે છે તે જીવને નવા કર્મ બંધાતા નથી. ''વૈરાગ્યપરિણત જીવ સંસ્પર્શ કરતા એવા નવા દ્રવ્યકર્મથી મુકાય છે,'' એમ પાઠ છે. તો એમાં સંસ્પર્શ કેમ કહ્યું ? તેનો ખુલાસો એમ છે કે પ્રથમ અજ્ઞાનદશામાં રાગની બુદ્ધિ હતી ત્યારે નવા કર્મનો સંસ્પર્શ (સંબંધ) થતો હતો. હવે જ્ઞાનદશામાં નવા કર્મ બંધાયા જ નહિ તેને સંસ્પર્શ કરતા નવા કર્મથી મુકાય છે–એમ કહ્યું છે. નવા કર્મ આવ્યાં છે ને પછી છૂટાં થઈ ગયાં એમ એનો અર્થ નથી તેમ જ નવાં કર્મોની આવવાની યોગ્યતા તો હતી પણ જીવે રાગ ન કર્યો માટે આવતાં અટકી ગયાં એવો એનો અર્થ નથી. સ્વભાવદ્રષ્ટિમાં સ્થિર થતાં નવાં કર્મો ઉત્પન્ન જ થયાં નહિ, તેનું કથન એ પ્રમાણે કર્યું છે ને જૂનાં દ્રવ્યકર્મો સમયે સમયે આવીને ખરી જાય છે ને નવો બંધ થતો નથી તેથી જૂના દ્રવ્યકર્મથી મૂકાય જ છે એમ કહેવું છે. અહીં અસ્થિરતાના અલ્પ બંધની વાત ગૌણ છે. મુખ્યપણે જ્ઞાનીને બંધ થતો નથી એ અપેક્ષાએ વાત છે ને વિશેષ સ્થિરતા કરતાં જ્ઞાનીને અસ્થિરતાનો અલ્પ બંધ પણ થતો નથી. જૂના કર્મથી બંધાતો નથી ને જૂના કર્મથી મુકાય જ છે એમ અસ્તિ–નાસ્તિથી વાત કરી છે.

## રાગપરિણામ જ નિશ્ચયથી બંધ છે

પુણ્ય-પાપની રુચિવાળા જીવને સંયોગીદ્રષ્ટિ ટળતી નથી. કર્મનો ઉદય આવે તેટલા પ્રમાણમાં રાગ-દ્વેષ કરવો જ પડે એમ અજ્ઞાની માને છે. જો તેમ હોય તો નિગોદનો જીવ કદી પણ મનુષ્ય થઈ શકે નહિ. પણ તે તેની ભૂલ છે. જેમ સ્ફટિકમાં કાળી–રાતી ઝાંઈ પડે છે તે પરપદાર્થનો આશ્રય કરે છે તો પડે છે, પરપદાર્થ તેનામાં ઝાંઈ પાડી દેતું નથી. તે ઝાંઈ પણ પોતાનો ઉપાધિભાવ છે, મૂળ સ્વભાવ નથી. તેમ આત્મા કર્મ વગેરે પરનો આશ્રય કરે છે તો વિકાર થાય છે, પર વિકાર કરાવી દેતું નથી. પર વિકાર કરાવે તો કદી ટળે નહિ ને વિકાર પોતાનો સ્વભાવ હોય તો નિર્વિકારી કદી થાય નહિ. માટે વિકાર પોતાનો સ્વભાવ નથી. પણ પરલક્ષે પોતે કરે તો ભાવબંધ થાય છે, એમ સાચું સમજવું જોઈએ માટે દ્રવ્યબંધનું નિમિત્ત એવો ભાવબંધ એટલે મિથ્યાત્વ રાગ-દ્વેષ એ જ નિશ્ચયથી બંધ છે, એમ સ્વતંત્ર પર્યાયનું જ્ઞાન કરી કર્મ ઉપરથી લક્ષ ઉઠાવી ભાવબંધ પણ મારું ત્રિકાળી સ્વરૂપ નથી, પોતે ત્રિકાળી શુદ્ધ છે એમ સાચાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે ધર્મ છે. ॥૧૭૯॥

હવે પરિણામ દ્રવ્યબંધના ઉત્કૃષ્ટ હેતુભૂત રાગથી વિશેષતાવાળો હોય છે, એમ ભેદો સહિત પ્રગટ કરે છે :–

### ગાથા ૧૮૦

**પરિણામથી છે બંધ, રાગ–વિમોહ–દ્વેષથી યુક્ત જે;**
**છે મોહ–દ્વેષ, અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦.**

અન્વયાર્થ :–પરિણામથી બંધ છે, જે પરિણામ રાગ–દ્વેષ–મોહયુક્ત છે. તેમાં મોહ અને દ્વેષ અશુભ છે, રાગ શુભ અથવા અશુભ હોય છે.

## રાગ-દ્વેષના છેલ્લા અંશો બંધનું કારણ નથી.

**ટીકા :—**પ્રથમ તો દ્રવ્યબંધ ખાસ પરિણામથી હોય છે. અહીં ‘વિશિષ્ટ’ શબ્દ વાપરેલ છે. વિશિષ્ટનો અર્થ એ છે કે પરિણામોથી દ્રવ્યબંધ થતો નથી પણ વિશિષ્ટ (ખાસ) પરિણામથી જ બંધ થાય છે. અવિશિષ્ટ એવા શુદ્ધ પરિણામોથી બંધ નથી તેમ જ વિકારી પરિણામમાં છેલ્લા અંશો પણ બંધનાં કારણ થતા નથી.

૧. ચોથે ગુણસ્થાને સમ્યક્ મોહનીયના પરિણામો દર્શનમોહનીય કર્મબંધનું કારણ નથી.
૨. નવમા ગુણસ્થાને ક્રોધ-માન-માયાના છેલ્લા અંશો તે તે પ્રકૃતિના બંધનું કારણ નથી.
૩. દસમા ગુણસ્થાને લોભના છેલ્લા અંશો તે લોભના બંધનું કારણ નથી.

૪. બારમા ગુણસ્થાને જ્ઞાનદર્શનની હીનતાના છેલ્લા અંશો બંધનું કારણ નથી.

છેલ્લા પરિણામો બંધનું કારણ હોય તો કદી બંધન છૂટે નહિ માટે અશુદ્ધતાના છેલ્લા અંશો બંધનું કારણ નથી.

## પરવસ્તુ બંધનું કારણ નથી.

અશુદ્ધતાના છેલ્લા અંશો તથા સમકિત તથા ચારિત્રની શુદ્ધતાના પરિણામો બંધનું કારણ નથી પણ અશુદ્ધતા વિશિષ્ટ તે દ્રવ્યબંધનું કારણ છે. એવા ખાસ પરિણામો દ્રવ્યબંધનું કારણ છે. વળી પરવસ્તુથી બંધન નથી. સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી હોય તેને વસ્તુના ઢગલા છે. વસ્તુથી બંધન હોય તો તેને બંધન ઘણું થવું જોઈએ ને મિથ્યાદ્રષ્ટિ ત્યાગીને અલ્પ વસ્તુનો પરિગ્રહ છે તો તેને બંધન અલ્પ થવું જોઈએ પણ એમ નથી. વળી પરવસ્તુ તો મરણ થતાં બધી છૂટી જાય છે પણ બંધન છૂટતું નથી માટે પરવસ્તુ બંધનું કારણ નથી પણ મમતાભાવ બંધનું કારણ છે. તેથી મિથ્યાદ્રષ્ટિ જીવને સંસારના કારણરૂપ બંધન છે ને સમકિતીને અલ્પબંધન છે ને તે પણ છૂટી જવાનું છે.

## અશુદ્ધ પરિણામોના ભેદો—શુભ અને અશુભ.

હવે તે અશુદ્ધ પરિણામોના ભેદ બતાવે છે :

૧. પરપદાર્થથી આત્માને લાભ થાય, ખાદ્ય પદાર્થો ન ખાધા માટે ઉપવાસ ને ધર્મ થયો. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અનુકૂળ મળે તો મને લાભ થાય એવા ભાવો તે મોહના ભાવ છે.

૨. અનુકૂળ પદાર્થોમાં પ્રીતિ કરવી તે રાગ છે, ને

૩. પ્રતિકૂળ પદાર્થોમાં અણગમો કરવો તે દ્વેષ છે.

હવે તેમાં શુભ અને અશુભ બે પ્રકારના છે :

**(૧) અશુભ :**—શરીરની ક્રિયાથી ધર્મ, પુણ્યથી ધર્મ વગેરે પ્રકારના મિથ્યાત્વના ભાવો અશુભ છે. હિંસા, જૂઠું, ચોરી વગેરે તથા પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પ્રીતિ, કુટુંબકબીલાના લક્ષે થતા ભાવ, શરીરના લક્ષે થતા ભાવો–આ બધા રાગો અશુભભાવ છે. તેમ જ દુશ્મન અથવા પ્રતિકૂળ સંયોગો તરફનો અણગમાનો ભાવ અશુભ ભાવ છે.

**(૨) શુભ :**—દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ, સ્વાધ્યાય–વાંચનના ભાવ, દયા, દાનાદિના ભાવો શુભભાવ છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ શુભરાગ છે. પણ તેનાથી લાભ માને તો તે મિથ્યાત્વભાવ પાપ છે.

મિથ્યાત્વ તો અશુભમાં ગણાય છે. વળી રાગના બે પ્રકાર–એક શુભરાગ ને એક અશુભરાગ છે. ને દ્વેષના બે પ્રકાર છે. કદાચિત્ સમકિતીને

પ્રશસ્ત દ્વેષ ધર્મના કારણે અન્યમતીઓ પ્રત્યે થઈ આવે છે. તેને અહીં ગણ્યો નથી. તેને ગૌણ કરી દ્વેષને એક જ પ્રકારે અશુભમાં લીધો છે. મોહ તથા દ્વેષને અશુભમાં લીધા છે ને રાગ બે પ્રકારનો લીધો છે. ધર્માનુરાગ વિશુદ્ધિવાળો હોવાથી ધર્માનુરાગમય પરિણામ શુભ છે; વિષયાનુરાગ સંક્લેશવાળો હોવાથી વિષયાનુરાગમય પરિણામ અશુભ છે.

## અજ્ઞાની જીવ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને મોક્ષનું પરંપરા કારણ માને છે.

મિથ્યાત્વ જ મોટું પાપ છે. તે અશુભ છે. મિથ્યાદ્રષ્ટિ જીવ કદાચિત્ શુભભાવમાં દેખાતો હોય ને અશુભ ટાળ્યો દેખાતો હોય પણ મિથ્યાત્વરૂપી મોટું અશુભ ટાળ્યા વિના તેનો અશુભભાવ ખરેખર ટળતો નથી કારણ કે તેની દ્રષ્ટિ પર ઉપર જ રહેલી છે. અજ્ઞાની જીવ માને છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું નિમિત્ત જ આત્માની પાત્રતાના સદ્‌ભાવમાં પરંપરા મોક્ષનું કારણ છે. જો આત્માની પાત્રતાના સદ્‌ભાવમાં કહ્યું તો નિમિત્ત કારણ ક્યાં રહ્યું ? તો તેને પરંપરા સાધન કેમ કહેવાય ? હવે લોકો ભાષા ફેરવે છે, અંતર તો નિમિત્તાધીન દ્રષ્ટિ પડી જ છે.

## મોક્ષમાર્ગ પણ મોક્ષનું ઉપચારકારણ છે તો પછી પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, મોક્ષનું કારણ શી રીતે હોઈ શકે ?

૧. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ ને પરભાવનો આત્માના સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવમાં અત્યંત અભાવ છે માટે તે પરંપરા મોક્ષનું કારણ છે જ નહિ. અભાવ વસ્તુ મોક્ષનો સદ્‌ભાવ કરી શકે નહિ.

૨. પરદ્રવ્યના લક્ષે થતો શુભ ભાવ પણ વિકાર છે ને વિકારથી મોક્ષની પર્યાય કદી પણ પ્રગટ થતી નથી. માટે ઉત્કૃષ્ટ શુભભાવ પણ પરંપરા મોક્ષનું કારણ છે જ નહિ.

૩. આત્માનું ભાન થયા પછી અંશે ઊઘડતી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય પણ મોક્ષનું કારણ નથી કારણ કે તે પર્યાય નિર્મળ હોવા છતાં અંશ છે, અધૂરી છે, અધૂરીમાંથી પૂરી પર્યાય પ્રગટવાની તાકાત નથી.

૪. ગણધર ભગવાનને સમ્યક્ મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યયજ્ઞાન છે. તે ચાર જ્ઞાન પણ કેવળજ્ઞાનનું કારણ નથી. કારણ કે તે અધૂરા ક્ષાયોપશમિક જ્ઞાન છે. ક્ષયોપશમમાંથી ક્ષાયિકભાવ પ્રગટી શકે નહિ માટે ચાર જ્ઞાન મોક્ષનું કારણ નથી.

૫. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વભાવ અખંડ ભરપૂર ભર્યો છે. જે પારિણામિક ભાવે અનાદિ–અનંત એકરૂપ છે તેમાં પર્યાય પરિપૂર્ણ એકાગ્ર થાય છે– અભેદ થાય છે ત્યારે કેવળજ્ઞાન ને મોક્ષદશા પ્રગટે છે. માટે મોક્ષનું કારણ શુદ્ધ સ્વભાવ એક જ છે.

આમ જ્યારે શુદ્ધ સ્વભાવના કારણથી મોક્ષપર્યાય પ્રગટે છે ત્યારે મોક્ષમાર્ગને અથવા ચાર જ્ઞાનને વ્યવહારથી–ઉપચારથી મોક્ષનું કારણ કહે છે. કારણ કે તે પર્યાયો પૂર્વમાં હતી. તે પૂર્વ પર્યાયનો વ્યય થઈ મોક્ષ થયો છે. એમ પૂર્વ પર્યાયનું જ્ઞાન કરાવવા મોક્ષમાર્ગને ઉપચાર કારણ કહ્યું છે.

અહો ! જ્યારે મોક્ષમાર્ગને પણ મોક્ષનું ઉપચારકારણ કહ્યું છે તોપછી પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સદ્‌ભાવમાં પરંપરા મોક્ષ થાય તે તો સ્થૂલ અજ્ઞાન છે, ને મિથ્યાત્વભાવ છે. માટે જીવોએ પર ઉપરની દ્રષ્ટિ છોડી મિથ્યાત્વ ટાળવું જોઈએ.

આ પ્રમાણે મિથ્યાદ્રષ્ટિ શુભભાવ કરતો હોય તોપણ મિથ્યાત્વને લીધે મોટા અશુભ ને અનંત સંસારના બંધનું કારણ તેને છે માટે જેને પાપ ખરેખર ટાળવું હોય તેણે પર ઉપરથી દ્રષ્ટિ ખેસવી, પુણ્ય-પાપની રુચિ છોડી, અબંધ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં, જેના આશ્રયે મિથ્યાત્વરૂપી મોટું પાપ ટળી જાય છે ને સંસારનો નાશ થઈ ધર્મદશાની પ્રાપ્તિ થશે.

***

# પ્રસાદ નં. ૧૩૫

## પ્રવચનસાર ગાથા ૧૮૧

(ફાગણ સુદ ૬, મંગળવાર)

હવે વિકારી પરિણામના ભેદના તથા શુદ્ધ પરિણામને, કારણમાં કાર્યનો ઉપચાર કરીને કાર્યપણે દર્શાવે છે :–

**પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;**
**નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.**

**અન્વયાર્થ :**—પર પ્રત્યે શુભ પરિણામ પુણ્ય છે અને પર પ્રત્યે અશુભ પરિણામ પાપ છે એમ કહ્યું છે. પર પ્રત્યે નહિ પ્રવર્તતો એવો પરિણામ સમયે દુઃખક્ષયનું કારણ છે.

### પરિણામના બે ભેદ—અશુદ્ધ અને શુદ્ધ.

ટીકા :–પ્રથમ તો પરિણામ બે પ્રકારના છે (૧) પરદ્રવ્યના લક્ષે થતા પરિણામ અને (૨) સ્વદ્રવ્યના લક્ષે થતા પરિણામ.

**(૧) અશુદ્ધ પરિણામ :**—આત્મા સિવાય બીજા બધા પર દ્રવ્યના લક્ષે થતા પરિણામોમાં વિકારની ઉત્પત્તિ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિના ભાવો, દયા-દાન કોમળતાના ભાવો તથા કુટુંબકબીલાના લક્ષે થતા ભાવો ને હિંસા, જૂઠું, ચોરી વગેરેના ભાવોમાં મલિનતા છે તેથી તેને વિશિષ્ટ એટલે ખાસ વિકારી પરિણામ કહ્યા છે.

**(૨) શુદ્ધ પરિણામ :**—આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. પરપદાર્થ ને વિકારથી રહિત છે એવા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવના આશ્રયે જે પરિણામ થાય છે તેમાં મલિનતા નથી કારણ કે તેમાં પરનું અવલંબન નથી જેથી તે અવિશિષ્ટ એટલે શુદ્ધ પરિણામ છે.

### અશુદ્ધ પરિણામના બે ભેદ : શુભ ને અશુભ.

**(૧) શુભ પરિણામ :**—દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ, દયા, દાન, પૂજા આદિના ભાવ તે શુભભાવ છે. જે ભાવથી તીર્થંકર નામકર્મનો બંધ થાય તે ભાવ પણ શુભ છે.

**(અ)** કેટલાક અજ્ઞાની લોકો કોમળતાના ભાવને તથા દયાના ભાવને પાપભાવ કહે છે, તે વાત ખોટી છે. શુભભાવ તે પુણ્યતત્ત્વ છે, પુણ્ય તે પાપતત્ત્વ નથી. પુણ્યને પાપ માનવાથી નવ તત્ત્વ રહેતાં નથી.

**(બ)** વળી કેટલાક અજ્ઞાની લોકો શુભભાવથી નિર્જરા માને છે, તે પણ ભૂલ છે કારણ કે તે પુણ્ય ને આસ્રવ–બંધ તત્ત્વ છે. બંધના કારણને નિર્જરા માનવી તે બંધતત્ત્વ તેમ જ નિર્જરાતત્ત્વને સમજતો નથી. તેને નવતત્ત્વની શ્રદ્ધા નથી.

**(ક)** કેટલાક અજ્ઞાની જીવો શુભભાવ પરને લીધે અથવા કર્મને લીધે થયો માને છે. એમ માનવાથી એક જીવ બીજા જીવ સાથે અથવા અજીવ સાથે એક થઈ જાય છે. તેથી તેને જીવ અથવા અજીવતત્ત્વની શ્રદ્ધા નથી માટે તે માન્યતા પણ ખોટી છે.

શુભભાવ ધર્મનું કારણ નથી પણ બંધનું કારણ છે. કોઈ કહે છે કે પંચકલ્યાણકના શુભભાવથી ધર્મ થાય ને આઠ ભવમાં મુક્તિ થાય તો તે વાત જૂઠી છે. ગમે તે શુભભાવ હો, બધો બંધનું કારણ છે. પૈસા ખરચવાથી મોક્ષ થાય તો જે ગરીબ જીવ પૈસા ખરચી ન શકે તેનો કદી પણ મોક્ષ થાય જ નહિ.

## શુભભાવને પુણ્ય કહેવામાં આવે છે.

હવે શુભભાવના ફળમાં શાતાવેદનીયકર્મ, ઊંચું નામકર્મ, ઊંચું ગોત્રકર્મ, ઊંચું ને શુભ આયુ, સારી ગતિ વગેરે પુણ્ય પ્રકૃતિઓનો બંધ પડે છે ને તેના ફળમાં સારા સંયોગો મળે છે, પણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. શુભના ફળમાં પુણ્ય પ્રકૃતિનો બંધ પડે છે તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને શુભને પુણ્ય કહેવામાં આવે છે. પુણ્ય તો જડ છે–અજીવ છે પણ ઉપચારથી શુભને પુણ્ય કહેવામાં આવે છે. સાધકદશામાં અશુભથી બચવા માટે શુભપરિણામ આવે ખરા, પણ તેની હદ સમજવી જોઈએ. સાક્ષાત્ ત્રિલોકનાથ તથા સંત મુનિઓ આ આત્માની અપેક્ષાએ પર છે ને તેને લક્ષે થતો શુભભાવ પુણ્યબંધનું કારણ છે.

**(૨) અશુભ પરિણામ :—**શુદ્ધસ્વભાવ ચૈતન્ય સ્વરૂપ છું તેનું લક્ષ છોડીને શરીરના લક્ષે થતા બધા ભાવો અશુભ છે. પરપદાર્થને હું કરી શકું છું એવો મમતાભાવ–મિથ્યાત્વભાવ મોટો અશુભભાવ છે. સંસારના ભાવ કરવા તે બધો ચૈતન્ય સ્વભાવને ચૂકીને થતો અશુભભાવ છે. કોઈ કહે કે કર્મના ઉદયને કારણે અથવા પરપદાર્થને લીધે અશુભભાવ થયો તો તે માન્યતા બરાબર નથી. પોતે સ્વતંત્રપણે અશુભભાવ કરે છે, તેના ફળમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય, અશાતા વેદનીય, થોડું આયુ, નીચ ગોત્ર, નીચું નામકર્મ આદિ પાપ પ્રકૃતિનો બંધ પડે છે. અશુભના ફળમાં પાપપ્રકૃતિ બંધાય છે. તે તો જડ, અચેતન, પુદ્‌ગલ છે છતાં પણ કારણમાં કાર્યનો ઉપચાર કરી અશુભને પાપ કહે છે.

## શુદ્ધ પરિણામનું સ્વરૂપ.

અવિશિષ્ટ પરિણામ તો શુદ્ધ હોવાથી એક છે તેથી તેના ભેદ નથી. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, શરીરાદિની ક્રિયા આત્મા કરી શકતો નથી. વિકાર તે ક્ષણિક છે તે આત્મામાં નથી, દેવ–ગુરુ–શાસ્ત્ર આત્માને તારતા નથી, તેમ કુટુંબાદિ આત્માને ડુબાડતા નથી એમ સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન કરી, પોતાના સ્વભાવમાં એકાગ્રતા તે શુદ્ધ પરિણામ છે તેમાં એક જ પ્રકાર છે, કોઈ ભેદ પડતો નથી.

## શુદ્ધ પરિણામને જ મોક્ષ કહ્યો છે.

વળી સાધકદશામાં ઉત્તરોત્તર સ્વભાવની લીનતા વધતાં, નિર્મળતાની અનેક પ્રકારની તારતમ્યતા હોવા છતાં તેમાં ભેદ પડતો નથી પણ સમયે સમયે નિર્મળ પર્યાય દ્રવ્ય સાથે અભેદ જ થતો જાય છે તેથી એક કહ્યો છે. આવી નિર્મળતા થતાં સંસારદુઃખના કારણભૂત કર્મપુદ્‌ગલનો નવીન બંધ થતો નથી પણ સમયે સમયે નિર્જરા થતી જાય છે. અહીં સંસારદુઃખના કારણભૂત કર્મપુદ્‌ગલને કહ્યા પણ તે સંસારનું કારણ નથી, પણ અજ્ઞાની જીવને પર્યાયબુદ્ધિ સંસારનું કારણ છે ને તેના કારણે કર્મ બંધાય છે તેથી કર્મને સંસારનું કારણ કહ્યું. અહીં જ્ઞાનીને તો પર્યાયબુદ્ધિનો નાશ થયો છે ને સ્વભાવબુદ્ધિ થઈ છે તેથી કર્મ બંધાતું નથી ને સર્વ કર્મોનો ક્ષય થતાં મોક્ષની શુદ્ધ પર્યાય પ્રગટે છે માટે શુદ્ધ પરિણામ પોતે જ મોક્ષ છે.

**ભાવાર્થ :—**પર પ્રત્યે પ્રવર્તતો એવો શુભ પરિણામ તે પુણ્યનું કારણ છે ને શરીર આદિ પ્રત્યેનો અશુભ પરિણામ તે પાપનું કારણ છે તેથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો શુભ પરિણામ તે પુણ્ય છે ને અશુભ પરિણામ તે પાપ છે. પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે થતો શુદ્ધ પરિણામ તે મોક્ષનું કારણ છે તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો શુદ્ધ પરિણામ તે મોક્ષ છે. ।।૧૮૧।।

હવે, જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ અને પર દ્રવ્યથી નિવૃત્તિની સિદ્ધિને માટે સ્વ–પરનો વિભાગ દર્શાવે છે :–

### ગાથા ૧૮૨

**સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,**
**તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨.**

**અન્વયાર્થ :**—હવે સ્થાવર અને ત્રસ એવા જે પૃથ્વી આદિક જીવનિકાયો કહેવામાં આવ્યા છે, તે જીવથી અન્ય છે અને જીવ પણ તેમનાથી અન્ય છે.

## શરીર તે જીવથી જુદા છે, અચેતન છે.

**ટીકા :**—પૃથ્વીકાય, અપકાય, વાઉકાય, તેઉકાય ને વનસ્પતિકાય એ પાંચને સ્થાવર કહે છે ને બેઇન્દ્રિયથી માંડીને અસંજ્ઞી ને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને ત્રસ કહે છે. તેનાં શરીરો અચેતન છે ને અચેતનપણાને લીધે જીવથી જુદાં છે. લીલોતરીને સચેત કહે છે તેમાં લીલોતરી તો સચેત નથી, તે તો અચેતન છે. પણ અંદર રહેલો આત્મા સચેત છે, શરીર તે જીવ નથી. લીલોતરી કપાતાં શરીર ને જીવ જુદા પડી જાય છે. કાર્મણ, તૈજસ શરીર જીવની સાથે જાય છે, તે પણ અચેતન છે. તેનાથી પણ જીવ જુદો છે. નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવનાં શરીરો જડ છે, તે આત્માથી જુદાં છે.

## જીવ ચેતના સ્વરૂપ છે.

જીવ પણ પોતાના જ્ઞાનદર્શન સ્વભાવના કારણે તેનાથી જુદો છે. અહીં જીવનું લક્ષણ ચેતના સ્વરૂપ કહ્યું છે.

૧. કોઈ જીવ શરીરને જીવનું લક્ષણ કહે તો તે વાત બરાબર નથી કારણ કે શરીર તે અજીવતત્ત્વ છે ને તે જીવ તત્ત્વથી જુદું છે.

૨. કોઈ કહે કે એક ક્ષેત્રે શરીરનો સંબંધ છે માટે જીવ સાબિત થાય છે તો તે વાત પણ બરાબર નથી કારણ કે શરીરની સાથે એકક્ષેત્રે રહેવું તે જીવનું લક્ષણ નથી. સિદ્ધને એકક્ષેત્રે શરીર સંબંધ નથી, તેથી જીવનું લક્ષણ ચેતના છે.

૩. વળી કોઈ કહે કે પર જીવનું કાંઈ કરી શકું છું એવી માન્યતાવાળો તે જીવ છે. તો તે વાત પણ બરાબર નથી કારણ કે તે ભાવ મિથ્યાત્વભાવ છે તેનાથી આસ્રવબંધ થાય છે. તે તત્ત્વ ને જીવતત્ત્વ જુદાં છે. બન્ને તત્ત્વ એક હોય તો નવતત્ત્વ રહેતાં નથી.

૪. કોઈ કહે કે શુભાશુભ પરિણામ તે જીવ છે તો તે પણ બરાબર નથી. કારણ કે તે પુણ્ય તથા પાપ તત્ત્વ છે. જીવતત્ત્વ તેનાથી જુદું છે. એને જીવતત્ત્વ કહે તો નવતત્ત્વ રહેતાં નથી. વિકાર જીવની પર્યાયમાં થાય છે ને પરલક્ષ કરે તો થાય છે. તે ટળી જાય છે. જીવ તો જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છે.

૫. કોઈ કહે કે અલ્પજ્ઞતા છે તે જીવ છે તો તે પણ બરાબર નથી કારણ કે અલ્પજ્ઞતા જો જીવ હોય તો તેનો નાશ થતાં જીવનો પણ નાશ થવો જોઈએ, પણ તેમ બનતું નથી. ઉઘાડ અંશ છે, જીવ અંશી છે.

૬. પરપદાર્થો, નિમિત્તો, કર્મ, વિકાર, અધૂરી પર્યાયો–બધાથી રહિત જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપ છે તેને અહીં જીવ કહ્યો છે. આવો એક એક જીવ દરેક દેહ દીઠ ચૈતન્યપ્રભુ ભિન્નભિન્ન આખા લોકમાં બિરાજમાન છે. વેદાન્ત કહે છે તેમ બધા થઈને એક જીવ નથી. માટે જીવ પોતાના ચેતનપણાને લીધે તેમનાથી જુદો છે. ષટ્ જીવનિકાય આત્માને પરદ્રવ્ય છે. આત્મા એક જ સ્વદ્રવ્ય છે. ત્રસ ને સ્થાવરના ભેદ તો સંયોગની અપેક્ષાએ વ્યવહારથી છે.

## છ કાયની રક્ષા જીવ કરી શકતો નથી.

અહો ! જીવોએ વસ્તુસ્વરૂપું જાણ્યું નથી. અજ્ઞાની જીવ માને છે કે છકાયની રક્ષા કરવી તેમાં અમારો ધર્મ છે. ભાઈ, છ કાય શું છે ? તેનો તેં કદી વિચાર કર્યો છે ?

૧. છકાય બહારમાં દેખાય છે તે તો અજીવ છે ને તું તો જીવ છે માટે છ કાયના અજીવ તત્ત્વની તું રક્ષા કરી શકતો નથી કારણ કે તે તારાથી ભિન્ન તત્ત્વો છે.

૨. છકાયની અંદર રહેલા જીવો છે તે જીવો તારાથી જુદા છે માટે જુદા જીવનું તું કાંઈ પણ કરી શકે નહિ.

૩. વળી જે તને દયાનો ભાવ ઊઠે છે તે પુણ્યતત્ત્વ છે. તું તો પુણ્યતત્ત્વને જાણનારો જીવ છે. તેથી તે પણ તારું સ્વરૂપ નથી. વળી તેનું બચવું કે મરવું તેની સ્થિતિને આધીન છે, તારી દયાને આધીન તેનું જીવન નથી. તેથી કોઈ જીવની રક્ષા આત્મા કરી શકતો નથી.

## હિંસા તથા અહિંસાનું સ્વરૂપ.

અજ્ઞાની જીવ માને છે કે આટલા જીવોને બચાવ્યા તે અહિંસા છે. ને તેથી મને ધર્મ થાય છે. તો પૂછીએ છીએ કે છકાયની અંદરમાં તું એક કાય છો કે નહિ ? તારી દયા તેં કદી કરી ? તને બચાવવાનો વિચાર કર્યો ? તેનો વિચાર કર્યા વિના ‘પર જીવનું હું કરી શકું છું, દયા પાળી શકું છું, હું છું તો શરીર ચાલે છે, કર્મ ઉદય આવ્યા તેથી જીવ હેરાન થાય છે’ વગેરે પ્રકારે માન્યતા કરવાથી તારા ચૈતન્યપ્રાણની હિંસા થાય છે, તે જ ભાવહિંસા છે. અન્યમતમાં જગતનો કર્તા ઈશ્વર કહે છે ને જૈન નામ ધરાવી

શરીર, કર્મ વગેરેનો કર્તા આત્માને માને તો અન્યમત ને જૈનાભાસીમાં કાંઈ ફેર નથી, બન્ને મિથ્યાદ્રષ્ટિ છે.

## જ્ઞાતા સ્વભાવમાંથી ચલિત થઈ રાગાદિની ઉત્પત્તિ થવી તે જ ભાવહિંસા છે.

પર જીવોનું આત્માં કાંઈપણ કરી શકતો નથી. પુણ્ય-પાપના ભાવો થાય છે તે પરને લીધે થતા નથી, કર્મો જીવને હેરાન કરતા નથી, પોતે અપરાધ કરે છે તો કર્મ નિમિત્ત કહેવાય છે. વિકાર અશુદ્ધતા છે. **આત્મા તો વિકારરહિત, જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપ છે એવાં શ્રદ્ધા–જ્ઞાન સહિત ચૈતન્યનું પ્રતપન તે જ અહિંસા છે.**

પર જીવ બચે છે તે અહિંસા નથી તેમ જ પર જીવ મરે છે તે હિંસા નથી. કારણ કે તે જીવો તો તેના આયુ અનુસાર જીવે છે ને મરે છે. પણ અજ્ઞાની જીવ માને છે કે **હું પર જીવને મારી શકું છું કે બચાવી શકું છું એવો ભાવ તે પોતાના ચૈતન્યપ્રાણની હિંસા છે.** પણ પર જીવને હું મારી કે બચાવી શકતો નથી ને કોમળતાની અંતરવૃત્તિ મારા કારણે ઊઠે છે, સામા જીવના કારણે ઊઠતી નથી ને તે વૃત્તિ પણ મારા સ્વભાવમાં નથી કેમ કે તે વિકાર છે, સ્વભાવની ઘાત કરનારી વૃત્તિ છે એમ સમજી **જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં પોતાના જ્ઞાનપ્રાણને ટકાવી રાખવા–જીવતા રાખવા તે સ્વદયા છે ને તે અહિંસા છે.**

આમ પર દ્રવ્યથી નિવૃત્તિ કરી, સ્વદ્રવ્ય–ચેતના સ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી તે જ્ઞેયોનું સાચું જ્ઞાન કર્યાનું ફળ છે. તે તે ધર્મ તથા શાંતિનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૧૩૬

## પ્રવચનસાર ગાથા ૧૮૨

(ફાગણ સુદ ૭, બુધવાર)

### છકાયની રક્ષા કરી શકું છું એમ માનનાર જૈન નથી, મિથ્યાદ્રષ્ટિ છે.

આ આત્મા છે તેનાથી છકાયના જીવો જુદા છે. આત્મા છકાયની દયા પાળી શકે નહિ, તેમ તેને મારી શકે નહિ. પરપદાર્થો તે પરજ્ઞેય છે ને આત્મા સ્વજ્ઞેય છે. પરજીવનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સ્વજીવનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જુદાં છે. જે પદાર્થ જુદા હોય તે બીજાનું શું કરી શકે ? તે જીવનું આયુષ્ય હોય તો બચે છે ને આયુષ્ય ન હોય તો બચતો નથી પણ તેનું બચવું પરજીવના દયાભાવને લીધે નથી તેમ જ તેનું મરવું પરજીવના પ્રમાદને લીધે નથી. એક અંગુઠાને ચલાવવાની જીવની તાકાત નથી તો બીજાને બચાવી દે તે ત્રણકાળમાં બનતું નથી, છતાં પણ જે જીવ એમ માને છે કે મારી કરુણાથી બીજો જીવ બચે છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

વસ્તુસ્થિતિ તો એમ છે કે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બધા જીવ પર જ્ઞેયમાત્ર છે. તેનું આ જીવ કાંઈ કરી શકતો નથી ને પોતાની કરુણાથી બીજો જીવ બચી જાય એમ પણ નથી. કરુણા પરના કારણે આવતી નથી. સ્વભાવમાં કરુણાનો રાગ નથી. એવા શુદ્ધ સ્વભાવના ભાનસહિત રાગવાળી દશા વખતે પણ જ્ઞાનસ્વભાવ ટકાવી રાખીને પ્રમાદ થવા ન દેવો. સ્વભાવના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે ને ઉપયોગમાં અશુભભાવ થવા ન દેવો એવો શાસ્ત્રનો આશય છે. પર જીવને બચાવવાની વાત નથી. છતાં નિમિત્તથી કથન કરવામાં આવે કે છકાયની જતના કરવી પણ તેનો આશય આ પ્રમાણે છે કે પોતાના જ્ઞાનસ્વભાવની જતના રાખી અશુભભાવનો પ્રમાદ થવા ન દેવો. જો સામા જીવનું આયુષ્ય હોય તો આ જીવની કરુણાથી આટલા જીવની રક્ષા થઈ એમ કથન કરવામાં આવે છે. આ ભેદજ્ઞાન વગર અજ્ઞાની જીવ ગમે તેટલી શુભક્રિયા કરે તોપણ તેને જરાય ધર્મ થતો નથી.

હવે જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ સ્વ-પર ભેદવિજ્ઞાન છે અને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ મિથ્યાજ્ઞાન છે એમ નક્કી કરે છે :-

### ગાથા ૧૮૩

**પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,**
**તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩.**

**અન્વયાર્થ :—**જે એ રીતે સ્વભાવને પામીને (જીવ–પુદ્ગલના સ્વભાવને નક્કી કરીને) પરને અને સ્વને જાણતો નથી. તે મોહથી 'આ હું છું, આ મારું છે' એમ અધ્યવસાન કરે છે.

કુંદકુંદાચાર્ય ભગવાન તથા અમૃતચંદ્રાચાર્ય મહારાજ પોતાના સ્વભાવના ભાનસહિત અંતરદશામાં ઝૂલતા હતા. ઘડીમાં છટ્ઠે ને ઘડીમાં સાતમે ગુણસ્થાને આવતા હતા. હજારોવાર આ દશા થતી હતી. સાતમા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાનમાં બમણો વખત રહે. (તેનાં કરતાં કોઈ મુનિ વધારે વખત રહે તો મિથ્યાદ્રષ્ટિ થઈ જાય.) આ ભાવલિંગી મુનિઓ છટ્ઠે ગુણસ્થાને હતા ત્યારે શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠતો પણ તે વિકલ્પના તેઓ સ્વામી થતા નથી. શાસ્ત્રરચના વગેરે જડની અવસ્થા જડના કારણે થઈ ગઈ છે. એવા મહાસમર્થ ભાવલિંગી મુનિઓ કહે છે કે જેને સ્વ–પર ભેદવિજ્ઞાન નથી તે જ જીવ મમતાભાવ કરે છે.

## મિથ્યાત્વરૂપી મૂળના નાશ વિના સંસારરૂપી વૃક્ષનો નાશ થતો નથી.

આત્મા શરીરથી તેમ જ અન્ય જીવથી જુદો છે. મારો સ્વભાવ મારામાં છે. એમ જે ભેદવિજ્ઞાન કરતો નથી તે જીવ માને છે કે હું ભાષા બોલી શકું છું, પર જીવની દયા પાળી શકું છું, કુટુંબનું, દેશનું હું રક્ષણ કરી શકું છું, શબ્દથી મને જ્ઞાન થાય છે, વગેરે. અચેતન પદાર્થોની પર્યાય તે પદાર્થોના કારણે થાય છે એમ નહિ માનતાં જીવથી થાય છે, એમ જે માને છે તે સ્વ–પરની જુદાઈ સમજતો નથી. ઝાડનાં પાંદડાં સુકાય પણ મૂળ ન સુકાય તો ઝાડનો નાશ થતો નથી, તેમ જીવ અશુભ ફેરવીને શુભ કરે પણ જ્યાંસુધી મિથ્યાત્વરૂપી મૂળ અંદરથી ન સુકાય ત્યાંસુધી સંસારરૂપી વૃક્ષનો નાશ થવાનો નથી.

## જડ ને ચેતનની પર્યાયો સ્વતંત્ર છે.

અજ્ઞાની જીવ માને છે કે કેવળી ભગવાનની વાણીને લીધે જીવો ધર્મ પામ્યા પણ તે વાત બરાબર નથી. કેવળી ભગવાનને ઇચ્છા નથી. ઇચ્છા વિના સહજ વાણી નીકળે છે. છદ્મસ્થ ગુરુને રાગ હોય છે પણ તે રાગને લીધે વાણી નીકળતી નથી. રાગ તો ચારિત્રગુણની વિકારી પર્યાય છે, વાણી ભાષાવર્ગણાનું પરિણમન છે. શિષ્યનું જ્ઞાન તે શિષ્યના જ્ઞાનગુણની પર્યાય છે. એકબીજાને લીધે એકબીજાની પર્યાય નથી. દરેક પર્યાય સ્વતંત્ર છે. વાણીથી રાગ થતો હોય તો વાણી જડ કર્તા ને ચારિત્રગુણની વિકારી દશા–રાગ તે કાર્ય. વાણીથી જ્ઞાન હોય તો વાણી જડ કર્તા ને જ્ઞાન કાર્ય–રાગને લીધે વાણી હોય તો અરૂપી રાગ કારણ ને વાણી જડ તેનું કાર્ય–એવો જડ ને ચેતનનો કર્તાકર્મ સંબંધ કદી પણ હોઈ શકે નહિ.

## બધાં નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે, પરમાં અકિંચિત્કર છે.

<u>પ્રશ્ન :–</u>તો પછી પ્રેરક નિમિત્તનો શું અર્થ છે ?

<u>સમાધાન :–</u>પ્રેરક નિમિત્ત તો નિમિત્તમાં ભેદ બતાવે છે. જેમ કે ચાક પોતામાં ચાલે છે માટે પ્રેરક છે, કુંભાર પોતામાં ઇચ્છા કરે છે માટે પ્રેરક છે પણ તે બીજાને પ્રેરણા કરીને કાંઈ પરિણમાવી દ્યે એવો એનો અર્થ નથી. ઇષ્ટોપદેશમાં લખાણ છે કે બધાં નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે, પછી તે પ્રેરક હોય કે ઉદાસીન હોય. આત્મા શરીરને ચલાવી શકતો હોય તો ધર્મદ્રવ્ય ને આકાશદ્રવ્યને ઠેલા મારીને ચલાવી દ્યે. પણ તે ચાલતાં નથી માટે જે પદાર્થનું પોતાની મેળે ક્રિયાવતી શક્તિના કારણે ક્ષેત્રાંતર થાય તેને બીજો પદાર્થ નિમિત્ત કહેવાય. ને નિમિત્ત પોતામાં ઇચ્છા કરતું હોય અથવા ગતિ કરતું હોય તો તેને પ્રેરક નિમિત્ત કહે છે તથા સ્થિર નિમિત્તને ઉદાસીન નિમિત્ત કહે છે. છતાં પણ નિમિત્તથી કાર્ય થયું નથી એમ માનવું તે સ્વ–પર ભેદવિજ્ઞાનનો અભાવ બતાવે છે.

## દરેક દ્રવ્ય ને પર્યાય સત્ છે, સ્વતંત્ર છે; પરને લીધે નથી.

લાકડાના સ્કંધ માંહે એકેક રજકણ સ્વતંત્ર રહેલ છે. દરેક પરમાણુ પોતાના આધારે છે, નીચેના બીજા પરમાણુને આધારે રહેલ નથી. દરેક પરમાણુ અથવા જીવના કર્તા, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ–છ કારકો પોતામાં છે ને પરનાં છ કારકો પરમાં છે. નિગોદના અનંતા જીવો સાથે રહેલા છે તે એક એક સ્વતંત્ર છે ને દરેકનાં છ કારકો પોતામાં છે, પરમાં તેનો અભાવ છે. અભાવ હોય તે બીજી વસ્તુને શું કરે ? અજ્ઞાની જીવ માને છે કે દ્રવ્ય ગુણ તો શુદ્ધ છે પણ પર્યાય પરથી થાય છે. જો વર્તમાન અંશ એક સમયનો પરથી થાય તો બીજા સમયનો અંશ પરાધીન, ત્રીજાનો પરાધીન–એમ કરતાં અંશનો સમૂહ એવું અંશી દ્રવ્ય પણ પરાધીન થઈ જાય છે. તેથી તેણે દ્રવ્ય ગુણ પણ સ્વતંત્ર માન્યાં નથી. 'ગુણવિકારા પર્યાયા' વિકારનો અર્થ પરિણમન–વિશેષ કાર્ય થાય છે. તે નિયમ બધે લાગુ પડે છે. (આમાં વિકારનો અર્થ મલિનતા નથી.) જો પર્યાય પરનું કાર્ય હોય તો આ વ્યાખ્યા ખોટી ઠરે કારણ કે વ્યાખ્યામાં તો એમ કહે છે કે ગુણનું વિશેષકાર્ય તે પર્યાય છે પણ પરનું કાર્ય તે પર્યાય એમ વ્યાખ્યા બાંધી નથી. સિદ્ધદશામાં ગુણોનું વિશેષ કાર્ય તે તેની પર્યાય છે ને ધર્મ, અધર્મ, આકાશ ને કાળ–એ ચારે દ્રવ્યોમાં પણ તેના ગુણોનું વિશેષ કાર્ય તે તેની પર્યાય છે. માટે કોઈપણ જીવ અથવા અજીવદ્રવ્યની પર્યાય પરથી કદીપણ થાય નહિ. આ છયે દ્રવ્યોના પરિણમનની વાત છે. સામાન્ય વ્યાખ્યા બાંધી છે.

કોઈ પ્રશ્ન કરે કે કાળલબ્ધિ આવે તો સમકિત થાય ને ?

## પુરુષાર્થી જીવને કાળલબ્ધિ પાકી ગઈ છે.

સમાધાન :–બાહ્ય કાળાણું તો પરદ્રવ્ય છે. તેનો આત્મામાં અત્યંત અભાવ છે. પુણ્ય વિકાર છે. આત્મા વિકારરહિત શુદ્ધ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવી છે. એવું ભાન થવું તે જ કાળલબ્ધિ ને તે જ પુરુષાર્થ છે. શું આત્માનો પ્રભુ કાળ છે કે કાળ તેને પરિણમાવી દે ? કાળ તો અચેતન છે. અચેતનથી ચેતનમાં કાંઈ થાય નહિ.

જીવ નિગોદમાં તીવ્ર અજ્ઞાનભાવ કરે છે. તે અજ્ઞાનરૂપી ઊંધો પુરુષાર્થ છે. જીવ શુભભાવ કરી મનુષ્યભવ પામે તો તે શુભરાગનો ઊંધો પુરુષાર્થ છે. જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે મનુષ્યભવમાં મોક્ષ પામે તો તે મોક્ષનો સવળો પુરુષાર્થ છે. જીવ તીવ્ર કર્મના ઉદયના કારણે નિગોદમાં રહ્યો નથી ને કર્મ મંદ પડ્યા માટે મનુષ્ય થયો નથી. સવળો અથવા અવળો પુરુષાર્થ પોતે પોતાના કારણે થાય છે. કર્મ અથવા કાળ તેમાં નિમિત્ત નથી.

## પરદ્રવ્યમાં મોહનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવ.

આ ઉપરથી નક્કી થાય છે કે જે જીવને પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન વર્તતાં નથી તે જ જીવને સ્વ–પરનો ભેદ ભાસતો નથી. તે જ જીવ શરીર હું છું, મારાથી આટલા જીવની રક્ષા થઈ, પુણ્યથી હળવે હળવે ધર્મ થશે, વાણીથી જ્ઞાન થશે એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણું કરે છે. જ્ઞાની જીવ એવો અધ્યવસાન કરતો નથી. માટે નક્કી થાય છે કે જીવને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવમાત્ર જ છે.

## સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાનનો સદ્‌ભાવ.

આત્મા જ્ઞાન સ્વરૂપી છે. પરપદાર્થ આત્માના નથી. વિકાર તે વિકૃતદશા છે. આત્માના શુદ્ધ સ્વભાવમાં શ્રદ્ધા–જ્ઞાનની પ્રવૃત્તિનું કારણ ભેદજ્ઞાનનો સદ્‌ભાવ છે. એટલે કે ભેદવિજ્ઞાની જીવ સ્વ–પરની વહેંચણી બરાબર કરે છે ને પરપદાર્થમાં અહંકાર મમકાર કરતો નથી. સ્વભાવદ્રષ્ટિવાળો જીવ બધે સ્વભાવનું જ્ઞાન કરે છે. નિમિત્તો ને સંયોગોને પણ તેના સ્વભાવથી જુએ છે. નિમિત્તો ને સંયોગોનો સ્વભાવ પણ તેનામાં કાર્ય કરવાનો છે પણ ઉપાદાનમાં કાર્ય કરવાનો નથી. જ્ઞાની જીવ સંયોગોથી જ્ઞાન માનતો નથી.

**<u>ભાવાર્થ :</u>**–જેને સ્વ–પરનું ભેદવિજ્ઞાન નથી તે જ પરદ્રવ્યમાં અહંકાર મમકાર કરે છે. અજ્ઞાની જીવ માને છે કે અમો હતા તો આ બધા સમજી ગયા, પણ એમ નથી. પરથી સમજી જતાં હોય તો બધા સમજી જવા જોઈએ. કોઈ લાયકાત વગર સમજતા નથી. જો કેવળીથી સમજતાં હોય તો મહાવિદેહમાં બધા સમજી જવા જોઈએ. પોતે સમજે તો કેવળીને નિમિત્ત કહેવાય પણ અજ્ઞાની જીવ સ્વને ચૂકીને પરથી કાર્ય થાય એમ માને છે. તેનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવ છે. પરંતુ આત્મા કાંઈ કરે નહિ તો શું આત્મા કૂટસ્થ–પર્વતના શિખરની જેમ સ્થિર અક્રિય હશે ?–ના. પરિણામી નિત્ય સ્વભાવવાળો આત્મા છે. માટે જેમ છે તેમ જાણવું જોઈએ, મોહની પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવ છે ને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાન છે.

આ પ્રમાણે ભેદવિજ્ઞાન પ્રગટ કરી મોહનો નાશ કરવો જોઈએ.

***

# પ્રસાદ નં. ૧૩૭

## પ્રવચનસાર ગાથા ૧૮૪

(ફાગણ સુદ ૮, ગુરુવાર)

હવે આત્માનું કર્મ શું છે, તેનું નિરૂપણ કરે છે :–

**નિજ ભાવ કરતો જીવ છે કર્તા ખરે નિજ ભાવનો;**
**પણ તે નથી કર્તા સકલ પુદ્‌ગલદરવમય ભાવનો. ૧૮૪.**

અન્વયાર્થ :–પોતાના ભાવને કરતો થકો આત્મા ખરેખર પોતાના ભાવનો કર્તા છે. પરંતુ પુદ્‌ગલદ્રવ્યમય સર્વ ભાવોનો કર્તા નથી.

### વર્તમાન પરિણામ નિમિત્તો અથવા કર્મને પરાધીન નથી.

ટીકા :–પ્રથમ તો આત્મા ખરેખર પોતાના પરિણામને કરે છે. અહીં પ્રથમ શબ્દ વાપરેલ છે. પ્રથમ એટલે કે મુદ્દાની ખાસ વાત એ છે કે આત્મા વિકાર કરે કે અવિકાર કરે, ક્ષેત્રાંતર કરે કે સ્થિર રહે–તે બધો આત્માની પર્યાયનો સ્વભાવ છે. તેને કોઈ કર્મ કરાવતું નથી. કર્મનો ઉદય તીવ્ર આવ્યો માટે નરક-નિગોદમાં જાય ને કર્મ છૂટી જાય માટે સિદ્ધ થાય એમ પર્યાયસ્વભાવ પરાધીન નથી. નરક–નિગોદમાં જાય તો પણ પોતાના કારણે ને સિદ્ધમાં જાય છે, તો પણ પોતાના કારણે જાય છે, બીજું કોઈ કારણ નથી. સમય સમયના પરિણામનો આત્મા સ્વયં કર્તા છે.

### દ્રવ્ય કારણ ને વર્તમાન પરિણામ તે કાર્ય છે.

તે ભાવ પોતાનો ધર્મ છે. અહીં ધર્મ શબ્દ કહેતાં નિર્મળ પર્યાયરૂપ ધર્મની વાત નથી. અહીં જ્ઞાનપ્રધાન અધિકાર છે. આત્મા પોતાની સમય સમયની યોગ્યતા મુજબ વિકાર અથવા અવિકારને પર્યાયમાં ધારી રાખે તેને ધર્મ કહે છે. સમય સમયના ભાવરૂપ થવું તે આત્માનો ધર્મ છે. ને તે ભાવને પર્યાયમાં ધારી રાખવો તે તેનો ધર્મ છે પણ તે ભાવને જડ ધારી રાખતો નથી. શ્રેણિક રાજા નરકમાં ગયા તે પોતાની યોગ્યતાથી ગયા છે, કર્મને લીધે ગયા નથી. જીવ ક્ષાયિક સમકિત પ્રગટ કરે છે તે પોતાની યોગ્યતાથી કરે છે. કેવળીને લીધે કરતો નથી, અહીં જીવ શ્રુતજ્ઞાન પ્રગટ કરે છે તે પોતાથી કરે છે પણ વાણીથી કરતો નથી. વેપારમાં જીવ મમતા કરે છે તે પોતાથી કરે છે પણ દુકાન અથવા કુટુંબને લીધે કરતો નથી. નિગોદમાં જીવ શુભભાવ કરે છે તે પોતાથી કરે છે પણ કર્મ મંદ પડ્યા માટે કરે છે એમ નથી. આત્માને સમયે સમયે વિકાર અથવા અવિકારરૂપે પરિણમવાની શક્તિનો સંભવ હોવાથી તે ભાવ અવશ્યમેવ આત્માનું કાર્ય છે

ને તે ભાવને આત્મા સ્વતંત્રપણે કરતો થકો તેનો કર્તા અવશ્ય છે. કર્તાની વ્યાખ્યા પણ એ જ છે કે સ્વતંત્રપણે કરે તે કર્તા ને કર્તાનું ઇષ્ટ તે કર્મ. નિમિત્ત આવ્યું અથવા કર્મનો ઉદય આવ્યો માટે કોઈ કાર્ય કર્યું એમ કહો તો કર્તા રહેતો નથી. માટે દ્રવ્ય કારણ છે ને પર્યાય તે કાર્ય છે. પર્યાય વિકારી હો કે અવિકારી હો તે બધાં કાર્યનો કર્તા આત્મદ્રવ્ય પોતે છે, પર કારણ છે જ નહિ.

## વર્તમાન પરિણામ પૂર્વ પર્યાયને લીધે નથી, પોતાના દ્રવ્યના કારણે છે.

વળી તે સ્વપરિણામ આત્મા વડે કરાતા હોવાથી આત્મા વડે પ્રાપ્ય હોવાથી આત્માનું કાર્ય અવશ્ય છે. જુઓ, અહીં પ્રાપ્ય શબ્દ વાપરેલ છે. વર્તમાન પર્યાય અથવા પરિણામ કોના વડે પ્રાપ્ય છે ? નિમિત્ત વડે અથવા કર્મ વડે પ્રાપ્ય તો કહ્યું નથી જ, પરંતુ પૂર્વ પર્યાય વડે પણ પ્રાપ્ય કહ્યું નથી. પૂર્વે બહુ શુભ કર્યા હતા એટલે અત્યારે શુભભાવ કરે છે અથવા પૂર્વે અશુભભાવ કર્યા હતા માટે અત્યારે અશુભ ભાવ કરે છે તેમ પણ નથી. એક જીવ નરકમાં જાય છે ત્યાં તેને નરકમાં જવાની વર્તમાન ઇચ્છા તો નથી પણ પૂર્વે નરકગતિનું કર્મ બાંધ્યું માટે જવું પડે છે ને ? ના. અરે નરકના શરીરની પ્રાપ્તિ પહેલાં, વિગ્રહગતિમાં ત્રણ સમય લાગ્યા હોય તો તે દરેક સમયે સ્વતંત્ર પોતાના કારણે પરિણામ કરી રહ્યો છે, પૂર્વના કારણે નહિ. **उत्पाद व्यय ध्रौव्य युक्तम् सत्** = દરેક પદાર્થ કાયમ ટકીને પૂર્વ પર્યાયનો વ્યય થઈ નવી પર્યાયનો ઉત્પાદ થાય છે. હવે જે પૂર્વ પર્યાયનો વ્યય થયો–અભાવ થયો તે વર્તમાન પર્યાયને શું કરે ? નિમિત્તથી ઉત્પાદ થાય તો તો સ્વતંત્ર રહેતો જ નથી પણ પૂર્વથી વર્તમાન પર્યાય થાય તો પણ ઉત્પાદ સ્વતંત્ર રહેતો નથી. અહો ! વસ્તુસ્વરૂપ અલૌકિક છે. માત્ર વર્તમાન ને ત્રિકાળી દ્રવ્ય–એ બે વચ્ચે જ સંબંધ છે. કર્મ સાથે, નિમિત્ત સાથે કે પૂર્વપર્યાય સાથે વર્તમાનને જરા પણ સંબંધ નથી. સમય સમયનો વિકારી અથવા અવિકારી પર્યાય સ્વતંત્ર છે.

પ્રશ્ન :–આત્મા શરીરાદિ પરપદાર્થની ક્રિયાનો વ્યવહારે તો કર્તા ખરો ને ?

## આત્મા વ્યવહારથી પણ પરપદાર્થનો કર્તા નથી.

સમાધાન :–જેની દ્રષ્ટિ સંયોગ ઉપર છે તે સદાકાળ સંયોગ જ જોયા કરશે. આત્માનો વ્યવહાર આત્મામાં હોય પણ આત્માનો વ્યવહાર જડમાં હોઈ શકે નહિ. નિશ્ચય એટલે સાચું, યથાર્થ–વ્યવહાર એટલે પૂર્વપર્યાય અથવા સંયોગ કે નિમિત્ત બતાવનારું કથન. વ્યવહારે નિમિત્ત બતાવ્યું પણ

તેથી આત્માએ વ્યવહારે શરીરની કાંઈ પણ ક્રિયા કરી દીધી એમ એનો અર્થ નથી. આત્મા આત્માની પર્યાયને ધારણ કરે છે. જડ જડના ભાવોને ધારણ કરે છે. આત્મા વ્યવહારથી પણ જડના ભાવોને ધારણ કરતો નથી. શરીર ચાલે છે, વાણી બોલાય છે તે તો જડની પર્યાય છે. અને ઇચ્છા ને ભાવયોગ તે આત્માનો વિકાર છે. મન–વચન–કાય યોગ નિમિત્ત છે પણ તે તો જડ છે. જડનાં દ્રવ્ય-ગુણ-પર્યાય જડ છે ને અરૂપી ચેતનનાં દ્રવ્ય-ગુણ-પર્યાય અરૂપી ચેતન છે. અરૂપી રૂપીનું કાંઈપણ કરી શકે નહિ. પૈસા જવાનો કાળ હોય ત્યારે આત્માની તેને રાખવાની ઘણી ઇચ્છા છે છતાં તે રાખી શકતો નથી. હલન–ચલન, વાણી વગેરે બધી ક્રિયા સ્વતંત્ર થાય છે. આમ સ્વતંત્ર ક્રિયા જડની જડથી થાય છે, એમ નિશ્ચય સમજે તો વ્યવહારથી નિમિત્તનું જ્ઞાન કરાવવા એમ બોલાય છે કે આત્માએ ઇચ્છા કરી ને વાણી નીકળી. પણ એમ કથન કરવામાં આવ્યું માટે આત્મા વ્યવહારથી જડનું કરી દ્યે એમ ત્રણકાળમાં બનતું નથી. જે નિશ્ચય સમજતો નથી તેને માટે તો તેનો કથન કરવાનો વ્યવહાર પણ સાચો નથી.

આત્મા રૂપી પદાર્થોના ભાવોને કરતો નથી. કારણ કે તેઓ રૂપી પદાર્થના ધર્મો હોવાથી અરૂપી આત્માને રૂપીરૂપે થવાની શક્તિનો અસંભવ છે તેથી તે કાર્યોનો કર્તા આત્મા નથી. આવી રીતે આત્મા પરપદાર્થના પરિણામનો કર્તા નથી. ને તે પરપદાર્થો આત્માથી કરાએલા નથી. તેથી તેઓ આત્માનું કાર્ય નથી. આ પ્રમાણે સાચું જ્ઞાન કરે તો પરપદાર્થનું કર્તૃત્વ ને મમત્વ નાશ પામે ને મમત્વરહિત દ્રવ્યનાં શ્રદ્ધા–જ્ઞાન થતાં ધર્મ થાય. ।।૧૮૪।।

હવે, પુદ્‌ગલપરિણામ આત્માનું કર્મ કેમ નથી, એવા સંદેહને દૂર કરે છે :–

## ગાથા ૧૮૫

**જીવ સર્વ કાળે પુદ્‌ગલોની મધ્યમાં વર્તે ભલે,**
**પણ નવ ગ્રહે, ન તજે, કરે નહિ જીવ પુદ્‌ગલકર્મને. ૧૮૫.**

અન્વયાર્થ :–જીવ સર્વકાળે પુદ્‌ગલની મધ્યમાં રહેતો હોવા છતાં પણ પૌદ્‌ગલિક કર્મોને ખરેખર ગ્રહતો નથી, છોડતો નથી, કરતો નથી.

## “નમો અરિહંતાણં”ના પદમાં ક્યા શત્રુને ભગવાને હણ્યા ?

ટીકા :–ખરેખર પુદ્‌ગલપરિણામ આત્માનું કાર્ય નથી. પુદ્‌ગલકર્મનાં ગ્રહણ-ત્યાગ આત્માનું કાર્ય નથી. નમસ્કારમંત્રમાં પહેલું પદ “નમો અરિહંતાણં” છે. એનો શબ્દાર્થ એમ છે કે કર્મરૂપ શત્રુનો જેણે નાશ કર્યો

એવા ભગવાનને નમસ્કાર હો. ક્યા કર્મનો ભગવાને નાશ કર્યો છે ? ચાર ઘાતિકર્મનો ભગવાને નાશ કર્યો ? ચાર ઘાતિકર્મ તો જડ છે. જડકર્મને આત્મા ઉત્પન્ન કરતો નથી તેમ જ નાશ કરતો નથી. જડકર્મ વૈરી નથી પણ અંતરના ભાવકર્મ તે શત્રુ છે. ભાવકર્મ એટલે **રાગ-દ્વેષને હણે છે એમ કહેવું તે પણ ઉપચાર કથન છે. રાગ-દ્વેષ થયા તેને હું હણું એમ માનીને વિકલ્પ ઊઠાવવો તે પણ ભ્રાંતિ–મિથ્યાત્વ છે. રાગ-દ્વેષના લક્ષે રાગ-દ્વેષ હણાતા નથી, સ્વભાવમાં ભગવાન પરિપૂર્ણ સ્થિર થતાં રાગ-દ્વેષ ઉત્પન્ન જ થયા નહિ તેથી ભગવાને રાગ-દ્વેષને હણ્યાં એમ કથન કરવામાં આવે છે.** બાકી જડકર્મ જડકર્મમાં છે ને આત્મા આત્મામાં છે. જેવી રીતે ગાય ગાયમાં છે ને દોરડું દોરડામાં છે. દોરડાએ ગાયને કદી બાંધી નથી તેમ જ જડકર્મે જીવને કદી બાંધ્યો નથી. શાસ્ત્રમાં કથન આવે કે ગુણસ્થાનની શ્રેણી વધતાં અસંખ્ય ગુણી કર્મની નિર્જરા થાય છે–તે બધાં કથન નિમિત્તનાં છે. **સ્વભાવની અંદર સાધક જીવોને શુદ્ધતા વધતાં–અશુદ્ધતા ઉત્પન્ન જ થતી નથી. એને અશુદ્ધતાનો–વિકારનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે ને ત્યારે કર્મો કર્મોના કારણે આત્માના એક ક્ષેત્રેથી છૂટી પડી જાય છે તેને આત્માએ કર્મોની નિર્જરા કરી એમ કહેવામાં આવે છે.**

## સ્વભાવનું લક્ષ કરતાં પરપદાર્થ તરફનું લક્ષ છૂટી જાય છે, તે કથનને પરપદાર્થ છોડ્યા એમ કહેવામાં આવે છે.

આત્મા પર વસ્તુનાં ગ્રહણ–ત્યાગ વિનાનો છે. અજ્ઞાની જીવો માને છે કે બૈરાં, છોકરાં, દુકાન, કુટુંબકબીલાને ત્યાગી જીવે છોડ્યા, પણ તે પદાર્થોને આત્માએ કદી ગ્રહણ જ કર્યા નથી. જે વસ્તુને ગ્રહણ કરી હોય તેને છોડવાની હોય, પણ જે ગ્રહણ કરી ન હોય તેને છોડવાની રહેતી નથી. 'પરપદાર્થો મારા છે ને એનાથી મને સુખ છે' એવી મમતા પોતાની પર્યાયમાં ગ્રહણ કરી છે. તે મમતારહિત સ્વભાવનું ભાન કરીને લીન થતાં મમતા છૂટી જાય છે ને મમતા છૂટી જતાં પરપદાર્થો તરફનું લક્ષ છૂટી જાય છે, તેને પરપદાર્થો છોડ્યા એમ કહેવામાં આવે છે.

## જે જેનો પરિણમાવનાર હોય તે તેનાં ગ્રહણ-ત્યાગ વિનાનો હોઈ શકે નહિ.

જેવી રીતે અગ્નિએ લોખંડના ગોળાને કદી ગ્રહ્યો નથી તેથી અગ્નિને લોખંડના ગોળાને છોડવાપણું રહેતું નથી. અગ્નિ તે ઉષ્ણ છે ને લોઢું ઠંડું નિબિડ છે. અગ્નિએ લોઢાને ગ્રહ્યું હોય તો અગ્નિ લોઢાથી કદી છૂટે નહિ. ગરમ લોઢાનો ગોળો પાણીમાં નાખવાથી ઠંડો થાય છે. જો અગ્નિએ લોઢાને ગ્રહણ કરેલ હોય તો પાણીમાં નાખવા છતાં પણ જુદી પડવી ન જોઈએ.

તેથી અગ્નિ લોઢાનાં ગ્રહણ–ત્યાગ વિનાની છે. માટે નક્કી થાય છે કે જેનો પરિણમાવનાર જોવામાં આવે તે તેનાં ગ્રહણ–ત્યાગ વિનાનો જોવામાં આવતો નથી. જે જેનાં ગ્રહણ–ત્યાગ વિનાનો જોવામાં આવે તે તેનો પરિણમાવનાર હોઈ શકે નહિ. જેમ કે શરીર, કુટુંબ, લક્ષ્મીનાં ગ્રહણ–ત્યાગ આત્માને નથી તો તેને પરિણમાવી શકે નહિ. ને આત્મા શરીર આદિને પરિણમાવી શકતો નથી માટે તેનાં ગ્રહણ–ત્યાગ આત્માને હોઈ શકે નહિ. લક્ષ્મી આદિને જીવ પરિણમાવી શકતો હોય તો લક્ષ્મીનાં ગ્રહણ–ત્યાગ વિનાનો કદી હોઈ શકે નહિ. મૃત્યુ પામતાં શરીર, કુટુંબ, લક્ષ્મી પડ્યાં રહે છે ને જીવ ચાલ્યો જાય છે. તે બતાવે છે કે આત્માએ તે વસ્તુને ગ્રહણ કરી જ નથી. ને જે વસ્તુનાં ગ્રહણ–ત્યાગ નથી તે વસ્તુને આત્મા પરિણમાવી શકે નહિ. માટે આત્મા, શરીર, લક્ષ્મી, કુટુંબ વગેરે પરપદાર્થોને પરિણમાવી શકે નહિ.

## પર્યાયદ્રષ્ટિએ આત્મા સ્વ-પરિણામને કરે છે, ગ્રહે છે ને છોડે છે.

પણ એટલું છે કે આત્મા પોતામાં પરિણામ કરે છે તે પરિણામનાં ગ્રહણ–ત્યાગ વિનાનો તે જોવામાં આવતો નથી. આત્મા પોતાની પર્યાયમાં શુભાશુભ ભાવને ગ્રહણ કરે છે ને શુભાશુભનો ત્યાગ કરી શુદ્ધને ગ્રહણ કરે છે, તે પણ પર્યાયદ્રષ્ટિએ છે, વસ્તુસ્વભાવમાં તો શુભાશુભનાં ગ્રહણ–ત્યાગ પણ નથી. પર્યાયદ્રષ્ટિએ આત્મા સમયેસમયે પોતાના પરિણામને કરે છે તેથી તે પોતાના પરિણામને સમયે સમયે ગ્રહે છે ને છોડે છે, તે અપેક્ષાએ પોતાના પરિણામનાં ગ્રહણ–ત્યાગ વિનાનો જોવામાં આવતો નથી. આ રીતે પરિણામી આત્મા સ્વ પરિણામને ગ્રહે છે ને છોડે છે પણ પર વસ્તુને ગ્રહતો નથી, તેમ છોડતો નથી.

## પરપદાર્થનાં ગ્રહણ-ત્યાગ કરી શકું છું, એમ માનનારને ધર્મ થતો નથી.

પણ અનાદિકાળથી વસ્તુસ્વરૂપને અજ્ઞાની જીવ સમજતો નથી ને હઠથી પડિમા ને વ્રત ધારણ કરીને માને છે કે આટલી ખાવાપીવાની વસ્તુનો તથા સ્ત્રી-કુટુંબનો મેં ત્યાગ કર્યો. તેને જ્ઞાની પુરુષો કહે છે કે ભાઈ, તારા પરિણામને તું ગ્રહે છે ને મૂકે છે પણ પરવસ્તુને તું ગ્રહતો નથી તેમ મૂકતો નથી. તારા ઉત્પાદ–વ્યય તું કરી શકે પણ પરનાં ઉત્પાદ–વ્યય તું કરી શકતો નથી. **જેને પરનાં ગ્રહણ–ત્યાગની દ્રષ્ટિ છે તેને કષાયમંદતા પણ ખરેખરી નથી. સ્વભાવદ્રષ્ટિ વગર કષાયમંદતા ખરેખર થતી નથી.** તેથી આટલી વસ્તુ છોડવાથી ધર્મ થયો છે એમ જે અજ્ઞાની માને છે તે ભ્રાંતિ સેવે છે. તેને ધર્મ થતો નથી. આત્માના સાચા સ્વરૂપનાં શ્રદ્ધા–જ્ઞાન

થયા પછી અંતર સ્થિરતા વધતાં સહજ દશા થતાં, રાગની ઘણી મંદતા થતાં પરપદાર્થો તરફ લક્ષ જતું નથી ત્યારે વ્રત ને પડિમા અથવા મુનિપણું ધારણ કરે છે. હઠથી પડિમા આદિ હોઈ શકે નહિ.

જેથી શરીર, કર્મ વગેરે આત્માની સાથે એકક્ષેત્રે હોવા છતાં આત્મા પરપદાર્થનાં ગ્રહણ–ત્યાગ વિનાનો છે, એમ નક્કી થાય છે.

આ જ્ઞેય અધિકાર છે. સ્વજ્ઞેયમાં તારા પરિણામ તું કરી શકે છે. શરીર, કર્મ આદિ પરજ્ઞેય છે, તેના પરિણામ તું કરી શકે નહિ તેથી તેનાં ગ્રહણ–ત્યાગ તને હોઈ શકે નહિ માટે પરપદાર્થનું મમત્વ છોડ ને તારી પર્યાયમાં મમતા તારે કારણે એક સમય પૂરતી સ્વતંત્ર તું કરે છે, એમ નક્કી કરી સ્વભાવ તો મમતારહિત છે, એમ નક્કી કર તો મમતા છૂટે છે ને ધર્મદશા થાય છે.

***

# પ્રસાદ નં. ૧૩૯

## પ્રવચનસાર ગાથા ૧૮૬

(ફાગણ સુદ ૯, શનિવાર)

જો આત્મા પુદ્‌ગલોને કર્મપણે પરિણમાવતો નથી તો પછી આત્મા કઈ રીતે પુદ્‌ગલકર્મો વડે ગ્રહાય છે અને મુકાય છે, તેનું હવે નિરૂપણ કરે છે :–

**તે હાલ દ્રવ્યજનિત નિજ પરિણામનો કર્તા બને,**
**તેથી ગ્રહાય અને કદાપિ મુકાય છે કર્મો વડે. ૧૮૬.**

**અન્વયાર્થ :**—તે હમણાં સંસારાવસ્થામાં આત્મદ્રવ્યથી ઉત્પન્ન થતા અશુદ્ધ સ્વપરિણામનો કર્તા થતો થકો કર્મરજ વડે ગ્રહાય છે અને કદાચિત્ મુકાય છે.

અહીં શિષ્યનો પ્રશ્ન એ છે કે આત્મા જડકર્મની અવસ્થા કરતો નથી, તો પછી આ જડકર્મો આત્માના એકક્ષેત્રે કેમ આવ્યાં, તેનું સમાધાન આ ગાથામાં છે.

**ટીકા :**—આ આત્મા પરવસ્તુનાં ગ્રહણ-ત્યાગ વિનાનો છે. દ્રવ્યગુણ તો પર વસ્તુનાં ગ્રહણ–ત્યાગ વિનાના સ્વભાવવાળા છે. પરંતુ પર્યાય પણ કર્મનાં ગ્રહણ-ત્યાગ કરતી નથી–એવો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનો સ્વભાવ છે. તો પણ સંસાર દશામાં વિકારનું નિમિત્ત પામીને જડકર્મો એકક્ષેત્રે બંધાય છે ને કદાચિત્ મુકાય છે, તેની સ્પષ્ટતા કરે છે.

### અજ્ઞાની જીવ પરલક્ષે મલિનતા ઉત્પન્ન કરી રાગ-દ્વેષનો કર્તા થાય છે.

હમણાં એટલે સંસારદશામાં પોતાની ભૂલથી જીવ વિકાર ઉત્પન્ન કરે છે. નિગોદથી માંડીને દેવ સુધીના બધા સંસારી જીવો અનંત સંસારમાં રખડે છે. તે પોતાના સ્વપરિણામને લીધે રખડે છે પણ કર્મને લીધે રખડવું થતું નથી. અહીં શબ્દ 'द्रव्यजातस्य' પડેલ છે. વિકાર દ્રવ્યમાંથી આવે છે. કોઈ કહે કે દ્રવ્ય ગુણ તો શુદ્ધ જ છે, તો વિકારી પર્યાય ક્યાંથી આવી ? કર્મનો ઉદય છે માટે આવી ? તો અહીં ના પાડે છે. અહીં ચોખ્ખો પાઠ છે કે આત્મદ્રવ્યથી ઉત્પન્ન થતા અશુદ્ધ પરિણામનો જીવ કર્તા છે. લેશ્યાના પરિણામ જીવ પોતે કરે છે. આત્મામાંથી વિકાર વહે છે, દ્રવે છે. જેમ દરિયાનું મોજું પવનના કારણે ઊઠતું નથી. સ્વયં પોતાની લાયકાતથી ઊઠે છે તેમ આત્માની પર્યાયમાં થતા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગના પરિણામો જીવ પોતાની યોગ્યતાથી કરે છે. કોઈ કર્મ, કાળ અથવા

બહારના સંયોગે તે પરિણામ કરાવ્યા નથી. તે પરિણામ પોતાના સ્વભાવને ચૂકીને થાય છે ત્યારે પરપદાર્થ ઉપર અથવા કર્મ ઉપર લક્ષ હોય છે તેથી તેને નિમિત્ત કહેવાય છે. નિગોદના જીવને તીવ્ર કર્મનો ઉદય છે માટે વિકાર કરે છે, એમ નથી તેમ જ સંજ્ઞી જીવને કર્મનો ઉદય મંદ છે તેથી ધર્મનો પુરુષાર્થ કરે છે, એમ પણ નથી. તે પરિણામ પોતાના દ્રવ્યમાંથી વહે છે, પરને લીધે થતા નથી. આવી રીતે પરલક્ષે આત્મા વિકાર ઉત્પન્ન કરી મિથ્યાત્વ, રાગદ્વેષાદિનો કર્તા થાય છે.

## રાગનું નિમિત્ત પામીને પુદ્‌ગલકર્મ સ્વતંત્રપણે બંધાય છે.

આવા પરિણામ જીવ જ્યારે કરે છે ત્યારે નવાં કર્મપરમાણુઓ તે પરિણામનું નિમિત્ત પામીને આત્માના એકક્ષેત્રે બંધાય છે. આત્મા જેવા જેવા પ્રકારના વિકારી પરિણામો કરે તેવા તેવા પ્રકારનાં કર્મો આવે છે. તીવ્ર અનુભાગવાળા પરિણામ કરે તો તીવ્ર રસવાળાં કર્મો બંધાય ને મંદ રસવાળા પરિણામ કરે તો મંદ રસવાળાં કર્મ બંધાય છે. ને જેટલા પ્રમાણમાં વિકાર કરે તેટલા પ્રમાણમાં કર્મ બંધાય. આમ વિકારનું નિમિત્ત પામીને પુદ્‌ગલ કર્મો એના કારણે આવે છે. રાગ કર્યો માટે કર્મોને આવવું પડે છે, એમ નથી તેમ જ રાગ છૂટી ગયો છે માટે કર્મને વીખરાઈ જવું પડે છે, એવું જડ કર્મ પરાધીન નથી. જડ કર્મો પોતાની યોગ્યતાથી આવે છે. આ જગતમાં જેટલા આત્મા છે તેના કરતાં અનંત ગુણ કાર્મણવર્ગણાના સમૂહો લોકમાં બધે રહેલાં છે. તેમાથી જેની જેવી યોગ્યતા હોય તે પરમાણુઓ કર્મરૂપે પરિણમી જાય છે ને આત્માના એકક્ષેત્રે રહે છે.

પ્રશ્ન :–રાગ કરે તેના પ્રમાણમાં કર્મો સરખે સરખા કેમ બંધાય છે?

## જ્ઞાન તથા જ્ઞેયની જેમ રાગ તથા પુદ્‌ગલકર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

સમાધાન :–જેવા જેવા જ્ઞેય પદાર્થો છે તેવું તેવું યથાર્થજ્ઞાન આત્મા કરે છે. પણ તે યથાર્થ જ્ઞાન કરે છે માટે જ્ઞેયથી જ્ઞાન થયુ છે ? – ના. જ્ઞાન તો પોતાથી થાય છે. જ્ઞાન સ્વતંત્રપણે જ્ઞેયોની મદદ વિના થતું હોવા છતાં પણ જેવું જ્ઞેય છે તેવું જ્ઞાન કરે છે, તેમ જીવ રાગ-દ્વેષ કરે છે ત્યારે પુદ્‌ગલકર્મો પુદ્‌ગલકર્મોના કારણે બંધાય છે છતાં પણ જેવા ને જેટલા રાગ-દ્વેષ કરે તેવા ને તેટલા જ પ્રમાણમાં બંધાય એવો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બની રહ્યો છે. પણ રાગ કર્તા ને જડ કર્મ તેનું કાર્ય એવો કર્તાકર્મ સંબંધ નથી. કર્મો પોતાના કારણે બંધાય છે તેમાં રાગ-દ્વેષ નિમિત્તમાત્ર છે ને કદાચિત્ છૂટી જાય છે તો વીતરાગી પરિણામ નિમિત્તમાત્ર છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે કર્મોની સ્થિતિ લાંબા કાળની કહી છે, તે કઈ અપેક્ષાએ કહી છે ?

## સદ્રશતાની અપેક્ષાએ સંગ્રહ કરી કર્મની સ્થિતિનું કથન કરવામાં આવે છે.

સમાધાન :–કર્મ તે પર્યાય છે, દ્રવ્ય નથી. પર્યાય તો એક જ સમયની છે. બે સમયની પર્યાય ભેગી થતી નથી તો પછી એટલા લાંબા કાળનું ભેગું થઈને કર્મ પડ્યું હોય એમ બને નહિ, પણ જીવ એવા ને એવા ઊંધા સદ્રશ ભાવ ચાલુ રાખે તો તેના નિમિત્તે જડકર્મમાં પણ એવી ને એવી સદ્રશ કર્મની પર્યાય દેખાય છે. તે બધી પર્યાયો લગભગ સદ્રશ હોય એટલે સ્થૂલ ઋજુસૂત્રનયથી સંગ્રહ કરી એમ કહેવાય કે આટલું લાંબુ કર્મ આ જીવે બાંધ્યું. જેમ મનુષ્ય શરીર ૬૦–૬૫ વર્ષનું કહેવાય છે. મનુષ્યશરીરની પર્યાય એક સમયની છે પણ એવું ને એવું દેખાય ને ટકે એટલે ૬૦–૬૫ વર્ષ સુધીનું કહેવામાં આવે છે. તે પ્રમાણે કર્મની સ્થિતિ આટલા વર્ષની બાંધી એમ કહેવામાં આવે છે.

ભાવાર્થ :–સંસારદશામાં જીવ કર્મનું નિમિત્ત પામીને પોતાની યોગ્યતાના કારણે અશુદ્ધ પરિણામનો કર્તા થાય છે. તે વિકાર પોતે કરે છે તેથી વિકારનો કર્તા છે. પણ જીવ પરદ્રવ્યનો કર્તા નથી. આવી રીતે જીવ મલિનતાના પરિણામ કરે છે ત્યારે તેનું નિમિત્ત પામીને કર્મ પરમાણુ જીવના એકક્ષેત્રે રહે છે ને વીતરાગી દ્રષ્ટિ કરી શુદ્ધ પરિણામ કરે તો તેનું નિમિત્ત પામીને કર્મો છૂટી જાય છે. મોહનીય કર્મનો ઉપશમ થાય તો પોતાને ઉપશમ સમકિત થાય એમ નથી, ને સમકિત પ્રગટ કરે છે માટે દર્શનમોહ ટળે છે, એમ પણ નથી.

એવો કર્તાકર્મ સંબંધ નથી પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કર્મ પરિણત પુદ્ગલોનું જીવ સાથે ખાસ અવગાહરૂપે રહેવું તેને જ અહીં કર્મપુદ્ગલો વડે જીવનું ગ્રહાવું કહ્યું છે.

આ પ્રમાણે વિકારી પર્યાય સ્વજ્ઞેય ને કર્મની પર્યાય પરજ્ઞેય, બન્ને સ્વતંત્ર રહીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધપણે છે, એમ યથાર્થ જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે. ।।૧૮૬।।

હવે પુદ્ગલકર્મોના વૈચિત્ર્યને (જ્ઞાનાવરણ, દર્શનાવરણ ઇત્યાદિ અનેક પ્રકારતાને) કોણ કરે છે, તેનું નિરૂપણ કરે છે :–

## ગાથા ૧૮૭

**જીવ રાગ-દ્વેષથી યુક્ત જ્યારે પરિણમે શુભ-અશુભમાં,**
**જ્ઞાનાવરણ ઇત્યાદિભાવે કર્મધૂલી પ્રવેશ ત્યાં. ૧૮૭.**

અન્વયાર્થ :–જ્યારે આત્મા રાગ-દ્વેષ યુક્ત થયો થકો શુભ અને અશુભમાં પરિણમે છે ત્યારે કર્મરજ જ્ઞાનાવરણાદિ ભાવે તેનામાં પ્રવેશે છે.

## મેઘજળના દ્રષ્ટાંતે કર્મોનું વિચિત્રરૂપ સ્વતંત્ર પરિણમન.

**ટીકા :**—નવો વરસાદ પડે છે ને જમીનની સાથે સંયોગરૂપ પરિણામ બને છે ત્યારે જુદી જુદી જાતની વનસ્પતિઓ જમીનમાં થાય છે. કોઈ પૂછે કે વરસાદ આવ્યો માટે અંકુરા થયા ને વરસાદ પહેલાં અંકુરા કેમ ન હતા ? – ભાઈ, વરસાદને લીધે હોય તો લીલોતરી બધી એક જ પ્રકારની થવી જોઈએ પણ એક પ્રકારની હોતી નથી. વરસાદ એક જ જાતનો છે ને અનાજ જુદાં જુદાં પાકે છે. વરસાદ કારણ હોય તો આવી વિવિધતા હોવી ન જોઈએ. આ બધી વિવિધતા તેની તેની યોગ્યતા બતાવે છે. તેવી રીતે આત્માના શુભાશુભના કાળે કર્મો જુદી જુદી જાતનાં પોતાના કારણે ત્યાં હોય છે. કર્મની વિચિત્ર પર્યાય તેના કારણે થાય છે, આત્માના કારણે નહિ.

જ્યારે નવા વરસાદનો જમીનને સંયોગ હોય છે (અહીં નવા મેઘજળનું દ્રષ્ટાંત આપવાનું કારણ એ છે કે પ્રથમ વરસાદમાં લીલોતરી એકદમ છવાઈ જાય છે માટે નવાનો દાખલો આપ્યો છે) ત્યારે પુદ્‌ગલો કોઈ લીલા મેદાનરૂપે, કોઈ બિલાડીના ટોપરૂપે અને કોઈ ઇન્દ્રગોપ જીવડું–એમ ત્રણ જુદાજુદારૂપે થાય છે. વરસાદ એક હોવા છતાં પુદ્‌ગલો લીલાં, સફેદ ને લાલરૂપે પરિણમે છે. તેમ જીવ પોતાનો જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ ચૂકીને શુભાશુભ ભાવે પરિણમે છે ત્યારે પુદ્‌ગલો પોતાના કારણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ઇત્યાદિ વિચિત્રતારૂપ જુદાજુદા બંધરૂપે થાય છે.

## અજ્ઞાની જ્ઞેયોમાં ઇષ્ટ-અનિષ્ટ કલ્પના કરી મોહને વશીભૂત થાય છે.

કોઈ કહે કે આ મેદાનમાં પૂર્વે કાંઈ ન હતું, તો આ લીલોતરી એકદમ કેમ થઈ ગઈ ? પાણીથી થઈ ? આટલો બધો ફેરફાર ? આમ કેમ ? વળી પરમાણુમાં અમુક જ્ઞાનવરણીયનાં બંધાયાં, કોઈ શાતાનાં બંધાયાં, આમ કેમ ? સંયોગીદ્રષ્ટિવાળા જીવને સંયોગ ઉપર નજર જાય છે. વરસાદ સારો હતો માટે થયું અથવા જમીન સારી હતી માટે આવો પાક થયો–જીવે ભાવ કર્યા માટે આવાં કર્મ બંધાયાં, એમ પર ઉપરની દ્રષ્ટિ કરીને આ સંયોગો મને અનુકૂળ પડશે ને લાભ થશે એમ માની તેને લાવવા માગે છે, ને આ

સંયોગો પ્રતિકૂળ પડશે એમ માની તેને દૂર કરવા માગે છે. આમ ઇષ્ટ–અનિષ્ટની કલ્પના કરી સંયોગોમાં ભાગલા પાડી રાગ-દ્વેષને વશીભૂત થઈ શુભાશુભ ભાવરૂપે પરિણમે છે.

## ઇષ્ટ—અનિષ્ટપણું જ્ઞેયોમાં નથી તેમ જ તેવી કલ્પના જ્ઞાનસ્વભાવમાં નથી.

જ્યારે જ્ઞાની જીવ સમજે છે કે કોઈ પદાર્થની અવસ્થા અકસ્માત થતી નથી, બીજાએ કરાવી નથી, ક્રમબદ્ધ થઈ રહી છે. જ્ઞેયોના જુદા જુદા પરિણમનનો કાળ હતો માટે થયેલ છે. વરસાદ આવ્યો માટે લીલી વગેરે અવસ્થા થઈ એમ નથી. વળી જ્ઞાનની હીનતા થઈ માટે જ્ઞાનાવરણીય બંધાયું, દર્શનની હીનતા થઈ માટે દર્શનાવરણીય બંધાયું–એમ નથી. જ્ઞેયોના પરિણમનના કાળે તે વખતની યોગ્યતા મુજબ પરમાણુ વિચિત્રરૂપ બંધાય છે. **આમ કેમ ? તે પ્રશ્ન જ નથી.**

૧. જ્ઞેયપદાર્થો અમુક ઇષ્ટ ને અમુક અનિષ્ટ એવા જ્ઞેયોમાં ભાગલા નથી તથા

૨. ઇષ્ટ ને અનિષ્ટ કલ્પના અજ્ઞાની કરે છે તેવી ઇષ્ટ–અનિષ્ટની કલ્પનામાં નિમિત્ત પણ થાય તેવો જ્ઞેયોનો સ્વભાવ નથી, તેમ જ.

૩. વળી ઇષ્ટ–અનિષ્ટની કલ્પના કરવી તે જ્ઞાયક સ્વભાવમાં નથી. સમય સમયનો જ્ઞેયનો પર્યાય જેવો જેવો થાય છે તેવો તેવો જ્ઞાન જાણી લ્યે તેવો તેનો સ્વભાવ છે ને જ્ઞાની તે મુજબ જાણી લ્યે છે. જ્ઞાનીને રાગ થાય છે તે પોતાની નબળાઈથી થાય છે પણ જ્ઞેયોની વિચિત્રતાના કારણે થતો નથી. તેથી જ્ઞાનીની દ્રષ્ટિ પર ઉપર અથવા અંશ ઉપર નથી પણ સ્વભાવ ઉપર છે ને સમયે સમયે જ્ઞાનનું કામ કરે છે.

## જીવ ને અજીવમાં સમયે-સમયે પર્યાયો ક્રમબદ્ધ થઈ રહી છે.

રોટલી થાય છે તે વેલણથી થતી નથી, બાઈથી થતી નથી. તે તેના કારણે જુદાજુદા આકારે થાય છે. જીવ ખોરાક લ્યે છે તે એક જ પ્રકારનો છે છતાં કોઈ પરમાણુ લોહીરૂપે, કોઈ હાડકાંરૂપે, કોઈ વિષ્ટારૂપે, કોઈ પેશાબરૂપે વગેરેરૂપે પરમાણુની યોગ્યતા મુજબ પરિણમે છે. તેમ કર્મનો ઉદય જુદો જુદો છે માટે જીવ જુદા જુદા તીવ્ર-મંદ ભાવ કરે છે–એમ નથી. પોતાની યોગ્યતા મુજબ કોઈ તીવ્ર કરે છે, કોઈ મંદ કરે છે. વળી શુભાશુભ ભાવ કર્યા માટે કર્મને આવવું પડ્યું અથવા યોગનું કંપન થયું માટે કર્મ પરમાણુ આવ્યા એમ પણ નથી. તેમ જ જુદા જુદા વિચિત્ર પરિણામો છે માટે કર્મમાં

જ્ઞાનાવરણીયાદિની વિચિત્રતા છે–એમ પણ નથી. સમય સમયનો પર્યાય સત્ છે.

૧. જે સમયે જે કર્મની પર્યાય જે રૂપે થવાની છે તેરૂપે થવાની જ છે, તે આત્માથી થતી નથી.

૨. આત્મામાં જે શુભાશુભ પરિણામ થવાના છે તેવા જ શુભાશુભ તે તે કાળે થવાના છે, કર્મને લીધે નહિ.

આમ આત્મામાં તથા પુદ્ગલોમાં સમયે સમયે સ્વતંત્ર પરિણમન થઈ રહ્યું છે. ક્રમબદ્ધ નિયમિત થઈ રહ્યું છે. આવા ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કેવી રીતે થાય ? કોણ કરી શકશે ? નિમિત્તો ને સંયોગો ઉપર દ્રષ્ટિ છે તે ક્રમબદ્ધનો નિર્ણય કરી શકશે ? વળી અશુભ ટાળીને શુભ કરું એમ અંશને ફેરવવા ઉપર જેની દ્રષ્ટિ છે તે નિર્ણય કરી શકશે ? – ના. તેનો નિર્ણય કદી પણ સાચો નથી.

## ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સાચો ક્યારે કહેવાય ? અક્રમ શુદ્ધ સ્વભાવ તરફ ઝૂકે તો.

પ્રથમ જીવે નક્કી કરવું જોઈએ કે દરેક પર્યાય સ્વતંત્ર થાય છે. વિકાર થાય છે તે પરને લીધે નથી. સ્વભાવમાં વિકાર નથી. સ્વભાવ તો જ્ઞાતા-દ્રષ્ટા શુદ્ધ સ્વરૂપ છે. એમ સંયોગો ને અંશ ઉપરથી રુચિ હઠાવી અંશી સ્વભાવ ઉપર લક્ષ કરે તો શાંતિ થાય. **સમયે સમયે પર્યાય ક્રમસર થઈ રહી છે. તે ક્રમ ઉપરનું લક્ષ છોડી અક્રમ શુદ્ધ સ્વભાવ જે શાંત જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપ છે તેના તરફ ઝૂકે, શ્રદ્ધા–જ્ઞાન કરે તો ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સાચો કર્યો કહેવાય. અક્રમ સ્વભાવના નિર્ણય વિના જે થવાનું હશે તેમ થશે, એમ મોઢેથી બોલી નાખે તો તે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય નથી. અહો ! સમય સમયની પર્યાય સ્વતંત્ર છે. તેમાં ફેરફાર ત્રણકાળ ત્રણલોકમાં નથી. રાગ થાય છે તે વિકૃતદશા છે. તેના તરફનું લક્ષ છોડી પોતાના જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકે છે તેને ધર્મદશા ઉત્પન્ન થાય છે. સમય સમયની પર્યાયની સ્વતંત્રતાનું વર્ણન 'વિકાર તારો છે–વિકાર તારો છે' એમ કહી વિકારમાં ઊભો રાખવા માટે નથી પણ ધ્રુવ અવિકારી શુદ્ધસ્વભાવના નિર્ણય માટે છે.** આમ જે એક સમયનો વિકાર સ્વતંત્ર સ્વીકારે છે તે અંશી એવા સ્વભાવને પણ સ્વતંત્ર સ્વીકારે છે. આમ સ્વભાવદ્રષ્ટિ કરે તેનો નિર્ણય સાચો છે.

આ પ્રમાણે દ્રવ્યકર્મોની વિચિત્રતાનો બંધ સ્વતંત્ર થાય છે ત્યારે શુભાશુભ પરિણામ નિમિત્તમાત્ર છે. આ યથાર્થ જ્ઞાન કરી પર્યાયના સ્વતંત્ર ક્રમ ઉપરથી લક્ષ ઉઠાવી અક્રમ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મ છે.***

# પ્રસાદ નં.—૧૪૦

## પ્રવચનસાર ગાથા ૧૮૮

( ફાગણ સુદ ૧૦, રવિવાર )

હવે એકલો જ આત્મા બંધ છે, એમ સમજાવે છેઃ–

**સપ્રદેશ જીવ સમયે કષાયિત મોહ રાગાદિ વડે,**
**સંબંધ પામી કર્મરજનો, બંધરૂપ કથાય છે. ૧૮૮**

**અન્વયાર્થ :**—સપ્રદેશ એવો તે આત્મા સમયે મોહ-રાગ-દ્વેષ વડે કષાયિત થવાથી કર્મરજ વડે શ્લિષ્ટ થયો થકો અર્થાત્ જેને કર્મરજ વળગી છે એવો થયો થકો 'બંધ' કહેવામાં આવ્યો છે.

### અજ્ઞાની તથા જ્ઞાનીને પોતાના ભાવનું બંધન છે, કર્મનું બંધન નથી.

**ટીકા :**—જેમ જગતમાં વસ્ત્રના તાણાવાણા ઘણા છે ને તે ઘણા તાણાવાળું વસ્ત્ર પોતે જ મજીદ વગેરે જુદા જુદા રંગથી રંગાયેલ છે તેમ આત્મા અસંખ્યપ્રદેશી છે. તેના સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન ચૂકે છે ત્યારે અજ્ઞાની મોહ-રાગ-દ્વેષ વડે રંગાયેલો છે ને જ્ઞાની પોતાની સ્થિરતા ચૂકે છે ત્યારે અસ્થિરતાના રાગ-દ્વેષ વડે રંગાયેલો છે. આત્મા પોતે પોતાના ભાવબંધથી બંધાયેલો છે, એમ માનવું પણ જડકર્મથી બંધાયેલો છે, એમ ન માનવું.

મિથ્યાદ્રષ્ટિ જીવ ત્રિકાળી શક્તિનો અનાદર કરે છે તેથી તેને સ્વભાવથી વિરુદ્ધ એવા મિથ્યાત્વ રાગ-દ્વેષનો બંધ છે. અને જ્ઞાનીને અસ્થિરતાનો દોષ છે. બન્નેને બંધ હોવા છતાં બંધનમાં ફેર છે. છતાં પણ કર્મનો દોષ તો એકેને નથી. જ્ઞાનીને પણ સ્વપ્રમાદનો દોષ છે.

### બાહ્ય સંયોગોથી જ્ઞાની કે અજ્ઞાનીનું માપ નથી; અંતર પરિણમનથી માપ છે.

વળી કોઈ કહે કે અમુક જીવ પ્રથમ તો પૂજા ભક્તિ કરતો હતો પણ સાચી વસ્તુ સમજ્યા પછી તેણે પૂજાભક્તિ છોડી દીધી છે માટે તે ધર્મી નથી, એમ માત્ર બાહ્ય સંયોગ ઉપરથી માપ કાઢવાનું નથી. ધર્મીજીવને કોઈવાર એમ પણ બને કે પોતાના સ્વભાવનું વિશેષ ઘોલન કરવા તે સ્વાધ્યાયમાં રોકાયેલ હોય અથવા પોતાના સ્વરૂપ સંબંધી વિચારણામાં હોય. અને તેથી પૂજાભક્તિનો વિકલ્પ કદાચિત્ ન પણ ઊઠે ને તે વખતે એવા બાહ્ય સંયોગોમાં ન પણ દેખાય તેથી તેને સત્ દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે પ્રમોદ નથી એમ એકાંત માની લેવું નહિ. બાહ્ય ક્રિયા તો અજ્ઞાની કે જ્ઞાની કરી શકતો નથી. અંતર સ્વભાવમાં પ્રમાદ કરે છે કે હિત કરે છે, પુરૂષાર્થ હિન થયો છે કે વધી રહ્યો છે, તે જોવાનું છે. બાહ્ય સંયોગો ઉપર માપ નથી.

(1) આવું કથન સાંભળીને કોઈ જીવ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભ પ્રમોદની ભૂમિકાને ઉડાડીને એકલા સંસારના અશુભભાવમાં ચાલ્યો જાય તો તેને પણ વસ્તુસ્થિતીની ખબર નથી. શુદ્ધ સ્વભાવના ભાનસહિત વિકલ્પ વખતે ભૂમિકા અનુસાર દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ અથવા દયા,દાન, આદિનો ભાવ કેવો હોય તેનો વિવેક ભૂલીને અશુભ વિકાર પર્યાયમાં હોવા છતાં પર્યાયમાં પોતાને સિદ્ધસમાન માની લ્યે તો તે નિશ્ચયાભાસી છે– મિથ્યાદ્રષ્ટિ છે. વસ્તુના સ્વરૂપની ખબર નથી. તેને તો સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રમોદ જ નથી.

(2) અને કોઈ જીવને વસ્તુસ્વરૂપનું ભાન છે. પોતાની પર્યાયનો વિવેક છે. પર્યાયમાં હીનતા–પામરતાની ખબર છે. તેવો વિવેક છે. કોઈ વખતે સ્વાધ્યાયમાં તલ્લીન થતાં પૂજાભક્તિમાં જોડાઈ શકયો નહિ માટે તે લૂખો થઈ ગયો છે ને નિશ્ચયાભાસી છે એમ પણ સમજવું નહિ. કારણકે સંયોગમાં આવવું કે ન આવવું તે તેના હાથની વાત નથી. તેનો અંતર પુરૂષાર્થ કેવો છે તે જોવાનું રહે છે. અંતર સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રમોદ ને બહુમાન વર્તે છે. માટે બીજાને સમજવામાં અવિવેક થતો હોય તો તે અને પોતામાં પોતાના પરિણામનો અવિવેક થતો હોય તો તે પણ કાઢી નાખવો જોઈએ.

## અજ્ઞાની પરથી સમાધાન કરે છે, જ્ઞાની સ્વથી સમાધાન કરે છે. બન્નેમાં ઘણું અંતર છે.

અજ્ઞાની જીવને સ્વરૂપનું ભાન નથી એટલે પરથી સુખદુઃખ માને છે. પુત્રના જન્મ વખતે એકત્વ બુદ્ધિ કરી હરખ કરે છે ને રોગ થઈ આવતા રોગ પ્રત્યે દ્વેષ કરી પ્રતિકૂળતાના સંયોગો દૂર કરવા માગે છે. તેનાથી ઊલટું, જ્ઞાની પરપદાર્થોને રાગ-દ્વેષનું કારણ માનતા નથી. પોતાની પર્યાયમાં નબળાઈથી રાગ-દ્વેષ થઈ આવે છે અથવા રતિના પ્રસંગે રતિ થઈ આવે છે છતાં સ્વભાવનું ભાન છે, સંયોગો જ્ઞેય છે, ચારિત્રની પરિણતિની નબળાઈ થઈ તેને જાણે છે પણ સંયોગોને મેળવું કે દૂર કરુ એમ સમકિતી માનતો નથી. કોઈવાર અજ્ઞાની જીવ રોગ આવતા દ્વેષ પણ ન કરે ને વૈરાગ્ય કરે. ને દીકરો મરી જતાં રૂવે પણ નહિ ને કહે કે ભાઈ, કોઈ કોઈનું છે નહિ–એમ વૈરાગ્ય લાવે પણ તે પર સંયોગોથી સમાધાન કરે છે, તેને સ્વ–પર વિવેક નથી તેથી તેવો વૈરાગ્ય પણ યથાર્થ નથી. જયારે જ્ઞાની રોગના કાળે દ્વેષ કરતો દેખાય ને દીકરો ગુજરી જતાં રૂદન કરતો દેખાય તોપણ અંતર ભાન વર્તે છે, પરથી રાગ-દ્વેષ માનતો નથી, સંયોગો તથા વિકારથી પર એવા સ્વભાવનું ભાન ચૂકતો નથી તેથી તે ધર્મી છે, જ્ઞાની કે અજ્ઞાનીની તુલના બાહ્યથી નથી.

## અહીં નિશ્ચયનો વિષય શુદ્ધ દ્રવ્ય કહેલ છે, તેનો ખૂલાસો.

મિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષનું બંધન છે ને સમકિતીને અસ્થિરતાના રાગ-દ્વેષનું બંધન છે પરંતુ પરનું અથવા કર્મનું બંધન કોઈને નથી. જે વિકાર થાય છે તે નિશ્ચયથી તારા દ્રવ્યમાં થાય છે, પર નિમિત્તની અપેક્ષા વિનાનો તારા દ્રવ્યમાં તું કરે છે તો થાય છે એમ બતાવવા અહીં નિશ્ચયનો વિષય શુદ્ધ દ્રવ્ય છે, એટલે કે વિકારી દ્રવ્ય છે, એમ કહ્યું છે. અને સમયસારમાં વિકાર તે તારું સ્વરૂપ નથી એમ સામાન્ય શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરાવવા સામાન્ય શુદ્ધ દ્રવ્ય તે નિશ્ચયનો વિષય છે એમ કહેવામાં આવે છે પણ અહીં પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન હોવાથી વિકારી પર્યાય જીવની પોતાની છે, કર્મકૃત નથી એમ પરથી ભિન્ન બતાવવા નિશ્ચયનો વિષય શુદ્ધ દ્રવ્ય એટલે કે વિકારી દ્રવ્ય છે, એમ કહ્યું છે, માટે અપેક્ષા સમજવી.

આ પ્રમાણે આત્મા એકલો જ પોતાના ભાવ સાથે બંધરૂપ છે, એમ સમજી બંધરહિત શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન કરવા, તે ધર્મ છે. ।।188।।

હવે નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ દર્શાવે છે:–

### ગાથા ૧૮૯

**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાષિયો**
**અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.**

**અન્વયાર્થ :**—આ (પૂર્વોક્ત રીતે) જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી અર્હંતદેવોએ યતિઓને કહ્યો છે; વ્યવહાર અન્ય રીતે કહ્યો છે.

## શુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય.

**ટીકા :**—આત્મા પોતાનો સ્વભાવ ચૂકીને પરપદાર્થ તરફ વલણ કરે છે ત્યારે રાગ-દ્વેષના પરિણામ પોતામાં થાય છે. તે પોતાના કારણે થાય છે. કર્મનો તીવ્ર ઉદય આવ્યો માટે તીવ્ર રાગ-દ્વેષ કરે છે, એમ નથી ને કર્મનો મંદ ઉદય આવ્યો માટે મંદ રાગ-દ્વેષ કરે છે, એમ નથી પણ પોતે જ રાગ-દ્વેષના પરિણામ ગ્રહે છે ને છોડે છે. તેના શુભ અને અશુભ એવા બે પ્રકાર છે.

આ શુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય છે. નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી તેને શુદ્ધ દ્રવ્યનું કથન કરનાર કહ્યો છે.

## (૧) દર્શનપ્રધાન કથનથી નિશ્ચયનયનું સ્વરૂપ.

સમયસારાદિ દ્રષ્ટિપ્રધાન કથનમાં વિકારી પર્યાય સ્વતંત્રપણે થાય છે તેવો વિવેક થયા પછી સામાન્ય શુદ્ધ સ્વભાવનું ધ્યેય કરાવવું હોય ત્યારે વિકારથી જુદો પાડવા ને અવિકારી સ્વભાવનું લક્ષ કરાવવા એમ કહે કે રાગ-દ્વેષને આત્મા ગ્રહતો નથી તેમ જ છોડતો નથી કારણ કે મૂળસ્વભાવમાં રાગ-દ્વેષ છે જ નહિ. એમ કહી રાગ-દ્વેષ ઉપરનું લક્ષ છોડાવવા ને સામાન્ય શુદ્ધ સ્વભાવનું લક્ષ કરાવવા સ્વનો આશ્રય કર એમ કહે છે. ત્યાં સ્વ એટલે સામાન્ય શુદ્ધ ધ્રુવ સ્વભાવ કે જે દ્રવ્યાર્થિક નયનો વિષય છે તે. ને ત્યાં એમ પણ કહે કે આત્મા રાગનો ત્યાગ કરે છે તે નામમાત્ર છે. તે કથન વસ્તુદ્રષ્ટિનું છે.

## (૨)જ્ઞાનપ્રધાન કથનથી નિશ્ચયનયનું સ્વરૂપ.

અહીં અજ્ઞાની જીવનું લક્ષ કર્મ ને સંયોગો ઉપર છે. તેને કહે છે કે મિથ્યાત્વ રાગ-દ્વેષ કર્મે કરાવ્યા નથી ને પરવસ્તુ તથા કર્મને તુ ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. પણ તારા અંતર પરિણામ મિથ્યાત્વ–રાગદ્વેષાદિને તું કરે છે. એમ વિકારી પર્યાય સ્વતંત્રપણે તું કરે છે તેવું જ્ઞાન કરાવવા ને પરપદાર્થો ને કર્મ ઉપરથી દ્રષ્ટિ છોડાવવા કથન કર્યું છે. એટલે અહીં શુદ્ધ દ્રવ્યનું કથન એક પોતાના દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું, તેને અહીં નિશ્ચયનય કહ્યો છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે. અપેક્ષા સમજવી જોઈએ.

## વિકાર વખતે કર્મ નિમિત્ત છે, એમ જ્ઞાન કરવું તે વ્યવહારનય છે.

વળી પુદ્‌ગલપરિણામ જે છે તે આત્માનું કર્મ છે. અહીં પુદ્‌ગલપરિણામને આત્માનું કર્મ કહ્યું છે, એનો અર્થ એમ નથી કે આત્માના રાગ-દ્વેષ જડકર્મની અવસ્થાને કરી શકે છે પણ જીવ રાગ-દ્વેષ કરે છે ત્યારે કર્મો જરૂર બંધાય છે માટે વ્યવહારથી આત્માને કર્મનો કર્તા કહ્યો છે.

તે કર્મો બે પ્રકારના છે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય, અશાતાવેદનીય, અશુભ નામકર્મ, અશુભ ગતિકર્મ, નીચગોત્ર, અલ્પ આયુ, વગેરે પાપ પ્રકૃતિઓ છે ને શાતાવેદનીય, શુભનામકર્મ, ઉંચ ગોત્રકર્મ, મોટું આયુષ્ય વગેરે પુણ્ય પ્રકૃતિઓ છે. તેને આત્મા ગ્રહે છે ને છોડે છે–આવો જે નય તે અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે.

પ્રશ્નઃ–આવો વ્યવહાર કહેવાની શી જરૂર છે?

સમાધાનઃ–કોઈ જીવ જડકર્મને માનતો ન હોય તેને કર્મનું જ્ઞાન કરાવવા કથન કરેલ છે. કારણ કે સ્વભાવના લક્ષે વિકાર હોઈ શકે નહિ.

સ્વભાવમાં વિકાર નથી પણ કર્મના લક્ષે–પરના લક્ષે વિકાર જીવ પોતે કરે છે, એમ બતાવવું છે. વળી વિકાર વખતે કર્મ ન હોય તો વિકાર પોતાનો સ્વભાવ થઈ જાય. વિકાર પોતાની પર્યાયનો અપરાધ છે, તે અણારોપિત કથન છે ને ત્યારે બીજી ચીજ કર્મ છે ને તેના લક્ષે વિકાર કરે છે તે આરોપિત કથન છે. તેનું પણ જ્ઞાન કરવું જોઈએ.

(૧) પોતે વિકાર કરે છે ત્યારે જડકર્મ–બીજી ચીજ પરજ્ઞેય છે, તેનું જ્ઞાન કરવું,

(૨) વળી પરજ્ઞેય વસ્તુ–કર્મ છે માટે વિકાર કરવો પડે છે, એમ પણ નથી. માટે સ્વ વિકારી પર્યાય તે સ્વજ્ઞેય તે નિશ્ચય ને કર્મની પર્યાય તે પરજ્ઞેય. તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

## નિશ્ચયનયને સાધકતમ કેમ કહ્યો ?

બન્ને આ નયો છે, કારણ કે શુદ્ધપણે અને અશુદ્ધપણે બન્ને પ્રકારે દ્રવ્ય પ્રતીત કરાય છે. આત્મા સ્વયં વિકાર કરે છે. પર તથા કર્મની અપેક્ષારહિત પરિણમે છે માટે શુદ્ધપણે કહ્યું છે. તે વિકાર કરે છે ત્યારે કર્મ આવે છે ને જાય છે, એમ જડકર્મ ગ્રહે છે ને મૂકે છે તે અશુદ્ધપણે ઓળખાણ છે. પરંતુ નિશ્ચયનય સાધકતમ છે અર્થાત્ ઉત્કૃષ્ટ સાધક છે કેમકે તે સ્વતંત્રતાને સિદ્ધ કરે છે.

કોઈને પ્રશ્ન થાય કે વિકારી પર્યાયને બતાવનારો નય સાધકતમ કેમ કહ્યો હશે ?

## નિશ્ચયનય પર્યાય સ્વતંત્ર છે, એમ જ્ઞાન કરાવી પર્યાયવાન તરફ લક્ષ લઈ જાય છે.

સમાધાન :–ભાઈ, અહીં જ્ઞાન પ્રધાન કથન છે. જીવમાં થતો વિકાર તે અંશ છે. જે જીવ એમ સ્વીકારે કે વિકાર પરને લીધે થાય તેણે તો પોતાનો વિકાર ટાળવા માટે પણ સદાય પર સામે જોયા જ કરવું પડે, સ્વ સામે જોવાનું રહેતુ નથી. કારણ કે તે જીવ તો એમ દલીલ કરે કે દ્રવ્ય–ગુણ તો શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવે ? અજ્ઞાની જીવ માને છે કે નિમિત્તથી અથવા કર્મથી આવે છે. જ્યારે તે જીવ અહીં કહ્યા મુજબ નિશ્ચયનયનું જ્ઞાન કરે કે અહો ! મિથ્યાત્વ, રાગ-દ્વેષ વગેરેના પરિણામ મારાથી, મારા કારણે થઈ રહ્યા છે. **કોઈ પરપદાર્થે કરાવ્યા નથી. એમ જે અંશને સ્વતંત્ર કબૂલ કરે તેની દ્રષ્ટિ અંશી એવા દ્રવ્ય તરફ ગયા વગર રહે નહિ. દ્રવ્ય તરફ જોતાં દ્રવ્યમાં તો વિકાર નથી–દ્રવ્ય શુદ્ધ છે. વિકાર તો એક સમયનો ઉપાધિભાવ છે. તે મારું સ્વરૂપ નથી, એમ શ્રદ્ધા–જ્ઞાન થતા ધર્મ**

**<u>થાય છે. જે અંશને પરાધીન સ્વીકારે તે અંશીને સ્વતંત્ર સ્વીકારી શકે નહિ. જે અંશને સ્વતંત્ર સ્વીકારે તે અંશીને સ્વતંત્ર સ્વીકાર્યા વગર રહે નહિ.</u>**

આ નય એકલા અંશમાં રોકવા માટે કહ્યો નથી. પણ પર્યાય સ્વતંત્ર સ્વીકારી પર્યાયવાન તરફ વળવા માટે ઉત્કૃષ્ટ સાધન છે.

પ્રશ્ન :–જીવની અપરાધ કરવાની ઈચ્છા તો નથી ?

## નિરપરાધી સ્વભાવની ઓળખાણ વિના અપરાધ ટળતો નથી.

સમાધાન :–ભાઈ, તે અપરાધ જ કરી રહ્યો છે. કારણ કે જે જીવને અપરાધ રહિત–નિરપરાધી સ્વભાવની ખબર નથી તે અપરાધને ચાહી રહ્યો છે–તેને અપરાધનું પણ સાચું જ્ઞાન નથી. અપરાધ સ્વતંત્ર કરી રહ્યો છે એમ પોતામાં નક્કી કરતાં નિરપરાધી સ્વભાવ સ્વતંત્રનો ખ્યાલ આવે છે. <u>અપરાધ રહિત શુદ્ધ સ્વભાવના ભાન વિના અપરાધ ખરેખર ટળી શકે નહિ. ને ત્યાં સુધી અજ્ઞાની જીવ ભ્રમણમાં રહ્યો છે ને અપરાધ કરી રહ્યો છે. નિરપરાધી સ્વભાવની ઓળખાણથી જ અપરાધ ટળે છે.</u>

આ પ્રમાણે વિકારી પર્યાયને જાણનારો નિશ્ચયનય અવિકારી સ્વભાવની સ્વતંત્ર જાહેરાત કરવામાં ઉત્કૃષ્ટ સાધન છે, એમ યથાર્થ જ્ઞાન કરી શુદ્ધ સ્વભાવ તરફ વળવું, તે જ કાર્યકારી છે.

***

# પ્રસાદ નં. ૧૪૧

## પ્રવચનસાર ગાથા ૧૮૯

(ફાગણ સુદ ૧૧, સોમવાર)

### રાગપરિણામને જણાવનાર નિશ્ચયનય ઉપાદેય કેમ કહ્યો ?

સમયસારશાસ્ત્રમાં લખાણ એમ આવે કે શરીર, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે ને તેને લક્ષે થતા શુભાશુભ ભાવો ઝેર છે. તે આત્માનું સ્વરૂપ નથી. રાગ-દ્વેષ ઉપાદેય નથી કારણકે તે ઉપાધિભાવ છે. નિરુપાધી સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન કરે તો અધર્મનો નાશ થઈને ધર્મ થાય. સંયોગોમાથી અથવા વર્તમાન અંશમાથી ધર્મ થતો નથી પણ શુદ્ધ સ્વભાવના લક્ષે ધર્મ થાય છે. રાગ-દ્વેષના ગ્રહણ–ત્યાગ શુદ્ધ સ્વભાવમાં નથી. તે તો નામમાત્ર છે. ત્યાં શુદ્ધસ્વભાવને બતાવનારો શુદ્ધનય એક જ અંગીકાર કરવા જેવો કહ્યો હતો અને અહીં પ્રવચનસારમાં રાગ પરિણામના ગ્રહણ–ત્યાગરૂપ પર્યાયોનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો ?

સમાધાન :– રાગ સ્વતંત્ર અંશ છે એમ સ્વીકારનારની દ્રષ્ટિ અંશી તરફ જાય છે માટે રાગને બતાવનાર નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.

### રાગપરિણામ તેમજ વીતરાગીપરિણામ આત્મા સ્વતંત્રપણે કરે છે.

શુભ કે અશુભ પરિણામ કરનાર આત્મા પોતે જ છે. જડને લીધે અથવા બીજા પદાર્થને લીધે વિકાર થતો નથી. નિગોદની અંદર પણ જીવ પોતાના અજ્ઞાનના કારણે રહે છે પણ તીવ્ર કર્મને લીધે નહિ. અગિયારમે ગુણસ્થાનેથી પડીને જીવ નીચેના ગુણસ્થાને આવે છે. તે પોતાના પુરૂષાર્થની મંદતાથી આવે છે, કર્મના ઉદયને લીધે પડતો નથી. એટલે વિકારી પરિણામ જીવ સ્વતંત્ર કરે છે.

વળી પરપદાર્થથી આત્મા જુદો છે. પુણ્ય-પાપ ક્ષણિક છે. પર્યાય જેવડો આત્મા નથી. આત્મા તો શુદ્ધ સ્વભાવ ચિદાનંદ સ્વરૂપ છે એવા શ્રદ્ધા–જ્ઞાન કરી પોતાનામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના વીતરાગી પરિણામ કરે તો આત્મા પોતે કરે છે. કેવળી–શ્રુતકેવળીનો જોગ છે, મહાવિદેહક્ષેત્ર છે, કર્મનો મંદ ઉદય છે અથવા કર્મ ખસી ગયાં છે, કાળ સારો છે માટે વીતરાગી પરિણામ કરે છે, એમ નથી પણ જીવ પોતાની યોગ્યતા અનુસાર વીતરાગી પરિણામ કરે છે. આવી રીતે અજ્ઞાનદશા કે જ્ઞાનદશાનો કરનાર આત્મા પોતે જ છે.

પ્રશ્નઃ–તીર્થંકર પ્રકૃતિનો બંધ તીર્થંકરની સમીપ વિના થતો નથી ને ? માટે તે નિમિત્ત મેળવવા પુરૂષાર્થ કરવો જોઈએ ને ?

## નિમિત્ત તથા શુભરાગ ઉપરની દ્રષ્ટિવાળો જીવ મિથ્યાદ્રષ્ટિ છે. તેને તીર્થંકર પ્રકૃતિ કદી પણ બંધાતી નથી.

સમાધાનઃ– આમાં તો ઘણું અજ્ઞાન ભરેલુ છે.

૧) પ્રથમ તો જે જીવ એમ માને છે કે તીર્થંકર પાસે જાઉં ને ઉપદેશ સાંભળું તો તેના ખ્યાલમાં એમ છે કે પરપદાર્થો મેળવી શકાય છે. પણ તે જીવની એવી માન્યતા ભ્રમ છે કારણકે તીર્થંકરનો સંયોગ મળવો કે ન મળવો, તે જીવના શુભ રાગને આધીન નથી, પણ પૂર્વ પુણ્યના નિમિત્તે સંયોગો સ્વતંત્ર મળે છે. છતાં પરને મેળવી શકું છું એમ માનવું તે ભ્રાંતિ છે.

૨) વળી તે જીવ એમ માને છે કે ત્યાં જવાથી મને શુભ ભાવ થશે અથવા ક્ષાયિક સમકિત થશે પણ આત્મા હોય તો ક્ષાયિક સમકિત થાય અથવા શુભભાવ થાય, એમ તે માનતો નથી. તેથી તે માન્યતામાં પણ ભૂલ છે. કારણકે શુભ અથવા શુદ્ધની પર્યાય તે પરથી માને છે.

૩) વળી તે જીવની એવી ભાવના છે કે હું તીર્થંકર નામકર્મ બાંધુ અથવા તીર્થંકર નામકર્મને યોગ્ય શુભભાવ કરૂં કે જેથી તે કર્મ બંધાય. એવી જેની રુચિ અથવા દ્રષ્ટિ છે, તેને જડકર્મની ભાવના છે અથવા શુભ રાગ–આસ્રવની રુચિ છે. પણ જડકર્મ ને બંધનરહિત અબંધ શુદ્ધ સ્વભાવની ભાવના નથી. તેથી તેને મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે.

૪) વળી હજી ભગવાન પાસે ગયો નથી, ઉપાદાનમાં કાર્ય થયું નથી તો નિમિત્ત કોનું ? કયા નિમિત્તને તારે મેળવવા જવું છે ? ભગવાન પાસે જઈને જે જીવ શુભભાવ કરે છે અથવા ક્ષાયિક સમકિત પ્રગટ કરે છે તે જીવને તે શુભ અથવા શુદ્ધમાં નિમિત્ત કહેવાય છે. ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે નિમિત્તમાં નિમિત્તપણાનો આરોપ અપાય છે. તારા ઉપાદાનમાં હજી કાંઈ કાર્ય તો થયું નથી, ભગવાનને નિમિત્ત તરીકે આરોપ તારી પર્યાયમાં આપવાની લાયકાત તો હજી તને પ્રગટી નથી, નૈમિત્તિક પર્યાયમાં કામ થયા પહેલા કોનું નિમિત્ત ? તારે માટે હજી ભગવાનને નિમિત્ત કહેવાનો કાળ તેં પ્રગટ કર્યો નથી તે પહેલા નિમિત્તને મેળવવા જાઉં–એમ તું કહે છે, તે તારી સ્થૂલ ભ્રાંતિ છે.

૫) વળી તારી દ્રષ્ટિ સંયોગ મેળવવા ઉપર, કર્મ બાંધવા ઉપર, શુભરાગ કરવા ઉપર છે તે મિથ્યાદ્રષ્ટિ છે. તો મિથ્યાદ્રષ્ટિ જીવને તીર્થંકર

પ્રકૃતિનો બંધ કદાપિ પડતો નથી. માત્ર સમકિતી ધર્માત્માને વિકલ્પવાળી દશામાં હેયબુદ્ધિએ તીર્થંકર પ્રકૃતિનો બંધ પડી જાય છે. માટે મિથ્યાત્વ અવસ્થા હોવા છતાં તીર્થંકર પ્રકૃતિ બાંધી લઉં એ પણ તારો અજ્ઞાનભાવ છે.

## કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવને નબળાઈના શુભરાગમાં તીર્થંકરપ્રકૃતિ સહેજે બંધાઈ જાય છે.

૬) સમ્યગ્દ્રષ્ટિ જીવને જ તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે છે. સમકિતી જીવો માને છે કે કેવળી મારાથી પર છે. તેનો સંયોગ મળવો કે ન મળવો તે મારા હાથની વાત નથી. પૂર્વ પુણ્યનો યોગ હોય તો મળી જાય છે. વળી ભગવાન મળે તો ભગવાનને લીધે શુભરાગ થયો અથવા ભગવાનના કારણે સમકિત થશે, એમ તે માનતા નથી. પોતાનું સ્વરૂપ પરપદાર્થથી રહિત, વિકારથી રહિત અંશ જેટલું નથી. ત્રિકાળી ધ્રુવ જ્ઞાનસ્વભાવી આત્મા છું એવા ભાનપૂર્વક શ્રદ્ધા–જ્ઞાન કરે છે તેને ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વળી તીર્થંકર પ્રકૃતિને બાંધુ અથવા તેને લાયકનો શુભભાવ કરું એવી તેમને રાગબુદ્ધિ–સંયોગબુદ્ધિ નથી. શુભને તે હેય માને છે પણ સ્વભાવમાં ઠરી શકે નહિ ત્યારે શુભભાવ માં કોઈ વખતે હું મારા સ્વભાવમાં પરિપૂર્ણ થાઉં ને બધા જીવો પણ આવું સ્વરૂપ પામી પરિપૂર્ણ થાઓ એવો શુભભાવ કોઈવાર આવી જાય છે. તેના ફળમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે છે. આ શુભભાવની હેયબુદ્ધિ વર્તે છે, તેને અધર્મભાવ સમજે છે. નબળાઈથી થયેલા શુભરાગના જ્ઞાતાદ્રષ્ટા રહે છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રથી પૂર્વે રખડ્યો હતો ને અત્યારે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા માટે તરી ગયો, એમ સમકિતી કદી માનતા નથી. આવા જીવને તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે છે ત્યારે તીર્થંકરની ઉપસ્થિતી સંયોગરૂપે–નિમિત્તરૂપે તેના કારણે હોય છે. તીર્થંકર છે માટે સમકિતીને તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે છે–એમ નથી. તેમજ આ જીવને તે પ્રકૃતિનો બંધ પડવાનો છે માટે તીર્થંકરને આવવું પડે છે–એમ પણ નથી. પણ સમકિતીને આવો બંધ પડે છે અથવા તે ક્ષાયિક સમકિત પ્રગટ કરે છે ત્યારે તીર્થંકરની નિમિત્તરૂપે ઉપસ્થિતી હોય છે. એવો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બને છે.

તીર્થંકરની સભામાં તો ઘણા જીવો હોય છે. તીર્થંકરને લીધે સમકિત હોય તો બધાને સમકિત થવું જોઈએ પણ બધા જીવો સમકિત

પામતા નથી. વળી સમકિતીમાં પણ કોઈક જીવને જ તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે છે.–આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

## પર્યાયને પરાધીન માનનાર જીવને દ્રવ્ય સામાન્યનું સાચું જ્ઞાન થતું નથી.

અહો ! હજી જે જીવ પોતાની પર્યાય પરને લીધે થાય એમ માને છે તે પરથી નવરો થઈ સ્વ તરફ ક્યારે વળે ? વિકારી પર્યાય, અવિકારી અધૂરી પર્યાય, મોક્ષમાર્ગ, મોક્ષ તે બધા વિશેષો છે–અંશ છે. અંશને પરાધીન માનનાર અંશીને સ્વતંત્ર માની શકે નહિ. વિશેષનું જ્ઞાન જેનું ખોટું છે તે જીવ સામાન્ય વસ્તુસ્વભાવનું જ્ઞાન સાચું કરી શકે નહિ. જે જીવ માને છે કે કર્મ ખસે તો ધર્મ થાય, ભગવાન હોય તો ક્ષાયિક સમકિત થાય. અનુકૂળ સંયોગો હોય તો ધર્મ થાય ને પ્રતિકૂળ સંયોગો હોય તો ધર્મ થાય નહિ. કુગુરુનો સંગ હતો માટે રખડયો ને સદગુરુ મળ્યા માટે તરી જઈશ, ગુરુ હોય તો સમ્યગ્દર્શન થાય, બૈરા છોકરા ગળે વળગ્યા છે માટે રાગ કરવો પડે છે, પંચમકાળ છે માટે કેવળજ્ઞાન થતું નથી, એમ જે જીવ પોતાની વિકારી કે અવિકારી પર્યાય, શુભ અથવા અશુભ જે વિશેષ છે તેને સ્વતંત્ર માનતો નથી તેને સામાન્ય સ્વતંત્રની શ્રદ્ધા સાચી થઈ શકે નહિ. **કારણ કે નિર્ણય દ્રવ્યગુણમાં કરવાનો નથી પણ પર્યાયમાં નિર્ણય કરવાનો છે.** જેમાં નિર્ણય કરવાનો છે તે પર્યાયને જ જે પરાધીન માને છે તે પર્યાય તરફનું વલણ છોડીને સ્વતરફ વલણ કરવાનો પુરૂષાર્થ ઉપાડી શકે નહિ. ને તેને કદી ધર્મ થાય નહિ.

## પર્યાય સ્વતંત્ર માનનાર પર્યાયવાન તરફ દ્રષ્ટિ કરે છે માટે નિશ્ચયનય ઉપાદેય કહ્યો છે.

એટલા માટે અહીં જે નિશ્ચયનય કહ્યો છે તે વિશેષનું સ્વતંત્ર જ્ઞાન કરાવે છે. બૈરાં–છોકરાં સંસાર કરાવતા નથી. સંસાર તો વિકારભાવ–ઉદયભાવ છે. પાંચ ભાવો છે તેમાં ઉદયભાવ સ્વ તત્વ છે. આત્મા પોતે કરે તો થાય ને ન કરે તો ન થાય. બંધ અને મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે. કર્તા, કરણ, કર્મ અને કર્મફળને આત્મા પોતે જ કરે છે, બીજો કોઈ નહિ. સંસાર કરે તો આત્મા સ્વતંત્રપણે કરે ને સાચુ જ્ઞાન કરે તો પણ સ્વતંત્રપણે કરે છે. આવી રીતે જ જીવ સંસાર અથવા મોક્ષમાર્ગમાં આત્મા એકલો છે એમ યથાર્થપણે જાણે છે તે જીવ સંયોગો, કર્મ, વગેરે પરદ્રવ્ય વડે સંયુક્ત થતો નથી. એટલે કે એકત્વબુદ્ધિ કરતો નથી. આમ જે ભૂલને સ્વતંત્રપણે સ્વીકારે છે તે ભૂલરહિત થાય છે. આવી રીતે પર ઉપરથી દ્રષ્ટિ ખસતા સ્વ-સ્વભાવ તરફ દ્રષ્ટિ થાય છે. સ્વ દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે, તેમાં પરવસ્તુનો

અભાવ છે. વિકાર જે થાય છે તે ઉપાધિભાવ છે.' ત્રિકાળી સ્વભાવ ઉપાધિરહિત છે એમ દ્રવ્ય તરફ દ્રષ્ટિ થાય છે ને શ્રદ્ધા–જ્ઞાન પ્રગટ થાય છે. આવી રીતે દ્રવ્ય સામાન્યની અંદર પર્યાયોને ડુબાડી દઈને સુવિશુદ્ધ હોય છે. આવી રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્યપર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપર કહ્યો તે નિશ્ચયનય ઉપાદેય એટલે અંગીકાર કરવા જેવો કહ્યો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે પર્યાયને દ્રવ્યનું આલંબન તો હોય છે તો તે ત્યાં પરાધીન નથી ને ?

## પર્યાયનું નિરપેક્ષ કથન.

એનો ખુલાસો એ છે કે પર્યાય છે એમ જ્યારે કહેવામાં આવે ત્યારે તે પોતાથી છે ને દ્રવ્યથી નથી. વિશેષ વિશેષથી છે ને સામાન્યથી નથી. કારણ કે 'છે' કહો ને સામાન્યથી પર્યાય છે એમ કહો તો 'છે', રહેતું નથી. માટે વિશેષ સ્વતંત્ર છે એમ અલિંગગ્રહણના બોલમાં આવી ગયેલ છે. સામાન્ય સામાન્યથી છે ને વિશેષથી નથી. એ વાત આવી ગઈ છે. સામાન્યમાં વિશેષનો અભાવ ને વિશેષમાં સામાન્યનો અભાવ છે. દ્રવ્ય પણ સત્ છે ને પર્યાય પણ સત્ છે. આ નિરપેક્ષ કથન થયું.

## પર્યાયનું સાક્ષેપ કથન.

પણ સાપેક્ષતા બતાવવી હોય ત્યારે ખુલાસો એમ છે કે; કોઈ કહે કે આ સમ્યક્દર્શન પર્યાય પૂર્વે તો ન હતી ને અત્યારે ક્યાંથી આવી ? ત્યારે ખુલાસો કરવા એમ કહેવાય કે તે સમકિત પર્યાય દેવ-ગુરુ-શાસ્ત્રને લીધે થઈ નથી, કર્મ મંદ પડયા માટે થઈ નથી, અથવા શુભરાગ કર્યો માટે થઈ નથી, અથવા પૂર્વ પર્યાયને લીધે થઈ નથી પણ તે બધાનું લક્ષ છોડી શુદ્ધ સ્વભાવ તરફ લક્ષ કર્યું ત્યારે દ્રવ્યમાંથી આવી છે. ધર્મની પર્યાય દ્રવ્યમાંથી પ્રગટ થઈ એમ કહેવું તે સાપેક્ષ કથન છે. આવી રીતે સાપેક્ષ ને નિરપેક્ષ કથનો બરાબર સમજવાં જોઈએ.

## નિશ્ચયનય શુદ્ધત્વનો પ્રકાશક છે ને વ્યવહારનય અશુદ્ધત્વનો પ્રકાશક છે.

અહીં તો પર્યાય–અંશ સ્વતંત્ર સ્વીકારનાર દ્રવ્ય તરફ ઢળે છે, ધર્મ દ્રષ્ટિ કરે છે માટે પર્યાયને બતાવનારો નિશ્ચયનય ઉત્કૃષ્ટ સાધક હોવાથી ઉપાદેય કહ્યો છે. કારણકે આત્મા શુદ્ધ તે સાધ્ય છે ને આ નય તેનું સાધન છે.

ઉપર ખુલાસો કર્યો તે મુજબ વિકાર સ્વતંત્રપણે થાય છે,એવું જે જ્ઞાન કરનાર નય શુદ્ધ દ્રવ્ય તરફ દોરી જાય છે માટે દ્રવ્યના શુદ્ધત્વનો પ્રકાશક કહ્યો છે. તેથી નિશ્ચયનય જ સાધકતમ છે. પણ સંયોગો ને કર્મોનું જ્ઞાન કરાવનાર વ્યવહારનય અશુદ્ધત્વનો દ્યોતક છે કારણ કે તે પર તરફ લક્ષ કરાવે છે. ને પર લક્ષે વિકાર થાય છે માટે વ્યવહારનય સાધકતમ નથી. આ પ્રમાણે વ્યવહારનયને હેય સમજી નિશ્ચયનયનું યથાર્થ જ્ઞાન કરી દ્રવ્યસામાન્ય તરફ વળી સાચા શ્રદ્ધા–જ્ઞાન કરવા તે નિશ્ચયનય જાણવાનું ફળ છે.॥૧૮૯॥

હવે અશુદ્ધનયથી એટલે પરદ્રવ્યથી લાભ–નુકશાન માનનારને અશુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે, એમ કહે છે :–

## ગાથા ૧૯૦

**"હું આ અને આ મારું" એ મમતા ન દેહ–ધને તજે,**
**તે છોડી જીવ શ્રામણ્યને ઉન્માર્ગનો આશ્રય કરે. ૧૯૦.**

**અન્વયાર્થ :—**જે દેહ–ધનાદિકમાં 'હું આ છું અને આ મારું છે,' એવી મમતા છોડતો નથી, તે શ્રામણ્યને છોડીને ઉન્માર્ગનો આશ્રય કરે છે.

## જડ તથા ચેતનની એકત્વબુદ્ધિ કરનાર જીવ સંસાર માર્ગે છે.

આ શરીર મારે લીધે ચાલે છે–તેમ જ શરીર, વગેરે છે તો રાગ થાય છે, એમ માનનાર જીવ સ્વતંત્રપણું ચૂકી જાય છે. મેં ઈચ્છા કરી તો શરીર ચાલ્યું ને દુકાને જવાયું, ને ઈચ્છા કરું તો ધન વગેરે દાનમાં આપી શકું છું, ઈચ્છા છે તો બોલાય છે આમ જે જીવ પરને પોતાપણે માને છે ને જડ પદાર્થની વર્તમાન પર્યાયનો પોતે ધણી થાય છે ને પોતાની વર્તમાન પર્યાય જડથી થઈ માને છે તે જીવ મૂઢ છે, મિથ્યાદ્રષ્ટિ છે. જડ ને ચેતનને અત્યંત અભાવ છે. શરીર, શરીરના કારણે અને આત્મા આત્મા ના કારણે સ્વતંત્ર ક્રિયા કરે છે, એમ નહિ માનતા જડ-ચેતનને પરાધીન માનવાવાળો જીવ મિથ્યાદ્રષ્ટિ છે, જૈન નથી. તે બાહ્યથી ક્ષમણ હોય તો પણ શરીરની નગ્નદશા આત્માથી થાય ને નગ્નદશાથી આત્માને લાભ થાય એમ માનતો હોય તો તે સાધુપદથી ભ્રષ્ટ થઈ ઉન્માર્ગ તરફ જાય છે, સાચા માર્ગે નથી.

આ પ્રમાણે જડ ચેતનની એકત્વબુદ્ધિથી સંસાર વધે છે. એમ સમજી એકત્વબુદ્ધિ તોડી જડ ને ચેતન બન્ને સ્વતંત્ર છે, એમ જ્ઞાન કરવું જોઈએ.

***

# પ્રસાદ નં. ૧૪૨

## પ્રવચનસાર ગાથા ૧૯૦

( ફાગણ સુદ ૧૨, મંગળવાર )

આ જ્ઞેય અધિકાર છે. જ્ઞાનપ્રધાન કથન કરીને સમ્યગ્દર્શન પામવાની રીત બતાવે છે. આ ગાથામાં સમયસાર કરતા જુદી ઢબ છે. ત્યાં અને આ શાસ્ત્રમાં કઈ અપેક્ષાએ વાત છે તે બરાબર સમજીને અભ્યાસ કરવો જોઈએ. અહીં શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય કોને કહ્યો છે તે પહેલા કહીએ.

### જ્ઞાનપ્રધાન કથનથી નિશ્ચયનય ને વ્યવહારનયનું સ્વરૂપ.

આત્મા પોતાનો જ્ઞાનસ્વભાવ ચૂકીને પરપદાર્થ પ્રત્યે મોહ-રાગ-દ્વેષના પરિણામ કરે છે તે સ્વયં પોતાના અપરાધના કારણે કરે છે પણ કોઈ બાહ્ય સંયોગો, નિમિત્તો કે કર્મના કારણે કરતો નથી. વળી સ્વજ્ઞેયના જ્ઞાનપ્રધાન કથનમાં આત્મા પોતાના રાગ-દ્વેષને ગ્રહે છે કે છોડે છે પણ પરપદાર્થને ગ્રહતો કે છોડતો નથી. એમ પોતાના વિકારી પરિણામનો પોતે કર્તા છે એમ બતાવનારા નયને અહીં શુદ્ધદ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય કહ્યો છે. ઉદયભાવ સ્વતત્ત્વ છે એમ બતાવનારો નય તે અહીં નિશ્ચયનય છે.

વળી, જીવ વિકાર કરે છે ત્યારે કર્મ વગેરે પરપદાર્થો હોય છે. તે કર્મો અથવા પરપદાર્થોથી વિકાર નહિ હોવા છતાં જીવ કર્મ અથવા પરને લીધે રાગ-દ્વેષ કરે છે તેમ જ જીવ જડકર્મ તથા પરપદાર્થને ગ્રહતો નથી તેમ જ છોડતો નથી તો પણ જીવ પરપદાર્થને અથવા કર્મને ગ્રહે છે ને છોડે છે, એમ કહેનારો નય તે અશુદ્ધદ્રવ્યના નિરૂપણ સ્વરૂપ વ્યવહારનય છે કારણકે તે પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવે છે.

એટલે અહીં જ્ઞાનપ્રધાન કથનમાં વિકારી પર્યાય સહિતના આત્માનું જ્ઞાન ને પરપદાર્થનું જ્ઞાન એમ બે થઈને પ્રમાણજ્ઞાન થાય છે.

### દ્રષ્ટિ પ્રધાન કથનથી નિશ્ચયનય ને વ્યવહારનયનું સ્વરૂપ.

દ્રષ્ટિપ્રધાન કથનમાં નિયમસારમાં તો ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદયિક ને ક્ષાયિકભાવ ચારેને વિભાવભાવ કહ્યા છે એટલે વિશેષ ભાવ કહ્યા છે, કારણકે તે ભાવો કર્મના સદ્‌ભાવવની અથવા કર્મના અભાવની અપેક્ષા રાખે છે. ક્ષાયિકભાવ પણ કર્મના અભાવની અપેક્ષા રાખે છે. ક્ષાયિકભાવ પણ કર્મના વ્યયની અપેક્ષા રાખે છે. એક સમયપૂરતી અવસ્થા છે. સિદ્ધદશા પણ ઉત્પાદ–વ્યયવાળી છે. તે પર્યાયાર્થિક નયનો વિષય છે. ચાર ભાવો અવસ્થા છે તેથી તેના લક્ષે સમ્યગ્દર્શન થતું નથી એ અપેક્ષાએ ચારેને વિભાવ ગણી પારિણામિકભાવ અનાદિઅનંત એકરૂપ શુદ્ધ

સ્વભાવદ્રષ્ટિનો વિષય છે એમ કહ્યું છે. તેને જાણનારા નયને નિશ્ચયનય કહ્યો છે.

પોતામાં થતા વિકારી અથવા અવિકારી પરિણામને જાણનારો નય વ્યવહારનય કહ્યો છે અને તેથી ત્યાં પોતાનું ત્રિકાળી દ્રવ્ય-શુદ્ધ ને પોતાની પર્યાય–એમ બે થઈને પ્રમાણ કહે છે.

દ્રષ્ટિપ્રધાન કથનમાં વિકાર તે તારું ત્રિકાળી સ્વરૂપ નથી, તે સમયપૂરતી અવસ્થા છે. તેથી દ્રવ્ય સામાન્યનું લક્ષ કરાવવા વિકારને ગૌણ કરી કથન કરે છે. ને નિશ્ચયનય સામાન્ય શુદ્ધ અભેદ દ્રવ્યને ધ્યેય બનાવે છે. જ્ઞાનપ્રધાન કથનમાં વિકાર તારો છે, તું કરે છે તો થાય છે, એમ પર-પદાર્થથી જુદો પાડવા વિકાર કરનારો તું છો, એ પ્રમાણે કથન આવે છે. તેથી અહીં પ્રવચનસારમાં નિશ્ચયનય પરપદાર્થથી જુદા આત્માનું જ્ઞાન કરાવે છે. આ બે કથન પદ્ધતિ બરાબર સમજી અહીં જ્ઞાનપ્રધાન કથન છે તે ખ્યાલમાં રાખીને ટીકા વાંચવી.

## નિશ્ચયનયમાં બેદરકાર ને વ્યવહારનયને ઉપાદેય માનનાર જીવ તો મોહ ઉત્પન્ન કરે છે.

જે આત્મા શુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય પ્રત્યે બેદરકાર રહે છે એટલે કે પોતાનો અપરાધ પોતાના કારણે થાય છે એમ નહિ માનતાં નિમિત્તથી ને પરથી થાય છે એમ માનનાર જીવ નિશ્ચયનય પ્રત્યે બેદરકાર રહે છે. ને વ્યવહારનય તો પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવે છે. તે સંયોગનું કથન હોવા છતાં તે જીવ મોહથી પરના પરિણામને આત્માના પરિણામ માને છે. જેમકે જીવ રાગ-દ્વેષ કરે છે ત્યારે વ્યવહારનય એમ કહે કે કર્મોના ઉદયને લીધે રાગ થાય છે. ને રાગને લીધે કર્મો બંધાય છે. ત્યાં રાગ તથા કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એનું જ્ઞાન વ્યવહારનય કરાવે છે પણ તેમ નહિ સમજતાં અજ્ઞાની જીવને નિમિત્તમાં મોહ ઉપજે છે. ને તેથી કર્મને લીધે રાગ થયો, રાગ થયો માટે કર્મને બંધાવું પડ્યું, મે ઈચ્છા કરી તો વાણી બોલાણી, મારા રાગથી આ વસ્ત્રની ક્રિયા થાય છે, એમ માને છે. પોતાના પરિણામ પોતાથી થાય છે ને પરપદાર્થોના પરિણામ પરથી થાય છે, એમ નહિ માનતાં પોતાના પરિણામ પરથી થાય છે ને પરના પરિણામ પોતાથી થાય છે એમ જે જીવ માને છે તે જીવ નિશ્ચયનય પ્રત્યે બેદરકાર રહે છે ને વ્યવહારનયમાં મોહ ઉપજાવે છે.

## મોહી જીવ પરપદાર્થોમાં મમત્વ છોડતો નથી.

આ મોહી જીવ પોતાના પરિણામને સ્વતંત્ર સ્વીકારતો નથી. આ હું છું અને આ મારું છે એવો મોહ ઉત્પન્ન કરે છે. આ શરીર, ધન, ઈત્યાદિ મારા છે ને તેને લીધે મમતા થાય છે ને મારા રાગને લીધે તે આવે છે એમ માને

છે. હું આ બધી વસ્તુનો ત્યાગ કરું છું ને તે બધી વસ્તુ છૂટી માટે મને ધર્મ થયો, એમ અજ્ઞાની માને છે. વળી, બૈરા છોકરા મને સંસારમાં ફસાવે છે એમ માની તેમને છોડી જંગલમાં ચાલ્યો જાય છે, તે જીવ મોહગર્ભિત દ્વેષ કરી રહ્યો છે. જીવે ઈચ્છા કરી તો લાડવા વગેરે પદાર્થો આવ્યા ને જીવે ઉપવાસ કર્યો માટે આહાર છૂટી ગયો. આવી રીતે પરપદાર્થોને મારા માની અથવા તેની ક્રિયા પોતાથી થાય છે એમ માની પરદ્રવ્યમાં મમતા છોડતો નથી.

## ગાથા ૧૮૯માં કહેલા નિશ્ચયનય ને વ્યવહારનયનો આશય સ્વ તથા પરનું યથાર્થ જ્ઞાન કરાવવાનો હતો.

દ્રષ્ટિ પ્રધાન કથનમાં કહ્યું હતું કે ઉપાધિભાવ તારું ખરું સ્વરૂપ નથી, પણ નિરુપાધિ સ્વભાવ તે તારું ખરું સ્વરૂપ છે, એમ દ્રવ્યદ્રષ્ટિ કરી જે શ્રદ્ધા–જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમાં દર્શન સાથે થયેલું સમ્યગ્જ્ઞાન શું સ્વીકાર કરે છે?- તે જ્ઞાન એમ નક્કી કરે છે કે સમયે સમયે વિકાર થાય છે ખરો પણ તે પોતાના અપરાધના કારણે થાય છે. કોઈ સંયોગ, નિમિત્ત કે કર્મને લીધે તારો વિકાર નથી. તેમજ વિકાર છે માટે કર્મને આવવું પડતું નથી. ગાથા ૧૮૯માં વ્યવહારનયના કથનમાં કહ્યું હતું કે આત્મા કર્મને ગ્રહે છે ને છોડે છે. તે તો રાગ વખતે પરપદાર્થનો સંયોગ બતાવવા કથન કરેલ હતું. આચાર્ય ભગવાન કહે છે કે અમારે ગાથા ૧૮૯માં કહેવાનો આશય એમ ન જ હતો કે નિમિત્તે રાગ કરાવ્યો છે. એમ અમારે પરાધીન દ્રષ્ટિ કરાવવી ન હતી. અથવા ચેતનની ક્રિયા જડ કરી શકે છે ને જડની ક્રિયા ચેતન કરી શકે છે એમ કહેવાનો આશય ન હતો. અમારો વ્યવહારનયમાં આશય તો એમ હતો કે જે વિકાર તું કરે છે તે સ્વભાવના લક્ષે હોઈ શકે નહિ. વિકાર સ્વભાવથી થતો હોય તો વિકાર કદી ટળી શકે નહિ તેથી વિકાર પર લક્ષે થાય છે. તે પરપદાર્થનું જ્ઞાન કરાવવા પરમાં આરોપ કરીને કથન કરેલ હતું. ત્યાર પછી નિશ્ચયનયમાં એમ આશય હતો કે વિકાર કર્મ અથવા પર કરાવતું નથી પણ તું પોતે કરે છે તો થાય છે ને નથી કરતો તો થતો નથી–**એમ પર દ્રવ્યો તરફની સંયોગીબુદ્ધિ છોડાવવા વિકાર સ્વતંત્ર બતાવી ને સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપે કર્મનું જ્ઞાન કરાવી બન્નેની સ્વતંત્રતા બતાવી હતી. વિકાર તારો છે એમ કહીને તેનું લક્ષ પણ છોડીને શુદ્ધ દ્રવ્ય સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન કરાવવાનો હેતુ હતો, પણ નિમિત્ત ને સંયોગને ચોંટીને તેને વિકારનું કારણ માની લઈશ નહિ, એમ અમારો આશય હતો.**

## અજ્ઞાની જીવ સંયોગોના આધારે ધર્મ-અધર્મની કલ્પના કરી સંસારમા રખડે છે.

બીજી ચીજ જ્ઞાન કરવા માટે જણાવી, ત્યાં તેનું જ્ઞાન નહિ કરતાં અજ્ઞાની જીવ મોહ કરે છે. વ્યવહારનયનું કથન આવ્યું ત્યાં કહે કે ''જુઓ, નિમિત્ત આવ્યું ને ? નિમિત્ત તો છે ને?'' જેમ કે જીવ મુનિપણું અંગીકાર કરે છે ત્યારે બહારની વસ્તુ છૂટી જાય છે. તેનું કથન આવે કે મુનિઓએ સ્ત્રી, કુટુંબ, વગેરે છોડીને મુનિપણું અંગીકાર કર્યું. આ કથન સાભળે ત્યાં મોહી જીવ ઝબકી ઉઠે કે જુઓ, બૈરા છોકરા વગેરે છોડવાનું કથન આવ્યું ! તે છોડ્યા વિના મુનિપણું હોય ? ભાઈ, મુનિને તે પ્રકારનો રાગ હોતો નથી ત્યારે તે બૈરા–છોકરાના સંયોગોમાં નથી હોતો એમ સંયોગનું જ્ઞાન કરાવવું હતુ તેને બદલે બૈરા–છોકરાને છોડવાથી મુનિપણું આવે છે તે વાત ક્યાંથી લાવ્યો ? તે તો છૂટેલા જ પડયા છે. તેને ક્યારે ગ્રહણ કર્યા છે કે તેને છોડવાની તું વાત કરે છે ? અમોએ તો સ્વભાવના લક્ષે તેના ઉપરનો રાગ છોડવાનું કથન કરેલ હતું ને તે રાગ છૂટતા, તેના નિમિત્તો ઉપરનું લક્ષ છૂટી જાય છે, તેને બૈરા–છોકરા છોડ્યા એમ કહેવામા આવે છે. પરપદાર્થો તથા નિમિત્તોનું જ્ઞાન કરવાની ને રાગ છોડવાની વાત આવે ત્યાં, તેને બદલે તે પદાર્થોના ગ્રહણ–ત્યાગની તું વાત કરે છે તે તને વ્યવહારનયનો મોહ થયો છે. અજ્ઞાની જીવ મોહને વશ થયો છે. ને માને છે કે મને રાગ થયો છે માટે લીલોતરી ખાવાની ક્રિયા થાય છે ને રાગ ન હોય તો હું તેને છોડી શકું છું, મુમુક્ષુ ભૂમિકામાં તીવ્ર રાગ ઘટતા મધ, માંસ, દારૂ વગેરે લેવાનું લક્ષ હોય જ નહિ ત્યારે મોહી જીવ માને કે મેં રાગનો ત્યાગ કર્યો માટે એ વસ્તુ મારાથી છૂટી, એમ તે મોહ કરે છે. તે તે પદાર્થોનું આવવું–જવું સ્વતંત્ર થાય છે એમ નહિ માનતાં પોતાના રાગને કારણે તેની પર્યાયો પલટે છે–એમ તે માને છે. વળી પોતાના વીતરાગી સ્વભાવના આશ્રયે રાગ ઘટે છે, એમ નહિ માનતાં સંયોગોથી રાગ ઘટ્યો અથવા બાહ્ય ચીજો સંયોગે ઓછી દેખાણી માટે રાગ ઘટ્યો એમ તે માને છે. તે જીવ મોટી ભ્રાંતિમાં છે તેથી તેનું સંસાર પરિભ્રમણ મટતું નથી.

## હે ભાઈ, વિકારી પરિણામ તું સ્વતંત્ર કરે છે એમ એકવાર તો નક્કી કર.

હે ભાઈ, તું ભૂલ ખાઈશ નહિ. અમારા કહેવાનો આશય બરાબર સમજજે. મુનિપણુ અંગીકાર કરતી વખતે શરીરની નગ્ન અવસ્થા એના કારણે થાય છે ને બાહ્ય સંયોગો એના કારણે જુદા ક્ષેત્રે દેખાય છે એમ તું જ્ઞાન કરજે. પણ તારા વૈરાગ્યથી છૂટ્યા એમ મોહ કરીશ નહિ.

રાગ અથવા વૈરાગ્યના પરિણામ તું સ્વતંત્ર કરે છે એમ બતાવીને તારી પર્યાયને તારા પર્યાયવાન એટલે સ્વભાવ તરફ લઈ જવી છે પણ સંયોગો ને નિમિત્તો તરફ લઈ જવી નથી. જ્યાં સુધી રાગ હતો ત્યાં સુધી લક્ષ્મી રહી, ને રાગ છૂટ્યો માટે લક્ષ્મીને છોડી એવા એકત્વબુદ્ધિના પરિણામને રોકજે, લક્ષ્મી લક્ષ્મીના કારણે છૂટી પડી છે, ને તું તારા પરિણામનો જોખમદાર છો, એમ તું જ્ઞાન કરજે. સ્વભાવના લક્ષે રાગ છૂટી જાય છે. ને રાગના નિમિત્તો–પરવસ્તુ, રાજ્યવૈભવ, વસ્ત્રો, વગેરે તે તે પદાર્થના કારણે છૂટી જાય છે. તે છૂટા જ પડેલા છે પણ મુનિપણામાં સંયોગરૂપે પણ હોતા નથી એટલે મુનિએ તે છોડ્યા એમ કથન કરવામાં આવે છે. **નિમિત્તો ને સંયોગો અનંતા હોવા છતા તે બધા સ્વતંત્ર પદાર્થો છે. તે તને અપરાધ કરાવવા સમર્થ નથી એમ પરપદાર્થથી વિરામ પામ ને અપરાધ તારાથી થાય છે, એમ નક્કી કર. જીવના પરિણામ સ્વતંત્ર છે તો પરિણામી આત્મપદાર્થ પણ સ્વતંત્ર છે, એમ અમારો કહેવાનો આશય છે.**

વ્યવહારનય એક પદાર્થનો બીજામાં ઉપચાર કરે છે એટલું જ્ઞાન કરવાયોગ્ય છે પણ તે ઉપરનું લક્ષ છોડવા જેવું છે. આ જ્ઞેય અધિકાર છે. સ્વજ્ઞેય પરજ્ઞેયથી હોય ને પરજ્ઞેય સ્વજ્ઞેયથી હોય તો બન્ને સ્વતંત્ર રહેતા નથી માટે સ્વ ને પર બન્ને જ્ઞેયો સ્વતંત્ર છે એમ બન્ને નયોનો કહેવાનો હેતું છે.

## સંયોગી દ્રષ્ટિવાળા જીવને ધર્મદશા કદી પણ પ્રગટતી નથી.

આવી રીતે સ્વજ્ઞેય તથા પરજ્ઞેયનું સ્વતંત્ર જ્ઞાન કરી, વિકાર પોતાથી થાય છે એમ જ્ઞાન કરી, ત્રિકાળી સ્વભાવના શ્રદ્ધાજ્ઞાન કરવા જોઈએ. ને પછી વિશેષ સ્થિરતા થતા ચારિત્રની વીતરાગી શુદ્ધ પરિણતિ પ્રગટવી જોઈએ, પણ અજ્ઞાની જીવ પરની ક્રિયા હું કરી શકું છું એમ માને છે. આટલી વસ્તુ ખપે, આટલી ન ખપે–એમ પરદ્રવ્યના ખપવા–ન ખપવાથી ધર્મ-અધર્મ માને છે. જ્યાં વ્યવહાર ને નિમિત્તના કથન આવે ત્યાં તેનાથી જ કાર્ય થતું માને છે. પોતાના વિકારને પરાધીન માને છે, ને જે જીવ વિકારને પરાધીન માને છે તે પરથી નવરો થાય નહિ ને પોતાના શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન કરી શકે નહિ, તેથી આવા જીવે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી વીતરાગી સાધુમાર્ગને દૂરથી છોડી દીધો છે એટલે એવા વીતરાગી પરિણામ પ્રાપ્ત કરતો નથી. તે શુદ્ધ માર્ગથી ભ્રષ્ટ થયો છે અને નિમિત ને સંયોગોમાં તલ્લીન થયો છે.

આથી નક્કી થાય છે કે અશુદ્ધનયથી એટલે કે સંયોગીદ્રષ્ટિથી સંસારની પ્રાપ્તિ થાય છે.

## ત્રણે કાળે અનંતી પરવસ્તુનો તારામાં અભાવ હોવા છતાં હું એનો અભાવ કરું છું, એ માન્યતા જ મિથ્યા છે.

અજ્ઞાની જીવ કહે છે કે આટલી વસ્તુનો ત્યાગ કર્યો માટે ધર્મ થયો તો તેને જ્ઞાની પુરુષો કહે છે કે તારે કઈ વસ્તુનો અભાવ કરવો છે ? તું માને છે કે સંસારમાં રહીએ તો ત્યાગ ન થાય ને જંગલમાં જઈએ તો ત્યાગ થાય. તો જંગલમાં જઈને કઈ વસ્તુનો ત્યાગ કરવો છે ? જંગલમાં હો કે શહેરમાં હો, નિગોદમાં હો કે સિદ્ધમાં હો, ગમે તે કાળે હો–તારામાં અનંતા જીવો ને અનંતા જડ પદાર્થોનો ત્રણે કાળ અભાવ વર્તી રહ્યો છે. જે વસ્તુ તારાથી અભાવ સ્વરૂપ જ છે તેનો હું અભાવ કરું છું, એમ તું માને તો એ માન્યતા મિથ્યા છે. તું કહે છે કે પર દ્રવ્યનો સંપર્ક છોડવો. તો ક્યા ક્યા પરદ્રવ્યના સંપર્કમાં હતો ? તે તું કહે. **અનાદિકાળથી અત્યાર સુધી એક પણ પરદ્રવ્યના સંપર્કમાં તું આવ્યો નથી. છતા તું કહે છે કે હું તેનો સંપર્ક છોડુ છું તે માન્યતા જ મિથ્યા છે. પરપદાર્થના સંપર્ક વિનાનો જ અનાદિકાળથી છો. હા, એટલું છે કે પરપદાર્થો ઉપરનું લક્ષ તું છોડી શકે. તે લક્ષનો અભાવ કરવો હોય તો અનંતા ચેતન ને જડ પદાર્થો ઉપરથી લક્ષ ઉઠાવ ને તારા જ્ઞાનસ્વભાવ ઉપર દ્રષ્ટિ કર. તેમ કરતા વિકારનો નાશ થાય છે ને ધર્મદશા પ્રગટ થાય છે.**

એટલે આ ગાથામાં આચાર્ય ભગવાનનો કહેવાનો આશય એ છે કે અશુદ્ધનયનું કથન જે જીવ બરાબર સમજતો નથી ને સંયોગથી લાભ–નુકશાન માને છે. તેને અશુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. માટે હે જીવ! તું એવું ખોટું જ્ઞાન કરીશ નહિ ને પર દ્રવ્યના ગ્રહણ–ત્યાગ વિનાનો તારો આત્મા છે એવાં શ્રદ્ધા–જ્ઞાન કરજે તો તને ધર્મદશા થશે.

સન્માર્ગીદાતા અપૂર્વ શાંતિદાતાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !

***

# પ્રસાદ નં. ૧૪૩

## પ્રવચનસાર ગાથા ૧૯૧.

(ફાગણ સુદ ૧૩, બુધવાર )

હવે શુદ્ધનયથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે, એમ નક્કી કરે છેઃ–

**હું પર તણો નહિ, પર ન મારા, જ્ઞાન કેવળ એક હું**
**જે એમ ધ્યાવે, ધ્યાનકાળે જીવ તે ધ્યાતા બને. ૧૯૧.**

**અન્વયાર્થ :—** હું પરનો નથી, પર મારા નથી, હું એક જ્ઞાન છું એમ જે ધ્યાવે છે, તે આત્મા ધ્યાનકાળે ધ્યાતા હોય છે.

### સ્વ ચતુષ્ટયમાં પર ચતુષ્ટયનો અને પર ચતુષ્ટયમાં સ્વ ચતુષ્ટયનો અભાવ છે.

હું આત્મા છું, અનંતા પદાર્થો–કર્મ, શરીર, કુટુંબ, દેવ, ગુરુ વગેરે મારા નથી. હું જ્ઞાન સ્વરૂપ છું, પરની ક્રિયા હું કરી શકું નહિ, પર મારામાં કાંઈ કરી શકે નહિ, પરપદાર્થો એકક્ષેત્રે હોય પણ તે આત્માને લાભ–નુકશાનનું કારણ નથી. દ્રવ્ય=ત્રિકાળી કાયમ રહેનારી વસ્તુ, ક્ષેત્ર=અસંખ્ય પ્રદેશ તે આત્માનું ક્ષેત્ર, કાળ=સમય સમયની અવસ્થા અને ભાવ=ત્રિકાળી શક્તિઓ–આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ને પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે. દરેક દ્રવ્યના દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ પોતામાં છે ને પર દ્રવ્યના ચતુષ્ટય સ્વમાં નથી. જે ચીજ અભાવરૂપ હોય તે બીજાને લાભ–નુકસાન કરે નહિ.

પ્રશ્ન :– મનુષ્યભવથી કેમ મોક્ષ થાય છે ને દેવગતિમાં મોક્ષ કેમ થતો નથી?

### જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતાથી મોક્ષ થાય છે. મનુષ્યશરીરથી મોક્ષ થતો નથી.

સમાધાન :– પ્રથમ તો બહારનું મનુષ્ય શરીર ને દેવ શરીર જે દેખાય છે તે મનુષ્યગતિ અથવા દેવગતિ નથી, તે તો જડની પર્યાય છે. તેનો આત્મામાં અભાવ વર્તે છે. જેથી કોઈ પણ શરીરથી જીવનો મોક્ષ થતો નથી. હવે આત્માની દેવરૂપની જે યોગ્યતા છે તે વર્તમાન પર્યાયની યોગ્યતા જ ઓછા પુરુષાર્થવાળી છે તેથી તે મોક્ષને પામતો નથી, બીજુ કોઈ કારણ નથી અને મનુષ્યરૂપી આત્માની પર્યાયમાં પણ જે જીવ પુરૂષાર્થ કરે છે તે મોક્ષ પામે છે. જીવને ઘણીવાર મનુષ્યપર્યાય મળી છે છતાં મોક્ષ થયો નથી. જે જીવ નક્કી કરે છે કે મારે ને શરીરને અત્યંત અભાવ છે, વિકલ્પ તે મારું સ્વરૂપ નથી, હું ચૈતન્ય સ્વરૂપ છું, તે જીવ સ્વભાવમાં

એકાગ્ર થતાં મોક્ષ પામે છે, ત્યારે તે જીવ મનુષ્યપર્યાયમાં મોક્ષ પામ્યો એમ માત્ર કથન કરવામાં આવે છે.

## વ્યવહારનયમાં અવિરોધપણે મધ્યસ્થ રહ્યો કોણ કહેવાય ?

ટીકા :– અશુદ્ધ દ્રવ્યનિરૂપણાત્મક વ્યવહારનય એક દ્રવ્યના પરિણામ બીજામાં આરોપિત કરે છે. દાખલો : બાહ્ય પરિગ્રહ છોડી શરીરની નગ્ન અવસ્થા કરીને જીવ મુનિપણું ધારણ કરે છે. તેમાં વિવેકી જીવ એવો અર્થ કરે છે કે જીવ સહજ સ્વરૂપમાં વિશેષ લીન થવાનો–મુનિપણાનો પુરુષાર્થ કરે છે ત્યારે શરીરની નગ્નદશા હોય છે. પણ આત્મા શરીરની અવસ્થા કરી શકે છે–એમ તેનો અર્થ નથી. કેવળજ્ઞાન થતી વખતે ઉત્તમ સંહનન હોય છે. એમ બીજી ચીજનું જ્ઞાન કરાવે છે પણ સંહનન છે માટે આત્માને કેવળજ્ઞાન થાય છે એમ વિવેકી જીવ માનતો નથી, દરેક પદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર ને ભાવ તો ત્રિકાળ છે ને તેનો કાળ ( પર્યાય ) સમયે સમયે થાય છે. નિગોદથી માંડીને સિદ્ધના જીવો તથા એક પરમાણુથી માંડીને અચેત મહાસ્કંધ સુધીના પુદ્ગલ–દરેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર ને ભાવથી ત્રિકાળ છે ને તેનો કાળ એટલે પર્યાય તે તે પોતાના દ્રવ્યના કારણે છે. પરના દ્રવ્ય, ક્ષેત્ર ને ભાવને આધીન નથી. વ્યવહારનય વડે એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં, એક ક્ષેત્રનું બીજાના ક્ષેત્રમાં નિરૂપણ કરેલ હોય પણ તે નિરૂપણ બીજી વસ્તુનું જ્ઞાન કરાવવા માટે છે, પણ પરદ્રવ્ય અથવા ક્ષેત્ર નજીક લાવી શકાય અથવા દૂર કરી શકાય એમ બનતું નથી. જડનો પર્યાય જડથી ને ચેતનનો, પર્યાય ચેતનથી થાય છે. આમ જે જીવ નિર્ણય કરે છે તે જીવ વ્યવહારનયના કથનને સમજે છે ને વ્યવહારનયમાં અવિરોધ પણે મધ્યસ્થ રહ્યો છે. <u>બીજી અનંતી ચીજો ભલે હો, હું તેને જાણું છું પણ તે મને લાભ–નુકશાન કરે એમ હું માનતો નથી. એનું નામ મધ્યસ્થપણું છે.</u>

## નિશ્ચયનયને અંગીકાર કરનાર જીવ જ્ઞાયક સ્વભાવ તરફ વળતાં મોહ દૂર થાય છે.

શુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય એમ બતાવે છે કે જીવમાં થતા વિકારી પરિણામ જીવના છે, કોઈ કર્મે અથવા પરપદાર્થે કરાવ્યા નથી. 'શુદ્ધ દ્રવ્ય'નો અર્થ અહીં, 'પરથી નિરાળો છું,' એટલો લેવાનો છે. પરના અભાવસ્વભાવરૂપ છું ને વિકાર મારાથી થાય છે એમ નક્કી કરનાર જીવ મોહને દૂર કરે છે. અહીં કોઈ કહે કે વિકાર મારો છે, એમ નક્કી કરવું તે તો વિકારી પર્યાય છે, તો વિકારી પર્યાય છે તો વિકારી પર્યાયને નક્કી કરનારો વિકારને શી રીતે દૂર કરે છે ? - ભાઈ, અહીં જ્ઞાનપ્રધાન અધિકાર છે. પ્રથમ પરથી ભિન્ન માન્યા વિના દ્રવ્ય તરફ કઈ રીતે વળે ? ન જ વળી

શકે. પ્રથમ જીવ પરચતુષ્ટયથી લાભ–નુકશાન માનતો, દેવ-ગુરુ હોય તો સમકિત પામે વગેરે, એવી જે પરમાં દ્રષ્ટિ હતી તે નિશ્ચયનયના નિરૂપણથી પર તરફથી ખસી સ્વ સન્મુખ થાય છે. પરપદાર્થો પરના કારણે છે, મારે ને તેને કાંઈ સંબંધ નથી, હું શરીરાદિની ક્રિયા કરતો નથી, કારણ કે તે તેના ચતુષ્ટયમાં છે, હું મારા ચતુષ્ટયમાં છું. તેઓ મારા નથી.

અહીં દ્રવ્યની વાત નથી પણ વર્તમાન સમયની વાત છે. દ્રવ્ય, ક્ષેત્ર, ને ભાવ તો સ્વજ્ઞેય ને પરજ્ઞેય દરેકમાં ત્રિકાળ છે પણ તેનો સમય સમયનો કાળ એટલે વર્તમાન અવસ્થા તે તે પદાર્થને લીધે છે, પરને લીધે નથી. માલિકીનો પદાર્થ ને માલિક વચ્ચેના સંબંધને સ્વસ્વામિસંબંધ કહેવામાં આવે છે, એવા સ્વ-સ્વામિ સંબંધને ખંખેરી નાખ્યો છે. 'ખંખેરી નાખ્યો છે,' એનો અર્થ એ છે કે પરપદાર્થને અને મારે કાંઈ સંબંધ નથી. મારું સ્વામીપણું પરમાં હોઈ શકે નહિ ને પરનું સ્વામીપણું મારામાં હોઈ શકે નહિ, આમ જે નક્કી કરે છે, તેનો મોહ નાશ થયો છે. 'મોહને દૂર કર્યો છે.' એ કથનનો ખુલાસો એ છે કે મોહ જે વખતે ઉત્પન્ન થયો તે સમયે તો તેને દૂર કરી શકાતો નથી પણ પરથી વિકાર થતો નથી એમ નક્કી કરી પરના સ્વામીપણાથી દૂર થયો છે ને સ્વ તરફ વળ્યો છે. પોતાના દ્રવ્ય ગુણોનું જ્ઞાન કરતાં દ્રવ્ય–ગુણ તો શુદ્ધ છે, વિકારી પર્યાય તો ઉપાધિ છે, એમ ઉપાધિભાવ ઉપરથી પણ લક્ષ ઉઠાવે છે ને જ્ઞાયક સ્વભાવ છું એમ શ્રદ્ધા–જ્ઞાન કરતાં મોહ ઉત્પન્ન થતો નથી, તેને 'મોહ દૂર કર્યો છે' એમ કહેવામાં આવે છે.

## પર દ્રવ્ય ક્ષેત્રાદિથી ધર્મ થશે એમ માનનાર સંપ્રદાયે જૈન હોવા છતાં અન્યમતિ—મિથ્યાદ્રષ્ટિ જ છે.

જે જીવ એમ માને છે કે મનુષ્યગતિ હોય તો ધર્મ થાય, સંહનન સારું હોય તો કેવળજ્ઞાન પામે, ચોથો કાળ ને ક્ષેત્ર સારું હોય તો જલદી ધર્મ થાય – એ દ્રષ્ટિ પરાધીન છે. એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. કેવળજ્ઞાન અથવા ધર્મની પર્યાય જીવની છે. અને પરક્ષેત્ર ને શરીરને આધીન તે પર્યાય હોય તો જીવનો સ્વામી પર થઈ ગયો, આ જીવ નમાલો થઈ ગયો, વળી હું હતો તો શરીર ચાલ્યું તો શરીરની વર્તમાન અવસ્થા જીવને આધીન થતાં શરીર નમાલું થયું. દરેક પર્યાય વર્તમાન સત્ છે. છતાં એક સમયની પર્યાય પરાધીન માને તો તેના દ્રવ્ય-ગુણ પણ પરાધીન થાય છે ને તેથી દ્રવ્યના નાશનો પ્રસંગ આવે છે. સ્વજ્ઞેય તથા પરજ્ઞેય બન્ને સ્વતંત્ર રહેતા નથી. જેમ વિષ્ણુ માને કે જગતનો કર્તા ઈશ્વર છે. તેણે જ્ઞેયો છે એમ ન માનતાં જ્ઞેયો નવા ઈશ્વરે બનાવ્યા, તેમને માને છે તેથી જેમ મિથ્યાદ્રષ્ટિ છે તેમ જૈન

નામ ધરાવી પોતાની પર્યાય પરને લીધે થાય છે, એમ માનનાર પોતાનો નાશ માને છે. તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

## "ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્તં સત્" ને સ્વતંત્ર સ્વીકાર જીવે આત્મબુદ્ધિ ગ્રહી છે.

અહીં તો આચાર્ય ભગવાને અનેકાંત કર્યું છે. હું મારાથી છું, પરથી હું નથી. અનાત્મા એટલે પર તરફની એકત્વબુદ્ધિ. નિમિત્તો આવે તો લાભ થાય એવી બુદ્ધિ તે અનાત્મબુદ્ધિ છે. તેને છોડી છે ને જ્ઞાન સ્વભાવ છું, એમ આત્માને આત્માપણે ગ્રહ્યો છે. પરથી જુદો થયો છે ને એકમાં અગ્ર થયો છે, એમ અસ્તિ–નાસ્તિથી બહુ અદ્‌ભૂત વાત કરી છે. અહીં પાઠ છે કે 'સ્વસ્વામિ સંબંધને ખંખેરી નાખ્યો છે.' જેમ કપડામાં ધૂળ ભરી હોય ને ખંખેરી નાખવામાં આવે તેમ મિથ્યાદ્રષ્ટિપણામાં પરની પર્યાયનો જીવ સ્વામી થતો હતો તે ભ્રાંતિ ટાળી છે. દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાય તેનામાં છે, મારી પર્યાયના તે સ્વામી નથી ને શરીરાદિ પરપર્યાયનો આત્મા સ્વામી નથી. આમ મિથ્યાત્વરૂપી ધૂળને ખંખેરી નાખી છે. વળી સંસાર પરપદાર્થમાં નથી, સંસાર ઉદયભાવ છે, તેથી સ્વતત્ત્વ છે. સંસાર પરમાં નથી તેમ જ સંસાર પોતાના દ્રવ્ય–ગુણમાં નથી, એક સમયની પર્યાયમાં સંસાર છે. જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરતાં મિથ્યાત્વનો વ્યય થઈ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. દરેક પદાર્થ ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્તં સત્ છે. તેમાં ઉત્પાદનો પહેલો સમય, વ્યયનો બીજો સમય ને ધ્રુવનો ત્રીજો સમય–એમ નથી. ત્રણે એક સમયે છે. જે સમયે ઉત્પાદ છે તેનો તે સમયે નાશ હોય નહિ ને જે ઉત્પાદ છે તે પોતાથી છે, પરથી હોઈ શકે નહિ. એટલે જે જીવ પોતાના વિકાર અથવા વિકારનો ઉત્પાદ પરથી માને છે તે ઉત્પાદને માનતો નથી. ઉત્પાદ વિનાનાં વ્યય ને ધ્રુવ હોઈ શકે નહિ તેથી તે જીવ સત્‌ને માનતો નથી. ગુણનું વિશેષ તે પર્યાય છે. પર્યાયને સ્વતંત્ર માનતો નથી તે દ્રવ્ય ગુણને સ્વતંત્ર માનતો નથી. આમ દ્રવ્ય-ગુણ-પર્યાયનું અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવનું જ્ઞાન સ્વતંત્ર કરે છે તે જીવે અનાત્મબુદ્ધિ છોડી છે ને આત્મબુદ્ધિ ગ્રહણ કરી છે.

## "હું જ્ઞાનમાત્ર છું" એમ નિર્ણય કરીને સ્વભાવમાં એકાગ્ર થાય છે તેને પ્રથમ સમ્યગ્દર્શન ધ્યાન પ્રગટ થાય છે.

ધર્મી જીવ સ્વભાવબુદ્ધિ કરે છે. શુદ્ધ જ્ઞાન જ એક હું છું એટલે જ્ઞાનગુણ એકલાની વાત નથી. જ્ઞાન, દર્શન, વગેરે અનંત ગુણોનો પિંડમાત્ર હું છું, શુદ્ધ ચૈતન્યસત્તા હું છું, પર સત્તાનો મારામાં અભાવ છે. 'શુદ્ધ જ્ઞાન જ' કહ્યું તો પરિપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન થયા પછી હોય છે પણ અહીં

દ્રવ્યદ્રષ્ટિના જોરમાં અશુદ્ધતાને ગૌણ કરેલ છે. કારણ કે અશુદ્ધતા અથવા અધૂરાશ તે આત્માનું ખરેખર સ્વરૂપ નથી. વળી અનેક પદાર્થો હું નથી, તેમ જ અનેક પ્રકારના રાગ-દ્વેષની વૃતિ ઉઠે છે તે હું નથી; હું તો ચૈતન્ય સ્વભાવી એક જ છું. આવી દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટે છે. તેના અંશોમાં તારતમ્યતા હોવા છતાં તે પર્યાય આત્મા સાથે અભેદ થાય છે માટે શુદ્ધ જ્ઞાન જ એક હું છું–એમ અસ્તિથી કહેલ છે. વળી જે નવ તત્ત્વો છે તેમાં નવને જાણનારો જ્ઞાન સ્વભાવ એક છું. આ પ્રમાણે પરપદાર્થથી જુદા પડીને આત્માને આત્માપણે ગ્રહીને આત્માને ધ્યાવે છે તે સમ્યગ્દર્શન ને ધર્મ છે.

## સ્વભાવની રુચિ થતા પુણ્યની તથા સંયોગની રુચિ છૂટી જાય છે.

પરપદાર્થ તો આત્મામાં અભાવરૂપ છે. તેનો કેવી રીતે અભાવ કરવો? અભાવરૂપ વસ્તુનો અભાવ કરું છું એમ માનવું તે મિથ્યાત્વ છે. પણ પર તરફની એકત્વબુદ્ધિનો અભાવ કરી શકાય છે. તે રુચિનો પણ અભાવ કયારે થાય ? હું જ્ઞાનસ્વભાવી એક છું એવી રુચિ કરતાં પુણ્ય-પાપની રુચિ છોડી એમ કહેવામાં આવે છે. વળી પુણ્ય પાપની રુચિ અથવા ધર્મ માનવો તે જ આત્માપણું છે. પણ સ્વભાવની રુચિ થતાં વિકારની રુચિ છૂટી જાય છે તેને અનાત્માને છોડ્યો એમ કહેવાય છે, ને પુણ્યપાપની રુચિ છૂટી જતાં પરદ્રવ્ય ઉપરનું લક્ષ છૂટી જાય છે. પરદ્રવ્યનું લક્ષ છોડ્યું તેને પરદ્રવ્યથી ભિન્ન કર્યું એમ કહેવામાં આવે છે. પરદ્રવ્ય તો ભિન્ન જ છે, પણ લક્ષ છૂટતાં એમ કથન કરવામાં આવે છે.

આવી રીતે શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્માને ધ્યાવે છે—એકાગ્ર થાય છે તે પ્રથમ સમ્યગ્દર્શનરૂપી ધ્યાન છે ને તે ધર્મ છે.

***

# પ્રસાદ નં. ૧૪૪

## પ્રવચનસાર ગાથા ૧૯૧

( ફાગણ સુદ ૧૪, ગુરુવાર )

### સ્વભાવને અગ્ર કરી ધ્યાન કરવું તે જ શુદ્ધાત્માની પ્રાપ્તિનું કારણ છે.

ધર્મી જીવનો ભાવ કેવો હોય ? ધ્યાન કેવું હોય, તેની વાત કરે છે. પ્રથમ તો પરપદાર્થની રુચિ છોડે છે. પરપદાર્થો, નિમિત્તો છે ખરા પણ આત્માને કર્મ વગેરે પરની સાથે સ્વસ્વામીસંબંધપણું નથી તેમ જ ક્ષણિક વિકાર થાય છે તેનો સ્વામી થતો નથી. પુણ્ય-પાપરહિત આત્માને આત્માપણે ગ્રહે છે. પર દ્રવ્યો તરફના લક્ષથી જુદો પડે છે. **'एकाग्र चिंताविरोधो ध्यानम्'** પરપદાર્થ, વિકાર વગેરેને ગૌણ કરીને, આત્મા એકને અગ્ર કરીને તેમાં વિચારને રોકવા ને આત્મામાં લીન થવું તે ધ્યાન છે. પરપદાર્થો, ક્ષેત્ર, સંહનન, દેવ-ગુરુ-શાસ્ત્ર, કાળ, આત્માને લાભ–નુકશાનનું કારણ નથી, પાંચ મહાવ્રતાદિના પરિણામ વિકાર છે તે તરફ દ્રષ્ટિ હતી તે છોડીને સ્વમાં લીનતા તે જ શુદ્ધાત્મા છે. પરસન્મુખ દ્રષ્ટિવાળાને શુદ્ધાત્માન કહેતા નથી. માટે શુદ્ધ નયથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે એટલે ધર્મ થાય છે. ॥૧૯૧॥

હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે, એમ ઉપદેશે છે. :–

## ગાથા ૧૯૨.

**એ રીત દર્શન–જ્ઞાન છે, ઈન્દ્રિય–અતીત મહાર્થ છે,**
**માનું હું–આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચય ધ્રુવ છે. ૧૯૨.**

અન્વયાર્થ :– હું આત્માને એ રીતે જ્ઞાનાત્મક, દર્શનભૂત, અતીન્દ્રિય મહા પદાર્થ, ધ્રુવ, અચળ, નિરાલંબ અને શુદ્ધ માનું છું.

### આત્મા સત્, અહેતુક, અનાદિઅનંત, સ્વત:સિદ્ધ પદાર્થ છે.

ટીકા :– શુદ્ધ આત્મા સત્ અને અહેતુક છે. તેની હયાતી માટે બીજા કોઈ પદાર્થની જરૂર નથી. જો આત્માને કોઈએ બનાવ્યો હોય તો તે નિત્ય રહેતો નથી, ને જે નિત્ય હોય તેની શરૂઆત હોઈ શકે નહિ. વળી શરૂઆત પર્યાયમાં જે કહેવામાં આવે છે તે સમય સમયની અપેક્ષાએ કહેવામાં આવે છે. પણ અનાદિની અપેક્ષા લેવામાં આવે તો પર્યાયની પણ શરૂઆત નથી. કઈ પર્યાય પહેલી થઈ ? કોઈ પર્યાય પહેલી–પછી છે જ નહિ. દ્રવ્ય એટલે સામાન્ય ને પર્યાય એટલે વિશેષ. સામાન્ય ને વિશેષ એકી સાથે છે,

આગળ–પાછળ નથી. દ્રવ્ય પણ અનાદિથી છે ને પર્યાય પણ અનાદિથી છે, પણ પર્યાય વર્તમાનની અપેક્ષાએ આદિ થઈ એમ કહેવામાં આવે છે. વર્તમાનની અપેક્ષાએ વિકારની આદિ થાય છે ને અંત થાય છે પણ દ્રવ્યમાં–આદિની અપેક્ષા પણ લાગુ પડતી નથી. શુદ્ધ ચૈતન્યતત્ત્વ અનાદિઅનંત છે. તે પોતે હયાતીવાળો પદાર્થ છે. તેની હયાતી માટે કોઈ બીજા કારણની જરૂર નથી. તેનો કોઈ બનાવનાર નથી માટે આત્મા અનાદિઅનંત સ્વતઃસિદ્ધ પદાર્થ છે.

## શુદ્ધ આત્મા જ ધ્રુવ છે માટે તે એક જ શરણ લેવા યોગ્ય છે.

આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે. શુદ્ધ આત્મા જ નિત્ય છે, તેને બીજી કોઈ ચીજ નિત્ય નથી.

(૧) કુટુંબકબીલો, પૈસો, દેવ-ગુરુ-શાસ્ત્ર, શરીર, કર્મ, વગેરે આ આત્માની અપેક્ષાએ કાયમી ચીજ નથી ; સંયોગો પલટી જાય છે તેથી તે અધ્રુવ છે માટે તેના શરણે ધર્મ નથી.

(૨) શુભાશુભ ભાવો સમયે સમયે થાય છે, તે અધ્રુવ છે. વિકલ્પો શરણભૂત નથી. વ્યવહાર રત્નત્રય પણ અધ્રુવ છે, માટે તેના શરણે પણ ધર્મ થતો નથી.

(૩) નિત્ય, સ્વતઃસિદ્ધ, અકારણીય આત્મા જ ધ્રુવ છે, બીજો કોઈ ધ્રુવ નથી. ધ્રુવ આત્મા જ એક શરણ લેવા યોગ્ય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે ધ્રુવની દ્રષ્ટિ જીવ કેમ કરતો નથી ?

સમાધાન :– જીવ પોતે પુરૂષાર્થ કરતો નથી, માટે ધ્રુવની રુચિ કરતો નથી. ધ્રુવની રુચિ કરે તો અધ્રુવની રુચિ ટળે. અજ્ઞાનદશામાં જીવ નિમિત્તની, વિકારની રુચિ ક્ષણે ક્ષણે નવી કરે છે. પરસન્મુખ થઈને જે દ્રષ્ટિ કરે છે તે છોડીને સ્વસન્મુખ દ્રષ્ટિ કરે, તો થઈ શકે છે. નરકમાં કે નિગોદમાં છે માટે સ્વભાવદ્રષ્ટિ કરતો નથી, એમ નથી. પોતાના અજ્ઞાનના કારણે નિમિત્તની રુચિવાળો જીવ સમયે સમયે નવી નવી વિકારી પર્યાય કરે છે, તે અનિત્ય છે, દુઃખ દાયક છે, તે આકુળતા ટાળવી હોય તો તેની રુચિ છોડવી જોઈએ, ને સ્વની રુચિ કરવી જોઈએ.

## શરીર પલટતું છે માટે તેનું અભિમાન કરવા જેવું નથી.

અજ્ઞાની જીવ કહે છે કે અમુક ભાઈને જીવતાં આવડ્યું નહિ, શરીર વગેરેનું ધ્યાન રાખ્યું નહિ, મને જીવતા બરાબર આવડે છે, શરીરને તંદુરસ્ત કેમ રાખવું તે મને બરાબર આવડે છે–એમ તે અંહકાર કરે છે. ભાઈ! અંહકાર ન કર. તેની પર્યાયના કાળે શરીર ફરી જવાના છે, તેને

રાખવા ઈન્દ્ર, નરેન્દ્ર, વૈદ્ય, દાક્તર કોઈ પણ સમર્થ નથી. શરીર ચાલ્યાં જશે, બીજે ક્ષણે બદલી જશે, શેનું અભિમાન કરે છે ? તે સંયોગો કોઈકના ઘેર છે કે તારે ઘેર છે ? પુદ્‌ગલના ઘેર તે ફેરફાર થયો છે. તારે ઘેર ફેરફાર શરીરના ફેરફારને લીધે નથી. શરીર સામે જોયા કરીશ તો તારો નિર્ણય કદી થશે નહિ.

## શુભાશુભ ભાવો હાલક લોલક છે—પલટતા છે, શરણ લેવા યોગ્ય નથી.

વળી આત્મામાં દયા-દાનાદિના પરિણામ થાય છે તે શુભ છે ને કામ-ક્રોધ તે અશુભ પરિણામ છે. બન્ને અશુદ્ધ છે. તે આત્માની પર્યાયમાં હોવા છતાં પલટતા દુ:ખ દાયક પરિણામ છે. તેના ઉપરની દ્રષ્ટિ તે અધ્રુવ ઉપરની દ્રષ્ટિ છે. વહાણમાથી નીચે ઉતરવું હોય તો કઠણ જમીન ઉપરપગ મૂકીને વહાણમાંથી પગ ઉઠાવે છે. તેમ આત્મા શુદ્ધ, ધ્રુવ, એકરૂપ કઠણ જમીન જેવો છે. તેની દ્રષ્ટિ કરી, તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને શુભાશુભ ભાવો ને શરીર વગેરે સંયોગો ઉપરથી દ્રષ્ટિ ઉઠાવે તો સાચી દ્રષ્ટિ થશે. શુભાશુભભાવો હાલકલોલક છે, પલટતા છે. માટે તે શરણભૂત નથી. ધ્રુવ આત્મા જ એક શરણભૂત છે.

## ધ્રુવ સ્વભાવના જ્ઞાન વિના એકલું પર-પ્રકાશક જ્ઞાન મિથ્યા છે.

વળી તારી દ્રષ્ટિ રાગ ફેરવવા ઉપર રહ્યા કરશે તો રાગ ઉપરની દ્રષ્ટિ તે પર્યાયદ્રષ્ટિ છે. તેનાથી ધર્મ થાય નહિ. વળી પર તરફના વલણવાળું જ્ઞાન જે કરે છે તે એકલું પર-પ્રકાશક જ્ઞાન પણ ખોટું છે. ધ્રુવ સ્વભાવ છું એવા શ્રદ્ધા–જ્ઞાન કરે તો પછી સાધકદશામાં જે પર-પ્રકાશક જ્ઞાન હોય છે તે સાચું ઠરે છે. ને આત્મા ધ્રુવ, શુદ્ધ, ચૈતન્ય છે એવી દ્રષ્ટિ થતાં જે સ્વ–પર પ્રકાશક જ્ઞાન ખીલ્યું તેમાં શરીરનું, સંયોગોનું જ્ઞાન થઈ જાય છે. તે જ્ઞાન સાચું છે પણ પરની સાથે તન્મય થયેલુ એકત્વબુદ્ધિ સહિતનું એકલું પર-પ્રકાશક જ્ઞાન મિથ્યા છે.

## શુદ્ધ આત્માના ભજનથી ધર્મ પ્રગટ થાય છે.
## સમ્યગ્દર્શન તે પ્રથમ સાચી ભક્તિ છે.

અહીં તો શુદ્ધ દ્રવ્યના શ્રદ્ધા–જ્ઞાન કરાવે છે. કોઈ પણ કાળે હો, કોઈ સંયોગે હો, સમેતશિખરે હો કે શત્રુંજયે હો, સાતમી નરકે હો કે નવમી ગ્રૈવેયકે હો, ચોથે આરે હો કે પાંચમે આરે હો–તારે બીજી કોઈ ચીજ શરણભૂત નથી; હાલક લોલક પદાર્થોની શ્રદ્ધા કરવાથી ધર્મ થતો નથી, માત્ર સાચા ઈશ્વરના ભજનથી ધર્મ થાય છે.

(૧) પરપદાર્થો શાસ્ત્ર, મૂર્તિ વગેરે જડ છે, તેના ભજનથી ધર્મ થતો નથી કારણ કે ધ્રુવ આત્માની અપેક્ષાએ તે બધા અધ્રુવ છે.

(૨) સાચા દેવ ગુરુ ચેતન તે પર છે. તે પણ ધ્રુવ આત્માની અપેક્ષાએ અધ્રુવ છે માટે તેના ભજનથી ધર્મ થતો નથી.
(૩) પુણ્ય-પાપના ભાવો ક્ષણિક છે, પલટતા છે, અધ્રુવ છે. તેનું ભજન કરવાથી ધર્મ થતો નથી.
(૪) એક સમયની નિર્મળ પર્યાય ક્ષણિક છે, પલટતી છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી માટે તેનું ભજન કરવાથી ધર્મ થતો નથી.
(૫) તારો શુદ્ધ આત્મા એક જ ધ્રુવ છે. તેનું ભજન કરવાથી એટલે કે તેમાં એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ધર્મ પ્રગટે છે. પોતામાં શુદ્ધ સ્વભાવના ભાનસહિત નિશ્ચય ભક્તિ કરે છે ત્યારે દેવગુરુની ભક્તિ વ્યવહાર નામ પામે છે. સમ્યગ્દર્શન તે પ્રથમ નિશ્ચય ભક્તિ છે.

## અક્ષરજ્ઞાન વગર જેમ નામું લખાતું નથી તેમ આત્માના જ્ઞાન વગર ધર્મ થતો નથી.

સંસારમાં કોઈ કહે કે અમારે નામું શીખવું નથી, અક્ષરજ્ઞાન કરવું નથી પણ નામું લખવું છે ને વેપાર કરવો છે તો તેમ વેપાર થાય નહિ. તેવી રીતે ધર્મમાં કોઈ કહે કે અમારે સમજવું નથી. પહેલાં સમજણનું શું કામ છે? મંડોને વ્રત ને તપ વગેરે કરવા ? – પણ ભાઈ, વગર સમજણે તારા જ્ઞાનનું દિવાળું નિકળશે એટલે કે જ્ઞાન અવરાઈ જશે. અહીં તો શુદ્ધ આત્મા કેવો છે તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરાવે છે. માટે પહેલા સાચા શ્રદ્ધા–જ્ઞાન તો કર.

## આત્માને એકપણું પાંચ કારણે છે.

આત્મા શુદ્ધ એટલા માટે છે કે પરદ્રવ્યથી વિભાગ અને સ્વધર્મથી અવિભાગ હોવાના લીધે એકપણું છે. તે એકપણું પાંચ કારણને લીધે છે.

૧. આત્મા જ્ઞાનસ્વભાવી છે, રાગને અને પરને કરવાસ્વરૂપ નથી માટે એક છે.
૨. આત્મા દર્શનસ્વભાવી છે માટે એક છે.
૩. ઈન્દ્રિયોના અવલંબન વગર જાણે છે માટે અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે એક છે.
૪. બીજા પદાર્થો ચલાયમાન છે. શુભાશુભ ભાવો પણ ચલ છે. આત્મા એક અચળ છે માટે અચળપણાને લીધે એક છે.
૫. નિમિત્તોનું અવલંબન નથી માટે નિરાવલંબપણાને લીધે એક છે.

## એકપણું છે માટે શુદ્ધ છે.

પર તરફના વલણવાળી અનેકતા હોવા છતાં આત્મામાં અનેકતા પેસતી નથી. વળી શુદ્ધ સ્વભાવના લક્ષે પ્રગટ થતી નિર્મળ પર્યાયો અનેક

પ્રકારની તારતમ્યતાવાળા હોવા છતાં તે આત્મા સાથે અભેદ થાય છે માટે એક છે. વળી અહીં શુદ્ધ જે કહ્યો છે તે એકલા શુદ્ધ દ્રવ્ય સામાન્યની વાત નથી પણ પરપદાર્થોથી જુદો એવો જે આત્મા તેને શુદ્ધ આત્મા અહીં કહ્યો છે. પરદ્રવ્યથી જુદાપણું ને સ્વધર્મથી એકપણું જે કહ્યું છે તે કથન પદ્ધતિ છે. તેમાં કાળભેદ નથી. જે સમયે સ્વભાવમાં ઠર્યો તે જ સમયે પરના લક્ષણથી જુદો પડ્યો છે. એક છે માટે શુદ્ધ છે ને આત્મા છે તે જ ધ્રુવ છે. ને ધ્રુવ આત્મા જ શરણ કરવા યોગ્ય છે ને તેનાથી ધર્મ પ્રગટ થાય છે.

પ્રશ્ન :– ગૃહસ્થાશ્રમમાં ફસાયા છીએ તો શું કરવું ?

## અનાદિથી અત્યાર સુધી અનંતા પરપદાર્થ વિના તું ટકી રહ્યો છે.

સમાધાન :– ભાઈ, તારી માન્યતા જ ઊંધી છે, કોઈ પરપદાર્થે તને ફસાવ્યો નથી. તું કહે છે કે એક ચીજ વગર અમોને ચાલતું નથી તે તારી માન્યતા ભૂલભરેલી છે.

(૧) તેં જગતના અનંતા પરપદાર્થો વગર જ ચલાવ્યું છે. જો તે પદાર્થોના આધારે તારી હયાતી હોય તો જ્યારે તે પદાર્થોની હયાતી ન હોય ત્યારે તારી હયાતી રહેવી ન જોઈએ. પણ તું તો હયાત છો માટે અનાદિથી અત્યાર સુધીના અનંત ભવોમાં દુનિયાના અનંત પદાર્થો વગર જ તેં ચલાવ્યું છે. અનંતા પદાર્થોના અભાવસ્વરૂપે તું ટકી રહ્યો છે.

## તારી એક સમયની પર્યાયે, ઉંધી માન્યતા વગર ચલાવ્યું નથી પણ પરપદાર્થ વગર તો ચલાવ્યુ છે જ.

(૨) હા, એટલી વાત બરાબર છે કે તેં તારી એક સમયની અવસ્થામાં જે માન્યતા કરી છે કે પરપદાર્થો વગર મને ચાલે નહિ, એવી ઉંધી માન્યતા વગર તેં ચલાવ્યું નથી. તથા અનુકૂળ પદાર્થો તરફના રાગ વગર ને પ્રતિકૂળ પદાર્થો તરફના દ્વેષ વગર તેં ચલાવ્યુ નથી. એ કારણે પ્રવાહરૂપે સંસાર ચાલુ રહ્યો છે. પણ તે પર્યાય એક સમયની છે. બીજે સમયે નવી કરે છે તો થાય છે. સાચી સમજણ કરી ઉંધી માન્યતા ન કર તો ન થાય. તારી પર્યાયે પણ પરપદાર્થ વગર જ ચલાવ્યું છે પણ ઉંધી માન્યતા વગર ચલાવ્યું નથી.

## પણ તારા દ્રવ્યે તો પરપદાર્થ વિના તેમ જ ઉંધી માન્યતા બન્ને વિના જ ચલાવ્યુ છે.

(૩) મોહ રાગ-દ્વેષ પર્યાયમાં હોવા છતા તારું દ્રવ્ય તો શુદ્ધ જ પડ્યુ છે. તે દ્રવ્યે તો અનાદિકાળથી અત્યાર સુધી પરપદાર્થ વગર તો ચલાવ્યું જ છે પણ આવી ઊંધી માન્યતા ને રાગ-દ્વેષ વગર પણ ચલાવ્યું છે.

**માટે તારે ધર્મ કરવો હોય તો સ્વભાવના લક્ષે ઊંધી માન્યતા ને રાગ-દ્વેષનો અભાવ કર.**

(૪) પરપદાર્થ વિના ન ચાલે તેમ જ શુભાશુભ ભાવ વિના ન ચાલે, એવી જે તારી માન્યતા છે તે કાઢી નાખ ને આત્મા શુદ્ધ દ્રવ્ય જે ધ્રુવ છે તેનાં શ્રદ્ધા–જ્ઞાન કર.

(૫) પરપદાર્થનો અભાવ કરવાનો નથી, એમ નક્કી કરીને પરપદાર્થ વિના ન ચાલે અને શુભાશુભ ભાવો વગર ન ચાલે એવી ઊંધી માન્યતાનો શુદ્ધ સ્વભાવાના લક્ષે અભાવ કર તો રાગની ભૂમિકા હોવા છતાં સમ્યગ્દર્શન પ્રગટ થશે.

(૬) શુભાશુભ ભાવ વિના ન ચાલે એવી ઊંધી માન્યતાનો ત્યાગ થયા પછી વિકારની અસ્થિરતાનો શુદ્ધ સ્વભાવના લક્ષે અભાવ કર તો ચારિત્ર પ્રગટ થશે, ને ક્રમે ક્રમે વીતરાગદશા થશે.

(૭) યોગની અશુદ્ધતાનો અભાવ કર તો અયોગીપણું પ્રગટ થશે ને સિદ્ધદશાની પ્રાપ્તિ થશે. આ પ્રમાણે શુદ્ધ દ્રવ્ય તે જ ધ્રુવ છે, એમ નિર્ણય કરવાથી સમકિત પ્રગટશે, ચારિત્ર પ્રગટ પ્રગટ થશે ને મોક્ષ થશે.

***

# પ્રસાદ નં. ૧૪૫.

## પ્રવચનસાર ગાથા ૧૯૨

( ફાગણ સુદ ૧૫, શુક્રવાર )

## સમ્યગ્દર્શનનો વિષય સ્વજ્ઞેય આત્મા કેવો છે ?

સ્વજ્ઞેય આત્મા કેવો છે ? કયા જ્ઞેયનું અવલંબન કરવાથી ધર્મ થાય તેની વાત કરે છે. આત્માને જ્ઞાનાત્મકપણાને લીધે, દર્શનભૂતપણાને લીધે, અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે, અચળપણાને લીધે અને નિરાલંબપણાને લીધે એકપણું છે. એકપણાને લીધે આત્મા શુદ્ધ છે ને શુદ્ધ તે જ ધ્રુવ છે. ધ્રુવ આત્મા સમ્યગ્દર્શનનો ધ્યેય છે ને તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાથી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. માટે ધ્રુવ આત્મા જ અનુભવવા યોગ્ય છે. સ્ત્રી. કુટુંબ, પૈસા, આત્માને શરણભૂત નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર શરણભૂત નથી, તેથી તેનું અવલંબન છોડી, સ્વપદાર્થનું અવલંબન કરી આત્મા સાથે એકત્વનો અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે. પરથી જુદો થઈ, સ્વમાં એકાગ્ર થયો તે શુદ્ધ છે ને શુદ્ધ તે જ ધ્રુવનો અનુભવ છે. શુદ્ધ આત્મા જે ધ્રુવ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે.

## (૧-૨) આત્માને જ્ઞાનાત્મકપણાને લીધે તથા દર્શનભુતપણાને લીધે એકપણું છે.

આત્મા પોતામાં જ્ઞાન–દર્શનને જ ધારી રાખે છે, પરપદાર્થને ધારણ કરતો નથી. સાકરના ગળપણ તથા ધોળાશને સાકર ધારી રાખે છે, ડબો તેને ધારી રાખતો નથી. તેમ આત્મા પોતાના જ્ઞાન દર્શનને જ ધારી રાખે છે પણ શરીરરૂપી ડબો અથવા દેવ-ગુરુ-શાસ્ત્ર આ આત્માના જ્ઞાન-દર્શનને ધારી રાખતા નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પરપદાર્થ છે તે જ્ઞાન-દર્શનથી અતન્મય છે માટે તેની સામે જોવાથી જ્ઞાન દર્શન પ્રગટ થતાં નથી પણ આત્મા કે જેમાં જ્ઞાન-દર્શન તન્મય છે તેની સામે જોવાથી જ્ઞાન–દર્શન પ્રગટ થાય છે. કેવળજ્ઞાની ભગવાનનાં જ્ઞાન-દર્શન તેમનામાં છે, મારા જ્ઞાન–દર્શન કેવળી ભગવાનમાં તન્મય નથી. તેથી પંચપરમેષ્ઠિથી માંડીને, નિગોદ સુધીના જીવોમાં તથા એક પરમાણુથી માંડીને અચેત મહાસ્કંધ સુધીના જડ પદાર્થોમાં મારા જ્ઞાન–દર્શન નથી. હું મારા સ્વધર્મ–જ્ઞાનદર્શન વગેરે ગુણોથી ભિન્ન નથી ને અનંતા પદાર્થોથી ભિન્ન છું તેથી મારે એકપણું છે.

પ્રશ્ન :–અર્હંત, સિદ્ધ, સાધુ ને કેવળીએ પ્રરૂપેલો ધર્મ–એ ચારનું શરણ આત્મા લ્યે છે એમ શાસ્ત્રમાં પાઠ આવે છે ને ?

## આત્મા એક જ શરણમય છે કારણકે તે પોતાના જ્ઞાનદર્શનથી તન્મય છે.

સમાધાન :–એ વ્યવહાર કથન છે. પરપદાર્થ શરણ આપતા નથી. આત્મામાં પાંચ પરમેષ્ઠીનો અભાવ છે, આત્માનું જ્ઞાન તેમના આધારે પ્રગટતુ નથી. એમ જીવ સાચી સમજણ કરી પોતાના ચૈતન્ય ભગવાનનું શરણ લ્યે છે ત્યારે પોતામાં ધર્મની પર્યાય પ્રગટ થાય છે અને ત્યારે પંચપરમેષ્ઠીનું શરણ લીધું એમ વ્યવહાર કથન કરવામાં આવે છે.

વળી કોઈ કહે કે આ મંદિરો વગેરે તો બને છે ? – તો એનું સમાધાન એમ છે કે સાધકદશામાં જીવને શુભની વૃતિ ઊઠે છે ત્યારે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે પણ પરદ્રવ્યનો આધાર નથી. આધાર ને આધેય પોતામાં છે. પરના આધારથી સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. પોતાના ગુણો પોતાથી તન્મય છે, ગુણ–ગુણી તન્મય છે, પરમાં તન્મય નથી. કેવળી ભગવાનમાં મારા ગુણો અતન્મય છે તેથી પરના આધારે સમકિત થતું નથી. સ્વ જ્ઞાનદર્શનભૂત પદાર્થ સાથે એકપણું છે, એકપણું છે માટે શુદ્ધ છે. શુદ્ધ આત્મા ધ્રુવ છે ને તેના શરણથી સમકિત થાય છે.

## જ્ઞાનપ્રધાન કથનમાં સ્વદ્રવ્ય ને પરદ્રવ્યની સ્પષ્ટતા.

અહીં 'પરદ્રવ્યથી વિભાગ' એમ કહ્યું છે, તેનો ખુલાસો એમ છે કે અહીં જ્ઞાનપ્રધાન કથનથી સમ્યગ્દર્શનનો અધિકાર છે. અહીં જડ ને અન્ય ચેતન પદાર્થો જ પર તરીકે લેવા છે. પણ વિકારને અહીં પરમાં લેવો નથી. અહીં તો વિકારી પર્યાયસહિતનો આત્મા તે સ્વ લેવો, તે નિશ્ચયનયનું કથન છે ને પરદ્રવ્યો છે એવું જ્ઞાન કરાવનારું કથન તે વ્યવહારનયનું કથન છે. હવે આ પ્રમાણે બરાબર અર્થ સમજી પોતે પરદ્રવ્યથી જુદો પડતાં તેના ઉપરની રુચિ–એકત્વબુદ્ધિ તૂટી જાય છે, સ્વ તરફ વળે છે ને તેથી વિકાર ગૌણ થઈ જાય છે. સ્વદ્રવ્ય તરફ જોતાં સ્વના ગુણો તો શુદ્ધ છે ને તેના લક્ષે વિકારની દ્રષ્ટિ છૂટી જાય છે. તેના ફળમાં વિકારરહિત શુદ્ધતા થાય છે. પ્રથમ અનેક નિમિત્તોના આશ્રયે વિકારની અનેકતા ઉત્પન્ન થતી, તે હવે સ્વના આશ્રયે અનેકતા ઉત્પન્ન થતી નથી પણ એકપણું ઉત્પન્ન થાય છે, તેથી એકપણું છે. પરપદાર્થથી જુદો પડતાં વિકારરહિત થાય છે તે તેનું ફળ છે. એમ જ્ઞાનપ્રધાનથી અર્થ સમજવો.

## (૩) અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે આત્માને એકપણું છે.

દરેક ઈન્દ્રિય પોતપોતાના નિયત વિષયને જાણે છે; જેમ કે સ્પર્શેન્દ્રિય સ્પર્શને જાણે છે, વગેરે સમજી લેવું. એમ એક એક ભાવઇન્દ્રિય

એક એક વિષયને ક્રમસર જાણે છે. ખંડ ખંડ ભાવેન્દ્રિય ઉપર લક્ષ જતાં વિકારની અનેકતા ઉત્પન્ન થાય છે. ખંડખંડ જ્ઞાન તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા સર્વે સ્પર્શ–રસ–ગંધ–વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને એકી સાથે જાણનારો એક સત્ મહાપદાર્થ છે. આત્માને જડ ઇન્દ્રિયોથી જુદાપણું છે ને પરપદાર્થો સંબંધી જ્ઞાનથી જુદાપણું નથી માટે એકપણું છે.

## પર જ્ઞેયના અવલંબને રાગની અનેકતા થાય છે. સ્વજ્ઞેયના અવલંબને એકતા થાય છે.

જડ ઈન્દ્રિયો ને ઈન્દ્રિયોના વિષયો પરજ્ઞેય છે, તેના આધારે જ્ઞાન થતું નથી. પણ પરજ્ઞેયોનું અવલંબન લેવા જતાં જ્ઞાનમાં ખંડખંડપણું થાય છે. ઈન્દ્રિયો તરફના વલણથી જ્ઞાનની ખંડખંડ પર્યાય થાય છે, તે પર્યાયરૂપ પદાર્થ છે પણ મહાપદાર્થ નથી. આત્માના આશ્રયે જ આત્માનું જ્ઞાન પ્રગટ થઈ આત્મા સાથે એકપણું પામે છે માટે આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફનું જ્ઞાન તે ખરેખર અસત્ છે–ક્ષણિક છે. તેના અવલંબને સમ્યગ્દર્શન થતું નથી, પરપદાર્થના અવલબંને અથવા ઈન્દ્રિયોના અવલંબને થયેલું જ્ઞાન રાગમિશ્રિત છે. ને તેના લક્ષે એનેકતા ઉત્પન્ન થાય છે, એકતા થતી નથી. આત્માના આધારે થયેલા જ્ઞાનથી એકતા થાય છે.

## ધર્મીજીવ અતીન્દ્રિય મહાપદાર્થ સાથે એકપણું સાધી શુદ્ધતા પ્રગટ કરે છે.

જેને ધર્મ કરવો હોય તેણે સાચી માન્યતા કરવી જોઈએ. જડ ઈન્દ્રિયો ને તેના વિષયો પર છે, તે પરજ્ઞેયો છે. તે પરદ્રવ્યોથી આત્માને વિભાગ છે ને પોતામાં થતા જ્ઞાનથી અવિભાગ છે, તે સ્વજ્ઞેય છે. પરજ્ઞેયો–ઈન્દ્રિયો તથા બીજા પદાર્થો છે માટે મને જ્ઞાન થાય છે, એવી માન્યતા છોડી દેવી જોઈએ. આત્મા ઈન્દ્રિયોના તથા બીજા જ્ઞેયોના અવલંબન વગર જ્ઞાન કરે છે એવા અતીન્દ્રિય મહાપદાર્થના આધારે સાચું જ્ઞાન થાય છે. ધર્મી જીવને અધૂરી દશામાં પરપદાર્થો તરફ લક્ષ જાય છે ને રાગ થાય છે ખરો પણ તે રાગને પરથી જ્ઞાન થાય છે, એમ તે માનતો નથી. તે વખતે પણ હું તો અતીન્દ્રિય મહાપદાર્થ છું, એમ આત્માનું જ અવલંબન વર્તે છે. દેવ-ગુરુનું તથા શુભરાગનું અવલંબન છે એમ વ્યવહારથી બોલણીમાં આવે છે પણ ધર્મીને તેનું અવલબંન નથી. પોતાના જ્ઞાનદર્શનમય આત્મા સાથે એકપણું છે ને એકપણું છે માટે શુદ્ધ છે. શુદ્ધ આત્મા જ ધ્રુવ છે ને તે જ શરણ કરવા જેવો છે.

## અચળપણાને લીધે આત્માને એકપણું છે.

શરીર, મન, વાણી ક્ષણે ક્ષણે પલટતા પદાર્થો છે. તે જ્ઞેયોની અવસ્થા સમયે સમયે ઉત્પન્ન થાય છે ને વિનાશ પામે છે. વળી તે તે પદાર્થોની વર્તમાન અવસ્થાનો ઉત્પાદ-વ્યય તે તે પદાર્થોના કારણે થાય છે, આત્માને લીધે તે અવસ્થા થતી નથી. આત્મા તે જ્ઞેયોની પર્યાયોને ગ્રહતો નથી તેમ જ છોડતો નથી કારણ કે તેનો આત્મામાં અભાવ છે. આત્મા શરીરની અવસ્થાને, વસ્ત્રની અવસ્થાને, પૈસાની અવસ્થાને કરી શકતો નથી. શરીરનું તેમ જ બીજા પદાર્થોનું ક્ષેત્રાંતર થાય છે તે સ્વતંત્ર તે તે પદાર્થોની ક્રિયાવતી શક્તિના કારણે થાય છે, પણ આત્મા તેને ચલાવી શકતો નથી. પુસ્તકને નજીક લાવવું, પરને બચાવવા માટે હાથની ક્રિયા કરવી, વગેરે ક્રિયાને આત્મા કરી શકતો નથી. આત્મામાં તેનો અભાવ છે. અભાવરૂપ વસ્તુનું આત્મા શું કરી શકે ? અજ્ઞાની જીવ ઊંધી માન્યતા કરે છે. તે જ્ઞેય-પર્યાયો સમયે સમયે ચલાયમાન થાય છે, આત્મામાં તેને ગ્રહવા–મુકવાનો અભાવ હોવાથી આત્મા અચળ છે. આત્માને તે જ્ઞેયપર્યાયોથી જુદાપણું છે, ને જ્ઞેયપર્યાયોના નિમિત્તે પોતાના આત્મામાં પોતાના કારણે જે જ્ઞાન થાય છે, તેનાથી એકપણું છે.

આવી રીતે આત્માને અચળપણાને લીધે એકપણું છે ને એકપણું છે માટે શુદ્ધ છે ને શુદ્ધ આત્મા તે જ ધ્રુવ છે ને ધ્રુવ જ અવલબંન કરવા યોગ્ય છે. આમ સ્વજ્ઞેયની સાચી પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

***

# પ્રસાદ નં. ૧૪૭.

## પ્રવચનસાર ગાથા ૧૯૨

(ફાગણ વદ ૨, રવિવાર )

## સ્વજ્ઞેય તથા પરજ્ઞેયોના ભેદો.

આ જ્ઞેય અધિકાર છે. જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ છે. આત્મા ને પર બન્ને જ્ઞેય છે. આત્મા પરજ્ઞેયમાં તન્મય થયા વિના સ્વમાં રહીને જાણે છે. પરજ્ઞેયને જાણવું તે વ્યવહાર છે, સ્વજ્ઞેયને જાણવું તે નિશ્ચય છે. કેવા સ્વજ્ઞેયને જાણવાથી સમ્યગ્દર્શન થાય, તેની વાત ચાલે છે.

બીજા પદાર્થોની પર્યાયો સમયે સમયે ઉત્પાદ–વ્યય થયા જ કરે છે. શરીર, આહાર, પાણી તેનું ક્ષણવિનાશરૂપે થવું તે તે પરજ્ઞેયોના કારણે છે, પણ સ્વજ્ઞેયના કારણે નથી. દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. તેમાં પરજ્ઞેયોના ભેદ :–

આ આત્મા સિવાય અનંતા જીવો પરજ્ઞેયો છે. તે દરેકમાં ચાર ભેદ છે.

(૧) બીજા જીવનું ત્રિકાળી શક્તિના પિંડરૂપ, દ્રવ્ય સામાન્ય,

(૨) તેની ત્રિકાળી શક્તિઓ–જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ વગેરે,

(૩) તેની વર્તમાન જ્ઞાનગુણની ઉઘાડરૂપ અવસ્થા,

(૪) તેની વર્તમાન ચારિત્રગુણની ઈચ્છારૂપ દશા.

આમ ચાર થઈને પરજ્ઞેય આત્માનું સ્વરૂપ થાય છે.

વળી પરજ્ઞેયો પુદ્ગલ છે. તેમાં ત્રણ ભેદ પડે છે. (૧) ત્રિકાળી શક્તિના પિંડરૂપ દ્રવ્ય સામાન્ય, (૨) સ્પર્શ,રસ, ગંધ, વર્ણાદિ શક્તિઓ, (૩) તેની સમય સમયની અવસ્થા. – એમ દ્રવ્ય–ગુણ–પર્યાય થઈને પરજ્ઞેય પુદ્ગલ છે.

હવે, ચાર ભેદે આખું સ્વજ્ઞેય છે. (૧) ત્રિકાળી શક્તિના પિંડરૂપ દ્રવ્ય સામાન્ય, (૨) જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ત્રિકાળી શક્તિઓ, (૩) તેની વર્તમાન જ્ઞાનગુણની અવસ્થા, (૪) તેની વર્તમાન ચારિત્રગુણની ઈચ્છારૂપ દશા. આમ ચાર ભેદે સ્વજ્ઞેય પુરું છે.

## એક આત્મા બીજા આત્માના તથા જડના પરિણામને કરી શકતો નથી.

આ લાકડી ઉંચી–નીચી થાય છે, તેમાં દ્રવ્ય તે સામાન્ય છે, તેના ઉત્પાદ-વ્યય થવા અથવા એક ક્ષેત્રેથી બીજે ક્ષેત્રે જવું તે તે પુદ્ગલ પરમાણુને આધીન છે.

(૧) પણ તે લાકડી આંગળીથી ઉંચી થઈ નથી કારણ કે આંગળીના ઉત્પાદ–વ્યય–ધ્રુવ આંગળીમાં છે, લાકડી પર દ્રવ્ય છે. તેના ઉત્પાદ–વ્યય તેનામાં છે.

(૨) આત્માએ લાકડી ઉંચી કરવાની ઈચ્છા કરી માટે તે ઉંચી થઈ નથી કારણ કે ઈચ્છાનો ઉત્પાદ સ્વજ્ઞેયમાં થયો છે. લાકડી પરદ્રવ્ય છે, તેના ઉત્પાદ–વ્યય તેનામાં છે.

(૩) લાકડી ઊંચી થઈ એવું જ્ઞાન આત્મા કરે છે પણ જ્ઞાનના કારણે લાકડી ઊંચી થઈ નથી. કારણકે જ્ઞાનનો ઉત્પાદ સ્વજ્ઞેયમાં થયો છે. લાકડીનો ઉત્પાદ લાકડીમાં છે. માટે સ્વજ્ઞેય, પરજ્ઞેયોની પર્યાયને ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. તે મુજબ શરીર, વાણી, પુસ્તક વગેરેની પર્યાયને આત્મા ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. તેમ સામો જીવ વાણી સાંભળવા આવ્યો તો તેમાં વાણી તથા જ્ઞાનની પર્યાય સ્વતંત્ર થઈ રહી છે.

(अ) આત્માએ ઈચ્છા કરી માટે વાણી નીકળી નથી, કારણકે વાણી પરજ્ઞેય છે,

(ब) આત્મામાં જ્ઞાનપર્યાય છે માટે વાણી નીકળી નથી કારણકે વાણી પરજ્ઞેય છે,

(क) આત્માએ ઉપદેશનો વિકલ્પ કર્યો માટે બીજાને જ્ઞાન થયું નથી કારણકે તે પરજ્ઞેય છે.

(ड) આત્માને જ્ઞાન વર્તે છે માટે બીજાને જ્ઞાન થતું નથી કારણકે તે પરજ્ઞેય છે.

(इ) વાણી નીકળી માટે બીજાને જ્ઞાન થતું નથી કારણકે તે પરજ્ઞેય છે.

## સ્વજ્ઞેય ને પરજ્ઞેય વચ્ચે અભાવ છે.
## અભાવ વસ્તુ પરને કાંઈ કરી શકે નહિ.

ભાષાવર્ગણા છે તેમાં પ્રથમ વર્ગણારૂપે પરમાણુ હતા તેનો વ્યય થઈને ભાષારૂપ પરિણમન થયું. આમ તેના ઉત્પાદ–વ્યય થયા, આ ભાષાના ઉત્પાદ–વ્યય જીવની હાજરીને લીધે નથી, જીવના જ્ઞાનને લીધે નથી, જીવની ઈચ્છાને લીધે નથી. તે તે ક્ષણવિનાશરૂપ પ્રવર્તતા જ્ઞેયપર્યાયો છે. શરીર, મન, વાણી, આહાર, પાણીની અવસ્થાને આત્મા ગ્રહતો નથી, તેમ છોડતો નથી.

એક પુદ્‌ગલની વર્તમાન પર્યાયમાં બીજા પુદ્‌ગલની વર્તમાન પર્યાયનો અન્યોન્ય અભાવ છે ને એક ચેતનની પર્યાયને અને બીજા

ચેતનની પર્યાયને અથવા જડની પર્યાયને અત્યંત અભાવ છે. જે વસ્તુ અભાવરૂપ હોય તે બીજામાં શું કરે ?

અજ્ઞાની જીવ માને છે કે આટલો આહાર મેં છોડયો માટે ધર્મ થઈ ગયો, વળી તે માને છે કે હું દૂકાને છું તો દુકાન ચાલે છે, હું છું તો કપડાને છોડી શકું છું, હું છું તો રોટલી બનાવું છું, હું છું તો લાડુ બને છે , હું છું તો શરીર ચાલે છે. પણ ભાઈ, જડ પદાર્થની પર્યાયો તે તે પદાર્થોમાં પ્રવર્તે છે. તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવ તેનામાં છે. આત્મા તેના ઉત્પાદ–વ્યય કરી શકતો નથી. તેવી જ રીતે એક આત્મા બીજા આત્માના ઉત્પાદ–વ્યય કરી શકે નહિ.

## પરને લીધે કાર્ય થાય એમ માનવામાં આવે તો "ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તમ્ સત્" સાબિત થતું નથી.

પ્રશ્ન :–પરદ્રવ્યના પરિણમનમાં આત્મા નિમિત્ત તો છે ને ?

સમાધાન :–પરજ્ઞેયો તેના ક્ષણવિનાશ પર્યાયોમાં પ્રવર્તે છે. તેમાં નિમિત્તની શી જરૂર છે ? પરપદાર્થની પર્યાયનાં ગ્રહણ–ત્યાગ આત્મામાં નથી કારણકે સમયે સમયે તે જ્ઞેયપર્યાયો સ્વયં પલટી રહ્યા છે, તો આત્મા હતો તો શરીર પલટયું, વાણી બોલાઈ વગેરે વાત સ્થૂલ અજ્ઞાન છે. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને આધારે હોય તો ઉત્પાદ પરથી થતાં ઉત્પાદ સાબિત થતો નથી ને ઉત્પાદ સાબિત નહિ થવાથી વ્યય ને ધ્રુવ પણ સાબિત થતાં નથી. આમ થતા 'ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્તમ્ સત્' એવો જે સિદ્ધાંત છે તે રહેતો નથી.

## છ દ્રવ્યોના ઉત્પાદ-વ્યય સ્વતંત્ર છે.

આ જગતમાં દરેક દ્રવ્યના ઉત્પાદ–વ્યય તે તે દ્રવ્યના આધારે છે, પરને લીધે નથી. આત્મામાં ઈચ્છા થાય છે તે પરને કારણે થતી નથી, આત્માને જ્ઞાનપર્યાય થાય છે તે વાણીને લીધે થતી નથી. અહીં ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયો કહ્યા છે. 'પ્રવર્તતા' એમ કહ્યું છે, તેમાં બે વાત કરી છે. 'છે' ને 'પલટતા' છે તે પરને લીધે 'છે', અથવા પરને લીધે પલટતા છે એમ વાત રહેતી નથી. પરપદાર્થની પર્યાય આત્મામાં આવી નથી, આત્માએ તેને ગ્રહી નથી કે છોડી નથી. આત્માના જ્ઞેયમાં તે માત્ર જણાવાયોગ્ય છે.

## આત્મા પરને ગ્રહે તો એકાંત અદ્વૈતવાદની મિથ્યા માન્યતાનો પ્રસંગ આવે છે.

પ્રશ્ન :–પ્રત્યક્ષ ગ્રહણ કરી દેખાય છે ને ?

સમાધાન :–તેને ભ્રમ પડેલ છે. જડની પર્યાય જડમાં છે ને આત્માની પર્યાય આત્મામાં છે. તું પર જ્ઞેયને માને છે કે નહિ ? કે વેદાંતની જેમ બધી

થઈને એકજ વસ્તુ માને છે ? બધું થઈને એક અદ્વૈત નથી. અનંતા પરજ્ઞેયો જુદે જુદા સ્વતંત્ર છે. તે તે જ્ઞેયોની સમય સમયની પર્યાય સ્વતંત્ર પલટી રહી છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. જો તેનું પલટન પરથી માનવામાં આવે તો બધા દ્રવ્યો એક થવાનો પ્રસંગ આવે અર્થાત્ એકાંત અદ્વૈતવાદની મિથ્યા માન્યતાનો પ્રસંગ આવે, તે તારી ભૂલ છે.

## આત્મા પરને વ્યવહારથી પણ ગ્રહે તો વ્યવહાર પોતે જ નિશ્ચય થઈ જાય.

પ્રશ્ન:–આત્મા પરને નિશ્ચયથી તો ન ગ્રહે પણ વ્યવહારથી તો ગ્રહણ કરે છે ને ?

સમાધાન :–નિશ્ચય એટલે સાચું ને વ્યવહાર એટલે આરોપિત કથન, જેમ ઘડો માટીનો હોવા છતાં ઘીના સંયોગે ‘ઘીનો ઘડો’ કહેવાય છે તેમ પર ચીજની પર્યાય થાય ત્યારે જીવની ઈચ્છા હોય તો વ્યવહારથી કથન કરાય કે જીવે ઈચ્છા કરી ને પરમાં કાર્ય થયું, પણ તેનો ખરેખર અર્થ એમ છે કે જીવથી પરમાં કાર્ય થયું નથી.

**એક પરિણામ કે ન કરતા દરવ તેઈ,**
**દો પરિણામ એક દરવ ન ધરતું હૈ.(બનારસીદાસ, સમયસાર નાટક)**

બે દ્રવ્ય–આત્મા ને શરીર ભેગા થઈને એક પરિણામ ન કરે તથા આત્મા પોતામાં રાગ કરે ને શરીરની અવસ્થા પણ કરે એમ એક દ્રવ્ય બે પરિણામ કદી પણ કરે નહિ. વ્યવહારથી પણ આત્મા જો પરની પર્યાયને ગ્રહતો હોય તો નિશ્ચય ને વ્યવહાર એક થઈ જાય છે. વ્યવહાર પોતે જ નિશ્ચય થઈ જાય છે ને તેમ થતાં વસ્તુસ્વરૂપના નાશનો પ્રસંગ આવે છે, પણ તેમ બની શકે નહિ.

## પરજ્ઞેયની પર્યાય સ્વજ્ઞેયથી થાય એમ માનનાર જૈન નથી.

કોઈ મિથ્યાદ્રષ્ટિ જીવ કહે કે જગતમાં જ્ઞેયો ન હતા ને તેને ઈશ્વરે બનાવ્યાં તો જ્ઞેય નવાં થયા પણ એમ બની શકે નહિ. જ્ઞેયો અનાદિઅનંત, સત્–હયાતી ધરાવતા પદાર્થો છે. તેવી રીતે જૈન નામ ધરાવી કોઈ કહે કે આ જ્ઞેયનું વર્તમાન ન હતું પણ હું આવ્યો તો તે જ્ઞેયની વર્તમાન અવસ્થા થઈ–એમ માનવામાં આવે તો સામેનો જ્ઞેય પદાર્થ વર્તમાન વિનાનો થયો. એક સમય તે સૌ સમય, ત્રણે કાળ વર્તમાન વિનાનો થતાં જ્ઞેયના ત્રિકાળી સ્વરૂપના નાશનો પ્રસંગ આવે છે. માટે વર્તમાન અવસ્થા પરથી થાય છે, એમ માનનાર ઈશ્વરકર્તાની માન્યતાવાળાની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

# સ્વજ્ઞેયને પરજ્ઞેયોથી જુદાપણું છે ને પરજ્ઞેયો સંબંધી પોતાના જ્ઞાનથી એકપણું છે.

આવી રીતે જ્ઞેયપર્યાયો સમયે સમયે ચલિત છે તેને ગ્રહવા–છોડવાનો આત્મામાં અભાવ છે તેથી આત્મા અચળ છે. તે પરજ્ઞેયથી આત્માને પૃથકપણું છે ને તેના નિમિત્તે પોતાના કારણે પોતામાં થતા જ્ઞાનથી અપૃથકપણું છે. એટલે કે એકપણું છે. બીજા જ્ઞેયોની જેવી જેવી અવસ્થા થાય તેવું જ બરાબર જ્ઞાન થાય પણ તેનાથી વિરુદ્ધ ન થાય. પણ તે પદાર્થના કારણે જ્ઞાન નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર જ્ઞેયો છે. ક્ષણે ક્ષણે વિનાશ પામતા પર્યાયોવાળા જ્ઞેય છે. તેનાથી આત્માને જ્ઞાન થતું નથી છતાં પણ જેવાં જ્ઞેયો છે તેવું જ જ્ઞાન પોતાની લાયકાતથી આત્મા કરે છે. અહીં જ્ઞેયપર્યાયોના નિમિત્તે થયેલું જ્ઞાન એમ પાઠ છે. પરના ઉપાદાનથી થયેલું જ્ઞાન, એમ કહ્યું નથી એટલે કે સ્વ ઉપાદાનથી જ્ઞાન પ્રગટે છે ત્યારે પરજ્ઞેયો જે હોય છે તેને નિમિત્તનો આરોપ આપવામાં આવે છે. ઉપાદાનમાં કામ થયા વિના નિમિત્ત કોનું ? ઉપાદાનમાં કામ થાય ત્યારે નિમિત્તનો આરોપ આવે છે. અજ્ઞાની જીવ કહે છે કે નિમિત્ત આવે પછી ઉપાદાનમાં કામ થાય તો પછી નિમિત્તનો આવવાનો વખત ને ઉપાદાનમાં કાર્ય થવાનો વખત–એમ સમયભેદ થઈ ગયો–પણ એવો સમયભેદ નથી. નિમિત્ત પહેલા આવે પછી ઉપાદાનમાં કામ કામ થાય, એવો સમયભેદ નથી તેમ જ ઉપાદાનમાં કામ પહેલાં થાય ને પછી નિમિત્ત આવે એવો પણ સમયભેદ નથી. જે વખતે ઉપાદાનમાં કામ થાય, તે જ વખતે નિમિત્તને આરોપ અપાય છે, એટલેકે બન્ને વસ્તુ પોતપોતાના કારણે એકી સમયે છે ને છતાં એકને લીધે બીજામાં કામ થતું નથી. તો પણ જેવી જ્ઞેયની પર્યાય હોય તેવું જ જ્ઞાન જાણે છે, આડું અવળું કે ઊંધું જાણે નહિ. માટે આત્માને પરપદાર્થથી જુદાપણું છે ને પર સંબંધીના પોતાના જ્ઞાનથી એકપણું છે. આવી રીતે આત્માને એકપણું છે, એકપણું છે માટે શુદ્ધ છે ને શુદ્ધ તે જ ધ્રુવ છે ને ધ્રુવ શરણ કરવાયોગ્ય છે.

આવા સ્વજ્ઞેયને જ્ઞાનમાં લઈ પ્રતિતી કરવી તે સમ્યગ્દર્શન છે.

***

# પ્રસાદ નં, ૧૪૮.

## પ્રવચનસાર ગાથા ૧૯૨

( ફાગણ વદ ૩, સોમવાર )

## (૧-૨) જ્ઞાનાત્મકપણાને લીધે તથા દર્શનભૂતપણાને લીધે સ્વજ્ઞેયને એકપણું છે.

આ ગાથા અલૌકિક છે. ભેદજ્ઞાની જીવ કેવું સ્વજ્ઞેય સ્વીકારે છે, તેની વાત ચાલે છે. હું સ્વજ્ઞેય જ્ઞાનસ્વરૂપી આત્મા કર્તા ને જ્ઞાન મારું કાર્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર કે સાક્ષાત્ અર્હંત ભગવાન હો તેનામાં મારા જ્ઞાન–દર્શન નથી તેથી તે નિમિત્તો તરફથી દ્રષ્ટિ ઉઠાવીને હું મારા આત્મામાં એક થાઉં છું. એક છું તેથી શુદ્ધ છું. આમ પરજ્ઞેયથી પૃથક્તા કરવી તે સમ્યક્જ્ઞાન છે. હું પણ સ્વજ્ઞેય છું. જ્ઞાની વિચાર કરે છે કે જ્ઞાન–દર્શન મારા ત્રિકાળી ગુણ છે ને પર્યાય પલટન પામે છે. હું આત્મા ગુણનો ધરનાર ગુણી છું. અહીં રાગમિશ્રિતની વાત નથી. મારા જ્ઞાનદર્શન દેવ-ગુરુ-શાસ્ત્રમાં તન્મય નથી, મારામાં તન્મય છે. પરથી પૃથક્ થઈને જે વાત કરી છે તે સમજાવવાની શૈલિ છે, પરથી પૃથક થવું પડતું નથી. હું જ્ઞાનદર્શનમય છું એમ નક્કી કરતા, સ્વ સાથે એકત્વ થતા, શુદ્ધતા થાય છે ત્યારે પરપદાર્થ સાથે એકતા ટળી જાય છે. જ્ઞાનદર્શન આધેય છે ને હું તેનો આધાર છું.

પ્રશ્નઃ– સમયસારનો તો આધાર છે ને ?

## જ્ઞાનદર્શન આધેય છે ને સ્વજ્ઞેય આધાર છે.

ઉત્તરઃ– ના, જ્ઞાનનો આધાર સમયસાર નથી. જ્ઞાન-દર્શનને પરદ્રવ્યમાં તન્મયપણું નથી. જ્ઞાનનો પર્યાય સમયસારને લીધે નથી ને સમયસારનો પર્યાય જ્ઞાનને લીધે નથી. જ્ઞાનદર્શનગુણ–શક્તિનો આધાર નિરૂપાધિ તત્વ સામાન્ય સ્વભાવ છે. જ્ઞાની પર્યાયમાં વિચાર કરે છે કારણકે વિચારની ધારા દ્રવ્યગુણમાં નથી. દ્રવ્યગુણમાં કાર્ય નથી. દ્રવ્યગુણ તો સદ્રશ એક-સ્વભાવી છે, પર્યાય વિસદ્રશસ્વભાવી છે. તે પર્યાય સ્વભાવ તરફ વળે છે ને વિચારધારા ચાલે છે કે હું જ્ઞાનદર્શનનો ધરનાર પરને લીધે નથી તેમ જ પરલક્ષે થતા દયાદાનના આધારે મારો જ્ઞાનદર્શન સ્વભાવ નથી. આમ માનતાં પર્યાય સ્વ-સ્વભાવ સાથે તન્મય થાય છે, 'હું છું' એમ કહેતા પરપદાર્થો તે હું નથી–એમ આવી જાય છે. સર્વજ્ઞ દેવ-ગુરુ તથા શાસ્ત્ર છે ખરા પણ તે તેના આધાર ને આધેય છે ને મારા જ્ઞાન-દર્શન તે આધેય ને હું તેનો આધાર છું. એમ બન્નેના આધાર–આધેય ત્રણે કાળ

સ્વતંત્ર પ્રવર્તી રહ્યા છે. પરજ્ઞેયો જ્ઞાનમાં જણાય છે ખરા પણ તેની સાથે જ્ઞાનને સંબંધ નથી. આમ સ્વજ્ઞેયને સ્વીકારી સ્વજ્ઞેય તે કર્તા ને નિર્મળ પર્યાય તે કાર્ય એમ સ્વજ્ઞેય અભેદ થાય છે. આમ સ્વજ્ઞેયને જાણવું માનવું તે સમ્યક્‌દર્શન–જ્ઞાન છે.

## (૩)અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે સ્વજ્ઞેયને એકપણું છે.

પાંચ ઈન્દ્રિયો વડે શબ્દ, રસ, વગેરે જાણવાનું કામ કરે તે આત્મા નથી. આત્મા ઈન્દ્રિયોથી સ્વ તથા પરને જાણતો નથી. સમયસાર, ઈન્દ્રિયો, દિવ્યધ્વનિના લક્ષે જ્ઞાન થાય છે તે વાત તો ખોટી છે. હું ઈન્દ્રિયો વડે જાણતો નથી તેમ જ ઈન્દ્રિયો વડે જણાઉં તેવો નથી. હું તો અતીન્દ્રિય મહાપદાર્થ છું. એમ સ્વભાવ તરફ વળી સ્વદ્રવ્ય તે કર્તા ને નિર્મળજ્ઞાન તે મારું કાર્ય. એમ સ્વજ્ઞેય અભેદ થાય છે. ઇન્દ્રિયો વગેરેથી ભિન્ન અને સ્વથી અભિન્ન છું.

## (૪) આત્મા જ્ઞેયપર્યાયોને ગ્રહતો નથી તેમ જ છોડતો નથી.

આત્મા સિવાય શરીર, મન, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે ક્ષણે ક્ષણે પલટતા પદાર્થો છે. તેની પર્યાયો ક્ષણ વિનાશી છે. એટલે બીજા પદાર્થો છે–એમ કબુલાત આવે છે. ને તે પલટતા પદાર્થો છે એમ પણ નકક્કી કરે છે. તે પદાર્થોની પર્યાયને આત્મા ગ્રહતો નથી તેમ જ છોડતો નથી.

પ્રશ્નઃ– ધર્મી જીવ પ્રતિમાજીની પૂજા તો કરે છે ?

સમાધાન :– પૂજા વખતે જે શબ્દો બોલાય છે તે આત્મા બોલી શકતો નથી, પણ પૂજાનો રાગ કરે છે. વળી તે શુભ રાગ થાય છે તે પ્રતિમાને લીધે થયો નથી. અશુભથી બચવા શુભરાગ આવે છે તે પુણ્ય છે પણ ધર્મ નથી. જે જીવ શુભ ભાવથી ધર્મ માને છે ને દેહની ક્રિયાથી ધર્મ માને છે તે મિથ્યાત્વી છે. પ્રતિમાની પર્યાયો ક્ષણે ક્ષણે વિનાશ પામે છે તેને આત્મા ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. નિમિત્તથી રાગ થયો નથી તેમ જ નિમિત્તના અવલંબને જ્ઞાનદર્શન નથી, પણ પોતાના આધારે જ્ઞાનદર્શન છે, એવું ભાન હોય છતાં નબળાઈથી અલ્પ રાગ આવે ને તેનો નિષેધ વર્તે તો તે વાત યથાર્થ છે.

## શુભભાવો ક્રમસર છે ને તેનાં નિમિત્તો તે શુભને યોગ્ય જ હોય છે.

જે સમયે જે શુભભાવ આવવાનો છે તે જ શુભ તે વખતે આવે છે ને તે શુભને યોગ્ય તે જ નિમિત્ત હોય છે, બીજુ કોઈ હોતું નથી. કોઈ કહે કે બીજા નિમિત્તો ત્યાં આવી જાય તો ? એ પ્રશ્ન જ અસ્થાને છે, કોઈ પણ ક્રમ ફરતો નથી. શુભ–અશુભના અસંખ્ય પ્રકારો છે.

૧) જે વખતે દયાનો શુભભાવ આવવાનો છે તે વખતે બીજો શુભ આવે જ નહિ, તેમ જ તે વખતે દયામાં નિમિત્ત બીજા જીવ ઉપર જ લક્ષ જાય પણ અન્ય નિમિત્ત ઉપર લક્ષ ન જાય.

૨) જે વખતે ભક્તિનો શુભભાવ આવવાનો તે વખતે તે જ શુભ આવે, બીજો નહિ; તેમ જ તે ભક્તિમાં નિમિત્ત પ્રતિમા ઉપર જ લક્ષ જાય પણ અન્ય નિમિત્ત ઉપર લક્ષ ન જાય.

૩) જે વખતે દેવ-ગુરુ-શાસ્ત્રના આદરનો શુભભાવ આવવાનો તે વખતે તે જ આવે, બીજો નહિ; તેમ જ તે વખતે આદરમાં નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર જ લક્ષ જાય પણ અન્ય નિમિત્ત ઉપર ન જાય.

## જ્ઞેય પર્યાયોથી જ્ઞાન થતું નથી પણ આત્માથી જ્ઞાન થાય છે.

તે નિમિત્તોની પર્યાયને ગ્રહવા–મુકવાનો આત્મામાં અભાવ છે. જેવાં જેવાં નિમિત્તો હોય છે તેવું જ જ્ઞાન વ્યવહારે કરે છે. પરપદાર્થને લીધે જ્ઞાન થતું નથી છતાં પણ જે નિમિત્તો વર્તતા હોય છે તેવું જ જ્ઞાન આત્માના કારણે થાય છે. પરપદાર્થની પર્યાયથી જ્ઞાન થાય છે, એમ માનવું તે મિથ્યાશલ્ય છે. સમ્યગ્દર્શન વિના તે ટળે નહિ. પેટમાં પડેલી સોય લોહચૂંબકથી નીકળે છે તેમ આત્મા સ્વતંત્રપણે જ્ઞાન કરે છે એવી માન્યતા કરે તો મિથ્યાત્વશલ્ય નીકળે ને ધર્મ થાય.

## સાચી માન્યતા થતાં જીવ પોતાના શુદ્ધ સ્વભાવને ગ્રહે છે ને મિથ્યાત્વને છોડે છે.

વળી હું અચળ છું, એમ માન્યતાનો સ્વીકાર કરતા, પ્રથમ ચળ સ્વભાવની માન્યતા હતી, વળી પરપદાર્થને ગ્રહું છું ને છોડી શકું એવી માન્યતા પણ પ્રથમ હતી. પરંતુ તે પરપદાર્થને ગ્રહતો ન હતો તેમ જ છોડતો ન હતો પણ પરથી મને લાભ છે ને નિમિત્તથી મને જ્ઞાન થાય છે એવી મિથ્યાત્વની પર્યાયને તે ગ્રહતો હતો ને પોતાનો ત્રિકાળી અચળ સ્વભાવ સ્વતંત્ર છે તેને છોડતો હતો. તે હવે સાચું જ્ઞાન કરે છે કે પરને અને મારે અત્યંત અભાવ છે. અધૂરી દશામાં શુભભાવ આવે છે પણ નિમિત્તથી રાગ થયો નથી. તેમ જ શુભરાગ થયો માટે નિમિત્ત પાસે ગયો એમ માનતો નથી ને શુભ રાગ થયો તેથી ધર્મ નથી, એમ હવે સાચી માન્યતા કરે છે. શરીર, કર્મ, વગેરે બધા પરપદાર્થો છે, તેને હું અડ્યો જ નથી. એક બીજામાં અભાવ છે. તેની સાથે હું એકમેક નથી ને તે સંબંધીના જ્ઞાનથી એકમેક છું એવું સાચું જ્ઞાન થતાં પોતાના શુદ્ધ સ્વભાવને સમયે સમયે ગ્રહે છે ને મિથ્યાત્વને છોડે છે, એટલે કે મિથ્યાત્વ છૂટી જાય છે.

## અભાવરૂપ વસ્તુ આત્મામાં પેસી જાય ને દુ:ખ આપે એ માન્યતા મિથ્યા છે.

પ્રશ્ન:– અગ્નિ અડવાથી આંગળીની ચામડી બળે છે ને તેથી દુ:ખ થાય છે ને ?

સમાધાન:–અડવાનો અર્થ કરવો જોઈએ. અડવું તે ક્ષેત્રની નજીકતા બતાવે છે. અગ્નિના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને આંગળીના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે. બન્નેને અન્યોન્ય અભાવ વર્તે છે તેથી અડ્યાનો અર્થ બે થઈને એક થતું નથી ને ક્ષેત્ર નજીક કહો તો બન્નેના ક્ષેત્ર જુદા છે એટલે સ્વતંત્ર છે. ચામડીની ઠંડી પર્યાયનો વ્યય થઈ ગરમનો ઉત્પાદ થયો ને પરમાણુ ધ્રુવ રહ્યા તેને અજ્ઞાની જોતો નથી, પણ તેને ભ્રમ પડે છે. સંયોગ કહેતા જ પૃથકતા બતાવે છે. આંગળીમાં ફોડલા પડ્યા તેને લીધે દુ:ખ માને છે પણ જે વસ્તુ અભાવરૂપ હોય તેનાથી દુ:ખ થઈ શકે નહિ. કોઈ કહે કે સસલાના શીંગડા મને લાગ્યા પણ સસલાના શીંગડાનો અભાવ છે, તે તને કેવી રીતે વાગે ? એ જેમ મિથ્યાવાત છે તેમ અગ્નિની પર્યાયનો ને આંગળીની પર્યાયનો આત્મામાં અભાવ છે. અભાવ આત્માને દુ:ખ આપે, એમ માનવું તે ભ્રાંતિ છે. શરીર મારું છે ને શરીર દાઝવાની સાથે આત્મા દાઝી ગયો એવી કલ્પના તે દુ:ખ છે.

## ઉપાદાન ને નિમિત્તમાં સમયભેદ નથી, એકી સમયે છે.

એવી જ રીતે પાણીની પર્યાય શીતળ છે. તેમાંથી શીતળનો વ્યય થઈ ગરમરૂપ ઉત્પાદ થાય છે ને પરમાણુ ટકી રહે છે. તે ઉત્પાદ–વ્યય પાણીના છે, છતાં અજ્ઞાની જીવ અગ્નિથી પાણી ગરમ થયું તેમ માને છે. પાણીના ઉત્પાદ–વ્યય પાણીને લીધે હોય કે અગ્નિને લીધે હોય ? અગ્નિને લીધે ન જ હોય. પાણી ગરમ થયું છે કે અગ્નિ ગરમ થઈ છે ? અગ્નિ તો ગરમ હતી જ. પાણીનો ગરમરૂપ ઉત્પાદ થયો છે, ને જે વખતે ઉત્પાદ થાય છે તે વખતે અગ્નિ નિમિત્ત હોય છે, તેને સમયભેદ નથી. અજ્ઞાની માને છે કે અગ્નિ આવી, પછી પાણી ગરમ થયું તો તો નિમિત્ત ને ઉપાદાનમાં સમયભેદ થઈ જાય, એમ કદી બની શકે નહિ. જે વખતે ગરમરૂપ ઉત્પાદ પર્યાય પાણીમાં થાય છે તે જ સમયે અગ્નિ નિમિત્ત હોય છે.

## એક વર્તમાન પર્યાય પરથી માનવામાં આવે તો અનંતા દ્રવ્યના નાશનો પ્રસંગ આવે.

પરપદાર્થને સંયોગોથી જોનાર જીવ સ્વપદાર્થને પણ સંયોગથી જુએ છે ને સ્વપદાર્થને સંયોગ રહિત જુએ તો બધા પરને પણ સંયોગ રહિત

જુએ. પરપદાર્થની પર્યાય ચળ છે. તેને હું ગ્રહતો નથી તેમ છોડતો નથી. અગ્નિની ગરમ પર્યાય રૂપી છે ને આત્મા અરૂપી છે તો પછી આત્મા કેવી રીતે ઊનો થઈ ગયો ને બળ્યો ? હા, એટલુ ખરૂં કે પૂર્વ પર્યાયમાં જે જ્ઞાન હતું તે હવે પલટીને શરીરની અવસ્થા બળવારૂપે થઈ એવું જ્ઞાન કરે છે, પણ જ્ઞાન કરવા સાથે આ શરીરની અવસ્થા મને દુઃખરૂપ છે એવી ભ્રાંતિ ઊભી કરે છે. આંગળીમાં ફેરફાર થયો છે, પાણી ગરમ થયું છે, -એમ સ્વતઃ પરિણમન પ્રત્યક્ષ થઈ રહ્યું છે, એમ નહિ માનતાં પરથી થયું એમ માનવું ને પરના ફેરફારથી આત્મામાં સુખદુઃખ માનવું તે ભ્રાંતિ છે. એક સમયનું વર્તમાન - પરનું અથવા સ્વનું - બીજી ચીજને લીધે માનવામાં આવે તો વસ્તુના નાશનો પ્રસંગ આવે છે.

## સ્વભાવ દ્રષ્ટિથી જોનારને સાચાં જ્ઞાન ને ધર્મ થાય છે.

દરેક સમયનું પરિણમન સ્વતંત્ર થાય છે, એવો વસ્તુનો સ્વભાવ પ્રત્યક્ષ જણાય છે. કેવળીઓ, સંતો, મુનિઓ, એમ જ કહે છે ને શાસ્ત્ર પણ એમ જ કહે છે. દરેક પર્યાય તેના કારણે થાય છે, આત્મા તેને ગ્રહતો નથી કે છોડતો નથી. તેને લીધે જ્ઞાન નથી, જ્ઞાન મારા સ્વભાવના કારણે છે, એમ સ્વભાવદ્રષ્ટિથી જોનારને ધર્મ થાય છે. પરની પર્યાય જે ચળ છે તેનો મારામાં અભાવ છે એટલે હું અચળ છું ને તેના નિમિત્તે થતા જ્ઞાન-પર્યાયથી હું એક છું. હું એક છું માટે શુદ્ધ છું ને શુદ્ધ છે તે જ ધ્રુવ છે એમ ધ્રુવનું અવલંબન કરવા જેવું છે.

આમ સ્વભાવદ્રષ્ટિથી જોનારને સાચું જ્ઞાન ને ધર્મ થાય છે. આવી રીતે અચળ સ્વજ્ઞેય તે કર્તા ને વીતરાગી પરિણામ તે કાર્ય એમ સ્વજ્ઞેયને લક્ષમાં લેવું તે સમ્યગ્દર્શન છે.

## (૫) નિરાલંબપણાને લીધે સ્વજ્ઞેયને એકપણું છે.

વળી શાશ્વત જ્ઞેય દ્રવ્યોના આલંબનનો અભાવ છે તેથી આત્મા નિરાલંબ છે. ચોથા બોલ ‘અચળ’માં પરજ્ઞેયની પર્યાયથી જુદો બતાવેલ હતો અને આ પાંચમાં બોલમાં પરજ્ઞેયો–દ્રવ્યથી જુદો બતાવે છે. તીર્થંકરો વગેરે શાશ્વત જ્ઞેયો નિત્ય વર્તે છે, પણ તે જ્ઞેયોનું આત્માને અવલંબન નથી. નીચલી દશામાં દેવ-ગુરુની ભક્તિનો શુભરાગ હોય છે ને દેવ-ગુરુનું અવલંબન છે એમ ભક્તિમાં કથન કરે છે પણ તે વ્યવહારકથન છે. ધર્મીજીવ શુભરાગને પણ અવલંબનરૂપ માનતો નથી તો પછી તીર્થંકર વગેરે પદાર્થો તો પર છે, તેનું અવલબંન સ્વજ્ઞેયને નથી. માટે પરદ્રવ્યોથી વિભાગ છે ને તે નિમિત્તોથી પોતાના કારણે ઉત્પન્ન થતા જ્ઞાનથી એકમેક છે તેથી એકપણું છે. નિરાલંબ આત્મા સ્વજ્ઞેય તે કર્તા ને વીતરાગ પરિણામ તે

કાર્ય એવું સ્વજ્ઞેય એકપણું છે. એક છે માટે શુદ્ધ છે ને શુદ્ધ છે તે જ ધ્રુવ છે. તે ધ્રુવ અનુભવવા યોગ્ય છે.

***

# પ્રસાદ નં. ૧૪૯.

## પ્રવચનસાર ગાથા ૧૯૨

(ફાગણ વદ ૪, મંગળવાર )

જેને આત્માની શાંતિ જોઈતી હોય તેને ક્યા ઉપાયથી શાંતિ મળે તે વાત કહેવાય છે. આ ગાથામાં નિરાલંબપણાને લીધે આત્માને એકપણું છે, તેની વાત ચાલે છે. આ આત્મા જ્ઞાતાસ્વરૂપ જ્ઞાનનો આધાર છે. દ્રષ્ટા સ્વરૂપદર્શનનો આધાર છે. દ્રવ્ય આધાર છે ને ગુણો આધેય છે ને પર્યાય નક્કી કરનાર છે. એટલે પ્રથમ તો આ ગાથામાં જે નિરાલંબી વગેરે પાંચ બોલથી આત્માને એકપણું કહ્યું છે તે નક્કી કરનાર જીવે પ્રથમ તો આટલી વસ્તુનો નિર્ણય જરૂર કર્યો હોવો જોઈએ.

## મુમુક્ષુ જીવે પ્રથમ આટલું તો નક્કી કરવું જોઈએ.

(૧) પરપદાર્થોનું મને આલંબન નથી, મને તો મારું જ આલંબન છે. આલંબન લેનાર ગુણો છે ને આલંબન આપનાર ત્રિકાળી દ્રવ્ય છે ને પર્યાયમાં વિચાર ચાલે છે. એમ દ્રવ્ય–ગુણ–પર્યાય–ત્રણે થઈને વસ્તુ છે.

(૨) દ્રવ્ય ગુણ તો અનાદિના છે. તેમાં કાંઈ વિચાર કરવાનું નથી. પર્યાય વિચાર કરે છે, પૂર્વે બીજો વિચાર હતો ને હવે બીજો વિચાર કરે છે તેથી પર્યાય પલટન પામે છે ને દ્રવ્યગુણ ધ્રુવ રહે છે. નિત્ય પરિણામી દ્રવ્ય છે, આત્મા કૂટસ્થ નથી.

(૩) સ્વજ્ઞેયને લીધે પરજ્ઞેયમાં ને પરજ્ઞેયને લીધે સ્વજ્ઞેયમાં કાર્ય માનતો એવી મિથ્યાભ્રમણા પોતાના કારણે પર્યાયમાં હતી, તે તદ્દન ભ્રમ ન હતો.

(૪) તે મિથ્યાભ્રાંતિ વખતે ઈન્દ્રિયો તથા પરપદાર્થોનું અવલંબન હતું માટે ઈન્દ્રિયો તથા બીજા જ્ઞેયો અનાદિથી છે. બધાં થઈને અદ્વૈત નથી.

(૫) તે જ્ઞેયો ક્ષણ વિનાશરૂપે પ્રવર્તતા પર્યાયોવાળા છે એટલે પરપદાર્થો પલટન પામે છે. માટે એકાંત નિત્ય નથી.

(૬) પર્યાયો પલટવા છતાં દ્રવ્યનું ધ્રુવપણું ટકી રહે છે. માટે વસ્તુ એકાંત અનિત્ય નથી.

(૭) પરને લીધે કાર્ય થાય તેવી ઊંધી માન્યતા હતી તેથી ઊંધી માન્યતામાં નિમિત્ત કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર હોવા જોઈએ.

(૮) આત્મા અતીન્દ્રિય છે, નિરાલંબી છે એવી સાચી વાત કાને પડી તો તેવી સાચી વાત કહેનારા સત્ દેવ, ગુરૂ, શાસ્ત્ર હોવા જોઈએ.

(૯) કુદેવ, કુગુરૂ, કુશાસ્ત્રનો પ્રથમ આદર હતો હવે તેનો આદર છોડી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર સ્વલક્ષે કરે છે.

(૧૦) પરનું આલબંન છોડી સ્વનું આલબંન કરવાનું કહે છે તો સ્વનું પૂરેપુરૂં આલબંન કરી પરિપૂર્ણ દશા પ્રગટ કરેલા સર્વજ્ઞને જાણવા જોઈએ.

(૧૧) સ્વનું આલબંન પરિપૂર્ણ પ્રગટ ન થાય ત્યાં સુધી તે પરિપૂર્ણદશાને સાધવાવાળા સાધક મુનિઓ વગેરે હોવા જોઈએ, તેને માનવા જોઈએ.

(૧૨) સ્વજ્ઞેયના અવલંબને ધર્મ થાય ને પરજ્ઞેયના અવલબંને ધર્મ ન થાય એમ અસ્તિ–નાસ્તિ વગેરે અનેકાંત ધર્મો બતાવનારા સત્ શાસ્ત્રને માનવાં જોઈએ.

(૧૩) કુદેવ, કુગુર, કુશાસ્ત્રનું લક્ષ છોડી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વાત હંમેશા આદરથી સાંભળે છે છતાં તેના આધારે ધર્મ માનતો નથી કારણકે તે પરજ્ઞેયો છે.

(૧૪) ઈન્દ્રિયોથી જ્ઞાન થાય તેમ માનતો હતો, હવે સત્‌સમાગમે જાણ્યું કે અતીન્દ્રિય સ્વભાવના લક્ષે ધર્મ ને સુખ પ્રાપ્ત થઈ શકે એમ છે.

(૧૫) પોતે અતીન્દ્રિય જ્ઞાન સ્વભાવ છે, એમ નક્કી કરતાં ગુણગુણી અભેદ નક્કી થાય છે, ગુણ-ગુણીને પ્રદેશભેદ નથી.

(૧૬) ગુણગુણીને પ્રદેશભેદ નહિ હોવા છતાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિ ભેદે ભેદ છે. એક ગુણ વિકાસ પામતાં બીજા ગુણ તુરત જ વિકાસ પામે એમ બનતું નથી પણ દર્શન, ચારિત્ર, ક્રમસર વિકાસ પામે છે.

(૧૭) તે ગુણોના વિકાસનો આધાર પરપદાર્થ નથી પણ આત્મા જ આધાર છે, ગુણી આધાર છે ને ગુણો આધેય છે.

.(૧૮) પોતે પોતાનો આધાર છે માટે તેનું આલબંન લ્યે છે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રનું આલબંન લીધું એમ વ્યવહારથી બોલાય છે એટલે કે ઉપાદાનમાં કામ થાય છે ત્યારે નિમિત્તનો આરોપ અપાય છે–એમ ઉપાદાન–નિમિત્તનો મેળ સમજે છે. નિમિત્તો છે ખરા પણ નિમિત્તના અવલબંને લાભ માનતો નથી.

(૧૯) આત્મા પરજ્ઞેયથી જુદો છે. તે ત્રિકાળ જુદો છે ને સિદ્ધદશામાં પણ જુદો રહે છે, બીજામાં ભળી જતો નથી માટે જ્યોતમાં જ્યોત ભળી જાય છે, તે વાત માનતો નથી.

(૨૦) પરજ્ઞેયોના કારણે જ્ઞાન થતું નથી પણ પોતે જ્ઞાનાત્મક પદાર્થ છે માટે જ્ઞાન થાય છે ને પરજ્ઞેયોથી જુદો માને છે. પણ પરજ્ઞેયો સંબંધી પોતાના જ્ઞાનથી પોતાને જુદો માનતો નથી પણ એક માને છે, આમ જ્ઞાનાત્મક માને છે.

આવા આવા અનેક પ્રકારે વસ્તુસ્વરૂપ છે, તે પ્રથમ નક્કી કરવું જોઈએ.

## આત્માને પરપદાર્થોથી નિરાલંબપણું છે ને તેના સંબંધી જ્ઞાનથી એકપણું છે માટે શુદ્ધ છે.

આવી રીતે જીવે વસ્તુસ્વરૂપનો બધાં પડખાંથી નિર્ણય કરવો જોઈએ ને તે માટે સાચી પ્રરૂપણા કરનાર પાસેથી તે વાત સાંભળવી જોઈએ. તેવા જિજ્ઞાસુ જીવને કહે છે કે પરજ્ઞેયની સત્તા ને સ્વજ્ઞેયની સત્તા જુદી છે. પરજ્ઞેયોનું અવલબંન નથી, ઈન્દ્રિયો મારાથી જુદી છે ને ઈન્દ્રિયોથી મને જ્ઞાન નથી પણ તેના નિમિત્તે થતા મારા જ્ઞાનપર્યાયથી હું જુદો નથી, તેથી એક છું, એક છું માટે શુદ્ધ છું, શુદ્ધ છે તે જ ધ્રુવ છે ને ધ્રુવ અનુભવ કરવાયોગ્ય છે.

આ રીતે આત્મા શુદ્ધ છે કારણકે ચૈતન્યમાત્ર શુદ્ધનય આત્માને માત્ર શુદ્ધ જ નિરૂપણ કરે છે. શુદ્ધ શબ્દ વાચક છે ને વાચ્યા શુદ્ધ સ્વભાવી આત્મા છે. તે સ્વભાવને જ ગ્રહે છે ને અવલંબે છે પણ પુણ્યપાપને સ્વીકારતો નથી. અને આ એક જ (શુદ્ધ આત્મા જ) ધ્રુવપણાને લીધે અનુભવવા યોગ્ય છે. વળી કર્મો ક્ષણે ક્ષણે વિનાશ પામતા જ્ઞેયપર્યાયો છે. તેનો ઉદય ને નાશ તેનામાં થાય છે. આત્માએ કર્મને ગ્રહણ જ કર્યા નથી તેથી કર્મને છોડવાપણું પણ નથી. પર તરફ લક્ષ ન રહેતાં, આત્મામાં પુણ્યપાપનો પણ આદર રહેતો નથી તેથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે ને એવો જે શુદ્ધ આત્મા તે જ અનુભવવા યોગ્ય છે.

## સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ ને સત્‌શાસ્ત્ર અધ્રુવ છે. મોક્ષમાર્ગી જીવ તેનું અવલંબન કરી અટકતો નથી.

મુસાફર ચાલ્યો જાય છે ત્યાં માર્ગ ઉપર હજારો ઝાડ હોય છે. રસ્તે ચાલતાં આંબાની છાયા આવે કે બાવળની છાયા આવે તો તે છાયાને પકડતો નથી, સુગંધી ગુલાબના ફૂલઝાડ હોય કે લીંબડાના કડવા ઝાડ હોય

તો તે છાયાની સાથે મુસાફરને પ્રયોજન નથી. તેને તો ગામમાં પહોંચવું છે, તે તેનું પ્રયોજન છે. તે ગામ પહોંચવા માટે ઉત્સુક છે તેથી ગુલાબના ફૂલની તથા આંબાની છાયાને પોતાની માની ત્યાં અટકતો નથી પણ સીધો પોતાને ગામ ચાલ્યો જાય છે. તેમ મુમુક્ષુ જીવ પોતાના મોક્ષમાર્ગે ચાલ્યો જાય છે ને સિદ્ધદશા તેનું ધ્યેય છે. રસ્તામાં અનુકૂળ સામગ્રી હોય કે પ્રતિકૂળ સામગ્રી હોય તેની સાથે તેને સંબંધ નથી. રસ્તામાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર ઊભા હોય તેને તો પ્રથમથી જ છોડી દીધા છે પણ સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર ઊભા છે ત્યાં પણ તે વિસામો લેવા રોકાતો નથી. કારણકે તે પદાર્થો અધ્રુવ છે. મારે તેનું શું પ્રયોજન છે ? મોક્ષમાર્ગમાં સમયસાર હોય કે પદ્મપુરાણ હોય, સમેતશિખર હોય કે સોનગઢની ધારું હોય, ઝુપડું હોય કે બંગલો હોય, સર્વજ્ઞદેવ હોય કે કુદેવ હોય, મારે તે પદાર્થો સાથે શું સંબંધ છે ? એ બધા અધ્રુવ છે. મારે તેની સાથે કાંઈ પ્રયોજન નથી. મુમુક્ષુ જીવ તે બધાની સામે નહિ જોતો, સ્વભાવ સન્મુખ રહેતો મોક્ષમાર્ગે ચાલ્યો જાય છે.

**ભાવાર્થ :**—આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, ઈન્દ્રિયો વિના સર્વેને જાણનારો મહાપદાર્થ છે, જ્ઞેયપર્યાયોને ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. કર્મનો ઉદય, ભગવાનની વાણી, ભગવાનનું કેવળજ્ઞાન–એ બધા જ્ઞેયપર્યાયો છે, તેને આત્મા ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. કર્મનું ફળ જીવમાં આવે છે એમ અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે. કર્મનો અનુભાગ વગેરે કર્મમાં આવે છે, જીવમાં આવતો નથી. જીવ જયારે પુરુષાર્થ કરે છે ને સ્વ તરફ વળે છે ત્યારે તે તે કર્મની પર્યાયોમાં સંક્રમણ, ઉદીરણા વગેરે ભેદો થાય છે. આત્માને કર્મને લીધે વિકાર કરવો પડે તે માન્યતા મિથ્યા છે. વળી આત્માને દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેનું અવલંબન નથી માટે આત્મા નિરાલંબ છે. તેથી તે એક છે. એક છે માટે શુદ્ધ છે. શુદ્ધ છે તે જ ધ્રુવ છે. ને ધ્રુવ અનુભવવા યોગ્ય છે.

હવે, અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ પણ ઉપલબ્ધ કરવા યોગ્ય નથી, એમ ઉપદેશે છે :–

## ગાથા ૧૯૩.

**લક્ષ્મી, શરીર, સુખદુ:ખ અથવા શત્રુમિત્ર જનો અરે !**
**જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે. ૧૯૩**

**અન્વયાર્થ :**—શરીરો, ધન, સુખદુ:ખ અથવા શત્રુમિત્રજનો–એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગાત્મક આત્મા છે.

**ટીકા** :—આત્મા સિવાયની પરવસ્તુઓ–નિગોદથી માંડીને પંચપરમેષ્ઠી ને પરમાણુથી માંડીને અચેત મહાસ્કંધ સુધીના–બધા પરપદાર્થો આત્માથી જુદા છે. તે અશુદ્ધપણાનું કારણ છે. જીવ સ્વલક્ષ કરે છે ત્યારે વિકાર થતો નથી પણ પર લક્ષ કરે છે ત્યારે અશુદ્ધતા થાય છે. માટે તે પદાર્થો અશુદ્ધતાનું નિમિત્ત કહેવાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રને પણ અશુદ્ધપણાનું કારણ કહ્યું છે કારણકે તેના લક્ષે શુદ્ધતા થતી નથી પણ અશુદ્ધતા થાય છે. માટે કોઈ બીજા પદાર્થો શરણભૂત નથી, માત્ર શુદ્ધ આત્મા તે જ ધ્રુવ છે ને તે જ શરણભૂત છે.

## પરપદાર્થો અસત્ છે, અહેતુક છે, આદિ—અંતવાળા છે, પરતઃસિદ્ધ છે માટે તેનાથી ધર્મ થતો નથી.

(૧) પરપદાર્થો અસત્ છે. દેહ, ધન વગેરે આદિ–અંતવાળા છે, પલટી જાય છે. સર્વજ્ઞ ભગવાન હોય તો તે મોક્ષ ચાલ્યા જાય છે, ગુરુ પણ બીજે ચાલ્યા જાય છે, પુસ્તકો પડ્યાં રહે છે. પરપદાર્થોનો સંયોગ થાય છે. માટે તેને આદિ છે ને વિયોગ થાય છે માટે તેને અંત છે. માટે અસત્ કહ્યા છે.

(૨) વળી તે પદાર્થો હેતુવાળા છે, કારણકે તેનો સંયોગ મળવામાં કોઈ નિમિત્ત હોય છે. દેહ, ધન, આદિ મળવામાં કર્મ નિમિત્ત છે, દેવ-ગુરુ-શાસ્ત્ર મળવામાં પુણ્યકર્મ નિમિત્ત છે. કોઈને સાચા દેવ-ગુરુનો યોગ મળે છે, કોઈને મળતો નથી; કોઈને લક્ષ્મી મળે છે, કોઈને મળતી નથી; તે પદાર્થો બીજાના નિમિત્તે મળે છે માટે પરતઃસિદ્ધ કહ્યા છે. તે નિમિત્તથી સાબિત થાય છે માટે તે શરણ કરવા જેવા નથી.

અજ્ઞાનીને વસ્તુસ્વરૂપની ખબર નથી. તેની દ્રષ્ટિ તો પરપદાર્થની પર્યાય ફેરવવા ઉપર છે. તે પરપદાર્થોની પર્યાયનો પોતાની પર્યાય સાથે સંબંધ જોડે છે. પણ તે ક્ષણિક પર્યાયો સાથે આત્માનો સંબંધ જોડવા જેવો નથી કારણકે તે પલટતી અવસ્થાઓ છે ને પલટતી અવસ્થાના લક્ષે ધર્મ થાય નહિ. તે સ્વદ્રવ્યને તેમ જ પરદ્રવ્યને સ્વતંત્ર જાણતો નથી.

## ત્રિકાળી શુદ્ધ આત્મા સત્ છે ને અહેતુક છે; તેના લક્ષે ધર્મ થાય છે.

ત્રિકાળી શુદ્ધ આત્મા જ ધ્રુવ છે. તેની સાથે સંબંધ જોડે તો ધર્મ થાય.

૧. આત્મા સત્ છે, તે કોઈ સંયોગી પદાર્થ નથી, આદિ–અંત વિનાનો છે.

૨. આત્મા અહેતુક છે, કોઈ કર્મને લીધે અથવા કોઈ નિમિત્તને કારણે આત્મા પ્રાપ્ત થયો નથી, કોઈના કારણે મળ્યો નથી. આત્મા સ્વતઃસિદ્ધ છે.

આમ જીવ જો સાચી સમજણ કરે ને પરની પર્યાયને તેના દ્રવ્ય સાથે સંબંધ જોડે તો સ્વપર્યાયને સ્વ આત્મામાં જોડવાનો પ્રસંગ બને. સામેના પદાર્થો–દેવ-ગુરુ, શાસ્ત્રની પર્યાયો ક્ષણિક છે. સંયોગ પૂરો થતાં તે વસ્તુ છૂટી જાય છે માટે તે પર્યાયોનું આત્માને અવલંબન લેવા જેવું નથી એમ નક્કી કરી પરપદાર્થની પર્યાયોથી સ્વપર્યાયને ખેસવી સ્વ પદાર્થ જે સત્ ને અહેતુક છે, કોઈ નિમિત્ત વિનાનો ને આદિ અંત વિનાનો સ્વતઃ સિદ્ધ પદાર્થ છે તે તરફ વાળે તો ધર્મ થાય છે. માટે ધ્રુવ આત્મા શરણ કરવા યોગ્ય છે.

અહીં આચાર્ય ભગવાન બહુ સ્પષ્ટતા કરે છે કે હે ભાઈ, તારે ધર્મ કરવો હોય તો પરઉપરથી દ્રષ્ટિ ખેસવી લે. કુટુંબકબીલાથી માંડીને દેવ, ગુરુ ને તીર્થંકર તથા સિદ્ધના જીવો, એક પરમાણુથી માંડીને અચેત મહાસ્કંધ સુધીના જડ પદાર્થો, લૌકિક ગ્રંથોથી માંડીને સમયસાર સુધીના શાસ્ત્રો–બધા પરતઃ સિદ્ધ ને આદિ અંતવાળા છે. જેમ સથવારાના માણસો રસ્તામાં ભેગા થાય ને સૌ સૌના ઘર આવતાં છૂટા પડી જાય છે તેમ કુટુંબકબીલા, દેવ-ગુરુ, બધા સથવારા છે, છૂટા પડી જાય છે, પરતઃ સિદ્ધ છે; માટે અધ્રુવ છે. તેના લક્ષે ધર્મ કે સુખ નથી માટે તેની દ્રષ્ટિ છોડી ધ્રુવ આત્માની દ્રષ્ટિ કર તો ધર્મ ને સુખ થાય તેમ છે.

***

# પ્રસાદ નં. ૧૫૦.

## પ્રવચનસાર ગાથા ૧૯૩
## બાહ્ય સંયોગો હોવા છતાં ધર્મી જીવને તેના ઉપર દ્રષ્ટિ નથી પણ ધ્રુવ શુદ્ધ આત્મા ઉપર જ દ્રષ્ટિ છે.

ધર્મી જીવની દ્રષ્ટિ કોના ઉપર છે તેની વાત ચાલે છે. શરીર, મન, વાણી, દેવ-ગુરુ-શાસ્ત્ર, લક્ષ્મી વગેરે બધા અધ્રુવ છે, શરણભૂત નથી. આ ગાથામાં સુખદુ:ખ આત્માને ધ્રુવ નથી, એમ કહ્યું છે. અહીં સુખદુ:ખનો અર્થ–સુખદુ:ખના નિમિત્તો શરીર, લક્ષ્મી, દેવ, ગુરુ વગેરે લેવાનાં છે. કેટલાય જીવો એમ કહે છે કે ધન વગેરે કર્મના નિમિત્તે મળતું નથી, તે વાત ખોટી છે. અહીં ચોખ્ખો પાઠ છે કે શાતા–અશાતાનાં નિમિત્તે સયોગોની પ્રાપ્તિ તે તે પ્રકારની થાય છે. અહીં તો ધર્મી જીવ વિચારે છે કે શરીર, નીરોગતા, ચક્રવર્તીનું રાજ્ય, દેવીઓના સુખ અથવા નરકમાં પ્રતિકૂળતાના સંયોગો મળવા છતાં હું તેનો અનુભવ કરતો નથી. ધર્મી જીવની દ્રષ્ટિ શુદ્ધ ચિદાનંદ સ્વભાવ કે જે ધ્રુવ છે તેના ઉપર છે. ઈંદ્રપદ કે ચક્રવર્તીના પદ મળ્યાં છે તે મારા નથી. હું તો જ્ઞાનદર્શનસ્વભાવમય છું. લક્ષ્મી, શરીર, રાજ્ય હોવા છતાં તેની રુચી કરતો નથી પણ ધ્રુવ આત્માની જ રુચિ કરે છે.

હવે, એ રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી શું થાય છે, તે કહે છે:–

## ગાથા ૧૯૪

**આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,**
**સાકાર અણ–આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.**

<u>અન્વયાર્થ :</u>–જે આમ જાણીને વિશુદ્ધાત્મા થયો થકો પરમ આત્માને ધ્યાવે છે, તે સાકાર હો કે અનાકાર હો–મોહગ્રંથિ ક્ષય કરે છે.

## શુદ્ધ આત્મત્વની પ્રાપ્તિને લીધે ધ્યાન થાય છે.

<u>ટીકા :</u>–ઉપર કહી તે વિધિ પ્રમાણે એટલે કે પરજ્ઞેય તરફથી ખસી સ્વજ્ઞેય ધ્રુવ તરફ જે વળે છે તેને શુદ્ધાત્મામાં જ પ્રવૃત્તિ હોય છે. બીજા નિમિત્તો આદિ–અંતવાળા ને પરત:સિદ્ધ છે ને આત્મા અનાદિ–અનંત, સ્વત:સિદ્ધ છે. તેવા ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટામાં એકાકાર થવું તે પ્રવૃત્તિ છે ને તે પ્રવૃત્તિ દ્વારા શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે, ને વ્યવહાર પ્રવૃત્તિ દ્વારા તથા પરપદાર્થની પ્રવૃત્તિ દ્વારા શુદ્ધ આત્માની પ્રાપ્તિ થતી નથી. પરપદાર્થો અસત્ છે, શરણભૂત નથી. આત્મા જ એક શરણભૂત છે. એવા શુદ્ધ આત્માની પ્રાપ્તિને લીધે અનંત શક્તિવાળા ચૈતન્યમાત્ર પરમ આત્માનું ધ્યાન હોય છે. એક અગ્રનું (વિષયનું, ધ્યેયનું) સંચેતન અર્થાત અનુભવન તે ધ્યાનનું લક્ષણ છે. અહીં પુણ્યપાપ વિનાનો, નિમિત્ત ને સંયોગ વિનાનો

એક શુદ્ધ આત્મા જ અગ્ર કરેલ છે ને તેનું જ અનુભવન તે ધ્યાન છે કારણકે તે અનંત શક્તિનો પિંડ છે. તેમાંથી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્ય પ્રગટ થાય છે. આ પ્રમાણે શુદ્ધાત્માની પ્રાપ્તિને કારણે ધ્યાન હોય છે.

## સાકાર તથા અનાકાર ઉપયોગની સ્પષ્ટતા.

**સાકાર ઉપયોગ :** સવિકલ્પ જ્ઞાન ઉપયોગ. આ શરીર છે, આ જીવ છે, આ મનુષ્ય છે, એવા ભેદ પાડીને જાણનારો ચેતનાનો ઉપયોગ તે સાકાર ઉપયોગ છે.

**અનાકાર ઉપયોગ :** ભેદ પાડ્યા વગરનો ચેતનનો ઉપયોગ. આ જીવ છે, આ અજીવ છે, એવા ભેદ પાડ્યા વગર સત્તામાત્ર પ્રતિભાસ તેને અનાકાર ઉપયોગ કહે છે. ક્ષાયિક લબ્ધિ વખતે જ્ઞાન ઉપયોગ જ હોય છે, દર્શન ઉપયોગ હોતો નથી. છતા અહીં બન્ને ઉપયોગ કેમ લીધા છે ? – તો તેનું સમાધાન એમ છે કે અનુભવ વખતે સાકાર ઉપયોગમાંથી સાકાર ઉપયોગમાં આવે કે અનાકાર ઉપયોગમાંથી સાકાર ઉપયોગમાં આવે, એમ સમજી બન્ને ઉપયોગવાળાને લીધા છે.

## ધ્યાનથી મોહનો નાશ થાય છે.

તેવા સાકાર ઉપયોગવાળાને કે અનાકાર ઉપયોગવાળાને બન્નેને એક વિષયનું અનુભવન હોય છે. ધ્યાન લક્ષ્ય છે ને એકાગ્ર સંચેતન તેનું લક્ષણ છે. જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વરૂપી જ આત્મા છે. આત્મા પરનો કર્તા નથી, રાગ-દ્વેષ તે આત્માનું સ્વરૂપ નથી. પણ આત્મા ધ્રુવ એક જ અગ્ર કરીને જે ધ્યાવે છે –અનુભવે છે તેને જ ધર્મની પ્રાપ્તિ થાય છે. ને તેને અનાદિ કાળની બંધાયેલી મોહની ગ્રંથિ છેદાઈ જાય છે. સ્વભાવમાં એકાગ્ર થતા મોહ ઉત્પન્ન થતો નથી, તેને નાશ થયો એમ કહેવામાં આવે છે. વળી, અતિ દ્રઢ ગાંઠ કહી છે એનું કારણ એ છે કે ‘પરપદાર્થ મારા ને હું એનો’ એવો અજ્ઞાનભાવ અનાદિકાળથી ઘૂંટેલ છે. હવે પરથી જુદા પડતાં શુદ્ધાત્મામાં એકાકાર થતાં મોહ ઉત્પન્ન થતો નથી. અહીં ક્ષયની જ વાત કરી છે. પાંચમાં આરાના મુનિ હોવા છતાં આચાર્ય ભગવાનનું વીર્ય એટલું જોરદાર છે કે મોહને ક્ષય કરું છે તેવી વાત જ લીધી છે.

## મુમુક્ષુ જીવની પાત્રતા.

આમાં મુમુક્ષુની જવાબદારી ઘણી છે. યથોક્ત વિધિ શબ્દ કહ્યો છે. આ વિધિથી જ મોહનો નાશ થાય છે એટલે આ વિધિ સિવાય કોઈ અજ્ઞાની પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તથી ધર્મ મનાવે, દેવ-ગુરુ-શાસ્ત્ર ધર્મ પમાડશે એમ મનાવે તો તે વિધિ નથી. તેવી ઊંધી વિધિ કહેનારને મુમુક્ષુ સાંભળતો

નથી. આ વિધિ કહેનાર સત્ દેવ, સત્ ગુરુ ને સત્ શાસ્ત્રને જ માને છે. વિરુદ્ધ કહેનારનો આદર કરતો નથી. વળી પ્રથમ, પૈસા, શરીર વગેરે બીજા પદાર્થોની રુચિ હતી, તે છોડે છે. કારણકે તે અધ્રુવ છે, શરણભૂત નથી. વળી સત્ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા છતાં તેનાથી ધર્મ થશે, તેમ માનતો નથી પણ સ્વ પુરુષાર્થથી થાય છે એમ યથાયોગ્ય વિધિ સમજે છે. પોતે પોતાના કારણે સમજે છે ત્યારે સાચા દેવ-ગુરુ નિમિત્ત હોય છે પણ તે નિમિત્તથી ધર્મ થાય, તેમ માનતો નથી.

## સમાજની વ્યવસ્થા કરવાનો ભાવ અજ્ઞાનભાવ છે.

વળી કોઈ જીવ કહે છે કે સામગ્રી શાતાના નિમિત્તે મળતી નથી, નિમિત્ત વિના સ્વયં મળે છે. વળી અત્યારના સમાજની વ્યવસ્થા બરાબર નથી તેથી ગરીબ માણસ પાસે પૈસો હોતો નથી ને પૈસાવાળાને પૈસાના ઢગલા દેખાય છે. તો તે માન્યતામાં સ્થૂળ ભૂલ છે.

૧. પૈસા વગેરે જડ પદાર્થો ક્ષેત્રાંતર થઈને પોતાના કારણે આવે છે છતાં તેમાં શાતા–અશાતા વેદનીય કર્મ નિમિત્ત છે. માટે જે નિમિત્તરૂપે કર્મ માનતો નથી તે જીવ ભૂલમાં છે.

૨. પૈસાવાળા અને ગરીબ એવા જે ભેદ દેખાય છે તેમાં નિમિત્તરૂપે તે તે જીવોનાં કર્મો છે ને તેના કારણે એવા સંયોગોની પ્રાપ્તિ છે. છતાં જે જીવ માને કે એ જડ પરમાણુ–પૈસાને હઠાવી બીજાને આપી દઉંને સમાજની વ્યવસ્થા કરી દઉં એ વાત તો સ્થૂલ અજ્ઞાન છે. કારણકે જડ પદાર્થને હેરવવા ફેરવવાની તેમ જ બીજાના પુણ્ય-પાપનાં કર્મોને હટાવવાની તાકાત આત્મામાં નથી છતાં આમ કરીને સમાજ વ્યવસ્થા કરી તેને સુખી બનાવી દઉં એ માન્યતા ભ્રાંતિ છે. એ જડ પૈસાના પરમાણુ કદાચિત્ પુણ્યના યોગે મળ્યા તો પણ તેમાં સુખ છે નહિ કારણકે સુખ પરપદાર્થમાં હોઈ શકે નહિ.

## ધર્મી જીવ સ્વ તરફ વલણ કરે છે.

મુમુક્ષુ જીવ માને છે કે દરેકને પોતપોતાના ક્રમ અનુસાર બાહ્ય સંયોગો–ધન આદિની પ્રાપ્તિ થાય છે. શાતાનો યોગ છતાં તેના ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી. અનુકૂળ ક્ષેત્ર હો કે પ્રતિકુળ હો, વજ્રર્ષભનારાચ સંહનન હો કે સામાન્ય સંહનન હો–તે બધા સંયોગો ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી લીધી છે. પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થાય છે. દ્રષ્ટિ ફેરે ફેર છે. મુમુક્ષુ જીવની દ્રષ્ટિ પરપદાર્થો ઉપર નથી કારણકે તે બધા અધ્રુવ છે. હું એક, શુદ્ધ દ્રવ્ય છું. સંયોગો તરફ જે વળતો હતો તે સ્વ તરફ વળે છે ને સ્વજ્ઞેયનું વલણ

થતાં પુણ્ય-પાપની રુચિ છૂટ્યા વિના રહેતી નથી. આત્મામાં એકાગ્ર થતાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે ને મોહ નાશ પામે છે.

## અજ્ઞાની જીવ સંયોગોને ફેરવવા માગે છે.

(૧) અજ્ઞાની જીવ ચૈતન્ય વસ્તુ છે તેના અવલોકન તરફ વળતો નથી ને પરમાં ઝાવાં નાખે છે. તે માને છે કે પરને ફેરવી દઉં ને સુખ મેળવી લઉં પણ તે તેની ભ્રાંતિ છે. તે માને કે ન માને પણ પરપદાર્થનો ક્રમ કરતો નથી. જે પદાર્થ જે વખતે જ્યાં સંયોગરૂપે આવવાના છે ત્યાં નિયત આવવાના જ છે. જીવ તે સંયોગને ફેરવવા માગે છે પણ તે ફરી શકે તેમ નથી.

(૨) અજ્ઞાની જીવ પુણ્યના ઉદયે ધન વગેરે અનુકૂળ સામગ્રી મળે તો સુખ માને છે. ઝાઝું માગે તે મોટો માગણ ને થોડું માગે તે નાનો માગણ. બીજી વસ્તુથી સુખ ભાસે છે તે જ દુ:ખદાયક છે ને પરાધીનતા છે, પણ અજ્ઞાનીને તે દુ:ખ ભાસતું નથી.

(૩) અજ્ઞાની પ્રતિકુળ વસ્તુ જોઈને ભાગવા માગે છે ને તેનો અભાવ કરવા માગે છે. કોનો અભાવ કરવો છે ? પરના અભાવ સ્વરૂપ જ ત્રણે કાળ તું છો. કોનો અભાવ કરી તારે અભાવ સ્વરૂપ થવું છે ?

(૪) અજ્ઞાની જીવ માને કે અમુક દ્રવ્યો ઘટાડો, આટલી ચીજો ન ખપે, એમ ઘટાડો કરવાથી ધર્મ થાય એમ તે માને છે. તે પદાર્થો અસત્ હેતુવાળા પરતઃ સિદ્ધ છે. કોને ઘટાડીશ ? તારામાં એક પણ દ્રવ્ય કદી પ્રવેશ પામ્યું નથી.

(૫) વળી શુભ ને અશુભના અસંખ્ય પ્રકાર છે. જે વખતે જે જાતનો શુભભાવ આવવાનો છે તે વખતે તે જ શુભ આવશે ને જે વખતે અશુભ આવવાનો છે તે વખતે તે જ અશુભ આવશે ને તે વખતે તેને તેને યોગ્ય નિમિત્તો ( નિમિત્તોના કારણે ) હાજર હશે. કોને ફેરવીશ ? રાગને ફેરવીશ ? કે નિમિત્તને ફેરવીશ?

## સંયોગો ફરશે નહિ, દ્રષ્ટિ ફેરવ. દ્રષ્ટિ ફેરે ફેર છે. સ્વભાવદ્રષ્ટિ કર.

વસ્તુનો ક્રમ તો જેમ છે તેમ છે, માત્ર દ્રષ્ટિ ફેરવવાની જરૂર છે. સ્વભાવ તરફ દ્રષ્ટિ કર, અહી તો ધર્મી જીવ વિચારે છે કે અહો ! પરવસ્તુ પરત:સિદ્ધ છે, અધ્રુવ છે.

૧. તે તે પદાર્થો જે વખતે જ્યાં મળવાના હોય છે ત્યાં મળવાના છે. તેના ક્રમને હું ફેરવી શકું નહિ કેમકે તે ક્રમબદ્ધ પરિણમી રહ્યા છે. મારે તેનું જ્ઞાન માત્ર કરવાનું છે.

૨. પુણ્યનાં નિમિત્તો મળવા છતાં જ્ઞાની તેમાં સુખબુદ્ધિ માનતો નથી કારણકે અધ્રુવનું શરણ છોડ્યું છે.

૩. પ્રતિકુળ નિમિત્તોને લીધે દ્વેષ માનતા નથી પરનું આલંબન છૂટ્યું છે ને સ્વની રુચિમાં અસ્થિરતાનો દોષ ગૌણ છે.

૪. બહારના પદાર્થોને ઘટાડવા ઉપર દ્રષ્ટિ નથી કારણકે તે આત્માના હાથની વાત નથી. પોતે સ્વભાવના લક્ષે મમતા ઘટાડી શકે છે.

૫. જ્ઞાનીને શુભાશુભ ભાવો ઉપર દ્રષ્ટિ નથી કારણકે તેને ફેરવવાની દ્રષ્ટિ તે પણ પર્યાયદ્રષ્ટિ છે. પોતાના સ્વભાવ ઉપર દ્રષ્ટિ જતાં રાગ ફરી જાય છે. રાગ ઘણો અલ્પ થાય છે. કેમકે મિથ્યાત્વદશામાં રાગ પરથી થાય એમ માનતો તે હવે પરથી દ્રષ્ટિ ખસતાં રાગ લૂલો થઈ ગયો ને સ્વમાં તો રાગ છે નહિ. આમ સ્વભાવદ્રષ્ટિ થતાં રાગ ફરી જાય છે.

રાગ થયો તેને ફેરવવો તે મિથ્યાભ્રાંતિ છે. રાગ થયો નથી તેને શું ફેરવવો ? એક દ્રષ્ટિ ફરતાં–સ્વભાવ તરફ વલણ થતાં, પર તરફ વલણ ખસી જતાં, રાગ અનંતમે ભાગે મંદ પડી જાય છે. તેને મંદ કરવો પડતો નથી. આમ દ્રષ્ટિ ફરતાં ધર્મદશા થાય છે. નિમિત્તોને ફેરવવાની વાત નથી, સંયોગો ફેરવવાની વાત નથી. પ્રતિકૂળ સંયોગો હટાવવાની કે અનુકૂળ સંયોગો લાવવાની વાત નથી. પરનો અભાવ કરવો નથી. દ્રવ્યો ઘટાડવાની વાત નથી . શુભાશુભ રાગ ફેરવવાની વાત નથી. ‘‘એક માત્ર તારી દ્રષ્ટિ સ્વભાવ તરફ કર.’’ એક દ્રષ્ટિ જ ફેરવવાની વાત છે.

આમ ધર્મી જીવને દ્રષ્ટિ સ્વભાવ તરફ વળતાં શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. શુદ્ધાત્માની પ્રાપ્તિ થતાં ધ્યાન થાય છે ને ધ્યાન થતાં મોહનો નાશ થાય છે.

***